ઇસુ આવનાર છે.

JESUS IS COMING.

BY

WM. E. BLACKSTONE.

ઇસુ આવનાર છે.

વીલીઅમ. ઇ. બ્લૅકસ્ટોનના ઇંગ્રેજી ગ્રંથ ઉપરથી
ગુજરાતીમાં તરજુમો એલ. પી. દેસાઈ, પાસે કરાવી

પસિદ્ધ કરનાર

ડબલ્યુ. ઈ. બેનક્રોફ્ટ

ઠે. ભાયખાલા, બેલાસીસરોડ, ડેરી પાસેનો બંગલો
કલબની સામે—મુંબઈ.

પ્રત ૨૦૦૦ આવૃતિ પહેલી

૧૯૧૩

ધર્મ વિજય પ્રેસ, પાયધુની નંબર ૫૭૨ મુંબઈમાં
હરજીવન ભગવાને છાપ્યું.

સાંકળીઉં

પ્રકરણ પહેલું.

વિષય	પાન.
ઇસુ આવનાર છે.	૧
" હુ તે બાબત વિષે બીલકુલ દરકાર કરતો નથી."	૫
" પવિત્ર જીદગીનો ખરો હેતુ.	૧૧
" ઓહો ! એતો બીજા આગમન સંબધીની વાતછે."	૧૩
" તે વાતની સાથે મને સબંધ નથી " ઇત્યાદી.	૧૫
વચનમા તેની મહત્વતા ... વ્યવહારોપયોગી.	૧૬, ૧૫૪
તેના વ્યવહારોપયોગી લક્ષણો દર્શાવનારા ૪૦ વાકયો.	૨૪૨
હમે ખાલી તર્ક બાંધતા નથી.	૨૩

પ્રકરણ બીજું.

ખરો અર્થ — લુક ૧:૩૧ – ૩૩.	૨૪
યહુદી તથા ખ્રીસ્તી વચ્ચેનો સંવાદ	૨૪
ચિન્હો, અલંકારો તથા દૃષ્ટાંતો.	૨૫
"આત્મવાદી અર્થ કરવાથી" પ્રભુના વચનની શકતી અને સત્તા ઉધી વળી જાયછે. અને દરેક ખ્રીસ્તી મતનો પાયો જડમૂળથી નાબુદ થાય છે. ભાષાનો હેતુ.	૨૮
તેના પ્રથમ આગમન વખતે જે ભવિષ્યવાણીઓ શબ્દેશબ્દ ખરી પડી હતી તે.	૩૦
તેના બીજા આગમન વખતે શબ્દેશબ્દ ખરી ઠરનારી ભવિષ્યવાણીઓ.	૩૨

પ્રકરણ ત્રીજુ.

વિષય.	પાન.
તેના આવવા નો અર્થ " મોત " થતો નથી ...	૩૫
મરણુ એ એક શત્રુ છે. ...	૩૫
પવિત્રશાસ્ત્રમા તેના આવવા સંબંધી કહ્યુછે તેને તે લાગુ પડશે નહી	૩૮
મરણુ પામેલાંની મધ્યસ્થિત સ્થિતી ...	૩૮–૩૯
ડાકટર દેવીડ બ્રાઉનનો પુરાવો	૩૯
" પ્રભુના આવા ગમનને " ઠેકાણે " મરણુ " શબ્દ મુકવાથી પુનરૂત્થાનનો મત હલકો પડી જાય છે.	૪૨
મરણુ માટે રાહ જોવાનું આપણુને ફરમાવ્યુ નથી, પણ ખ્રીસ્તના આવવાની વાટ જોવાનું ફરમાવ્યુ છે – પવિત્રશાસ્ત્રમા ખોળ કરો	૪૨–૪૩

પ્રકરણ ચોથું.

વિષય	પાન.
તેનું ત્રણ વખત પ્રગટ થવું ...	૪૫
તેનું જતું રહેવુ અને તેનું વચન . ..	૪૬
પ્રભુનુ ભોજન – એ એક ચિન્હ છે	૪૬
મંડળીનો ચોક્કસ ધ્રુવનો તારો.	૪૭
બાપ દાદાઓએ માન્યું હતું તે અને તેનો ઇતિહાસ	૪૮, ૯૪
ઓરીજેન અને તેની આત્મવાદી અર્થ કરવામા ભુલ.	૪૮

પ્રકરણ પાંચમું.

વિષય.	પાન.
સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો યુગ	૫૦

પ્રકરણ છઠું.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવું થશે તે બાબતનો મત ..	૫૬
મુખ્ય સવાલ — શુ તેનું આવવું, સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પહેલાં** થશે કે પછી?	૫૭

પ્રકરણ સાતમું.

સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પહેલાં** ખ્રીસ્તનુ આવવુ થશે એમ બતાવનારી દલીલો.

નંબર ૧ — ખ્રીસ્ત - વિરોધી	૫૮
નંબર ૨ — સંકટ (વિપત્તિ) પછી તરતજ ...	૫૯
નંબર ૩ — સંકટ પામેલી મંડળી	૬૦
નંબર ૪ — કડવા દાણા અને ઘઉ	૬૦
નંબર ૫ — ખ્રીસ્તનુ ખરૂ રાજ્ય	૬૨
નંબર ૬ — પુનરૂત્થાનના ક્રમ ઉપરથી દલીલ ...	૬૪
પુનરૂત્થાનનો ક્રમ (૧ કરીંથી ૧૫:૨૨–૨૬)	૬૪
ખ્રીસ્તમા જેઓ મુએલા તે પહેલાં ઉઠશે (૧. થેસ્સા ૪:૧૩ – ૧૭) ...	૬૫
પહેલું પુનરૂત્થાન (પ્રકટીકરણ ૨૦:૪ – ૧૪)	૬૬, ૮૬

વિષય.	પાન.
સત્ય, નીતિ અને ધાર્મિકપણાનાએક હજારવર્ષ પહેલાં તેનુ આવવું ..	૬૮
ખરેખરા પહેલા પુનરૂત્થાનના સંબધમા લેવાયલી હકીકતો ઉપર વિચાર —	
૧ પવિત્ર શાસ્ત્રના વચનો આવી રીતે એકઠા કરવાનો હક નથી	૬૮
૨ પ્રકટીકરણ ૨૦ ૪ મા ફક્ત આત્માઓ વિષે કહેવામા આવ્યુ છે .	૬૯
૩ સ્વર્ગમા આત્મિક જીવન	૭૧
૪ ફક્ત મારી નંખાયલાઓ વિષે કહેવામા આવ્યુ છે	૭૨
૫ છેલ્લો દીવસ – ૧૦૦૦ વરસનો ...	૭૩
૬ એકજ કલમમા કહેવામા આવ્યુ છે તેથી ન્યાયી અને અન્યાયી બંને એકી વખતે ઉઠાડવામા આવશે	૭૬
૭ ફકત એકજ વચન	૭૮
ધર્માધિકારી (ડીન) આલફર્ડની ટીકા ...	૮૦
મુએલાઓમાથી પુનરૂત્થાન	૮૨
ગ્રીક ભાષામાના પવિત્રશાસ્ત્ર ઉપરથી દલીલ ...	૮૨
નંબર ૭ રાહ જોવી	૮૮
વાટ જોવાનુ જારી રાખો – છેક થોડી વારમા	૯૨

વિષય. પાન.
અરભની મંડળીનો વિશ્વાસ ... ૯૪
સંપ્રદાય (ઉપદેશો) ને પકડી રાખો.
૨ થેસ્સા ૨ ૧૫. પ્રેરિતો ભુલ્યા ન હતા. ..૧૦૦
આરંભના ખ્રીસ્તીઓ ખોટી આશાને
વળગી રહ્યા ન હતા ૧૦૦
જેમ તેમણે જાગૃત રહી વાટ જોઇ હતી,
તેમ આપણે જાગૃત રહી વાટ જોવી જોઇએ ૧૦૧

પ્રકરણ આઠમું.

આકૃતિ—બીનાઓનું સ્થુળવર્ણન અને ખુલાસા ... ૧૦૪

પ્રકરણ નવમું.

પવિત્રોનું આકાશગમન, તથા પ્રકટીકરણ વચ્ચેનો
ભેદ ૧૦૯

પ્રકરણ દશમું.

મંડળી, તથા સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક
હજાર વર્ષનું રાજ્ય, એ બન્નેની સમજુતી ... ૧૧૭
ખ્રીસ્તી મડળી—એક નોખુ મડળ ૧૧૭
મર્મ ... ૧૨૩; દુઃખ ભોગવતી કુમારિકા ... ૧૨૪
મડળીને બદલો આપવામા આવશે ૧૨૭
રાજ્ય એટલે ખ્રીસ્ત અને તેના પવિત્રોના મહિમાનુ
પ્રકટીકરણ છે ૧૧૮
તે રાજ્ય હજી ભવિષ્યમાં થશે ૧૧૯

વિષય.	પાન.
હાલમા તે મર્મોમા છુપા રહેલાં છે ...	... ૧૨૦
ખ્રીસ્તના આવવાના સમયે તે રાજ્યનુ સમીપ અથવા નજીક આવવા વિષે ખુલાસો ...	... ૧૨૨
નામના ખ્રીસ્તીઓ	... ૧૨૮
શુદ્ધ મંડળી—ખ્રીસ્તનુ શરીર .	.. ૧૩૦
ખ્રીસ્તની વહુ	... ૧૩૧

પ્રકરણ અગીઆરમું

વિપત્તિ, પુનરૂત્થાન અને ન્યાયકરણ ...	. ૧૩૩
પુનરૂત્થાન	... ૧૩૫
ચાર ન્યાયકરણો	૧૩૫

પ્રકરણ બારમું.

ખ્રીસ્ત—વિરોધી	... ૧૪૨

પ્રકરણ તેરમું.

મુખ્ય બનાવ	. ૧૪૯
સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલાં ખ્રીસ્તનુ આવવુ ...	. ૧૪૯
સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનુ આવવું થશે એવું માનનારાઓના સવાલો	૧૫૦
સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલાં ખ્રીસ્તનુ આવવું થશે તે મત વિરૂદ્ધ એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવું થશે એ મત	૧૫૧, ૧૫૨

વિષય. પાન.

વચનનો બોધ કરો—એક બીજાને તે વાતથી સુબોધ કરો. ૧૫૩

અનિશ્ચયાત્મક ચેતવણી ૧૫૪

સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલા ખ્રીસ્તનું આવવુ થશે એ મત, તેનું ખરૂં અને ઇશ્વરપ્રેરિત રહસ્ય ૧૫૪, ૧૫૫

પ્રકરણ ચૌદમું.

કેટલાએક વાધાઓનું અવલોકન

નંબર ૧—તે મિશનોને નાહિમત કરે છે ... ૧૫૭

નબર ૨—તે કામને નાહિમત કરે છે ... ૧૫૮

નબર ૩—તારણ નહિં પામેલા એવા ઘણા મિત્રો ... ૧૫૯

નબર ૪—"મારૂ રાજ્ય આ જગતનુ નથી" ... ૧૬૧

નબર ૫—"દેવનુ રાજ્ય તમારામા છે" ... ૧૬૨

નંબર. ૬–"દેવનુ રાજ્ય ખાવાપીવામા નથી" .. ૧૬૫

નંબર ૭–"માસ તથા રક્ત દેવના રાજ્યમા વારસ થઇ શકતા નથી" વીગેરે ૧૬૬

નંબર ૮.–પવિત્ર આત્માના કામની નિષ્ફળતા ... ૧૭૦

નંબર ૯.–સુવાર્ત્તાની નિષ્ફળતા ૧૭૩

નબર. ૧૦–સુવાર્ત્તા આખી જગતમા પ્રગટ કરાઇ નથી ૧૭૫

જ્યારે સાક્ષી પુરી થશે... ... ... ૧૭૬

ફકત દેવજ જાણે છે... ... ... ૧૭૮

વિષય પાન.

નંબર. ૧૧–"આપણામાના થોડાએક તે રાજ્ય જોવા જીવશે"

(માત્થી ૧૬:૨૮) ૧૭૯

"આત્માથી" આવવુ, "અવતાર રૂપે" આવવું .. ૧૭૯

તેઓમાના કેટલાએક રાજ્ય નજરેનજર જોયું હતું ૧૮૪

પીતરે તે જોયુ હતું ૧૮૫

યોહાને તે જોયું હતું–પાઉલે તે જોયું હતુ .. ૧૮૭–૧૮૮

"ઇસ્રાયલના સઘળા નગરોમા તમે ફરી નહિ

વળશો" (માત્થી ૧૦ ૨૩) ૧૮૯

નંબર. ૧૨–ભવિષ્યનો ઝાખો દેખાવ ૧૯૦

"દહાડા ભુડા છે"... ૧૯૪

ખ્રીસ્તી–મડળો તથા જગતની સરાસરી નીકળી

શક્તી નથી ૧૯૫

કળા અને શાસ્ત્રની ફતેહોથી પવિત્રતામા વધારો

થતો નથી ૧૯૭

જગત વધારે સારૂ થતુ જતુ નથી ૨૦૦

સુધારો અને કુશળતા પવિત્રતાના મુળ નથી ... ૨૦૨

શું મડળી સુધારામા આગળ વધે છે ? .. ૨૦૪

જગતનું તેજ અને મીઠું... ... ... ૨૦૪

મીઠુ બેસ્વાદ થયુ ૨૦૫

માત્થી ૧૩. ના દ્રષ્ટાતો ૨૦૬

વિશ્વાસુ શેષ ૨૧૦

વિષય	પાન
નંબર ૧૩–તારણ વિનાના તરપ ઘાતકીપણું..	.... ૨૧૨
દર તેતરીમ વરસે આ જગત મરીજાય છે.	.. ૨૧૩
નંબર ૧૪–ઇસ્રાયલો–એવી પેઢી છે કે જે ટળીજશે નહીં ..	૨૧૫

પ્રકરણ પદરમું

ઇસ્રાયલોનો ઉદ્ધાર કરવામા આવનાર છે .	... ૨૧૮
બીજી વખતનો ઉદ્ધાર ...	.. ૨૨૨
યાથુનું ઉત્થાન	... ૨૨૫
ઇસ્રાયલ તરફ તમામ દેશજાતિઓ દોડતી જશે	... ૨૨૬
"મારી તરફ તેઓ જોશે" ...	... ૨૨૮
ઇસ્રાયલો શુદ્ધ કરાશે	... ૨૨૯
ઇસ્રાયલ તથા મડળીના અર્થમા ઘોટાળો કરવો	... ૨૩૧
યાકુબના સંકટનો દીવસ	... ૨૩૪

પ્રકરણ સોળમુ

ભવિષ્યવાણીનો અભ્યાસ ..	૨૩૯
ભ્રમયુકત તર્કો અને નાસ્તિકપણાની સામે તે સૌથી ઘણું સરસ ઉત્તમ હથિઆર છે ...	... ૨૪૧

પ્રકરણ સતરમું.

વ્યવહારોપયોગી મત	.... ૨૪૩

પ્રકરણ અઢારમુ.

બીનાઓના ક્રમનુ સ્થુળવર્ણન ...	... ૨૪૭, ૨૭૦
મુખ્ય વચનો સાથેના અનુસંધાન ...	૨૭૦

વિષય	પાન,
પ્રકરણ ઓગણીસમું.	
શ્રાપ અથવા સૂબોધ	૨૭૫
ઇસુ ખ્રીસ્તનુ દેહમાં આવવું	૨૭૬
શ્રેષ્ટમા શ્રેષ્ટ સૂબોધ	૨૭૮
પ્રકરણ વીસમું.	
તે સમય	૨૮૫
યહુદીઓ પાછા આવે છે	૨૮૯
ચોકીદાર, રાત કેટલી ગઇ છે ?	૨૯૪
પ્રકરણ એકવીસમું	
યુગોની રચના	૩૦૧
અંતનો કાળ	૩૧૩
આકૃતિ	૩૧૪
પ્રકરણ બાવીસમું.	
ખ્રીસ્તનાં સત્વર આવવાના ચીન્હો	૩૧૭
૧ મુસાફરી અને જ્ઞાનનો પ્રચાર ...	૩૧૮
૨ સકટનો સમય	૩૨૧
૩ આત્મિકજ્ઞાન	૩૨૩
૪ સ્વધર્મ ત્યાગ	૩૨૪
૫ તમામ દુનિઆમા થતો ખ્રીસ્તી ધર્મનો ઉપદેશ	૩૨૭
૬ દોલતમ દો	૩૨૯
૭ ઇસ્રાયલો	૩૩૦
૮ ઇશ્વરભકત યહુદીઓ	૩૩૨
જાગતા રહો	૩૪૩
તમે સાક્ષી થશો ...	૩૪૪

ઇસુ આવનાર છે.

પ્રકરણ પહેલું.

ઇસુ પાછો આવનાર છે.

વાંચકો, તમને ખબર છે કે ઇસુ પાછો આવનાર છે? તેણે કહ્યું, "હુ પાછો આવીશ" (યોહાન. ૧૪:૩) અને પ્રભુનુ વચન સદા રહે છે, (૧) કેમકે પ્રભુ સત્ય છે. (૨). દુતોએ કહ્યું કે, તે પાછો આવશે. "તેજ ઇસુ," "અને તેજ પ્રમાણે," (૩), અને જ્યારે તેઓએ પ્રભુનું તેનું પ્રથમ

(૧) ૧-પીટર ૧ ૨૫-પણ પ્રભુનું વચન સદા રહે છે. અને જે વચન સુવાર્તાથી પ્રગટ કરાયું તે એજ છે.

(૨) યોહાન ૧૪ ૬-ઇસુ તેને કહે છે કે, રસ્તો તથા સત્ય તથા જીવન હુ છું, મારા આશરા વિના બાપની પાસે કોઇ આવતું નથી.

(૩) પ્રેરિતોના કૃત્ય ૧ ૧૧-અને તેઓએ કહ્યુ કે. ગાલીલના માણસો, તમે આકાશ તરફ જોતા કેમ ઉભા રહ્યા છો? એજ ઇસુ જે તમારી પાસેથી આકાશમા લઇ લેવામા આવ્યો છે તે. જેમ તમે તેને આકાશમાં જતાં જોયો તેમજ (પાછો) આવશે.

આવવું જાહેર કર્યું ત્યારે તેઓએ ભુલ કરી નહતી. (૪).

પવિત્રાત્માએ પ્રેરિતોને મુખે વારવાર કહ્યુ છે કે, તે પાછો આવશે (૫) આવા સબળ આધારે કહેલી આવી બીના આપણને અતિશય જરૂરની નથી શું ?

---

(૪) લુક ૧ ૨૬–અને છઠે મહીને ગાબ્રીએલ દુત નાઝારેથ નામે ગાલીલના શહેરમા એક કુમારિકાની પાસે દેવ તરફથી મોકલાયો હતો.

૨૭–દાઉદના વંશના, યુસફ નામે, એક પુરૂષ જોડે તેની સગાઇ થઇ હતી; ને તે કુમારિકાનુ નામ મરિયમ હતું.

૨૮ -અને દુતે તેની પાસે આવીને કહ્યું કે, હે કૃપા પામેલી, સુખી રહે, પ્રભુ તારી સાથે છે.

૩૦–અને દુતે તેને કહ્યુ કે, ઓ મરિયમ, બી મા, કેમકે દેવથી તું કૃપા પામી છે.

૩૧–અને જો, તને ગર્ભ રહેશે ને તું દીકરો જણુશે, ને તું તેનુ નામ ઇસુ પાડશે.

૩૨–તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે, ને દેવ પ્રભુ તેને પિતા દાઉદનુ રાજ્યાસન આપશે

૩૩–અને તે યાકુબના ઘર પર સર્વ કાળ રાજ્ય કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહીં.

વળી જુઓ લુક ૨–૮ ૧૮

(૫) ૧–થેસ્સા ૪ ૧૬–કેમકે સાદથી, પ્રમુખ્ય દૂતની વાણીથી, તથા રણશિંગડાથી પ્રભુ પોતે આકાશથી ઉતરશે; ને ખ્રીસ્તમા

તેના પહેલા આવાગમન વખતે દુનિઆએ તેનો ત્યાગ કર્યો હતો. તે એક તુચ્છ ગણાયલો નાઝારેથનો વતની હતો. પણ જ્યારે તે પાછો આવશે ત્યારે તે "એક ધન્ય તથા એકલા સ્વામી, રાજાઓના રાજા તથા પ્રભુઓના પ્રભુ" (૬) તરીકે પ્રસિદ્ધિમાં આવશે.

તે પોતાના મહિમાના રાજ્યાસન ઉપર બેસવા માટે

જેઓ મુએલા તેઓ પહેલા ઉઠશે

હેબ્રી ૯ ૮ - તેમ ખ્રીસ્ત ઘણાઓના પાપ માથે લેવા સારૂ એકવાર અર્પણ થયો, ને જે તેની વાટ જુએ છે તેઓની આગળ તારણને અર્થે પાપ વગરનો તે બીજીવાર પ્રગટ થશે

હેબ્રી ૧૦ ૩૭ - કેમકે જે આવવાનો છે, તે છેક થોડીવારમા આવશેજ, ને વિલંબ નહી કરશે.

(૬) ૧ - તીમોથી ૬ ૧૩ - દેવ જે સઘળાને જીવતા કરે છે તેની આગળ તથા ઇસુખ્રીસ્તની આગળ હું તને હઠેઠથી કહું છઉં કે,

૧૪ - આપણા પ્રભુ ઇસુખ્રીસ્તના પ્રગટ થવા સુધી આ આજ્ઞા ડાઘ રહિત તથા દોષ રહિત તું પાળ.

૧૫ - જે પ્રગટ થવુ પોતાના સમયોમા તે દેખાડશે, કે જે ધન્ય તથા એકલો સ્વામી છે, જે રાજાઓનો રાજા તથા પ્રભુઓનો પ્રભુ છે.

આવનાર છે (૭), અને જેઓએ તેનો વિશ્વાસ કીધો, તેઓમાં આશ્ચર્યવાન મનાવાને (૮), તથા આખી દુનિઆની તમામ પ્રજાઓ ઉપર ઈનસાફ તથા ન્યાયીપણાથી રાજ્ય કરવા માટે (૯), તે પાછો આવનાર છે.

---

(૭) માત્થી ૨૫:૩૧—અને જ્યારે માણુસનો દીકરો પોતાના મહિમામા સર્વ પવિત્ર દૂતો સુધ્ધા આવશે, ત્યારે તે પોતાના મહિમાના રાજ્યાસન પર બેસશે.

(૮) ૨. થેસ્સા ૧ ૧૦—જ્યારે પોતાના પવિત્રોમા મહિમા પામવાને, ને જેઓએ વિશ્વાસ કીધો તેઓમા આશ્ચર્યવાન મનાવાને તે આવશે, તે દહાડે [એમ થશે], ને તમે પણ અમારી શાહેદી પર વિશ્વાસ રાખ્યો

(૯) ગીત શાસ્ત્ર ૨ ૯—તુ લોઢાના દડથી તેઓને તોડી નાખીશ; તુ તેઓને કુંભારના વાસણુની પેઠે અફાળીને ટુકડેટુકડા કરીશ.

યશાયાહ ૯.૬—કેમકે આપણે સારૂ છોકરો જન્મ્યો છે, આપણુને પુત્ર અપાયો છે, ને તેની ખાંધ પર રાજ્યાધિકાર થશે, ને તેનું નામ અદ્ભૂત મત્રી, પરાક્રમી દેવ, સર્વ કાળનો પિતા, શાતિનો સરદાર કહેવાશે.

૭—દાઉદના રાજ્યાસન ઉપર, ને તેના રાજ્ય ઉપર, તેને ઇનસાફ તથા ન્યાયીપણાથી હમણાથી તે સર્વ કાળ સુધી સ્થાપવા તથા દઢ કરવા સારૂ, તેની સત્તાની વૃ-

રાજાને તેના સૌંદર્યમાં જોવામાં કેવી કીર્તિ અને મહિમા થશે. (૧૦). કદાચ તમે ખ્રીસ્તી ધર્મના નથી અને તથી કહેશો કે—

"હું તે બાબત વિષે બીલકુલ દરકાર કરતો નથી,"

તો, વહાલા મીત્ર, હમે તમને ક્રોસ ઉપર મારી નંખાયલા તારનારને બતાવીએ છીએ, કેમકે તારણની એકલી આશા તેજ છે.

તેથી, હમે તમને વિનંતી કરીએ છીએ, કે "પુત્રને ચુંબન કરો," કે તેથી માર્ગમાં તમે નાશ ન પામો જેઓ

ધ્ધિનો તથા શાંતિનો પાર થશે નહિ. સૈન્યોના યહોવાહની ઉત્કંઠા વડે આ થશે.

પ્રગટીકરણ ૨ ૨૫—તોપણ જે તમારી પાસે છે, તે હુ આવું ત્યા સુધી ઝાલી રાખો.

૨૬—અને જે જીતે છે ને અંત સુધી મારાં કામ પાળે છે, તેને વિદેશીઓ પર હું અધિકાર આપીશ.

૨૭—ને લોઢાના દંડથી તે તેઓપર ધણીપણું કરશે, કુંભારના વાસણની પેઠે તેઓના ચુરા થઈ જશે; હુ પણ પોતાના બાપથી એમજ પામ્યો.

(૧૦) યશાયાહ ૩૩ ૧૭—તારી આંખો રાજાને તેના સૌંદર્યમાં દેખશે; તેઓ વિશાળ દેશને જોશે.

તેના પર ભરોસો રાખે છે, તેઓ સઘળાને ધન્ય છે (૧૧). કેમ કે જો તમને આખુ જગત મળે, પણ તમારા પોતાના આત્માની હાનિ થાય, તો તેથી તમને શો લાભ થશે? (૧૨). તે આવનાર છે, પણ તેના આવવાનો દહાડો કે ઘડી આપણે જાણતા નથી. (૧૩). જો તેનુ આવવાનુ હમણાજ થાય તો શુ? શુ તમે તેની નજરમાં શાતિમાં રહેવાનું પસદ કરશો (૧૪),

(૧૧) ગીતશાસ્ત્ર ૨ ૧૨–પુત્રને ચુબન કરો, રખે તેને રોષ ચઢે, અને તમે માર્ગમા નાશ પામો, કેમકે તેનો ક્રોધ જલદી સળગી ઉઠશે. જેઓ તેનાપર ભરોસો રાખે છે તેઓ સઘળાને ધન્ય છે

(૧૨) માત્થી ૧૬ ૨૬–કેમકે જો માણસ આખું જગત મેળવશે, ને પોતાના જીવની હાનિ પામશે, તો તેને શો લાભ થશે? અથવા માણસ પોતાના જીવને બદલે શુ આપશે?
૨૭–કેમકે માણસનો દીકરો પોતાના બાપના મહીમાએ પોતાના દૂતો સુદ્ધા આવશે, ને ત્યારે તે પ્રત્યેકને તેના કામ પ્રમાણે ભરી આપશે.

(૧૩) માત્થી ૨૫ ૧૩–માટે તમે જાગતા રહો, કેમકે તે દહાડો, અથવા ઘડી તમે જાણતા નથી

(૧૪) ૨–પીટર ૩ ૧૪–એ માટે, વહાલાઓ, એઓની વાટ જોતાં યત્ન કરો કે, તમે તેની નજરે નિષ્કલક તથા નિર્દોષ થઇને શાંતિમા રહો.

કે ખ્રીસ્તી મંડળી શાંતિમાં ખ્રીસ્ત સાથે ગગનમાં છે (૧૬) તે દરમ્યાન પૃથ્વી ઉપર આવી પડવાની ભયકર આફતો સહન કરવા માટે પાછળ રહેવાનુ, (૧૫) અને તેના પાછા આવવાના વખતે (૧૭)

(૧૫) લુક. ૨૧ ૨૫–અને સુરજ તથા ચદ્ર તથા તારાઓમા ચીન્હો થશે; ને પૃથ્વી ઉપર દેશજાતીઓ, સમુદ્ર તથા મોજાઓની ગર્જનાથી અકળાઇને ગભરાશે.

૨૬–પૃથ્વી ઉપર જે આવી પડવાનું છે તેની બીકથી તથા તેની વકાથી માણસો નિગંત થશે; કેમકે આકાશમાના પરાક્રમો હલાવાશે

(૧૬) લુક. ૨૧ ૩૬–પણ હરવખત જાગતા રહો, ને વિનંતી કરો કે, આ બધું જે થવાનું છે, તેમાથી બચી જવાને તથા માણસના દીકરાની આગળ ઉભા રહેવાને તમે પ્રબળ થાઓ

૧. થેસ્સા ૪ ૧૭–પછી આપણ જીવતા રહેનારા ગગનમાં પ્રભુને મળવા સારૂ તેઓની સાથે વાદળોમા તણાઇ જઇશુ. ને તેમજ સદા પ્રભુની સાથે થઇશુ-

(૧૭) ૨. થેસ્સા ૧ ૭–ને તમે દુખ પામેલાઓને અમારી સાથે વિસામો આપે, જ્યારે પ્રભુ ઇસુ આકાશથી તેના પરાક્રમના દૂતો સાથે, બળતી આગમાં પ્રગટ થશે ત્યારે, તે વેળા જેઓ દેવને નથી જાણતા, ને જેઓ આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની સુવાર્તા નથી માનતા, તેઓ પર દંડ તે ઠરાવશે.

૯–તેઓ પ્રભુની આગળથી તથા તેના સામર્થ્યના મહિમાથી સજા એટલે અંતકાળનો નાશ ભોગવશે.

શોક કરવાનું (૧૮), તથા તેના મ્હોં આગળથી તમને છુપાવવા પહાડો તથા પત્થરોને (૧૯) વીનંતી કરવાનું તમે પસંદ કરશો ?

"તારા દેવને મળવાને તૈયાર થા" એવી પવિત્ર આજ્ઞા ઈસ્રાએલને થઈ હતી (આમોસ ૪.૧૨), અને આપણામાના દરેકે, પછી તે યાહુદી હો કે વિદેશી હો, તો પણ દરેકે તે પ્રભુને તેની કૃપાદૃષ્ટિમાં અથવા તો ન્યાયકરણમાં મળવું પડશે.

તો પછી, હમે ખ્રીસ્તના એલચી તરીકે તમારી આજીજી કરીએ છીએ. કે હમણાંજ, એટલે માન્યકાળ અથવા તાર-

---

૧૦-જ્યારે પોતાના પવિત્રોમાં મહિમા પામવાને, ને જેઓએ વિશ્વાસ કીધો તેઓમા આશ્ચર્યવાન મનાવાને તે આવશે તે દહાડે [એમ થશે], ને તમે પણ અમારી શાહેદીપર વિશ્વાસ રાખ્યો.

(૧૮) માત્થી ૨૪ ૩૦-અને ત્યારે માણસના દીકરાની નિશાણી આકાશમા દેખાશે, ને ત્યારે પૃથ્વીપરના સઘળા કુળો શોક કરશે, અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમામાં આકાશના મેઘપર આવતો તેઓ દેખશે.

(૧૯) પ્રકટી કરણ ૬ ૧૬-ને એઓએ પહાડોને તથા પત્થરોને કહ્યું કે, તમે અમપર પડો, ને રાજ્યાસનપર બેઠેલાના મ્હો આગળથી તથા હ[illegible]ાનના કોપથી અમને સતાડો

ણુના (૨૧) દીવસમાંજ દેવની (૨૦) સાથે તમે તમારો મેળાપ કરો. તેટલા માટે પશ્ચાતાપ કરીને ધર્મફેર કરવાની વીનતી હમને કરવા દો કે જેથી તમારા પાપો ધોવાઈ જઈ તમને માફી (૨૨) મળે, અને તેથી તમે જીવતા અને ખરા દેવની

(૨૦) ૨ કરીંથી ૫ ૨૦—એ માટે અમે ખ્રીસ્તને વાસ્તે એલચી છીએ, જાણે કે દેવ અમારે આશરે વિનતી કરતો હોય, તેમ અમે ખ્રીસ્તને વાસ્તે તમારી આજીજી કરીએ છીએ કે, દેવની સાથે મેળાપ કરો

(૨૧) ૨ કરીંથી ૬:૨—(કેમકે તે કહે છે કે, મે માન્ય કાળમા તારૂ સાભળ્યુ, ને તારણના દીવસમા મેં તને સહાય કીધી, જુઓ, હમણાંજ માન્યકાળ છે, જુઓ, હમણાંજ તારણ નો દીવસ છે.)

લુક ૧૪,૩૧—અથવા કયો રાજા એવો છે કે બીજા રાજા ની સામે લડાઈ કરવા જતો હોય, પણ પહેલા બેસીને વિચાર નહીં કરે, કે જે વીશ હજાર લઇને મારી સામે આવે છે, તેને હુ દસ હજારથી સામો થઇ શકીશ કે નહીં?

૩૨—નહીં તો બીજો હજી ઘણો વેગળો છે, એટલામા તે એલચીઓને મોકલીને સલાહની શરતો વિષે પુછશે.

૩૩—તે પ્રમાણે તમારામાનો જે કોઇ પોતાની સર્વ વસ્તુઓનો ત્યાગ કરતો નથી, તે મારો શિષ્ય થઇ શકતો નથી.

(૨૨) પ્રેરિતોનાં કૃત્ય ૧૦ ૪૨—અને તેણે અમને આજ્ઞા કીધી કે લોકોને ઉપદેશ કરો, ને સાક્ષી આપો કે દેવ એનેજ જી-

સેવા કરવા તરફ તથા તેના પુત્ર (એટલે આવનાર કોપથી આપણો બચાવનાર ઈસુ) ની આકાશથી આવવાની વાટ જોવા તરફ (૨૩) તમે વળો, તથા આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના

વતાઓનો તથા મુએલાંઓનો ન્યાયાધીશ ઠરાવેલો છે.

૪૩ તેના વિષે સઘળા ભવિષ્યવાદીઓ સાક્ષી આપે છે કે, જે કોઇ તેનાપર વિશ્વાસ કરે છે, તે તેના નામથી પાપની માફી પામશે.

પ્રેરિતોના કૃત્ય ૧૭:૩૦–એ અજ્ઞાનપણાના સમયો પ્રત્યે દેવે અખાડા કીધા ખરા, પણ હવે સર્વ જગ્યામા સઘળાં માણસોને પસ્તાવો કરવાની તે આજ્ઞા કરે છે.

૩૧–કેમકે તેણે એક દીવસ ઠરાવ્યો છે કે જેમાં તે પોતાના ઠરાવેલા માણસ વડે જગતનો ન્યાય ન્યાયીપણાએ કરશે, જે વિષે તેણે તેને મુએલાઓમાંથી પાછો ઉઠાડવાથી સર્વને ખાતરી કરી આપી છે.

(૨૩) ૧ થેસ્સા ૧ ૯–કેમકે તેઓ પોતે અમારા વિષે પ્રગટ કરે છે કે તમારામા અમારો પ્રવેશ કઇ રીતે થયો ને શી રીતે તમે મૂર્તિઓ તરફથી દેવની ભણી ફર્યા, એ માટે કે તમે જીવતા તથા ખરા દેવની સેવા કરો

૧૦–ને તેનો પુત્ર, એટલે આવનાર કોપથી આપણો બચાવનાર ઇસુ, જેને તેણે મુએલામાથી ઉઠાડયો, તેની આકાશથી આવવાની વાટ તમે જુઓ.

આવવાના વખતે તમે નિર્દોષ થાઓ. (૨૪)

પણ જો તમે ખ્રીસ્તી હો, ત્યારે તો પવિત્ર જીંદગીના ખરા હેતુ તરિકે (૨૫), તે પાછો આવનાર છે, એ હમે તમને બતાવીએ છીએ.

ખ્રીસ્ત પાછો આવનાર છે, તેટલા માટે પૃથ્વી પરનાં તમારાં અવયવોને મારી નાંખો, કે જેથી પ્રભુની સાથે મહિમામાં તમે પ્રગટ થશો. (૨૬)

---

(૨૪) ૧ થેસ્સા ૩ ૧૩ – એ સારૂ કે જ્યારે આપણો પ્રભુ ઇસુ પોતાના સર્વ પવિત્રો સુદ્ધા આવશે, ત્યારે દેવ આપણા બાપની આગળ, તે આપણા હૃદયોને પવિત્રાઇમા નિર્દોષ એવાં સ્થિર કરે.

(૨૫) ૧ યોહાન ૩·૨ – વહાલાઓ, હાલ આપણે દેવના છોકરા છીએ, ને આપણે કેવા થઇશુ, તે હજી સુધી પ્રગટ થયું નથી આપણે તો જાણીએ છીએ કે જ્યારે તે પ્રગટ થશે ત્યારે તેના જેવા આપણે થઇશું, કેમકે જેવો તે છે, તેવો તેને આપણે દેખીશુ.

૩ – અને જે હરેક તેના પર એ આશા રાખે છે, તે પોતાને શુદ્ધ કરે છે, જેમ તે શુદ્ધ છે તેમ.

(૨૬) કલોપી ૩ ૪ – જ્યારે ખ્રીસ્ત આપણું જીવન પ્રગટ થશે, ત્યારે તમે પણ તેની સાથે મહિમામા પ્રગટ થશો

૫ – એ માટે પૃથ્વીપરનાં તમારાં અવયવો એટલે વ્યભિચાર, અશુદ્ધપણું, કામાતુરપણુ, ભુંડિ ઇચ્છા તથા દ્રવ્ય લોભ જે મુર્તિભક્તિ છે, તેઓને મારી નાખો.

મનની શુદ્ધતા માટે યત્ન કરો, અને પ્રાર્થના કરો, કે જેથી તમે તેના જેવા થાઓ, અને તે જેવો છે તેવો તેને તમે જુઓ (૨૭). જે વચનથી તમે પવિત્ર થઈ શકો અને શુદ્ધ થઇ શકો (૨૮), અને જેથી આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના આવવા સુધી તમારો અખંડ આત્મા તથા પ્રાણ તથા શરીર સંપૂર્ણ (તથા) નિર્દોષ રહી શકે, તે વચનની શોધ કરો (૨૯). પણ કદાચ, તમે તિરસ્કારથી એમ કહેશો કે,

(૨૭) માત્થી ૫ ૮ - મનમા જે શુદ્ધ તેઓને ધન્ય છે, કેમકે તેઓ દેવને જોશે.

૧ - જોન ૩.૨ - વ્હાલાઓ, હાલ આપણે દેવનાં છોકરાં છીએ, ને આપણે કેવા થઇશુ તે હજી સુધી પ્રગટ થયુ નથી. આપણે તો જાણીએ છીએ, કે જ્યારે તે પ્રગટ થશે ત્યારે તેના જેવા આપણે થઇશુ, કેમકે જેવા તે છે, તેવો તેને આપણે દેખીશુ.

૩ - અને જે હરેક તેનાપર એ આશા રાખે છે, તે પોતાને શુદ્ધ કરે છે, જેમ તે શુદ્ધ છે તેમ.

(૨૮) એફેસીઓ ૫ ૨૬ - એ સારૂ કે વાતથી પાણીને સ્નાને શુદ્ધ કરીને, તે એને પવિત્ર કરે

(૨૯) ૧. થેસ્સા ૫.૨૩ - અને શાંતિનો દેવ પોતે તમને પુરા પવિત્ર કરો અને આપણા પ્રભુ ઇસુખ્રીસ્તના આવવા સુધી તમારો આત્મા તથા પ્રાણ તથા શરીર સંપૂર્ણ [તથા] નિર્દોષ રખાઓ.

"અહો, એતો બીજા આગમન સંબંધીની વાત છે,"

વહાલાઓ, મુસા (૩૦), દાઉદ (૩૧), યશાયાહ (૩૨), યિર્મેયાહ (૩૩), દાનિયેલ (૩૪),

(૩૦) પુનર્નિયમ ૩૩ ૨ - અને તેણે કહ્યું, યહોવાહ સિનાઇથી આવ્યો, અને સેઇરથી તેઓ પર ઉગ્યો, પારાન પહાડથી તે પ્રકાશ્યો, ને દશ હજાર પવિત્રો પાસેથી તે આવ્યો, તેના જમણા હાથે તેઓને સારૂ અગ્નિમય નિયમ હતા.

(૩૧) ગીતશાસ્ત્ર ૧૦૨ ૧૬ - કેમકે યહોવાહે સિયોનને બાંધ્યુ છે. ને પોતાના ગૌરવમાં તે પ્રગટ થયો છે.

(૩૨) યશાયાહ ૫૯ ૨૦ - વળી યહોવાહ કહે છે કે, સિયોનને સારૂ, તથા યાકુબ મધ્યે ફિતુરમાથી પાછા ફરેલાને સારૂ ઉદ્ધારનાર આવશે.

૬૦:૧ - ઉઠ, પ્રકાશ કર; કેમકે તારો પ્રકાશ આવ્યો છે, ને યહોવાહનો મહિમા તારાપર ઉગ્યો છે.

(૩૩) યિર્મેયાહ ૨૩:૫ - યહોવાહ કહે છે, જુઓ, એવા દિવસો આવે છે, કે જેમા હું દાઉદના વંશમાં ન્યાયી અંકુર ઉગાવીશ, ને તે રાજા થઇને રાજ્ય કરશે, ને બુદ્ધિથી વર્તશે, ને પૃથ્વીમા ન્યાય તથા નીતિ ચલાવશે.

૬ - તેના દિવસોમાં યહુદાહ તારણ પામશે, ને ઇસ્રાએલ નિર્ભય રહેશે, ને તેના જે નામથી તેને બોલાવશે તે એકે, યહોવાહ અમારૂં ન્યાયીપણું.

(૩૪) દાનીયેલ ૭ ૧૩ - રાતના સદર્શનોમાં હુ જોતો હતો, તો

ઝખાર્યાહ (૩૫), અને બધા ભવિષ્યવાદીઓ અને પ્રેરિતો (૩૬), ઈસુ ખ્રીસ્ત ફરીથી આવનાર છે એ વાત

જુઓ, આકાશના મેઘો સાથે મનુષ્ય પુત્રના જેવો એક આવ્યો, ને જે પુરાતન કાળનો તેની પાસે તે આવ્યો, ને તેઓ તેને તેની નજીક લાવ્યા.

(૩૫) ઝખાર્યાહ ૧૪ ૪ – અને તે દીવસે તેના પગ જૈતુન પર્વત, જે યરૂશાલેમની સામે પૂર્વ દિશાએ છે, તે પર ઉભા રહેશે, ને જૈતુન પર્વત વચ્ચોવચથી પૂર્વ તરફ ને પશ્ચિમ તરફ ફાટશે, ને બહુ મોટી ખીણ થશે; ને અડધો પર્વત ઉત્તર તરપ ને અડધો દક્ષિણ તરફ ખસી જશે.

૫ – અને તમે મારા પર્વતોની ખીણમા થઇને નાસશો, કેમકે પર્વતોની ખીણ આસેલ સુધી પહોચશે, હા યહુદાહના રાજા ઉઝીયાહના દીવસોમા ધરતીકપથી જેમ તમે નાઠા હતા, તેમ તમે નાસશો, ને મારો દેવ યહોવાહ પોતાની સાથે સર્વ પવિત્રોને લઇને આવશે.

(૩૬) પ્રેરિતોના કૃત્ય ૧૫ ૧૫ – ને ભવિષ્યવાદીઓની વાતો એની સાથે મળતી આવે છે, જેમ લખ્યું છે તેમ કે,

૧૬ – એ પછી હુ પાછો આવીશ, ને દાઉદનો પહેલો મડપ હું પાછો બાધીશ, ને તેના ખડીએર સમારીશ, ને તેને પાછો ઉભો કરીશ.

૧૭ – એ માટે કે બાકી રહેલા લોક તથા સઘળા વિદેશીઓ જેઓ મારા નામથી ઓળખાય છે તેઓ પ્રભુને શોધે.

માનતા હતા, તેનો તમે વિચાર કર્યો છે? અને કેટલાકોએ તેની તારીખ મુકરર કરીને અને બીજી ભુલો કરીને આ મતને હલકો ગણાવ્યો છે, તે કારણથી શું આપણે તે (મત) ને તદ્દન બાજુએ ફેંકી દઈશુ?

પણ કદાચ તમે કહેશો કે (અને ઘણા ચુસ્ત ખ્રીસ્તીઓ તરફથી પણ હમે તે ખેદથી સાભળ્યુ છે.)

"વારૂ, તે વાતની સાથે મને કોઈ પણ રીતે વધારે સંબંધ હોય એમ હું ધારતો નથી.

મે હમેશાં વિચાર કર્યો છે કે, મોટે ભાગે તેનો અર્થ "મોત" થાય છે, અને જો હુ મોતને માટે તૈયાર હોઉં, તો બસ છે; અને મને અનુકુળ આવે એવા તે બાબતમા ઘણા તર્કો છે; અને તે વ્યવહારોપયોગી મત છે એમ હું માનતો નથી, અને વળી વધારામાં હુ ધારૂ છુ કે તેના ઉપર એટલું બધું લક્ષ આપવુ એ ભુલ છે."

હા, એજ પ્રમાણે ઘણા ખ્રીસ્તીઓ,—જેઓ ખ્રીસ્તના શરીરના અવયવો હોવાનો હક ધરાવે છે, (૩૭), અને પ્રભુને

(૩૭) ૧. કરીંથી ૧૨:૨૭–હવે તમે ખ્રિસ્તનુ શરીર ને જુદા જુદા અવયવોછો.

સોપાવાની ઇચ્છાથી જેઓ એક વરની સાથે વરાયલા છે (૩૮) તેઓ, ખ્રીસ્ત પોતાની વધુને પોતાની પાસે લેવા ફરીથી આવનારછે એ કીમતી સત્ય વાતને સંક્ષિપ્તમાં કાઢી નાંખેછે (૩૯)

અરે, વહાલાઓ, આવી સુબોધકારક સત્ય વાતનો લાભ તમે ગુમાવશો નહીં. મહેરબાની કરી તમારી સીસાપેન લઈ તમારા પવિત્ર શાસ્ત્રમાના જે જે વચનો તે વાતને લગતા છે તેનાપર નીશાની કરો, અને જુઓ કે,

તે વાતનો કેટલો મોટો ભાગ તેમાં અર્પણ થયલોછે.

જ્યારે પવિત્ર આત્માએ તે વાતને એટલી બધી મહત્વની ગણી છે, ત્યારે આપણે શુ તે લક્ષ આપવા જેવી નથી ? તે

---

(૩૮) ૨. કરીંથી ૧૧:૨ – કેમકે દેવની આસ્થાથી, હુ તમારા ઉપર આસ્થા કરૂ છું, કેમકે તમને શુદ્ધ કુવારીના જેવા ખ્રિસ્તને સોપવા સારૂ, એક વરની સાથે મેં તમારો વિવાહ કર્યો.

(૩૯) યોહાન ૧૪.૩ – અને જો હું જઇને તમારે કાજે જગ્યા તૈયાર કરીશ, તો પાછો આવીશ, ને તમને મારી પાસે લઇશ, એ માટે જ્યા હુ રહુ છુ ત્યા તમે પણ રહો.

એફેસીઓ ૫ ૨૩ - કેમકે વર વહુનુ શિર છે, જેમ ખ્રીસ્ત મંડળીનું શીર છે તેમ, ને તે શરીરનો ત્રાતા છે.

૩૨ -- આ મોટો ભેદ છે, પણ હુ ખ્રિસ્ત તથા મંડળી સંબધી બોલું છું.

વચન તેના ઉપર લક્ષ આપવાને (૪૦) આપણને બોધ કરે છે, (૪૧), અને જેઓ એ વચનપર લક્ષ આપતા નથી, તેમને શિક્ષાનો ભય છે. (૪૨)

---

(૪૦)—પ્રકટીકરણ ૧ ૩–આ ભવિષ્યની વાતો જે વાચે છે ને જેઓ સાભળે છે, ને એમા જે લખેલુ છે તે પાળે છે, તેઓને ધન્ય છે, કેમકે સમય પાસે છે

(૪૧)—૧ થેસ્સા ૪ ૧૮–તો એ વાતોથી એક બીજાને સુબોધ કરો ૧ કરીંથી ૧ ૭–માટે તમે કઇ કૃપાદાનમા ઓછા ન થતા આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના પ્રગટ થવાની વાટ જુઓ છો

(૪૨)—લુક ૧૨ ૪૫–પણ જો તે દાસ પોતાના મનમા કહેશે કે મારો ધણી આવના વાર લગાડે છે, ને દાસોને તથા દાસીઓને મારવા (માડશે) અને ખાવા પીવા, તથા છાકટો થવા માડશે ૪૬–તો જે દહાડે તે વાટ જોતો નથી, ને જે ઘડી તે જાણતો નથી, તેવામા તે દાસનો ધણી આવશે, ને તેને કાપી નાખશે, ને તેનો ભાગ અવિશ્વાસીઓની સાથે ઠરાવશે. લુક ૨૧ ૩૪–પણ તમે પોતા વિષે સાવધાન રહો, રખે કદાપિ અતિશય ખાધાથી તથા પીધાથી તથા સંસારી ચિતાથી તમારા મન જડ થાય, ને તે દીવસ તમારા પર ફાદાની પેઠે ઓચિંતો આવી પડે. ૩૫–કેમકે તે દીવસ આખી પૃથ્વી ઉપરના સર્વ વસનારા પર એમજ આવી પડશે. ૩૬–પણ હર વખત જાગતા રહો, ને વિનતી કરો કે, આ બધું જે થવાનુ છે, તેમાથી બચી જવાને તથા માણસના દીકરાની આ-

વળી પાન ૧૮૦ માં "વ્યવહારોપયોગી મત" એ મથાળાં નીચે જે વચનો ટાંકેલાં છે તે મહેરબાની કરીને તપાસો, અને જુઓ કે ખ્રીસ્ત તથા પ્રેરિતોએ આપણામા સાવધાનતા, પશ્ચાતાપ, ધીરજ, સેવાસાધક નિમકહલાલી, ભ્રાતૃભાવ વિગેરે ગુણો સચેત કરવા માટે એ મતનો કેવી રીતે ઉપયોગ કર્યો છે, અને પછી એથી બીજુ કાંઈપણ વધુ વ્યવહારોપયોગી હોઈ શકે કે કેમ, તેનો નિશ્ચય કરો.

ખરેખર પ્રભુના વચનમા બીજો કોઈ પણ મત શરીરને સયમમા રાખવા માટે, તથા પ્રભુ માટે જુદા થવા માટે, તથા

ગળ ઉભા રહેવાને તમે પ્રબળ થાઓ ૧ થેસ્સા ૫:૧ - પણ ભાઇઓ, વખતો તથા સમયો વિષે તમને લખવુ એની કંઇ તમને અગત્ય નથી. ૨ - કેમકે તમે પોતે સારી પેઠે જાણો છો કે, જેમ રાતમા ચોર તેમ પ્રભુનો દીવસ આવે છે ૩ - કેમકે જ્યારે તેઓ કહેશે કે, શાંતી તથા કુશળતા છે ત્યારે જેમ ગર્ભવતિનુ દુ ખ તેમ તેઓ પર અકસ્માત નાશ આવશે, ને તેઓ નહિજ બચશે. ૪ - પણ ભાઇઓ, તમે અધારામા નથી, કે તે દીવસ ચોરની પેઠે તમારા પર આવે. ૫ - તમે સઘળા અજવાળાના દીકરા તથા દહાડાના દીકરા છો, આપણે રાતના તથા અંધકારના નથી ૬ - એ માટે બીજાઓની પેઠે આપણે ઉધીએ નહીં, પણ જાગીએ તથા સાવધાન રહીએ ૭ - કેમકે ઊઘનારાઓ રાતમા ઊંઘે છે, ને છાકટા રાતમા છાકટા થાય છે.

આત્માને માટે કામ કરવા માટે, અમારી આશા કે આનદ કે ઉલ્લાસના મુગટ (૪૩) તરીકે, આ મત કરતાં, વધારે ઊંડો હેતુ પુરો પાડતો નથી.

કેમકે તે વાતનો બધો ઉપદેશ એ છે કે, આપણું પ્રજાપણું આકાશમા છે, ત્યાંથી પણ આપણે તારનાર એટલે પ્રભુ ઇસુ ખ્રીસ્તની રાહ જોઈએ છીએ, જે આપણા દીનાવસ્થામાના શરીરને બદલશે કે જેથી તે પોતાના મહિમાના શરીરસરખું થાય (૪૪) આપણા શરીરના ઉદ્ધારની વાટ જોતાં તે પોતાના (મન)માં નિરાશા ઉત્પન કરેછે (૪૫).

---

(૪૩)—૧ થેસ્સા ૨:૧૯ – કેમકે અમારી આશા કે આનદ કે ઉલ્લાસનો મુગટ શુ છે? શું આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના આવવાની વેળામા તેની આગળ તમેજ એ નથી? દાનીયેલ ૧૨:૩ – અને સૂજ્ઞો અતરિક્ષના પ્રકાશની માફક અને ઘણાઓને નેકીમા વાળી લાવનારાઓ સદા સર્વ કાળ સુધી તારાઓની માફક પ્રકાશશે.

(૪૪)— ફિલિપી ૩:૨૦ – પણ આપણું પ્રજાપણું આકાશમા છે, ત્યાથી પણ આપણે તારનાર એટલે પ્રભુ ઇસુ ખ્રીસ્તની રાહ જોઇએ છીએ. ૨૧ – તે, જે સામર્થ્યથી સઘળા પોતાને આધીન કરી શકે છે, તે પ્રમાણે આપણી દીનાવસ્થામાંના શરીરને બદલશે, કે તે પોતાના મહિમાના શરીર સરખુ થાય

(૪૫)—રૂમી ૮ ૨૩ – અને એકલી તે નહિ, પણ આપણે જેઓને આત્માનું પ્રથમ ફળ મળ્યુ છે, તે આપણે પોતે પણ દત્તક

જગતને એક ભાંગી ગયલા વહાણ જેવી, તે આપણને બતાવે (૪૬) છે. અને આપણને આપણા પુર જોરથી

પુત્રપણાની એટલે આપણા શરીરના ઉદ્ધારની વાટ જોતા પોતાના (મન)મા નિરાશા નાખીએ છીએ લુક ૨૧.૨૮ – પણ આ વાતો થવા લાગે ત્યારે તમે નજર ઉઠાવીને તમારા માથા ઊંચા કરો, કેમકે તમારો ઉદ્ધાર પાસે આવ્યો છે.

(૪૬) — માત્થી ૭ ૧૩ – તમે સાકડે બારણે માહે પેસો, કેમકે જે માર્ગ નાશમા પહોચાડે છે, તે ચોડો છે ને તેનુ બારણુ પહોળુ છે, ને ઘણા તેથી પેસે છે. ૧૪ – કેમકે જે માર્ગ જીવનમા પહોચાડે છે તે સાકડો છે, ને તેનુ બારણુ સાકડું છે, ને જેઓને તે જડે છે તેઓ થોડા છે ૧ થેસ્સા ૫ ૩ – કેમકે જ્યારે તેઓ કહેશે કે, શાતિ તથા કુશળતા છે ત્યારે જેમ ગર્ભવતિનુ દુ ખ તેમ તેઓ પર અકસ્માત નાશ આવશે, ને તેઓ નહિજ બચશે ૨ પીટ ૨ ૩ – ને દ્રવ્ય લોભે તેઓ કપટી વાતોથી તમને વેચવાના માલ જેવા કરશે, તેઓનો આગળથી ઠરાવેલો જે દડ તે વિલબ કરતો નથી, ને તેઓનો નાશ ઢીલ લગાડતો નથી ૪ – કેમકે જે દૂતોએ પાપ કીધુ તેઓને દેવે છોડયા નહિ, પણ નરકમા નાખીને ન્યાયકરણ સુધી અધકારના ખાડાઓમા રાખ્યા, ૫ – ને પુરાતન જગતને છોડયું નહિ, પણ અભક્તના જગતપર જળપ્રલય લાવીને આઠમો માણસ નૂહ, જે ન્યાયીપણાનો ઉપદેશક હતો તેને બચાવ્યો. ૬ – ને થનાર અભક્તોને ઉદાહરણ આ-

પવા સારૂ સદોમ તથા ગમોરાહ શહેરોને ભસ્મ કીધા, ને તેઓને પાયમાલ કરીને તેઓને દંડ કીધો ૭-ને ન્યાયી લુત જે અધર્મીઓની અશુદ્ધ ચાલથી દુખી હતો તેને છોડાવ્યો ૮-(કેમકે તે ન્યાયી તેઓમા વસતો હતો ત્યારે તેઓના ભુડા કામ જોવાથી તથા સાંભળ્યાથી પોતાના ન્યાયી જીવમા નિત્ય દુ:ખી થતો હતો) ૯-તો સુભક્તોને પરીક્ષણમાથી છોડાવવાનુ પ્રભુ જાણે છે, ને અન્યાયીઓને તથા વિશેષે કરીને જેઓ મલીનતાના વિષયોથી. ૨ પીટ ૩:૫-કેમકે તેઓ જાણી જોઇને આ વિસરે છે કે દેવ ના શબ્દે કરીને આકાશો પહેલાથી હતા ને પૃથ્વી પાણીની બહાર તથા પાણીમા બાંધેલી હતી ૬-તેથી તે વેળાનુ જગત પાણીમા ડુબીને નાશ પામ્યુ ૭-પણ હમણાના આકાશ તથા પૃથ્વી તેજ શબ્દથી ન્યાય કાળ તથા અભક્ત માણસોના નાશના દિવસ સુધી રાખેલા છતા બાળવા સારૂ સિદ્ધ મુકાએલા છે. ૮-પણ વહાલાઓ, આ એક વાત તમે વિસરોમા, કે પ્રભુની પાસે એક દિવસ હજાર વરસના સરખો, ને હજાર વરસો એક દિવસના સરખા છે. ૯-કેટલાએક જેમ વિલંબ કરવો ગણે છે, તેમ પ્રભુ પોતાના વચન સંબધી વિલંબ કરતો નથી, પણ કોઇનો નાશ થાય એમ નહિ પણ સઘળા પશ્ચાતાપ કરે એવુ ઇચ્છીને પ્રભુ તમારે વિષે ધીરજ રાખે છે. ૧૦-પણ જેમ ચોર આવે છે, તેમ પ્રભુનો દિવસ આવશે, તે વેળાએ આકાશો મોટા અવાજોસહિત ટળી જશે, ને તત્વો ઝાળથી

તારીએ. (૪૭). આપણા વખતના બધા નહીં, તો ઘણા ખરા ઉપદેશકોને આ મત ઉત્સાહી બનાવે છે, અને ખરેખર તેમનુ કામ વ્યવ-હારોપયોગી છે.

વળી, પીતર કહે છે કે "અને અમારી પાસે વધારે નિશ્ચયવાળી વાત, એટલે ભવિષ્ય* વાત છે, તેને (અધારા ઠેકાણામાં પ્રકાશ કરનાર દીવાના જેવી જાણીને તેનાપર જયા સુધી પહો ફાટે ને સવારનો તારો) તમારા અંત.કરણોમા ઉગે ત્યા સુધી ચિત્ત લગાડવાથી તમે સારૂ કરશો" (૪૮.)। અને એ વાતોનુ સ્મરણ કરવાને તે આપણને શિખામણ

* Gr. ભવિષ્યવાણીની વાત વધારે સત્ય કરી છે. ન ટ્રેગેલ્સે મુકેલા ચીન્હો જુઓ.

વિધરાઇ જશે, ને પૃથ્વી તથા તે પરના કામો બાળી નખાશે. ૧૧–તો એ સર્વ વિધરાઇ જનાર છે માટે પવિત્ર ચાલ તથા સુભક્તિમા તમારે કેવા થવુ જોઇએ? ૧૨–દેવના જે દિવસમા આકાશો સળગીને વિધરાઈ જશે તથા તત્વો બળીને પિગળી જશે, તેના આવવાની વાટ જોતા તેની અપેક્ષા કરવી.

(૪૭) ૧ કરીંથી ૯ ૨૨ – અબળોને પ્રાપ્ત કરવા સારૂ, અબળોની સાથે હુ અબળ જેવો થયો હરેક રીતે કેટલાએકને તારવા સારૂ સર્વની સાથે સર્વ જેવો થયો.

(૪૮)—૨ પીટર ૧ ૧૯ –અને અમારી પાસે એથી વધારે નિશ્ચ વાત, એટલે ભવિષ્ય વાત છે, તેને અંધારા ઠેકાણામાં પ્રકાશ કરનાર

આપે છે. (૪૯). તેથી ભવિષ્યની વાતનો પ્રાર્થના પૂર્વક અભ્યાસ કરવામાં આપણે ખાલી તર્ક બાંધતા નથી.

દીવાના જેવા જાણીને તેના પર જ્યાસુધી પહો ફાટે ને સવારનો તારો તમારા અંતઃકરણોમાં ઉગે, ત્યા સુધી ચિત્ત લગાડવાથી તમે સારૂં કરશો.

(૪૯)—૨. પીટર ૩·૧ – વ્હાલાઓ, હવે આ બીજો પત્ર હુ તમારા ઉપર લખુ છુ, તે બનેથી તમારા નિર્મળ મનોને ચેતાવતાં સાવધ કરૂં છુ કે, ૨ – પવિત્ર ભવિષ્યવાદીઓથી જે વાતો અગાઉ કહેવાઇ હતી તેનું, ને પ્રભુ તથા તારનારના તમારા પ્રેરિતોને આસરે આપેલી આજ્ઞાનુ તમે સ્મરણ કરો.

પ્રકરણ બીજું.

ખરો અર્થ.

કદાચ તમે કહેશો કે, "શુ આ ભવિષ્યવાણીઓનો આત્મિક અર્થ કરવાનો નથી?" અને શુ તેના "પાછા આવવાનો" અર્થ સન્માર્ગ સ્વિકારવામા પ્રભુનો આશ્રય લેવા તથા આત્માના સાક્ષ તરીકે થતો નથી? અથવા તેનો અર્થ "ખ્રીસ્તી મંડળી પર તેનુ રાજ્ય" એવો થતો નથી? ઈત્યાદિ.

ના, બીલકુલ નહીં જરા વિચાર કરો ભવિષ્ય વાણીનો અક્ષરે અક્ષર આવી રીતે ખરો પાડીને ખ્રીસ્ત જ્યારે આવ્યો, ત્યારે યહુદીઓએ તેનો અસ્વિકાર કર્યો, તે માટે શુ તમે યહુદીઓને દૂષિત ઠરાવો છો? અને વળી તેજ ખ્રીસ્તના બીજી વખતના આવવાની ખરી વાતનો તમે પોતે શુ અસ્વિકાર કરશો? આ તમારા બોલવા પ્રમાણે તમારૂ વર્તન બંધ બેસતું નથી, અને જ્યારે લુક ૧ ૩૧ નુ વચન આપણે શબ્દે શબ્દ ખરૂ માનીએ, ત્યારે કલમ ૩૨ અને ૩૩ માના વચન પણ આપણને તેજ પ્રમાણે ખરા માનવાદો.

લુક ૧:૩૧-૩૩.

"(૩૧) અને, જો તને ગર્ભ રહેશે ને તું દીકરો જણશે, ને તુ તેનુ નામ ઈસુ પાડશે (૩૨) તે મોટો થશે, ને પરા-

ત્પરનો દીકરો કહેવાશે; ને દેવ પ્રભુ તેને પિતા દાઉદનું રાજ્યાસન આપશે (૩૩) અને તે યાકુબના ઘરપર સર્વ કાળ રાજ્ય કરશે, ને તેના રાજ્યનો અત આવશે નહિ"

ઉપરની કલમ ૩૧ નો અર્થ શબ્દે શબ્દ પ્રમાણે માનવામા અને કલમ ૩૨-૩૩ નો આત્મિક માર્ગનો અર્થ માનવામા જે પરસ્પર વિરોધ આવે છે, તે એક ખ્રીસ્તી ધર્મગુરૂ અને એક યહુદી વચ્ચે થયલા સવાદના નીચે આપેલા વર્ણનથી સ્પષ્ટ સમજાય છે

"નવા કરારનુ એક પુસ્તક લઇને તેમાંથી લુક ૧ ૩૨. કાઢી તે યહુદીએ પુછ્યુ કે, 'આ વચનમાં લખ્યા પ્રમાણે શબ્દે શબ્દ પરીપૂર્ણ થશે એમ તમે માનો છો,—દેવ પ્રભુ તેને પિતા દાઉદનુ રાજ્યાસન આપશે, અને તે યાકુબના ઘર પર સર્વકાળ રાજ્ય કરશે?' ધર્મગુરૂએ કહ્યુ કે, "હુ તે વચનનો તેવો અર્થ કરતો નથી, પણ તેની ભાષા જરા અલકારીક છે, અને ખ્રીસ્તના ખ્રીસ્તી મડળી ઉપરના આત્મિક રાજ્યનો તે અર્થ બતાવે છે"

તે યહુદીએ કહ્યુ, "જુઓ ત્યારે, આગલા વચનના શબ્દો, જેમા એવુ ફરમાન છે કે, 'દાઉદનો આ છોકરો એક કુમારિકાને પેટે અવતરશે,' તેનો યથા શબ્દ અર્થ હુ માનતો નથી, પણ જેને વિષે આ ભવિષ્યવાણી છે તેની શુદ્ધતાના વખાણવા લાયક ગુણનુ વર્ણન કરવાની તે ફક્ત અલકારિક રીત છે એમ હું માનુ છઊ" અને તે યહુદીએ વધારામા કહ્યુ

કે, "જ્યારે તમે કલમ ૩૧ માંની છેક નહીં માનવા જોગ વાત સંપૂર્ણ રીતે માનો છો ત્યારે કલમ ૩૨-૩૩ ના વચનના શબ્દે શબ્દનો અર્થ માનવાની ના શામાટે પાડો છો?" ધર્મગુરૂએ જવાબ દીધો કે, "હુ તે માનુછું, કેમકે તે સત્ય વાત છે." યહુદી ધિક્કાર અને ફતેહનો અકથનીય દેખાવ કરીને બોલી ઉઠયો "અહો! તમે ધર્મ પુસ્તક માનોછો, કેમકે તે સત્ય વાત છે, હુ ધર્મ પુસ્તક માનુછુ, કેમકે તે પ્રભુનું વચન છે.

અને, વહાલા વાંચકો, શુ તે યહુદીની તકરાર ખુલ્લા દીલની અને અસરકારક ન હતી? ધર્મપુસ્તકમા ધર્મસિધ્ધાતસાર, અલંકારો, અર્થાંતરારોપ, રૂપકાલકાર ઇત્યાદીનો ઉપયોગ કરવામા આવેલો છે અને તેમા દૃષ્ટાતરૂપી કથા પણ છે

પણ જ્યા સુધી મૂળ ગ્રથમા તેનો ઉપયોગ સ્પષ્ટ કહેલો હોય નહીં, અથવા વાકયાન્વયમા ખુલ્લી રીતે તે બતાવ્યુ હોય નહીં, ત્યા સુધી આપણે ફકત શબ્દાર્થનેજ વળગી રહેવુ જોઇએ.

યોહાન ૭ ૩૮ માના ખ્રીસ્તના (૧) વચનના શબ્દોને માટે આપણને તેની નીચેની કડીમાજ કહ્યુ છે કે તે શબ્દો

---

(૧) યોહાન ૭ ૩૮-શાસ્ત્રના વચન પ્રમાણે જે મારા પર વિશ્વાસ કરે છે, તેના પેટમાથી જીવતા પાણીની નદીઓ વહેશે ૩૯-પણ તેના પર વિશ્વાસ કરનારાઓને જે આત્મા મળવાનો હતો તેને વિષે તેણે એ કહ્યું, કેમકે ઇસુ હજી મહીમાવાન કરાયો ન હતો, માટે પવિત્ર આત્મા હજી (અપાયો) ન હતો

"આત્મા માટે કહેવાયા છે, અને જેઓ તેના પર વિશ્વાસ રાખે છે તેઓને માટે તે કહ્યા છે"

ગલાતી ૪.૨૪—૩૧ (૨) માંની દ્રષ્ટાંતરૂપી કથાનો અર્થ ધર્મ પુસ્તકના શબ્દાર્થથી કોઇ પણ રીતે જુદો થતો નથી, પણ તેથી ઉલટુ તે તે અર્થને દૃઢ કરે છે. આપણે જાણીએ છીએ કે હાગાર અને સારાહ બનેને ખરી સાકાર હસ્તી હતી. સિનાય પહાડ અને યરૂશાલેમ ખરા એટલે અકલ્પિત છે.

નવા કરારનો મધ્યસ્થ ઇસુ, આપણને ખરો છે. (૩). અને તેથી કરીને હમે માનીએ છીએ કે "યરૂશાલેમ જે આકાશમા છે," અને જેનુ સારાહ એક સૂચક છે—"તે આકાશમાનુ યરૂશાલેમ" (૪).

---

(૨) ગલાતી ૪ ૨૪–તેઓ ઉપમારૂપ છે, કેમકે તેઓ બેકરાર છે, એકતો સિનાય પહાડથી, તે દાસપણાને સારૂ જન્માવે છે, એજ હાગારછે. ૨૫–કેમકે હાગાર અરબસ્થાનમાંનો સિનાય પહાડ છે, ને તે હાલના યરૂશાલેમને અનુરૂપ છે, કેમકે તે પોતાના છોકરા સુદ્ધા દાસપણામા છે ૨૬–પણ ઉપરનું યરૂશાલેમ સ્વત ત્ર છે, તે આપણ સઘળાની મા છે.

(૩) હેબ્રીઓ–૧૨ ૨૪ ને નવી કરારના મધ્યસ્થ ઇસુની પાસે, ને જે છાટવાનું લોહી હાબેલના કરતા સારૂ બોલેછે, તેની પાસે આવ્યા છો.

(૪) હેબ્રીઓ ૧૨ ૨૨–પણ તમે સિયોનના પહાડની પાસે, ને જીવતા દેવના શહેર એટલે આકાશના યરૂશાલેમની પાસે, ને હજારો હજાર દુતોની પાસે

"તે નવું યરૂશાલેમ જે આકાશમાંથી દેવ પાસેથી ઉતરે છે" (૫) એ બધા વચનો ખરાં, સુસ્પષ્ટ અને સત્ય છે. તો પછી આવા આવા દૃષ્ટાંતો ઉપરથી (કે જે દૃષ્ટાંતો સાચ, નીતિ અને ધાર્મિકપણાના એકહજાર વર્ષ પછી ખ્રીસ્ત આવશે એમ મ નનારાઓએ "આત્મિકવાદ" માટેના આધાર તરીકે ટાકી બતાવ્યા છે તેમાંના સૌથી મહત્વવાળા છે) લુક ૧ ૩૨-૩૩ ના વચનના, અથવા તો ઇસ્રાયલના ઉધ્ધારની ભવિષ્યવાણી દર્શાવનારા અસ ખ્ય વચનોના, ઇસુ ખ્રીસ્તના આવવાના, અથવા પ્રભુના મહિમાવાળા રાજ્યનુ બ્યાન કરનારા વચનના શબ્દાર્થને ઉરાડી દેવાનો આપણને કયો આધાર છે? તેને માટે કાઇ પણ આધાર હોઇ શકેજ નહીં તેમ કરવાથી પ્રભુના વચનના મહાત્મ્ય અને શકિત ઉંધા વળી જાય છે, અને સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એકહજાર વર્ષ પછી ખ્રીસ્ત-

(૫) પ્રકટીકરણ ૩ ૧૨-જે જીતે છે તેને હું મારા દેવના મંદિરમા થંભ કરીશ, ને ને ફરી ત્યાથી બહાર જશે નહી, ને તેના પર મારા દેવનુ નામ તથા મારા દેવના શહેરનું નામ, એટલે જે નવું યરૂશાનેમ મારા દેવ પાસેથી આકાશમાથી ઉતરે છે તે, તથા મારૂં પોતાનું નામ લખીશ પ્રકટીકરણ ૨૧ ૨ અને જે પવિત્ર નગર, નવુ યરૂશાલેમ, દેવની પાસેથી આકાશથી ઉતરતુ દીઠું, ને જેમ કન્યા પોતાના વરને સારૂ સણગારેલી હોય તેમ તે તૈયાર કરેલું હતું ૧૦ અને એક મોટા તથા ઉચા પહાડપર તે, મને આત્મામા લઇ ગયો, ને પવિત્ર નગર યરૂશાલેમ દેવની પાસેથી આકાશથી ઉતરતુ મને દેખાડયુ.

નુ આવવું થશે એમ માનનારાઓ, તેમ કરીને, નાસ્તિકો અને બધી જાતના સુધારકો તથા મનમોજીલાઓ માટે બધા રસ્તા મોકળા કરે છે. ઇસ્રાયલોનો એક ભાગ આજે પણ એવો છે કે, જે પોતાને 'સુધરેલ' અથવા 'મનમુખત્યાર' તરીકે ઓળખાવે છે. તેઓ જુના કરારમાંની ભવિષ્યવાણીને આત્મિક બનાવે છે, અને તેથી ખરા તારનારની વાટ જોતા પણ અટકી ગયા છે થોડાએક વખત ઉપર તેમાના એકે આ ગ્રંથકર્ત્તાને કહ્યુ કે "ઓગણીસમી સદી એજ ખ્રીસ્ત છે," અને આ વિવકશુન્ય મતનો હવે ઘણોજ સાધારણ રીતે તેમની મુખ્ય સમાજોમા બોધ અપાય છે. વળી યહુદીઓ પણ વિદેશીઓ ભેગા મળીને ધર્મપૂસ્તકને આવી રીતે આત્મિક ઠરાવે એ પણ આ ચાલુ યુગની અદભુત નિશાણી છે ["જ્યારે માણસનો દીકરો આવશે, ત્યારે તેને પૃથ્વી ઉપર વિશ્વાસ જડશે શુ?" લુક ૧૮ ૮] શામાટે! ધર્મપુસ્તકના આવા સાદા વાકયોના શબ્દાર્થને તેવીજ રીતે આત્મિક ઠરાવવાથી, તે દરેક ખ્રીસ્તી મતને જડમૂળથી ઉખેડી નાખી નાબુદ કરશે, અને ધર્મશાસ્ત્રપર સંપૂર્ણ અવિશ્વાસમા અથવા સ્વીડનના ઉમરાવ ઇમાન્યુઅલ સ્વીડનબોર્ગે પ્રવર્તાવેલા ધર્મ સબધી મતના ભ્રમમાં આપણને ઘસડી જશે

ભાષાનો હેતુ જો આપણા વિચારો ચોક્કસ રીતે દર્શાવવાનો નહોય તો બીજો શુ છે? ખરેખર પવિત્રાત્મા પોતાના વિચારો શુદ્ધરીતે દર્શાવવા માટે તેવા શબ્દો પસદ કરી શકયા

હોત. ખરેખર એવાતનો સમાવેશ એક નાનાં છોકરાંએ નીચે મૂજબ કરેલા પ્રશ્નમાં થઇ જાય છે, કે "જો ખ્રીસ્તે જે જે કહ્યુ તે પ્રમાણે તેનો કહેવાનો અર્થ નહોય તો તેનો કહેવાનો જે અર્થ હતો તે પ્રમાણે તેણે કેમ ન કહ્યું?" પણ અમે માનીએ છીએ કે તેણે જે કહ્યુ તેજ પ્રમાણે તેનો કહેવાનો અર્થ હતો, અને તેની વાતો" જતી રહેશે નહીં. (માત્થી ૨૪·૩૫).

તેણે કહ્યુ કે હું "નિયમશાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓની વાતોનો નાશ કરવા આવ્યો નથી, પણ તે પરિપૂર્ણ કરવા આવ્યો છુ." અને "આકાશ તથા પૃથ્વી જતા રહે ત્યા સુધી, સઘળુ પરિપૂર્ણ થયા વગર નિયમશાસ્ત્રમાંથી એક કાનો કે એક માત્રા જતી રહેશે નહીં" (માત્થી ૫·૧૭–૧૮).

તેના પ્રથમ આગમન વખતે જે ભવિષ્યવાણીઓ શબ્દે શબ્દ ખરી પડી હતી તે.

જો તેણે અવતાર લીધો અને તેની સાથે કષ્ટ પામેલા ખ્રીસ્તની ભવિષ્યવાણીઓ, શબ્દે શબ્દ સાચી પાડી, જેવી કે ગીતશાસ્ત્ર ૨૨, યશાયાહ ૫૩ માંની વીગેરે, તો પછી મહિમા અને જય સહિત રાજ્ય કરનારા મહિમાવાળા ખ્રીસ્તની ભવિષ્યવાણીઓ શુ તે તેવીજ રીતે ખાત્રીથી પાછા આવીને ખરી નહીં પાડશે? ગીતશાસ્ત્ર ૨;૭૨, દાનીયેલ ૭.૧૩–૧૪, યશાયાહ ૯,૧૧;૬૦ વીગેરે. કષ્ટ પામેલા યહોવાહનુ ધ્યાન

કરનારી ઘણી ભવિષ્ય વાણીઓ કે જે આપણે શબ્દે શબ્દ સાચી પડેલી જોઇ છે, અને જેના ઉપર તે વચનોના ખરાપણા અને ઈશ્વરપ્રેરિત જ્ઞાન માટેના મજબુત પુરાવા તરીકે આપણે આધાર રાખીએ છીએ તેનો વિચાર કરો. જેવી કે- યશાયાહ ૭ ૧૪—કુમારિકાને પેટે અવતરેલો મીખાહ ૫·૨—બેથલેહેમમા યિર્મેયાહ ૩૧ ૧૫—નાનાં છોકરાંઓની કતલ હોશીઆ ૧૧:૧—મિસરમાંથી તેડી મગાવ્યો. યશાયાહ ૧૧:૨—સુબુદ્ધિ તથા સમજનો આત્મા ઝખાર્યાહ ૯ ૯—યરૂશાલેમમાં પ્રવેશ ગીતશાસ્ત્ર ૪૧ ૯,૫૫ ૧૨-૧૪ મારા ખાસ મિત્રે મારી સામે લાત ઉઠાવી છે. ઝખાર્યાહ ૧૩:૭—તેના શિષ્યો તેને તજી દેછે. ૧૧:૧૨—વેતનના ત્રીશ રૂપીઆ તોળી આપ્યા ૧૧·૧૩—કુભારનુ ખેતર ખરીદયુ યશાયાહ ૫૦·૬—અપમાન પામેલો તથા થુકાયલો. નિર્ગમન ૧૨ ૪૬, ગીતશાસ્ત્ર ૩૪.૨૦—એકપણ હાડકુ ભાગ્યુ નહીં. ગીતશાસ્ત્ર ૬૯ ૨૧—પિત્ત અને સરકો. ગીતશાસ્ત્ર ૨૨ હાથ અને પગ વિધ્યા લુગડાં વહેચી લીધાં-તેઓએ ચીઠ્ઠી નાખી યશાયાહ ૫૩—દરિદ્રતા, વેદના, સહનશીલતા, અને મૃત્યુ અને બીજા ઘણા વાકયો

જયારે ખ્રીસ્ત પ્રથમ આવ્યો ત્યારે આ બધી વાણી શબ્દે શબ્દ સાચી પડી હતી. તો પછી તેના ભવિષ્યના અવતારનુ અને પૃથ્વી ઉપરના તેના મહિમાવાળા રાજ્યનુ ધ્યાન

કરનારી અસ ખ્ય ભવિષ્યવાણીઓ શબ્દે શબ્દ ખરી પડશેજ એ વાતનો તમે અસ્વિકાર ન કરો જેવી કે —

તેના બીજાં આવાગમન વખતે શબ્દે શબ્દ ખરી ઠરનારી ભવિષ્ય વાણીઓ.

પ્રભુ પોતે જાતે ઉતરશે, ૧ થેસ્સા ૪ ૧૨ પ્રભુ હાંક મારશે, સર્વ જેઓ કબરમા છે તેઓ તેની વાણી સાભળશે, યોહાન ૫.૨૮. પછી કબરમાથી ઉઠેલા અને બદલાયલા વિશ્વાસુઓ ગગનમાં પ્રભુને મળવા સારૂ તેઓની સાથે વાદળમા તણાઇ જશે, ૧ થેસ્સા ૪·૧૭ ને તેમને પોતાની પાસે તે લઇ લેશે. યોહાન ૧૪ ૩ જે દાસોને ધણી આવીને જાગતા જોશે તેને ધન્ય છે, લુક ૧૨ ૩૭, તે પૃથ્વી ઉપર પાછો આવશે, પ્રેરિતોના કૃત્ય ૧ ૧૧ તેજ જૈતુન પર્વત જે પરથી તે આકાશમાં ચઢયો, ઝખાર્યાહ ૧૪ ૪ બળતી આગમાં, ૨ થેસ્સા ૧ ૮ પરાક્રમ તથા મોટા મહિમામા આકાશના મેઘપર, માત્થી ૨૪ ૩૦, ૧ પીતર. ૧ ૭, ૪·૧૩ અને પૃથ્વીપર ઉભો રહેશે. અયુબ ૧૯ ૨૫ તેના પવિત્રો (મડળી) તેની સાથે આવશે, ગણના ૩૩ ૨; ૧ થેસ્સા ૩ ૧૩, યહુદા ૧૪ દરેક આખ તેને દેખશે પ્રકટીકરણ ૧ ૭ તે તે અધર્મી પાપના માણસનો નાશ કરશે ૨. થેસ્સા. ૨–૮ તે તેના રાજ્યાસન પર બેસશે માત્થી ૨૫.૩૧; પ્રકટીકરણ ૫ ૧૩ અને સર્વ

લોક તેની આગળ એકઠા કરાશે અને તેમનો ન્યાય તે કરશે. માત્થી ૨૫.૩૨. દાઉદનું રાજ્યાસન તેને મળશે યશાયાહ ૯.૬-૭; લુક ૧ ૩૨, હુઝકીએલ ૨૧:૨૫-૨૭. તે પૃથ્વી ઉપર થશે થિર્મેયાહ. ૨૩:૫-૬. તેને રાજ્ય મળશે. દાનીયેલ. ૭:૧૩-૧૪. પરાત્પરના પવિત્રો સાથે તે રાજ્ય કરશે. દાનીયેલ ૭.૧૮-૨૨, ૨૭, પ્રકટીકરણ ૫.૧૦. સર્વ રાજાઓ અને વિદેશીઓ તેની સેવા કરશે. ગીતશાસ્ત્ર ૭૨:૧૧; યશાયાહ. ૪૯.૬-૭, પ્રકટીકરણ ૧૫૪ આ દુનિયાના રાજ્યો તેનુ રાજ્ય થશે ઝખાર્યાહ ૯.૧૦, પ્રકટીકરણ ૧૧.૧૫. લોકો તેને અધિન રહેશે ઉત્પત્તિ ૪૯ ૧૦ ને તેની આગળ સર્વ ઘુટણ નમશે. યશાયાહ ૪૫ ૨૩. તેઓ આવશે અને રાજાને ભજશે. ઝખાર્યાહ ૧૪:૧૬, ગીતશાસ્ત્ર ૮૬ ૯ તે સિયોનને બાંધશે ગીતશાસ્ત્ર ૧૦૨ ૧૬ તેનુ રાજ્યાસન યરૂશાલેમમા થશે યિર્મેયાહ ૩ ૧૭, યશાયાહ ૩૩ ૨૦-૨૧ પ્રેરિતો બાર રાજ્યાસન પર બેસશે અને ઇસ્રાએલના બારે કુળનો ન્યાય કરશે માત્થી. ૧૯. ૨૮, લુક ૨૨ ૨૮-૩૦. તે વિદેશીઓ પર રાજ્ય કરશે. ગીતશાસ્ત્ર ૨:૮-૯; પ્રકટીકરણ ૨.૨૭. ઇન્સાફ અને ન્યાયીપણાથી તે રાજ્ય કરશે—યશાયાહ ૯ ૭. યરૂશાલેમનુ દેવળ ફરીથી બંધાશે (હુઝકીએલ પ્રકરણ ૪૦-૪૮), અને દેવનુ ગૌરવ તેમાં આવશે. હુઝકીએલ ૪૩:૨-૫, ૪૪.૪. યહોવાહનુ ગૌરવ પ્રગટ થશે. યશાયાહ ૪૦:૫. અરણ્ય ફળવત વાડી થશે. યશાયાહ

૩૨ : ૧૫. અરણ્ય ગુલાબની પેઠે ખીલશે. યશાયાહ ૩૫.૧-૨. અને તેનું રહેઠાણ ગૌરવી થશે. યશાયાહ ૧૧:૧૦. અને બીજા ઘણા ફકરાઓ આપણે ટાંકી શકીએ. ખરેખર આ સાદી ભવિષ્ય વાણીઓમા એક પણ સિધ્ધાંતસાર એવો નથી કે જેને આધારે આપણે તેનો આત્મિક અર્થ કરીએ. બલકે આપણે એવી આશા રાખો કે, જેમ તેના પ્રથમ આવાગમન વખતે ભવિષ્યવાણીઓ સાચી પાડી, તેમ તેના પાછા આવવા સંબધીની ભવિષ્યવાણીઓ પણ તે અક્ષરેઅક્ષર ખરી પાડશે.

પ્રકરણ ત્રીજું.

તેનાં "આવવાં" નો અર્થ "મોત" થતો નથી.

તેનું પ્રથમ આવાગમન એટલે મરણ, એમ યહુદીઓના મનમાં નહતુ, અને તેમ તેઓ સમજ્યા પણ નથીજ; તેજ પ્રમાણે તેના પાછા આવવાનો અર્થ, મરણ, એમ ખ્રીસ્તીઓના મનમા નથી, તેમ તેઓ સમજતા પણ નથી.

ઇસુ (યોહાન પ્રકરણ ૨૧) (૧) મા "મોત" અને "તેના આવાગમન" વચ્ચે સ્પષ્ટ ભેદ પાડે છે. તે પોતે શી રીતે મરણ પામશે તે વિષે પીતરને કહે છે, અને પછી, પ્રતિપક્ષતા માટે, યોહાન વિષે એમ કહીને બોલે છે કે "હુ આવું ત્યા લગી તે રહે એવી મારી ઇચ્છા હોય તો તેમા તારે શુ?" એટલે, યોહાન મરણ પામે નહીં, પણ ખ્રીસ્ત પાછો આવે ત્યા સુધી જીવે. તે શિષ્યો તેનો અર્થ ઉપર મુજબ સમજ્યા, અને તે મરણ પામશે નહીં એમ તેમણે જાહેર કર્યું

મરણ એ એક શત્રુ છે (૨), અને ખ્રીસ્તના આવવાને વખતે આપણને મરી ગયલા માણસોમાંથી ઉઠાડવામા આવશે, અને મરણ અને કબર ઉપર જય જયના સાદ પડશે. "અરે, મરણ, તારો

---

(૧) યોહાન–૨૧:૧૮,૧૯,૨૦,૨૧,૨૨,૨૩. (૨) ૧. કરીંથીઓ. ૧૫૨૬.

ડંખ કયા? અરે મરણ, તારો જય કયા?". (૩)

જો આપણે મરણ સુધી વિશ્વાસુ થઇ રહીએ (એટલે જો કે વિશ્વાસ કરવાથી આપણો જાન જતો હોય), તો તેણે (પ્રભુએ) આપણુને (જીવનનો) મુગટ આપવાનુ વચન આપ્યું છે (૪), પણ તેના ફરી પ્રગટ થતા સુધી આપણુને તે મળતો નથી (૫).

મરણ વખતે, પારાદેસ (૬) (સ્વર્ગ) માના વિસામા (૭) શિવાય આપણુને બીજું કોઇ જાતનુ વચન આપવામા આવતું નથી. પણ, જ્યારે ખ્રીસ્ત (પાછો) આવે છે (૮), ત્યારે પુનરૂત્થાનમા આપણુને એ બધી ચીજો માટે વચન આપવામા આવે છે.

તેથી કરીને પાઉલને આ પુનરૂત્થાનની અભિલાષા રાખતો આપણે જોઇએ છીએ (૯).

મરણને સમયે આચ્છાદન ઉતારવાને તે ચાહતો નહતો, પણ મુએલાઓના ઊત્થાન સમયે કપડા પહેરેલો થવાને તે ચાહતો હતો (૧૦).

જે જે વચનમા ઇસુના આવવા વિષે લખેલુ છે, તેમા 'મરણ'

(૩) ૧. કરીથીઓ. ૧૫ ૨૩,૫૪,૫૫. (૪) પ્રકટીકરણ. ૨ ૧૦
(૫) ૨. તીમોથી ૪ ૮, ૧. પીતર ૫ ૪.
(૬) ૨ થેસ્સા ૧ ૭, પ્રકટીકરણ ૧૪ ૧૩. (૭) લુક૧૬:૨૨, લુક ૨૩ ૪૩. (૮) લુક. ૧૪ ૧૪, લુક ૨૦ ૩૫-૩૬, રૂમી ૮ ૩૨. (૯) ફિલિપી ૩ ૧૧. (૧૦)૨ કરીંથીઓ ૫ ૪; ૧. કરીથીઓ ૧૫ ૫૧,૫૨,૫૩,૫૪.

શબ્દ તેને બદલે જેને મુકવો હોય તો મુકે, પણ તેને જણાશે કે તે શબ્દ બીલકુલ ત્યા લાગુ પડતો નથી દાખલા તરીકે —

"પોતાના બાપના મહિમામા 'મરણ' આવશે" (માત્થી. ૧૬ ૨૭) "જ્યારે 'મરણ' પોતાના મહિમાના રાજ્યાસનપર બેસશે." (માત્થી. ૧૯·૨૮)

"હવે પછી 'મરણ'ને પરાક્રમના જમણા હાથપર બેઠેલો, અને આકાશના મેઘોપર આવતો તમે દેખશો." (માત્થી. ૨૬:૬૪).

"જુઓ તે (મરણ) વાદળાં સુદ્ધાં આવે છે, અને હરેક આખ તેને દેખશે." (પ્રકટીકરણ ૧.૭).

"પણ આપણું પ્રજાપણુ આકાશમાં છે, ત્યાથી પણ, આપણે 'મરણ'ની રાહ જોઈએ છીએ" (ફિલિપીઓને પત્ર ૩.૨૦).

જો વાચક વર્ગ એમ ધારે, કે આ વાક્યો અપવાદરૂપી છે, તો પવિત્ર શાસ્ત્રમાના તેના પાછા આવવા સબધી બીજા ફકરાઓના વચનોમા, તે પ્રમાણે અજમાવી જોવાની હમે તેમને વિનતી કરીએ છીએ ફક્ત જો કાઇ પણ સરખાપણું તેમા હોય તો, તે નીચેની ઉપમાયુક્ત વાતમા છે કે, આપણે ક્યારે મરણ પામશુ તે વખત આપણે જાણતા નથી. પણ પ્રભુનો પાડ માનો કે, આપણે બીલકુલ મરણ પામીએ નહીં, કેમકે "આપણે સઉ ઊંઘીશુ નહીં." (૧.કરી-થી ૧૫ ૫૧).

આપણી ઓછામા ઓછી એક પેઢી એવી થશે, કે 'આપણા "પ્રભુનું આવાગમન" તે મરણ નથી,' એ વાતનો તેમને આત્માનુભવ થશે.

અને જેમ (૧ થેસ્સા ૪ ૧૬) માંના વચનમા "કેમકે સાદથી 'મરણ' પોતે આકાશથી ઉતરશે" એમ કહેવુ અસ્વિકાર્ય છે, તેજ પ્રમાણે (માત્થી. ૨૪ ૪૨) ના વચનમા "માટે જાગતા રહો, કેમકે 'મરણ' કઇ પળે આવશે, તે તમે જાણતા નથી," એમ કહેવુ પણ અસ્વિકાર્ય છે.

કેમકે પવિત્ર શાસ્ત્રમાના વાકયોનો આવી રીતે મારીમચડીને અર્થનો અનર્થ કરવાથી, આપણે 'આપણા પ્રભુના આવવાની' મહાન સત્યવાતને અપ્રસિધ્ધ સ્થિતીમા ફેંકી દઇએ છીએ, અને તેને બદલે 'ભયકર રાક્ષસ' (મરણ) એ શબ્દ ગોઠવીએ છીએ.

અનુભવથી 'મરણ' એટલે 'પ્રભુનું આવાગમન' એવો અર્થ થતો નથી.

'પ્રભુનુ આવાગમન,' એટલે વ્યવહારૂ રીતીમાં 'મરણ' એમ આસ્તિક ખ્રિસ્તીને કહેવુ' એ કાઇ પણ પ્રમાણ વગર સ્વીકારવા જેવુ છે કેમકે આપણે તે જાણતા નથી, અને પવિત્ર શાસ્ત્ર એ વાતને ટેકો આપતુ નથી. એથી ઉલટુ, પ્રભુના પાછા આવવાના વખતે, જે જે અદ્ભૂત વાર્તાનો અમલ પવિત્ર શાસ્ત્રમા બતાવ્યા મુજબ થવાનો છે, તે અમલ કોઇ પણ ખ્રીસ્તીના મરણ વખતે થતો નથી જેમ પ્રભુના પાછા આવવાના વખતે બનવાનુ' છે તેમ, તે વખતે, મુએલાઓને કબરમાથી ઉઠાડવામા આવતા નથી, તેમજ જીવતા વિશ્વાસુ ખ્રીસ્તીઓ બદલાઇ જતા નથી.

આપણે મરણ વિષે, અથવા મરણ પામેલાઓની મધ્યસ્થિત

સ્થિતી વિષે કાઇંજ જાણતા નથી.

આપણા પ્રભુના પુનરૂત્થાનના સમયથી, વિશ્વાસુ ખ્રિસ્તીઓનો આત્મા, મરણ સમયે ઉંચે સ્વર્ગમાં જાય છે, એ કહેવું કદાચ ખરૂ છે અને તેથીજ પાઉલ પ્રેરિત, ૨. કરીંથી—૫ ૮ મા કહી શકયો કે "શરીરથી પ્રવાસી થવુ, તથા પ્રભુની પાસે વાસો કરવો." પણ પ્રકટીકરણ ૬ ૯-૧૧ (૧૧) ઉપરથી દેખાશે કે, અમુક મુએલાઓના આત્મા, પ્રભુના પાછા આવવાના વખતે (૧૨) જે ઇનસાફ થવાનો છે, તેની આતુરતાથી વાટ જુએ છે આત્મિક (જ્ઞાન) માર્ગે જોતા (વિશ્વાસુ) ખ્રિસ્તીઓ હમણા અને સર્વકાળ (૧૩) ઇસુ ખ્રીસ્તની સાથે છે, પણ ખ્રીસ્તની સાથે શારીરીક રીતે (૧૪) હોવું, તે તો ફકત તેના પાછા આવવાના વખતે (૧૫), પુનરૂત્થાનથીજ થઇ શકવાનું છે. તેથી ખ્રીસ્તીઓને એમ કહેવુ કે 'મરણ' અને 'પ્રભુનું આવાગમનં' એ બંનેનો એકજ અર્થ છે એટલે સમાન અર્થ છે, તે ધર્મપુસ્તકથી તદન વિરૂધ્ધ છે.

ડાકટર દેવીડ બ્રાઉનનો પુરાવો.

રેવરન્ડ ડૅવીડ બ્રાઉન સાહેબ, જોકે સાચ નીતિ અને ધાર્મીકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનુ આવવુ થશે એ મતના

(૧૧) પ્રકટીકરણ ૬:૯,૧૦,૧૧ (૧૨) ૧. કરીથી ૪·૫, ૨ તીમોથી ૪.૧, પ્રકટીકરણ ૧૧ ૧૮. વળી જુઓ માત્થી ૨૫:૩૧-૪૦. (૧૩) યોહાન ૧૪ ૨૩; માત્થી ૨૮.૨૦. (૧૪) યોહાન ૧૨ ૨૬; યોહાન. ૧૭ ૨૪ (૧૫) યોહાન ૧૪.૩.

આગેવાન માનનાર છે, તે આ વાત ખરી છે એમ કબુલ કરે છે, અને કહે છે કે, ("એ વાત વિષે ગમે તેવા સારા આધાર સહિત આપણે એમ બોલીએ, અને ગમે તેવા હિતકર વિચારો તે સૂચવે) તો પણ વિશ્વાસુ ખ્રીસ્તીઓના વિચાર પ્રમાણે, ધર્મ પૂસ્તકમા બીજીવારનું આવવુ જેમ આધારપૂર્વક બતાવવામા આવે છે, તેમ માણસોને મરણ વખતે ખ્રીસ્ત મળે છે એ વીચાર, ઉપરના વિચારને લાયક ઠરતો નથી" અને આ વાત, તે નીચેના વચનોમાના દષ્ટાંતો આપી ઘણી યોગ્ય રીતે સમજાવે છે.

"(ઇસુએ તેના દીલગીર થતા શિષ્યોને કહ્યુ) 'તમારા મનને ગભરાવવા ન દો, મારા બાપના ઘરમા રહેવાના ઠેકાણાં ઘણાં છે, હુ તમારે માટે જગ્યા તૈયાર કરવા જાઉંછુ. અને જો હું જઇશ'–તો શું? 'તમે જલદીથી મારી પાછળ આવશો? 'શું મોત થોડા વખતમા આપણુને એકઠા કરશે?' એટલુંજ નહી પણ 'જો હું જઇશ, તો હું પાછો આવીશ અને તમને મારી પાસે લઇશ, એ માટે કે જ્યા હુ રહુ છું ત્યા તમે પણ રહો' યોહાન ૧૪'૩.

"અને જ્યારે તે ઉચે જતો હતો ત્યારે તેઓ આકાશ તરફ એકી નજરે જોઇ રહ્યા હતા. એવામા જુઓ, ઉજળા વસ્ત્ર પહેરેલા બે પુરૂષ તેઓની પાસે ઉભા રહ્યા, અને તેઓએ કહ્યુ કે, ગાલીલના માણસો, તમે આકાશ તરફ જોતા કેમ ઉભા રહ્યા છો? એજ ઇસુ જે તમારી પાસેથી આકાશમાં લઇ લેવામા આવ્યો છે તે, જેમ તમે તેને આકાશમા જતા જોયો તેમજ (પાછો) આવશે તે શુ? મરણ વખતે તમને જલદીથી તેને ઘેર પોતાની પાસે લઇ જશે?"

એટલુંજ નહિં, પણ જેવી રીતે તમે તેને સ્વર્ગમા જતાં જોયો છે તેવીજ રીતે તે આવશે.' પ્રેરિતોના કૃત્ય ૧.૧૦-૧૧"

તે વધારામા કહે છે કે, "અને" (આ આવવા) સંબધીની બીનાને ખ્રીસ્તી મડળીની ભવિષ્યની ધારણાઓમાની તેની યથાશાસ્ત્ર જગ્યામાથી આમતેમ હડસેલી મુકવાથી, આપણને શી રીતે ખબર પડે કે આપણે તેના વ્યવહારોપયોગી નિયમ તરીકે તેના સદ્દગુણ અને શકિતનો ઘણે અંશે નાશ કરતા નથી શું? પ્રભુના નિયમ હમેશાં શ્રેષ્ટ છે અને જોકે આપણે તેનું મૂળ ખોળી કાઢી શકતા નથી તેથી શુ આપણે તેમાં વિશ્વાસ રાખી શકતા નથી? અને કુદરતમા જેમ બને છે, તેમ કદાચ પ્રકટિકરણમા, ઇશ્વરી ગોઠવણોનો ગમે તેવો સહેજ ફેરફાર આપણે કરીએ, કે જેથી દેખીતી રીતે કાઇક ફાયદો થતો પણ માલમ પડે, તોપણ તેનાં પરિણામ તદન અણધારેલાં નીવડે, એટલે કે જે પરિણામની આપણે આકાક્ષા રાખી હોય અને ઇચ્છા રાખી હોય, તેથી ઉલટાજ પરિણામ આવે! તેજ પ્રમાણે અમને ધાસ્તી છે કે આ બાબતમા પણ તેમ થાય" *

અમારી ઇચ્છા એવી હતી કે જો અત્રે સ્થળ સંકોચનો બાધ ન હોત તો હજી વધારે દ્રષ્ટાતો હમે ટાકત, કેમકે સત્ય, નીતિ અને ધાર્મીકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવુ થશે તે મતને ટેકો આપવાને આટલો બધો પ્રયાસ કરે છે તેઓમાનો એક ખુલ્લા દીલથી એકરાર કરે છે કે, "આપણા પ્રભુના આવાગમનનો અર્થ 'મોત' થતો નથી" તે હમને ઘણુ સાનંદાશ્ચર્ય લાગે છે.

* જુઓ, બીજી વખતનું આવવું, પાન ૨૧-૨૨

વળી '**પ્રભુના આવાગમનને ઠેકાણે 'મરણ' શબ્દ મુકવાથી પુનરૂત્થાનના મહાન ઉપદેશને** ધર્મપૂસ્તકમાની તેની ઉંચી પદવીપરથી, વ્યવહારોપયોગી રીતીએ તેથી હલકી પાયરીપર ઉતારી નાંખ્યો. છેક બીનજરૂરી ઉપકરણ જેવો ગણવામા આવે છે.

પણ આપણે ઇસુના ઉપદેશ તથા પુનરૂત્થાન (૧૬) વિષે સંપૂર્ણ વિશ્વાસથી માનીએ છીએ, અને ઇસુ આપણને મરણ ઉપર જય આપશે, તે કાળ તરીકે મુએલાઓના પુનરૂત્થાનના સમયની આપણે આનદી અગમબુદ્ધિથી વાટ જોઇએ છીએ (૧૭).

અરે! "જે કૃપા આપણા ઉપર મરણ સમયે નહી પણ ઇસુ ખ્રીસ્તના પ્રગટ થવાની વેળાએ બક્ષાવાની છે, તેનો ખ્રીસ્તીઓને આત્માનુભવ (૧૮) થાય, એવી અમારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે"

તારનારના કોઇ પણ ઉપદેશમાંના વાકયમાં, આપણને મરણની દેખરેખ રાખવાનું, વાટ જોવાનું અથવા મરણ માટે તૈયાર થવાનું ફરમાવ્યું નથી. પણ ખ્રીસ્તના આવાગમનની રાહ જોવા તથા તેને માટે તૈયાર રહેવા આપણને ફરમાવેલું છે.

તેથી આપણો મોટો શત્રુ 'મરણ' તેજ ઇસુનું અમૂલ્ય આવાગમન છે, એવા ખોટા તર્કથી આપણને છેતરાવા ન દો, અથવા ભ્રમમાં પડવા ન દો. તેથી, વહાલાઓ, અમે સિદ્ધ કરીએ છીએ કે, આ મહિમાવાળા મત સાથે તમારે સંબધ છેજ.

---

(૧૬) પ્રેરિતોના કૃત્ય ૪. ૨, પ્રેરિતોમાં કૃત્ય ૧૭: ૧૮.
(૧૭) ૧ કરીથી ૧૫: ૫૪ – ૫૫; (૧૮) ૧ પીતર ૧ ૧૩,

પવિત્ર શાસ્ત્રમાં ખોળ કરો.

કદાચ તમે કહેશો કે, "હુ તે બાબત ઘણુ જાણુતો નથી, અને તેથી હું તે સમજી શકતો નથી." પણુ તમારી તે સમજવાની ઇચ્છા છે કે? જો એમ હોય તો, પ્રભુનું વચન તમારે માટે ખુલ્લું છે. પવિત્ર આત્મા તમને શીખવશે (૧૯). તે, જે જે થનાર છે, તે તમને કહી દેખાડશે (૨૦), અને બતાવશે, અને આ પાનાઓમા જે લખેલુ છે, તે આ સત્ય વાતના અભ્યાસમા તમને સંપુર્ણ મદદ કરવાની ખરા અતઃકરણુની હોસથી તથા જીજ્ઞાસાથી લખેલુ છે.

શુ તમે તેનો અભ્યાસ કરશો? પેલા બેરીઆના (૨૧) મહાત્માઓની માફક તમે તમારી જાતે તેને માટે શોધ કરશો? અને તે આ નાના પુસ્તકને ફક્ત વાચીને નહી, પણુ તેનો અનુક્રમણિકા તરીકે ફક્ત ઉપયોગ કરી, પ્રભુના વચનને પહોચો, અને તેમા ટાકી બતાવેલા વચનો શોધી કાઢો; પવિત્ર આત્મા સત્યવાતમા તમને દોરવી જાય ત્યા સુધી, તે વાચો અને તેની તમે ખરા દીલથી બદગી કરો. જો તેમ કરશો, તો હમારૂ ખાત્રીથી માનવુ છે, કે તમે પ્રકાશ જોશો, અને તમારા આત્માને માટે નિવૃત્તિ શોધી કાઢશો.

એક ખ્રીસ્તી, જે સત્ય, નીતિ અને ધાર્મીકપણુાના એકહજાર વર્ષ પહેલા, ખ્રીસ્ત આવશે એ મતની સત્યતાની સામા લાબા વખત સુધી થયો હતો તેણે કહ્યુ કે, "મારી જીદગીની સૌથી

(૧૯) યોહાન ૧૪: ૨૬, (૨૦) યોહાન ૧૬: ૧૩.
(૨૧) પ્રેરિતોના કૃત્ય ૧૭ ૧૦ – ૧૧.

સુખીમાં સુખી રાત મેં ગુજારી છે, કેમકે ગઇ રાત્રે પ્રભુના બીજી વખતના આવવા સબંધીની સત્યતા મેં જોઇ." આથી તેની ખુશીનો પાર રહ્યો નહીં, અને માણુસોના આત્માને ખ્રીસ્ત તરફ દોરવી જવામા જેઓનો ઘણો ઉપયોગ કરવામા આવે છે તેઓમાનો તે એક છે વહાલા વાચક, પ્રભુ તારૂં કલ્યાણુ કરે અને એવીજ રીતે તારો ઉપયોગ કરે.

પ્રકરણ ચોથું.

તેનું ત્રણ વખતનું પ્રગટ થવું.

ઇતિહાસમા મોટામા મોટા મહત્વની વાત એ છે કે, ઈસુ ખ્રીસ્ત, મહિમાનો પ્રભુ, આ જગતમા થઇ ગયો છે. અને વર્તમાનકાળની સૌથી વધારેમા વધારે ઉપયોગી વાત એ છે કે, તે હમણા આકાશમા છે અને આપણે માટે મધ્યસ્થી કરે છે (૧)

અને ભવિષ્યકાળની સૌથી મોટામા મોટી આગળથી કહેવાયલી બીના એ છે કે, તે ફરીથી આવનાર છે

આ તેના ત્રણ વખતના પ્રગટ થવાનું વર્ણન ઘણીજ સરસ અને ઉત્તમ રીતે, હેબ્રી. ૯ મા (૨) જણાવવામા આવેલું છે.

"પોતાના જાતિભોગથી પાપને ટાળવા માટે તે પૃથ્વી ઉપર પ્રગટ થયો" (કલમ ૨૬)

"હમણા આપણે સારૂ દેવની આગળ તે હાજર થાય તેટલા સારૂ તેનું આકાશમાજ જવું." કલમ ૨૪.

"અને જેઓ તેની વાટ જુએ છે, તેઓની આગળ તારણને અર્થે પાપ વગરનો બીજીવાર પ્રગટ થશે" કલમ ૨૮

જ્યારે તે અહીંઆ પૃથ્વી ઉપર હતો ત્યારે તેણે કહ્યુ કે, "મારૂં

---

(૧) હેબ્રીઓને ૭ ૨૫, રૂમીઓને પત્ર ૮ ૩૪, ૧ યોહાન ૨ ૧

(૨) હેબ્રા ૯.૨૪, ૨૬, ૨૮,

જવુ તમને ગુણકારી છે", (૩) અને તે ગયો (૪) તેણે કહ્યું "હુ તમારે માટે જગ્યા તૈયાર કરવા જાઉં છઉં." પણ,

તેણે કોલ આપ્યો.

"કે જો હું જઇને તમારે કાજે જગ્યા તૈયાર કરીશ, તો પાછો આવીશ, ને તમને મારી પાસે લઇશ, એ માટે કે જ્યા હુ રહુ છું ત્યાં તમે પણ રહો" યોહાન ૧૪ ૨–૩. તેની ગેરહાજરી દરમ્યાન આપણી આશા અને આશ્વાસન તરીકે આ કોલ તેણે આપણને આપ્યો

તેણે કહ્યું, "જગતમાં તમને સંકટ થાય છે" (યોહાન ૧૬.૩૩), "તમે રડશો ને શોક કરશો, અને તમે........દીલગીર થશો,.... ....પણ હું ફરીથી તમને મળીશ, અને તમારાં મન આનંદ કરશે." કલમ ૨૦, ૨૨

આપણા ગેરહાજર પ્રભુ, જે આવો કીમતી કોલ આપણને આપી ગયા છે કે, "હુ પાછો આવીશ અને તમને મારી પાસે લઇશ અને આપણે તેનો મહિમા (૬) જોવા માટે તેની સાથે હોઇશુ", (૫) તે કોલના કરતા મળીને એટલે ખ્રીસ્તની વહુને બીજુ કંઇ પણ વધારે આશ્વાસન આપનારૂં હોય નહી

તેણે આપણને **પ્રભુનું ભોજન** આપ્યુ છે, કે આપણે તેની યાદગીરીમા રોટલી અને વાટકો લેવો, (૭), અને તેના આવતા સુધી તેનું

(૩) યોહાન ૧૬ ૭. (૪) પ્રેરિતોના કૃત્ય ૧ ૯. (૫) એફેસીઓ ૫:૨૫, ૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૩૨; (૬) યોહાન ૧૭:૨૪ (૭) લુક ૨૨:૧૯.

મરણ દેખાડવું (૮) મંડળી (૯)ની આ બધી પૃથ્વી ઉપરની જાત્રા (મુસાફરી) દરમ્યાન આ વચનની જાથુની નિશાણી તરીકે આપણી પાસે આ સાદી અને વ્હાલી યાદગીરી છે, અને તેની મારફતે આપણે ખ્રીસ્તી ધર્મના નિશાન ઉપરથી પ્રભુના આવવાની વાટ જોઇએ છીએ, અને તે વખતે. તેના બાપના રાજ્યમા (૧૦) હલવાનના લગ્ન જમણ (૧૧) મા, તે આપણી સાથે નવેસરથી પીશે.

તેના કોલનુ તે જાથુકનુ સ્મરણ કરાવે છે, અને તેના પાછા આવવાની વાત ઉપર આપણી શ્રધ્ધાની નજર દોરવેછે, "જેણે વચન આપ્યું તે વિશ્વાસુ છે" (૧૨) અને "તે કોલ (વચન) આપણને પુરૂં મળે" તે માટે આપણને શ્રદ્ધા અને ધીરજ રાખવાની સલાહ અપાયલી છે, "કેમકે હજી જરા થોભો, અને જે આવવાનો છે તે છેક થોડી વારમા આવશેજ, અને વિલંબ નહી કરશે" હેબ્રીઓને પત્ર ૧૦ ૩૫–૩૭.

ખ્રીસ્તના આવવાની બાબતમાં એક જણે સત્ય રીતે કહ્યુ છે કે, તે

મંડળીનો ચોક્કસ ધ્રુવનો તારો છે,*

અને પાઉલ પ્રેરિત તેને "પેલી ધન્ય આશા" કહેછે (૧૩)

* રેવ ડેવીડ બ્રાઉન ડી. ડી.

(૮) ૧ કરીથી ૧૧. ૨૬ (૯) હેબ્રીઓને પત્ર ૧૧ ૧૩; ૧. પીતર ૨·૧૧. (૧૦) માત્થિ ૨૬ ૨૯. (૧૧) પ્રકટીકરણ ૧૯ ૯, માત્થિ ૨૨ ૨, જુઓ વળી લુક ૧૪: ૧૬–૨૪. (૧૨) હેબ્રિઓને પત્ર ૧૦ ૨૨, ૨૩, ૨૪, ૨૫. અંત કરણુથી છુટવા. (૧૩) તીતસને પત્ર ૨: ૧૩.

ઇસુ, પ્રેરિતો અને ભવિષ્યવાદીઓએ આ ઇશ્વર પ્રેરિત વિષયને ધર્મપૂસ્તકમા ઘણું મોટુ મહત્ત્વ આપેલુ છે. તેમની આશા અને આશ્વાસનનું મુખ્ય મુળ તેજ વાતમા છે, એમ ચાલુ શકની પહેલી બે સદી સુધી, આપણા મુળ વડીલો અને ખ્રીસ્તી મંડળીને લાગ્યું હતું.

ઇસુ તેના પવિત્રો સાથે સાચ, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ દરમ્યાન પૃથ્વી ઉપર મહિમામા રાજ્ય કરવા આવનાર છે, એ માન્યતા તેમનામા તદન સામાન્ય હતી.

પણ ત્રીજા સૈકામા '**ઓરીજેન**' ના ઉપરીપણા હેઠળ અર્થ પ્રકાશકોનો એવો એક પંથ નીકળ્યો, અને જેમણે ધર્મ પુસ્તકનો એવો આત્મિક અર્થ કર્યો કે, તેઓ સાચ, નીતિ અને ધાર્મીક પણાના એક હજાર વર્ષ વિષેની ખરી વાતમા જરા પણ માનતા બંધ થયા મારટીન લુથર, ડોકટર આદમ કલાર્ક, અને બીજા ટીકાકારોએ તેમની આ અર્થ કરવાની પદ્ધતિને સખત રીતે વખોડી કાઢી છે.

જ્યારે કોન્સ્ટાનટાઇને ખ્રીસ્તી ધર્મ સ્વીકાર્યો અને રોમનુ રાજ્ય માત્ર નામનું ખ્રીસ્તી થયુ, ત્યારે ઘણાને એમ લાગ્યુ હતું કે, સાચ નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો યુગ શરૂ થયો છે, અને હવે તે પ્રભુનુ રાજ્ય પ્રથ્વી ઉપર આવ્યુ છે સોળમી સદીના મહાન સુધારકો જેઓ ખ્રીસ્તના આવવા વિષેની આશ્વાસન આપનારી આશા, ધન્ય આશા અને ધન્ય કોલ ફરીથી પ્રસિધ્ધ કરવા લાગ્યા તેમણે જ્યાસુધી સચેતન કીધા નહીં ત્યાસુધી ખ્રીસ્તી મંડળી અને તેની સાથે આ જગત પણ અજ્ઞાનતાના કાળ

ળમા પડી રહ્યા હતા; અને ત્યારથીજ આ લાબા વખત સુધી વિ-
સારી મુકાયલા વિષયનો વધારેને વધારે આસ્થા અને ભાવથી અ-
ભ્યાસ તથા સુબોધ કરવામા આવેછે. ખરેખર, શીરૂના ખ્રીસ્તી મંડ-
ળમા જેટલી મહત્વતાનો એ વિષય ગણાતો તેટલીજ મહત્ત્વતા એ
વિષયે આ છેલ્લી બે સદીમાં મેળવી છે (અને તે પણ ક્રોસ પર
મારી નખાએલા તારનારમા સાદી સપૂર્ણ શ્રધ્ધાથી મેળવવાના ઉ-
ધ્ધારના મતથી) તેના માટે પ્રભુનો મહિમા થાઓ.

પ્રકરણ પાંચમું.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો યુગ.

'મિલેનીઅમ' એ લાટીન ભાષાનો શબ્દ છે અને તેનો અર્થ ગ્રીક ભાષામા 'છીલીઅડ' એ શબ્દથી થાય છે. એ બંને શબ્દનો અર્થ "હજાર વરસો" એમ થાય છે. આ બંને સજ્ઞાઓ સત્ય, નીતી અને ધાર્મિકપણાના ભવિષ્યના ન્યાયી રાજ્યનો જમાનો જે એક હજાર વર્ષ સુધી ચાલવાનો છે, તે મત સુચવવા વપરાય છે.

યહુદી લેખકો, પોતાના ધર્મપૂસ્તકમા ઠેઠ સુધી નીચેના મતને ચુસ્ત રીતે વળગી રહે છે કે, આ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગમા મૂખ્યત્વે કરીને યહુદીઓનો તેમના દુશ્મનોથી છુટકારો થશે, પાલેસ્તાઇન તેમને પાછું મળશે, અને તેઓનો ખ્રીસ્ત તેનાં અનુપમ પ્રતાપમા પોતાનુ ખરું રાજ્ય કરશે.

સત્ય નીતિ અને ધાર્મિકપણાના હજાર વર્ષના યુગ પહેલા ખ્રીસ્તનું આવવુ થશે, એ મતને માનનારા ખ્રીસ્તીઓ, યહુદીની પેઠે ઘણે ભાગે એજ મતને ચુસ્ત રીતે વળગી રહે છે, પણ તેઓ વળી એમ માને છે કે, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્ત તેજ મશીહ છે; તે પૃથ્વી ઉપર પાછો આવનાર છે અને શેતાનનો તથા તમામ અધાર્મિક, રાજ્ય અને ધર્મ ભ્રષ્ટાચારનો તે પરાજય કરશે, અને ન્યાય અને

ધર્મિષ્ટપણાનુ રાજ્ય સ્થાપશે. જેમા પોતે પોતાની મંડળીને સાથે રાખી રાજા થશે, યરૂસાલેમ પોતાની રાજ્યધાની કરશે, ઇસ્રાયલોને પોતાની આસપાસ એકઠા કરી પોતાના ધર્મમા દાખલ કરશે, અને સઘળા વિદેશીઓને પવિત્ર તથા દીવ્ય હકુમત નીચેના એક સમગ્ર દુનિયામા બધે ખ્યાતી પામેલાં રાજ્યમા સાથે રાખશે.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવું થશે એવુ માનનારા મોટે ભાગે એવો મત ધરાવે છે કે, સૂવાર્તાનો હાલમા જે બોધ થાય છે, તેથી આખું જગત બદલાઇને ખ્રીસ્તી ધર્મની થશે અને હજાર વર્ષ સુધી ચાલે એવું ન્યાય અને સુલેહનુ રાજ્ય, તથા ધાર્મિકપણાનો સત્યયુગ તેની સાથેજ દાખલ થશે; અને ત્યાર પછી "સામાન્ય ન્યાય" અને અખંડ સ્થિતિ દાખલ કરવા માટે, પ્રભુ પાછો આવશે. આ સહસ્ર વર્ષના યુગ સબધી આવા ખુલ્લી રીતે ભેદ સમજાવનારા વિચારો ધ્યાનમા રાખવા એ સારૂ છે.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનુ આવવુ થશે એમ માનનારાઓના મત વિરૂધ્ધ પ્રકટીકરણ (૧) ના વીશમા પ્રકરણમા ખુલ્લે ખુલ્લુ બતાવેલું છે કે ખ્રીસ્ત પોતાના પવિત્રો સહિત એક હજાર વર્ષ સુધી ખરેખરૂ રાજ્ય કરશે તેમા "એક હજાર વર્ષ સુધી" એ વાકય છ વખત ફરી ફરીને લખવામાં આવેલુ છે. (કલમો ૨, ૩. ૪. ૫ ૬. અને ૭.). આ જ્ઞાનોપદેશ એટલો તો સ્પષ્ટ છે કે, તેથી "મૂર્ખો પણ ભૂલા પડે નહીં." (યશાયાહ ૩૫, ૮).

(૧) પ્રકટીકરણ ૨૦. ૧-૯.

પણ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલાં આપણા પ્રભૂના આવવાની ધન્ય આશાપ્રાપ્તીની સામા જે થાય છે, તેઓ પોતાની તકરાર નીચેના પ્રતિપાદન (વચન) થી સાધારણ રીતે શરૂ કરેછે કે, પ્રકટીકરણના વીસમા પ્રકરણ શિવાય ધર્મ પુસ્તકમા કોઇ પણ ઠેકાણે આ હજાર વર્ષના મતનો ઉપદેશ અપાયલો નથી, અને તેથી આ પુસ્તકનો સાંકેતિક વિશેષ ગુણ જોતા તેના ઉપર એવા કોઈ મતનો આધાર રાખવાની મના છે. ઉપર મુજબ કહેવામા કેટલુ બધુ અણજાણપણુ એટલે ઉપરચોટીઆપણુ છે તે દેખીતી રીતે ખુલ્લું છે, કેમકે યહુદીઓએ આ હજાર વર્ષના મતને જુના કરારના ધર્મ પુસ્તકના ઉપદેશ તરીકે સંપૂર્ણ રીતે પ્રસિદ્ધ કર્યો હતો, અને વળી તે, પ્રકટીકરણનું પુસ્તક અથવા નવા કરારનો કોઇ પણ ભાગ લખાયો તેની પુર્વે ઘણા વર્ષો ઉપર, સંપુર્ણ રીતે પ્રસિદ્ધ કર્યો હતો યહુદીઓના 'ટાલમડ' નામના ધર્મ પુસ્તકમા આ મત ઘણીજ વારંવાર દર્શાવાયલો છે કે "ખ્રીસ્તનુ રાજ્ય એક હજાર વર્ષ સુધી ચાલશે", અને યહુદીઓ તે મત સાધારણ રીતે માનતા હતા આ મત કયા આધારે તેમણે સ્થાપ્યો હતો, તે આપણે સહેલથી જોઇ શકીએ છીએ. તે પ્રભુના અઠવાડીઆંઓનો વિશ્રામનો દીવસ છે

વખતના હપ્તા અથવા અઠવાડીઆમા ભાગ કરવાની વાત, આખા ધર્મપુસ્તકમા ઠામેઠામ જોવામા આવે છે. સાબ્બાથ દીનને પવિત્ર પાળવાનો મુસાએ મુખ્ય કાયદો ઘડયો હતો. (નિર્ગમન ૨૦ ૮).

'ઉત્પત્તિ' પુસ્તકના પ્રકરણ બીજામાં પ્રકટ કરેલા પ્રભુના

મહાન આગમના દિવસના ઉપર આ વાતનો આધાર રહેલો છે. આ વાત ઉપર ફક્ત દીવસોના અઠવાડીઆં કર્યાં તેનોજ આધાર છે એટલુજ નહીં, પણ પચાસમાના ઉત્સવ સુધીનાં અઠવાડીઆઓનું અમુક અઠવાડીઊ ઠેરવ્યુ, તેનો પણ તેના પર આધાર છે. (લેવીય ૨૩ ૧૫-૧૬), વળી મહીનાઓનુ અઠવાડીઊ, અને સાતમા મહીનામા સાત દીવસ સુધીની માડવાની મીજમાની અને પ્રાયશ્ચિતની વાતનો પણ તેના પર આધાર છે. (લેવીય ૨૩ ૨૭-૨૮), વર્ષોનું અઠવાડીઉં, અને તેને છેડે સાબ્બાથના વર્ષની વાતનો (લેવીય ૨૫ ૪), તથા વર્ષોના અઠવાડીઆઓનુ અઠવાડીઉ, જેને છેડે સાતમા સાબ્બાથનું વર્ષ આવે છે, અને તેની પછી મહોત્સવનુ વર્ષ આવે છે, તે વાતનો તેના પર આધાર છે. (લેવીય ૨૫. ૮-૧૨).

આ ઉપરના સાત સાતની વહેચણીના કાયદા અથવા નિયમ ઉપર, ઇસ્રાયલની મોટી સજાઓની મહેતલનો પણ આધાર છે. બાબીલોનમા તેમની કેદ સીત્તેર વર્ષની હતી. (યિર્મેયાહ ૨૫. ૧૧-૧૨, દાનિયેલ ૯ ૨). મશીહના આવતા સુધીનો જે મોટો કાળ દાનિયલને (પ્રકરણ ૯) માં પ્રકટ થયો હતો, તેના સિત્તેર હફતામા ભાગ પાડવામા આવ્યા હતા. ઇસ્રાએલની શીક્ષાની અને તેમના દુશ્મનોના દેશમા તેમને વીખેરી નાખવાની અણહદ મહેતલ, મુસાની ભવિષ્યવાણી મુજબ, ચાર ચાર વખત બાર મુકીને સાત સાત ગણી બતાવેલી છે (લેવીય ૨૬ ૧૮, ૨૧, ૨૪, ૨૮). પ્રભુએ જે તેના ચુંટી કાઢેલા માણસો સાથે પોતાનુ ઇશ્વરસત્તાક રાજ્ય સ્થાપ્યુ, તેમના કાયદા, જીવન અને તવારીખમા આ પવિત્ર સાતના

આંકડાને ગુંથી લીધો છે. અને ઈસ્રાયલીઓના તમામ બળવા, પાપ અને તેને લીધે તેમને થયલી શિક્ષાઓ છતાં, તેમને તથા આખી દુનિયાને માટે સાબ્બાથ પાળવાનું હજી ચાલુ રહ્યુ છે. (હેબ્રીઓ ૪· ૯). પ્રભુની પાસે હજાર વર્ષો એક દીવસ જેવા છે (ગીતશાસ્ત્ર ૯૦), અને એક દીવસ હજાર વર્ષ જેવો છે. (૨ પીતર ૩ ૮).

આ પવિત્ર 'સાત'ની ગણત્રીના ખડક ઉપર, યહુદીઓની સાથે દ્રઢતાથી આપણે પણ આપણા નિર્ણયનો આધાર મુકી શકીએ, કે જેમ આપણે માટે ધર્મશાસ્ત્રસિદ્ધ અઠવાડીઉ, અઠવાડીઆંઓનું અઠવાડીઉ, મહીનાઓનું અઠવાડીઉ, વર્ષોનું અઠવાડીઉ, વર્ષોના અઠવાડીઆંઓનું અઠવાડીઉ, સિત્તેર વર્ષનું અઠવાડીઉં, કાળો તથા યુગોનું અઠવાડીઉ અને (ઓલામ અથવા આઇઓન) યુગોનુ અઠવાડીઉ છે (જુઓ પ્રકરણ ૨૧). તેજ પ્રમાણે આપણે માટે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનુ મહાન અઠવાડીઉં પણ છે. ૭ હજાર વર્ષોના દીવસો મહેનત મજુરી અને કામ કરવા માટેના છે, અને પછી સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો યુગ, અથવા આરામ માટેનો સ્વર્ગતુલ્ય ધન્ય એવો સાતમો એક હજાર વર્ષનો યુગ છે.

આ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો યથાશાસ્ત્ર મત ડગમગી શકે એમ નથી. તેનું મૂળ ઉત્પત્તિના સાબ્બાથમા છે, અને તેનુ ફળ તે પ્રકટીકરણનુ એક હજાર વર્ષનું રાજ્ય છે. પ્રભુના તમામ વચનમા જે વિદેશીઓને આશીર્વાદ દેવાનું પ્રભુએ વચન આપેલુ છે, તેમની મહીમાવાળી આશા તરીકે તે

હામોહામ પ્રકાશે છે. (ઉત્પત્તિ ૧૨ ૩).

ઓ પ્રભુના ધન્ય પ્રકટીકરણ! વધુ પ્રતાપી થાઓ, અને હમારા અંતઃકરણો ઉપર પ્રભુ નીચેની ચેતવણીની છાપ મારો કે, "જો કોઇ માણસ આ ભવિષ્યવાણીના પુસ્તકનાં વચનોમાંથી કંઇ કાઢી નાખશે, તો દેવ તેનો ભાગ જીવનના ઝાડમાંથી કાઢી નાખશે." (પ્રકટીકરણ ૨૨. ૧૯). *

* આ મતના વધારે તપસીલવાર ખુલાસા માટે આ ગ્રંથકર્તાનું "ધી મીલેનિયમ=સહસ્ર વર્ષનો યુગ" નામનું ચોપાનીઉં જુઓ. એફ્ એચ. રેવલની કું૦

પ્રકરણ ૬ ઠું.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવું થશે એ મત.

ઇ૦ સ૦ ૧૭૦૦ ના વર્ષના સમયમા મંડળીમા એક નવી ભુલનો પ્રવેશ થયો, અને તે "સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનુ આવવુ થશે તે મત" છે.

આ મત દાનિયલ વ્હીટબી નામના એક ઇંગ્રેજ પાદરીએ સ્થાપન કર્યો હતો, યાને નીચે મુજબના નવા પૂર્વ સિદ્ધાત તરીકે તેણે જાહેર કર્યો હતો કે, જગત બદલાઇને ખ્રીસ્તમય થશે નહિ, ત્યાં સુધી મડળી આબાદ થશે નહિ, અને ફેલાવો પામશે નહિ, અને મડળીની આ ફતેહ તે 'હજાર વર્ષનો યુગ" કહેવાશે, અને એ હજાર વર્ષનો યુગ પુરો થતા સુધી, ઇસુનુ પાછા આવવાનુ થશે નહિ.

આ વાતને તે 'નવા પૂર્વ સિદ્ધાત'નુ, નામ આપે છે, તેમા કાઇ અજાયબ થવા જેવુ નથી; કેમકે "દંતકથાઓની પોથી" નામના તેના પુસ્તકમા તે પોતે પુરાવો આપે છે કે, આ હજાર વર્ષના યુગનો મત, અથવા તો પવિત્રોનું પૃથ્વી ઉપર એક હજાર વર્ષ સુધીનુ રાજય ચાલશે તે મત, આશરે અઢીસેં વર્ષ સુધી સારામા સારા ખ્રીસ્તીઓએ પણ પ્રેરિતોની દંતકથા તરીકે માન્યો હતો, અને બીજી અને ત્રીજી સદીના ઘણા ધર્મગુરૂઓએ પણ તે પ્રમાણે તેનો એમ કહીને બોધ કીધો હતો કે, તે આપણા પ્રભુ અને તેના પ્રેરિતોની દતકથા છે.

જગ્યાની સંકોચને લીધે વાચકવર્ગને અમે ડી. ટી. ટેલરકૃત "મંડળીનો પડઘો" એ નામનુ પુસ્તક વાચવાની ભલામણ કરીએ છીએ; જેમા હરમાસ, જસ્ટીન અને માર્ટીરો લુથર, મેલાનકથોન, મીડ, મીલટન, બરનેટ, ઇસાક ન્યુટન, વૉટસ, ચાર્લ્સ વેસલી, ટૉપલેડી અને મંડળીની તવારીખમા મશહુર થયલા બીજા ઘણા નામાકીત સાક્ષીઓના નામ બતાવેલા છે, અને તેમણે પાછલી અઢાર સદીઓ દરમ્યાન, સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ પહેલા ખ્રીસ્તના આવવાની સત્યતા બાબત ઘણોજ મજબુત પુરાવો આપેલો છે

આવા આવા મજબુત પુરાવા હોવા છતા, ખ્રીસ્તી મંડળી વડીલોના વચન અને શ્રદ્ધાના આવા સાદા ઉપદેશમાથી આડે માર્ગે તણાઇ જાય છે, એ ખરેખર અજાયબ જેવુ છે. અને વળી, જોકે આ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવુ થશે એમ માનવાની ભુલ આવા થોડા સમયથી દાખલ થવા પામી છે, તોપણ તેણે મંડળીમા પ્રવેશ કર્યો છે એટલુજ નહી, પણ ખ્રીસ્તીઓ, પાળકો તથા લોકોની મોટી સંખ્યાએ તેનો સ્વિકાર કરેલો છે.

ત્યારે સવાલનો મુખ્ય આશય એ છે કે, ખ્રીસ્તનુ આવવું સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ પહેલા થશે કે કેમ? અને તેથી હજાર વર્ષના યુગ પહેલા ખ્રીસ્તનુ આવવું થશે એવુ માનનારાઓના મત મુજબ, ખ્રીસ્તનું આવવું હરકોઇ વખતે અને પળે થઇ શકશે કે કેમ? અથવા તો ખ્રીસ્તનુ આવવુ તે હજાર વર્ષના યુગ પછીથી થશે કે કેમ? અને તે પ્રમાણે તે હજાર વર્ષના યુગ થઇ ગયા પછી ખ્રીસ્તનુ આવવુ થશે એવું માનનારાઓના મત મુજબ, ભવિષ્યમા કોઇ પણ હજાર વર્ષની મુદત સુધીમા ખ્રીસ્તનું આવવું થશે કે કેમ?

પ્રકરણ સાતમું.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ પહેલાં ખ્રીસ્તનું આવવું થશે એમ માનનારાઓની દલીલો.

ધર્મપુસ્તકમાંની નીચેની દલીલો, જે હમારા માનવા પ્રમાણે સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલા ખ્રીસ્તનુ આવવુ થશે એમ આપણને ખાત્રીથી બતાવે છે, તેના ઉપર વિનતીપૂર્વક લક્ષ આપવા માટે હમે વિનતી કરીએ છીએ.

નંબર ૧ - ખ્રીસ્ત-વિરોધી

૨. થેસ્સા ૨ ૮ મા ખ્રીસ્ત-વિરોધી, જેને બધી તરફથી સત્ય વીગેરેના હજાર વર્ષના યુગ પહેલાનો માનવામા આવેલો છે, તેનો પ્રભુ (ખ્રીસ્ત) ના આવવાના પ્રકાશથી એટલે વધારે સ્પષ્ટતાથી કહેતાં પ્રભુના પોતાના પ્રગટ * થવાના પ્રકાશથી નાશ થશે, એમ કહેલું છે, આથી ખ્રીસ્તનું આવવું સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ **પહેલાં** થશે, એમ સિદ્ધ થાય છે.

બીશપ મેલવેઇન આ દલીલ વિષે કહે છે કે આ "દલીલ અખંડનિય છે"

---

* ૧. તીમોથી. ૬.૧૪, ૨ તીમોથી. ૧ ૧૦; ૪ ૧; ૪.૮. અને તીતસ ૨:૧૨. એ દરેકમા 'Epiphany' નો તરજુમો 'પ્રગટ થવું.' એ શબ્દથી કરેલો છે.

વળી "બ્રાઉન સાહેબ, જે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના હજાર વર્ષના યુગ **પછી** ખ્રીસ્તના આવવાના મતનો મોટો હિમાયતી છે, તે પણ કબુલ કરે છે કે, ખ્રીસ્તનું આવવુ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ પહેલા થશે, એ વાતનો આ ખુલ્લો પુરાવો છે; અને ડૉકટર જૉન પાઇસ્મીથ, મારટીન લુથર, સર ઇઝેક ન્યુટન, બીશપ હુકર, ડૉકટર આદમ કલાર્ક અને બીજાઓએ ધર્મપુસ્તકને બ્રહ્મવાદી અર્થ આપવાની જે રીત તદન વખોડી કાઢી છે, તેજ રીતથી તેનો જવાબ આપવાની તેને ફરજ પડી છે. ફક્ત આજ દલીલ ઉપર આપણે સતોષ માનીને આધાર રાખી શકીએ એમ છે, પણ એવી બીજી સંપુર્ણ નિશ્ચયાત્મક દલીલો આપણી પાસે ઘણી છે.

નંબર ૨-સંકટ (વિપત્તિ) પછી તરતજ.

માત્થી ૨૪ ૨૯-૩૧ મા, માણસના દીકરા -નુ આવવુ, વિપત્તિ પછી તરતજ થશે એમ કહેવામા આવ્યુ છે. પણ આ વિપત્તિ, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ **પહેલાં** અથવા સુલેહશાંતિના રાજ્ય **પહેલાં** થવાની છે (૧). વળી એ માટે પ્રકરણ ૯ મા કાઢેલો નકશો જુઓ. તેથી સિદ્ધ થાય છે કે, ખ્રીસ્તનું આવવું, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ થવાના **પહેલાં** થશેજ.

- આ તેનુ પ્રકટીકરણ વખતનુ આવવુ છે. જુઓ આકૃતિ પ્રકરણ ૮.

(૧) માત્થી ૨૪ ૨૧, યશાયાહ ૨૪.૨૦-૨૩; વળી જુઓ લુક ૨૧ ૨૪ વીગેરે.

નંબર ૩–સંકટ પામેલી મંડળી.

ખરી મંડળી હેરાન થયલા, દુઃખ ભોગવતા, હાથમાં ક્રોસ રાખનારા (૨) લોકો જે તેનેજ માટે ઠરાવાયલા છે, (૩) તેમની બનેલી છે, કે જેથી કરીને "જેઓ સઘળા ખ્રીસ્ત ઇસુમા સુભક્તિથી ચાલવા ઇચ્છે છે, તેઓ સઘળા સતાવણી પામશે." (૨ તીમોથી ૩ ૧૨), અને ખ્રીસ્તના આવતા સુધી તે સતાવણી ચાલુ રહેશે (૪). આથી સિધ્ધ થાય છે કે ખ્રીસ્તના આવવા પછી, તે સત્યનીતિ અને ધાર્મીકપણાના એકહજાર વર્ષનો યુગ હોઇ શકે નહીં.

નંબર ૪–કડવા દાણા અને ઘઉં.

નવા કરારમા કોઇ પણ ઠેકાણે આપણને એવું ફરમાવવામા આવ્યું નથી કે ખ્રીસ્તના આવવા અગાઉ તે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એકહજાર વર્ષનો યુગ થશે પણ આપણને સ્પષ્ટ બોધ કરવામા આવેલો છે કે, કડવા દાણા અને ઘઉં બને (આ કાળની) આખર સુધી ભેગા ઉગશે, કે નઠારા માણસો અને ધુતારાઓ (ભુલાવનારાઓ) વધતાને વધતા જશે, અને જેમ નૂહ અને લૂતના દિવસોમા થયું હતુ, તેજ પ્રમાણે માણસના દીકરાના આવવાની વખતે થશે (૫). અને તે કડવા દાણાની સંખ્યા અને

(૨) યોહાન ૧૫:૧૯, ૨૦, ૨૧, વળી યોહાન ૧૬.૩૩.
(૩) ૧ થેસ્સા ૩:૩. (૪) ૨. થેસ્સા ૧ ૭, ૮, ૯, ૧૦.
(૫) માત્થી ૧૩:૨૯, ૩૦, ૨. પીતર ૩ ૩, ૪, ૧. તીમોથી ૪ ૧, ૨: તીમોથી ૩ ૧૩, લુક ૧૭ ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦.

વિશેષ ગુણ એવાં છે કે કાપણી પહેલા તેમનો નાશ કરવાથી રાજ્યના છોકરા જોખમમા આવી પડશે (માત્થી ૧૩ ૨૯) આથી આવી ઇશ્વર નિયુક્ત વિધીમાં, સત્ય, નીતિ, અને ધાર્મિકપણાના હજાર વર્ષના યુગના અમલનો વિચાર તદન અટકી પડે છે.

પહેલા આદમે શેતાનને રાજ્ય સ્વાધીન કર્યું તે વખતથી, તે રાજ્ય ફરીથી સંથાપવાનો માણસ માત્રનો પ્રયત્ન, જોકે તે પ્રયત્ન કરવાની આજ્ઞા નૂહ, (૬) શાઉલ, (૧. શમુએલ ૯ ૧૬; ૧૩ ૧૩), નબુખાદ નેસ્સાર, (૭) અને બીજાઓને થઇ હતી, તો પણ તે પ્રયત્ન જાથુનો નિષ્ફળ નિવડયો છે

અને બીજો આદમ, જેણે શેતાનને હરાવ્યો છે, તે આ પૃથ્વીને પવિત્ર કરવા પાછો આવશે, અને પુનરૂત્થાનની ભૂમી ઉપર રાજ્યની સ્થાપના કરશે, ત્યા સુધી આ પાપના શ્રાપવાળી પૃથ્વી ઉપર થતા એવા પ્રયત્નો નિષ્ફળજ નિવડશે તેથી ખ્રીસ્તના આવતા સુધી સત્ય, નીતિ, અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો યુગ થવાનોજ નથી.

પણ જો કે આપણને તે સત્ય, નીતિ અને ધામકપણાના હજાર વર્ષના યુગ માટે રાહા જોવાનું ફરમાન થયુ નથી, તો પણ આપણા પ્રભુના પાછા આવવાની વાટ જોવાનુ વારવાર અને ઘણીજ સનિશ્ચયાત્મક રીતે આપણને ફરમાવવામા આવ્યુ છે. તેથી કરીને અમે ફરીથી નિર્ણય કરીએ છીએ કે 'પ્રભુનુ આવવુ' સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એકહજાર વર્ષના યુગ **પહેલાં** થવુંજ જોઇએ

(૬) ઉત્પત્તી ૯.૧, ૨. (૭) દાનીયેલ ૨ ૩૭.

નંબર ૫-ખ્રીસ્તનું ખરૂં રાજ્ય.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનાયુગનું રાજ્ય, તે પૃથ્વી ઉપર ખ્રીસ્તનુ ખરૂ રાજ્ય થશે, અને નહીં કે ફક્ત મંડળીની આત્મિક પ્રતિષ્ટા વૃદ્ધિ. " યરૂશાલેમમા " (૮) "દાઉદના રાજ્યાસન પર (૯), એક રાજા ન્યાયાશક્તિથી રાજ્ય કરશે" (યશાયાહ ૩૨ ૧, યિર્મેયાહ ૨૩ ૧-૬). પ્રેરિતો બાર રાજ્યાસન ઉપર બેસશે (માત્થી ૧૯ ૨૮), અને પ્રેરિતો પૃથ્વી ઉપર રાજ્ય કરશે. (પુનરૂત્થાન ૫ ૧૦).

રાજ્ય અથવા ઇસ્રાએલના તાજ વિષે બોલતાં દેવ પ્રભુ કહે છે કે, "હું તેને ઉલટાવી, ઉલટાવી, ઉલટાવી નાખીશ, અને જે હકદાર છે તે આવશે, ત્યા સુધી, એ પણ નહિ હશે, અને હું તે (તેને) આપીશ " (હઝકીએલ ૨૧ ૨૭).

આ વાતને લાગુ પડતા અસખ્ય ફકરાઓ તરફ હમે ધ્યાન પણ ખેચી શકતા નથી. ડાકટર જે. પાઇસ્મીથ કહે છે કે ખ્રીસ્તના દમન અને સહન કરવાની વાતો જે ફકરાઓમા વર્ણવેલી છે, તેના કરતા ઉપરની વાત જે ફકરાઓમા વર્ણવેલી છે, તેની સખ્યા ઘણીજ વધારે છે.

અને તેઓ શબ્દાર્થમાં એટલા બધા સચોટ, વિષેશ ગુણવાળા, અને પૂર્ણ તપશીલવાર, તથા ખ્રીસ્તના પ્રથમ અવતાર સંબંધી

(૮) યિર્મેયાહ ૩ ૧૭, ઝખાર્યાહ ૧૪ ૧૬.

(૯) યશાયાહ ૯ ૭; લુક ૧ ૩૨-૩૩.

ભવિષ્યવાણી જેવા છે કે, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ પછી ખીસ્તનુ આવવુ થશે એવુ માનનારાઓ આપણા બધુઓને આ દલીલનો રદીઓ આપવા માટે આત્મિક અર્થ કરવામા, અર્થ કરવાના નિયમનુ હદઆહારનું ઉલ્લંઘન કરવાની ફરજ પડી છે.

હમે માનીએ છીએ કે "પવીત્ર આત્માએ પ્રેરણા કર્યા મુજબ" "પ્રભુના પવિત્ર માણસો" એ જે ભવિષ્યવાણીના વચનો ઉચ્ચાર્યા તે હમારી પાસે છે, (૨. પીતર ૧ ૧૯); અને આપણે તેનો શબ્દાર્થ સમજવા તરફજ પહેલો પ્રયત્ન કરવો જોઇએ, અને મારતીન લુથરના કહેવા મુજબ, "તેજ ફક્ત આસ્થા અને ખીસ્તી ઇશ્વર જ્ઞાનનો સાર છે."

ઇસુ "આકાશ' માં "તેના બાપના રાજ્યાસનપર" (ગીતશાસ્ત્ર ૧૧૦.૧, પ્રકટીકરણ. ૩ ૨૧) "પ્રભુના જમણા હાથે" છે (૧. પીતર ૩ ૨૨), ખરી પવિત્ર એટલે પવિત્રોમાં સૌથી વધારે પવિત્ર જગ્યામા (પ્રકટીકરણ ૩:૨૧, હેબ્રીઓ ૯ ૨૪), તેની મારફતે જેઓ પ્રભુ પાસે આવે છે (હેબ્રી ૭ ૨૫), તેમને માટે મધ્યસ્થી કરવા સારૂ તે ત્યા રહેલો છે. (રૂમી ૮ ૩૪). પણ પ્રભુએ પોતાના પવિત્ર ભવિષ્યવાદીઓના મ્હોથી જે વિષે કહ્યુ છે, તે સઘળું પુનસ્થાપિત કરવાના સમયો સુધી, ફક્ત પ્રભુએ તેને પોતાની પાસે રાખેલો છે (પ્રેરિતોના કૃત્ય ૩ ૨૧), અને તે થશે ત્યારે પોતાના પીતા દાઉદના રાજ્યાસનપર બેસવા માટે તે પાછો આવશે (૧૦).

(૧૦) પ્રેરિતોના કૃત્ય ૩:૨૦,૨૧.

* આથી પણ તેનુ આવવુ, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ **પહેલાં** થશે એમ સાબીત થાય છે.

નંબર ૬- પુનરૂત્થાનના ક્રમ ઉપરથી દલીલ.

અમે માનીએ છીએ કે, પુનરૂત્થાનના આધાર ઉપર અમારી પાસે એક સમર્થ દલીલ છે, અને તે નીચે મુજબ ટુંકમાં આપી શકાય

બધા મરી ગયલાઓ ઉઠશે, પણ જેમ ખ્રીસ્તને મુએલાઓ-માથી ઉઠાડવામા આવ્યો હતો, અને બીજા મુએલાઓને રહેવા દેવામા આવ્યા હતા, તેમ ખ્રીસ્તમા મુએલા, જે તેના આવવાના વખતે તેના છે, તેમને મુએલાઓમાથી ઉઠાડવામા આવશે, અને બીજા અને છેલ્લા પુનરૂત્થાન સુધી બાકીના મુએલાઓને રહેવા દેવામા આવશે આ બે પુનરૂત્થાનોની વચમા સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો યુગ થશે, આથી સ્પષ્ટ જણાય છે કે ખ્રીસ્તનું આવવુ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ **પહેલાં** થશે.

પુનરૂત્થાનનો ક્રમ.

૧. કરિંથી ૧૫ ૨૨ – ૨૬ – કેમકે જેમ આદમમા સર્વ મરે છે, તેમ ખ્રીસ્તમા સર્વ સજીવ કરાશે, પણ પ્રત્યેક પોતાનો અનુક્રમે, ખ્રીસ્ત પ્રથમ ફળ, ત્યાર પછી તે આવશે ત્યારે જેઓ ખ્રીસ્તના

---

* મડળી અને રાજય વચ્ચેના તફાવત માટેના વધુ પુરાવા માટે પ્રકરણ ૧૦ જુઓ.

તેઓ (સજીવ કરાશે). પછી * અંત આવશે. જે છેલ્લો શત્રુ નાશ પામશે તે મરણ છે.

ખ્રીસ્તમાં જેઓ મુએલાં તેઓ પહેલાં ઉઠશે.

૧. થેસ્સા. ૪:૧૩—૧૭. પણ ભાઇઓ, ઉંઘી ગયલા વિષે તમે અણજાણ્યા રહો એવી મારી ઇચ્છા નથી, એ સારૂ કે બીજા જેઓને આશા નથી તેઓની પેઠે તમે ખેદ ન કરો. કેમકે જો આપણે વિશ્વાસથી માનીએ છીએ કે ઇસુ મરણ પામ્યો ને પાછો ઉઠયો, તો તેમજ ઇસુમા જેઓ ઉંઘી ગયા તેઓને પણ દેવ તેની સાથે લાવશે . ...કેમકે સાદથી, પ્રમુખ્ય દુતની વાણીથી તથા દેવના રણશીંગડાથી પ્રભુ પોતે આકાશથી ઉતરશે, અને ખ્રીસ્તમા જેઓ મુએલા, તેઓ પહેલા ઉઠશે.

---

* ગ્રીક ભાષાંતરમા ‘ ક્રમમા બીજો ’ એમ કહ્યું છે, પણ તરતનોજ બીજો એમ કહ્યું નથી. અને તે વિષે માર્ક ૪:૧૭, ૨૮, ૧ તીમોથી ૨: ૧૩. અને તેજ અધ્યાયની કલમ ૫ – ૭ મા એ શબ્દ ઉલટ પાલટ વપરાયલો છે સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવું થશે એમ માનનારા એ વાત તદન ભુલી જાય છે, અને તેઓએ આ વાકયનો ઉલટો અર્થ કર્યો છે

પવિત્ર આત્માનો હેતુ જ્યા “ પછીનો તરતજ ” એ શબ્દ કહેવાનો હતો, ત્યા તેણે તેવોજ શબ્દ વાપરેલો છે. (જુઓ ગ્રીક ભાષાંતર.) પ્રેરિતોના કૃત્યો ૧૦: ૩૩, માત્થી ૪. ૨૨, લુક ૧: ૬૪ વીગેરે.

પહેલું પુનરૂત્થાન.

પ્રકટીકરણ ૨૦ ૪-૧૪—અને મે રાજ્યાસનો દીઠા, અને તેઓ તેના પર બેઠા.... ને જેઓ ઇસુની શાહેદીને લીધે તથા દેવની વાતને લીધે મારી નખાયલા હતા, અને જેઓએ શ્વાપદનુ ભજન નથી કીધું તેઓના આત્માઓને મેં દીઠા... ને તેઓ જીવતા થયા ને ખ્રીસ્તની સાથે હજાર વર્ષ રાજ્ય કીધુ. **પણ મરી ગયલામાંના જે બાકી તેઓ તે હજાર વર્ષ પુરાં થયાં ત્યાં સુધી જીવતા ન થયા. એજ પહેલું પુનરૂત્થાન છે.** પહેલા પુનરૂત્થાનમા જેને ભાગ છે તેને ધન્ય તથા પવિત્ર છે, એવાઓ પર બીજા મરણનો અધિકાર નથી, પણ તેઓ દેવના તથા ખ્રીસ્તના યાજક થશે, ને તેની સાથે હજાર વર્ષ રાજ્ય કરશે, અને જ્યારે તે હજાર વર્ષ થઇ ચુકશે, ત્યારે શેતાન તેના બંધનથી છોડાશે, અને વિદેશીઓને ભુલાવવાને નીકળી આવશે .. અને મોટા ઉજળા રાજ્યાસનને તથા તે પર જે બેઠેલો હતો તેને મે દીઠો, તેના સન્મુખથી પૃથ્વી અને આકાશ નાઠા ..... અને મુએલાને, મોટા તથા નાનાને દેવની આગળ ઉભા રહેલા મેં દીઠા ......અને સમુદ્રે પોતામા જે મરી ગયલા હતા તેઓને પાછા આપ્યાં, અને મરણે તથા હાડેસે પોતામાં જે મરી ગયલા હતા, તેઓને પાછા આપ્યા...

આ ત્રણ વચનો એવા ખુલ્લા છે કે મુસાફરી કરતા માણસે તેમા ભુલ ખાવાની જરૂર નથી

પહેલા વચનમાં પુનરૂત્થાનના ક્રમ વિષે આપણને કહેવામા

આવ્યું છે — પ્રત્યેક "પોતાના અનુક્રમે". આ અલંકાર લશ્કરોની ટોળી અથવા ટુકડીબંધ કુચ કરવા ઉપરથી લેવામા આવેલો છે.

પહેલો, ખ્રીસ્ત ("મુએલાઓમાથી પ્રથમ જન્મ પામેલા કલોસીઓ ૧. ૧૮.").

ત્યાર પછી પવિત્રો, જેઓ ખ્રીસ્તમા મરણ પામેલા છે, અને જેઓ, તેના આવવાના વખતે, તેના છે.

ત્યાર પછી અંત; જેમા "મરી ગયલામાના જે બાકી" (એટલે જે ખ્રીસ્તના નથી) તે બહાર નીકળશે, અને મરણ આપોઆપ નાશ પામશે.

બીજા વચનમાં નીચેની વાતની પુનરોક્તિ કરી તેના પર ભાર મુકી મુકીને કહેવામાં આવે છે કે, ખ્રીસ્તમા મરી ગયલા પ્રથમ ઉઠશે, અને જ્યારે પ્રભુ સાદથી આકાશમાથી નીચે ઉતરશે ત્યારે તેઓ ઉઠશે

અપવિત્રોના પુનરૂત્થાન વિષે કાંઈ પણ બોલવામા આવ્યું નથી, કેમકે આ ધન્ય પ્રથમ પુનરૂત્થાનમાં તેમનો ભાગ નથી

ત્રીજા વચનમાં વિપત્તિ પામેલા પવિત્રોના પુનરૂત્થાનથી પહેલુ પુનરૂત્થાન સમાપ્ત થાયછે એમ કહેવામા આવ્યુ છે (જુઓ. પ્રકરણ ૧૧). અને બાકી રહેલાં મુએલાઓને ઉઠાડવામા આવશે તેની પહેલા એક હજાર વર્ષ સુધી ખ્રીસ્તની સાથેનું રાજ્ય થશે એમ કહેવામા આવ્યુ છે. અને તે હજાર વર્ષના (રાજ્ય) પછી બાકી રહેલા મુએલાઓ, જેઓ તે હજાર વર્ષ પુરા થતા સુધી જીવતા ન થયા, તે પ્રભુની આગળ ઉભા રહેશે, અને મરણ તથા હાડેસ, પોતામા જે મરી ગયલા તેમને પાછા આપશે.

આ હજાર વર્ષનો યુગ તે "સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો યુગ" કહેવાય છે. 'મીલેનીઅમ' એટલે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો યુગ, અને તે શબ્દ લાટીન ભાષામા 'મીલી' એટલે હજાર, અને 'એનમ' એટલે વર્ષ ઉપરથી બનેલો છે. ખ્રીસ્તનુ આવવું એ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ **પહેલાં** થશે તેને માટે આ સાબિતી કરતા બીજી કઇ વધારે ખુલ્લી સાબિતી મળી શકશે? ખ્રીસ્તમા મુએલા, તેના આવવાના વખતે ઉઠશે, અને તે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ **પહેલાં** ઉઠશે તેથી તેનું આવવું, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ **પહેલાંજ થશે**

હરકતો ઉપર વિચાર.

ધર્મ પુસ્તકમાંના વચનોનો ઉપયોગ.

પ્રભુના વચનમાના જુદા જુદા ભાગમાથી આવી રીતે આ વચનો કાઢી એકઠા કરવાનો હમને હક નથી, એમ સામી બાજુથી તકરાર ઉઠાવવામા આવી છે.

અમે જવાબ આપીએ છીએ કે—શામાટે નહીં? શું તે બધા ઇશ્વર પ્રેરિત નથી (૧૩)? શુ તે બધા એક મનમાથી ઉત્પન્ન થયલા નથી? પવિત્ર આત્મા (૧૪) તે બધા વચનો બોલ્યા

(૧૩) ૨. તીમોથી ૩: ૧૬–૧૭

(૧૪) યોહાન ૧૪. ૨૬; યોહાન ૧૬: ૧૩; ૧ કરીંથી ૨ ૧૦, ૨ પીતર ૧: ૨૧.

હતા, એમ સ્પષ્ટ રીતે આપણને બોધ આપવામા આવેલો છે. અને તે બધા એકજ વિષય એટલે પુનરૂત્થાનનેજ સબધ કરતા છે એ ખુલ્લું છે.

રૂમી. ૩ - માં પાઉલ પણ એજ રીતે વચનોનો ઉપયોગ કરેછે, અને સાબીત કરે છે કે બધાએ પાપ કીધા છે, અને ફરીથી રૂમી. ૧૦મા ધાર્મિકપણું જે વિશ્વાસનું છે તે સાબીત કરેછે, અને હેબ્રી. ૧૧ મા વિશ્વાસના ફળ સાબિત કરેછે, તેનો દાખલો અનુસરવામા હમે વ્યાજબી છીએ એમ આપણે ખરેખર કબુલ કરવું જોઇએ.

ખરેખર પ્રીસ્તનું ઐશ્વર્ય અને દરેક બોધ કરવાનો મત સાબિત કરવા માટે ધર્મપૂસ્તકમાથી ફકરાઓ એકઠા કરવાની તેજ રીતનો ઉપયોગ કરી તેના પર આધાર રાખવામા આવેલો છે.

ફકત આત્માઓ વિષે કહેવામાં આવેલું છે.

વળી એવો વાધો ઉઠાવવામા આવ્યો છે કે, પ્રકટીકરણ. ૨૦ મા ફકત આત્માઓ વિષે કહેવામાં આવ્યુ છે, અને તેથી તે શબ્દાર્થ રીતે ખરૂં પુનરૂત્થાન હોઇ શકે નહીં, પણ તે ફકત પુનર્જન્મ, અથવા ધર્મવાદી પુનરૂત્થાન અને પ્રીસ્તમા માનનારાઓનું હાલનુ જીવન હોઇ શકે.

આ પ્રમાણ ખોટુ છે તે સહેલાઇથી દેખાઈ આવે છે, કેમકે આ પ્રવિત્ર મુએલાઓએ "ખ્રિસ્તની સાક્ષી માટે તેઓ ગરદન મરાયા" તે પહેલા આત્મિક પુનરૂત્થાન ભોગવ્યું હતું. ખરેખર, પ્રીસ્તમા તેમની આ આત્મિક જીદગી, તથા પ્રભુના વચનમા તેમના

વિશ્વાસને લીધેજ તેઓ ખ્રીસ્તને માટે સાક્ષી થયા, અને તેમણે શ્વાપદનુ અગર શ્વાપદની મૂર્ત્તિનું ભજન કરવાની અથવા તેની નિશાણી લેવાની ના પાડી, અને તેથી તેઓ ગરદન મરાયા હતા. (પ્રકટીકરણ પ્રકરણ ૧૩ ૧૧–૧૫). વળી અસલ ગ્રીક ભાષાનો શબ્દ Psukas (સુકાસ)નો અર્થ આત્મા, સ્વરૂપ કે મનુષ્ય જાત થાય છે. જુઓ એજ શબ્દ પ્રેરિતોના કૃત્ય ૨ ૪૧ મા વપરાયલો છે, કે જેમા કહ્યું છે કે "(તેજ દિવસે) ત્રણેક હજાર માણસ ઉમેરાયા (૧૫)"; અને પ્રેરિતોના કૃત્ય ૭:૧૪,૨૭ ૧૦–૩૭; ૧ કરિંથી ૧૫–૪૫, ૧ પીતર ૩ ૨૦, પ્રકટીકરણ ૧૨,૧૧, ૧૬ ૩ મા પણ તે શબ્દનો અર્થ 'માણસ'જ કોઈ પણ જાતની શકા વગર થાય છે. આત્માને ગરદન મારી શકાતો નથી ફક્ત શરીર અને આત્માવાળો માણસજ ગરદન મારી શકાય છે, અને ઉપરના માણસો એવાજ હતા એ ખુલ્લું છે પણ તેમણે શારિરીક મરણ ભોગવ્યુ; એટલે આત્મા અને શરીરથી જુદા થઈને, મુએલાઓના મોટા સમૂહમા તેઓ ભળી ગયા પાચમી કલમ ધ્યાન ખેચે એવી રીતે આ વાતને મજબુતી આપેછે –મરી ગયલાઓ જેઓ જીવતા થયા તેનો તે એક ભાગ છે, અને "બાકીના મરી ગયલાઓ, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પુરા થયા ત્યા સુધી ફરીથી જીવતા થયા નહીં,' અને "આ પ્રથમ પુનરૂત્થાન છે."

(૧૫) પ્રેરિતોના કૃત્ય ૭ ૧૪, પ્રેરિતોના કૃત્ય ૨૭.૩૭, ૧ પીતર ૩ ૨૦, પ્રકટીકરણ ૧૬ ૩.

આ વાધામા, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પછી** ખ્રીસ્તનું આવવુ થશે એવુ માનનારા, પોતાનો એક ઘણોજ વખાણવા લાયક પરસ્પર વિરોધ, ખુલ્લે ખુલ્લો બતાવે છે. તેઓ પ્રકટીકરણ ૨૦ ૪–૬ મા દર્શાવેલા પુનરૂત્થાનની સત્યતા ખોટી ઠેરવવા ખતથી મહેનત કરે છે, એ કલમોમા પુનરૂત્થાન માટેના ગ્રીક ભાષાના શબ્દો (Zao=જીવવુ અને Anastasis=પુનરૂત્થાન) દરેક બબ્બે વખત વપરાયલા છે. વળી તેઓ એવો મત ધરાવે છે કે પ્રકટીકરણ ૨૦ ૧૨–૧૩મા જોકે Zao અગર Anastasis વાપરવામા આવ્યા નથી, તોપણ તેમા પુનરૂત્થાનની સત્યતાનુ વર્ણન આપવામાં આવ્યુ છે વિચારની દૃઢતા બતાવવા માટે એ જરૂરનુ છે કે જો ઉપરની બે કલમોમાની ગમે તે એકનો અર્થ આત્મિક હોય, તો તે આ છેલ્લી કલમનો હોવો જોઇએ જો બંનેની સત્યતા સ્વિકારવામા આવે તો કેટલું બધુ ઉત્તમ ગણાય

સ્વર્ગમાં આત્મિક જીવન.

વળી પ્રથમનું પુનરૂત્થાન, તે સ્વર્ગમા ખ્રીસ્તની સાથે તેના વિશ્વાસુઓનું આત્મિક જીવન છે (સ્વર્ગ એટલે પવિત્ર મુએલાઓની રહેવાની મધ્યસ્થિત જગ્યા) એવો અર્થ કરવાનો દાવો જે કરે છે, તે તેવીજ રીતે ન્યાયશાસ્ત્રના નિયમથી ઉલટુ કરે છે. કેમકે આ આત્મિક જીવન, મરણ વખતે શરૂ થતુ નથી, પણ પુનર્જન્મમા શરૂ થાય છે તે ખ્રીસ્તમા પ્રથમ વિશ્વાસ બેસાડતાની સાથે શરૂ થાય છે. "દીકરાપર જે વિશ્વાસ કરે છે, તેને અનત જીવન છે."

યોહાન ૩ ૩૬ હાલ પણ તેમજ છે તે તરત જીવતો થાય છે (કલોસી ૨ ૧૩), અને તેને ઉઠાડવામા આવેલો છે. (એફેસી ૨:૬, કલોસી ૩ ૧), અને હાલ જે જીંદગી તે ગુજારે છે તે જીદગી દેવના પુત્રમાના વિશ્વાસથી ગુજારે છે (ગલાતી ૨ ૧૯–૨૦). એફેસી ૨ ૬, કલોસી ૨ ૧૨–૧૩,૩:૧ મા જે આત્મિક પુનરૂત્થાન વિષે કહેવામા આવ્યુ છે,તેના શબ્દો, પ્રકટીકરણ ૨૦ ૫–૬ માના anastasis (=પુનરૂત્થાન) શબ્દથી તદ્દન જુદાજ છે, અને નવા કરારમા દરેક ઠેકાણે તેનો અર્થ "ખરૂં પુનરૂત્થાન" એમ થાય છે.

ફકત મારી નંખાયલાઓ વિષે કહેવામાં આવ્યું છે.

વળી એવો વાંધો લેવામા આવ્યો છે કે, ફકત મારી નખાયલાઓ વિષે તથા જેઓને શ્વાપદ તથા તેની મૂર્તિ સાથે ખાસ નિસ્બત છે તેમને વિષે તેમા ફકત કહેવામા આવ્યું છે

આ તેમનું કહેવું ફકત એ કલમના છેલ્લા ભાગ માટે ખરૂ છે અને હમે માનીએ છીએ કે સંકટ પામેલા પવિત્રો છે તે ખ્રીસ્તને માનેછે; અને ખ્રીસ્ત – વિરોધી (૧૬) ના રાજ્યમા, જ્યારે ગગનમાં (૧૭) ખ્રીસ્તને મળવા સારૂ મંડળી તણાઇ જશે, ત્યારે તેઓ ખ્રીસ્તને માટે પ્રાણ અર્પણ કરનારા થાય છે. (જુઓ પ્રકરણ ૧૧) પણ જુઓ કે તે કલમના પ્રથમના ભાગમા, કેટલાએકને જાણે કયારના ઉઠાડવામા આવ્યા હોય એમ કહેવામા આવેલું છે.

(૧૬) થેસ્સા ૨.૧,–૯ પ્રકટીકરણ ૧૩ ૧૧–૧૮.

(૧૭) ૧ થેસ્સા ૪. ૧૬ – ૧૭ – ૧૮.

"અને મેં રાજ્યાસનો જોયાં, અને તેઓ તેના પર બેઠા, અને તેમને ન્યાય કરવાનુ સોપવામા આવ્યુ"

આ લોકોના પુનરૂત્થાન વિષે કાઇ પણ કહેવામા આવ્યુ નથી કેમકે, સંકટ સમય પહેલા, જીવતા રહેનારાઓના ગગનમા પ્રભુને મળવા સારૂ આકાશમા તણાઇ જવાના સમયે, તેઓને કયારનાએ, ઉઠાડવામા આવ્યા હતા.

તેઓ રાજ્યાસન પર બેસવાને, અને પ્રભુના વચનો પ્રમાણે પૃથ્વી ઉપર રાજ્ય કરવાને તૈયાર છે (૧૮) પણ યોહાન, આ સંકટ પામેલા પવિત્રોને પણ, ખ્રીસ્તની સાથેના આ રાજ્યમા ભાગ લેવાને, ઉઠાડાયલા જુએછે, અને તે વાત પ્રથમ પુનરૂત્થાનના ક્રમ સાથે સંપૂર્ણ રીતે બધ બેસતી છે.

ખ્રીસ્ત...... ....પ્રથમ ફળ

ત્યાર પછી જેઓ ખ્રીસ્તના આવવા વખતે તેના છે તે {

મડળી અને જુના કરારના પવિત્રો, જેઓને ખ્રીસ્ત ગગનમા આવે છે ત્યારે આનદ સમયે ઉઠાડવામા આવ્યા છે તે.

સંકટ પામેલા પવિત્રો, જેઓને ખ્રીસ્ત પૃથ્વી ઉપર આવે છે ત્યારે પ્રકટીકરણ સમયે ઉઠાડવામા આવ્યા છે તે

છેલ્લો દીવસ.

ખ્રીસ્તે કહ્યુ કે "જે મારા પર વિશ્વાસ કરેછે તેમને છેલ્લે

(૧૮) માથ્થિ ૧૯: ૨૮, ૧ કરિંથી ૬: ૨-૩, પ્રકટીકરણ ૩ ૨૧

દહાડે હું પાછો ઉઠાડીશ" (યોહાન ૬ ૩૯, ૪૦, ૪૪, ૫૪), તે વચનની સામા વળી વાંધા લેવાતો હમે સાભળીએ છીએ, અને જો તેમને છેલ્લે દહાડેજ પાછા ઉઠાડવાના છે, તો તે દીવસ અને જે દીવસે અવિશ્વાસીઓને પાછા ઉઠાડશે તે દીવસ વચ્ચે, એક હજાર વર્ષનો અતર હોઇ શકે નહીં. પણ પીતર કહે છે કે "પ્રભુની પાસે એક દીવસ હજાર વરસોના સરખો, અને હજાર વરસો એક દીવસ સરખા છે" (૨. પીતર ૩:૮) આ દીવસ તે સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો મહાન દીવસ છે, અને તેની અતે પુનરૂત્થાન અને ન્યાય થશે અને તે દિવસની દરમ્યાન ખ્રીસ્ત વિદેશીઓ પર રાજ્ય કરશે, અને જગતનો ન્યાયિપણાથી ન્યાય કરશે. (૧૯).

૨ પીતર ૩: ૧૮ માં પવિત્ર આત્માએ આપેલી સજ્ઞા મુજબ, તે, "યુગનો એક દીવસ" છે. તેને માટે ગ્રીક ભાષાનો (heemeran aionos) શબ્દ જુઓ એનુ મળતાપણુ આપણને તેજ શબ્દ (heemera) જેનો અર્થ દીવસ' થાય છે તેમજ "એક લાબો સમય" થાયછે તેમા માલમ પડેછે. (જુઓ યોહાન ૮ ૫૬, ૯: ૪, રૂમી ૧૦, ૨૧ ૨. કરિથી ૬: ૨, હેબ્રિ ૪: ૭-૮).

"તે દીવસ"

એ સજ્ઞા, યશાયાહ અને બીજા ઘણા ભવિષ્યવાદીઓના

(૧૯) પ્રેરિતોના કૃત્ય ૧૭: ૩૧, યશાયાહ, ૧૧ ૯-૧૧ વળી જુઓ પ્રકટીકરણ ૨: ૨૭.

ગ્રંથોની કુંચી તરીકે છે. જુઓ કેટલી બધી વારવાર એ શબ્દ ફરી ફરીને આવ્યા કરેછે (યશાયાહ ૨ ૧૧, ૩ ૭, ૧૮, ૪: ૧, ૨; ૫: ૩૦, ૭: ૧૮, ૨૦, ૨૧, ૨૩; ૧૦ ૨૭ વીગેરે, યિર્મેયાહ ૨૫. ૩૩, હઝકીએલ ૩૮ ૧૪, ૧૬, ૩૯ ૧૧, ૪૮: ૩૫, યોએલ ૩ ૧૮; આમોસ ૯ ૧૧; મીખાહ ૪ ૬, ૭: ૧૧, ૧૨, સફાન્યાહ ૩ ૧૧, ૧૬, હાગ્ગાય ૨ ૨૩; ઝખાર્યાહ ૯ ૧૬, ૧૨:૩, ૪, ૬, ૮, ૯, ૧૧, ૧૩ ૧, ૨, ૪, ૧૪: ૬, ૮, ૧૩, ૨૧, માલાખી ૩ ૧૭, માથ્થિ ૭ ૨૨, ૨૪ ૩૬; માર્ક ૧૩ ૩૨, લુક ૨૧ ૩૪.

જુઓ કેવી ખુલ્લી રીતે તે દીવસ એટલે તે પ્રભુનો દીવસ છે, એમ સાબીત કર્યું છે યશાયાહ ૨ ૧૨ ને ૨ ૨૦ સાથે સરખાવો "કેમકે જે સર્વ ગાવિષ્ટ તથા મગરૂર છે, ને જે સઘળું ઉચું કરાયલું છે તે પરસૈન્યના યહોવાહનો દિવસ આવનાર છે..... તે દિવસે માણસ પોતાને સારૂ ભજવાને માટે કરેલી...મૂર્તી, ચેણુ તથા ચામાચેણની પાસે ફેંકી દેશે." વળી જુઓ સફાન્યાહ ૧ ૧૪-૧૫

"યહોવાહનો મહાન દિવસ નજદીક છે .... તે દિવસ કોપનો દિવસ છે."

વળી એજ પ્રમાણે ઝખાર્યાહ ૧૪ ૧-૪ મા છે તે જુઓ.

હોશીઆ ૬ ૨ મા આપણે વાચ્યું છે કે "બે દીવસ પછી તે આપણને સચેત કરશે; ત્રીજે દિવસે ને આપણને ઉઠાડશે" ખુલ્લે-ખુલ્લી રીતે આ ત્રણ દીવસોમાનો દરેક, અક્કેક હજાર વર્ષનો છે, કેમકે "પ્રભુની પાસે એક દિવસ હજાર વરસોના સરખો છે" તેથી

કરીને "તે દીવસ" પ્રભુના યુગોના મહાન અડવાડીઆનો બેશક છેલ્લો હજાર વર્ષનો દિવસ છે (જુઓ પ્રકરણ ૨૧)

એજ કલમમાં કહેવામાં આવ્યું છે.

વળી એવો વાધો ઉઠાવવામા આવ્યો છે કે, જયારે ન્યાયિ અને અન્યાયિના પુનરૂત્થાનના વિશેષ ગુણમા મોટો તફાવત રહેશે, તોપણ તે, વખતમા સમકાલિક હોવું જોઇએ, કેમકે બનેની વાત એકજ કલમમા (૨૦) જોડાજોડ કહેવામા આવેલી છે.

પણ ખ્રીસ્તે તેનાથી ઉલટુ, એક વખાણવા લાયક દષ્ટાંત આપીને આપણને બોધ કરેલો છે કે, આ તેઓના વાધામા કાઇ દમ નથી. લુક ૪ ૧૬–૨૧ મા આપણે વાચ્યુ છે કે, તેણે પુસ્તક ઉઘાડયુ, જગ્યા કાઢી અને યશાયાહ. ૬૧ માથી કલમ ૨ માના અલ્પવિરામના ચિન્હ (૨૧) સુધી વાચ્યુ, અને પુસ્તક બંધ કરીને કહ્યુ કે, "આજે તમારા કાનમા આ ધર્મપુસ્તક પૂર્ણ કરવામા આવ્યુ છે" તે જગ્યાએ તેને અટકવાનુ કારણ શુ ? કેમકે "વેર લેવાનો દીવસ" જાહેર કરવાનો વખત હજી આવ્યો નહતો. તે અલ્પવિરામ તે જગ્યાએ આશરે અઢાર સૈકા કરતા પણ વધારે વખતથી છે, અને ખ્રીસ્ત (પોતાના પવિત્રોને એકઠા કરીને ૧. થેસ્સા ૪ ૧૬–૧૭) અભકતો ઉપર વેર લેવાને તેમની સાથે પ્રકટ થશે

(૨૦) દાનિયલ ૧૨·૨, યોહાન ૫ ૨૯, પ્રેરિતોના કૃત્ય ૨૪ ૧૫

(૨૧) યશાયાહ ૬૧.૧, ૨, ૩ લુક ૪ ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧.

ત્યા સુધી તે અલ્પવિરામ ચાલુ રહેશે (૨ થેસ્સા ૧ ૭–૧૦, યહુદાનો પત્ર ૧૪ ૧૫). તેથી ઇસુએ પોતે આપણને જ્યારે શીખવ્યુ છે કે, જે બે બાબતો વિષે યશાયાહ ૬૧ ૨ મા જોડાજોડ કહેવામા આવ્યું છે, તે બેની વચ્ચે અઢારસેં વર્ષથી પણ વધારે વર્ષનો અતર છે, તો, પ્રભુના જે વચનમા ખુલ્લેખુલ્લુ કહેવામા આવ્યું છે કે, "ધન્ય અને પવિત્ર" ના તથા "મુએલાઓમાના બાકી રહેલા માણસો" ના પુનરૂત્થાન વચ્ચે એક હજાર વર્ષનો અતર રહેશે, તે વચનને આપણે બેશક માન આપવુજ જોઇએ.

યોહાન ૫ ૨૮ મા ઇસુએ (Horn) કલાક શબ્દ જે વાપર્યો છે તેનો તેજ શબ્દ તેણે કલમ ૨૫ મા પણ વાપર્યો છે- (૨૨).

આ ૨૫ મી કલમમાના "વેળા" શબ્દ વિષે હમારા બધાનુ માનવું છે કે, તે વેળાને આશરે અઢારસેં વર્ષથી પણ વધારે વખત થઈ ગયો છે ત્યારે ૨૮ મી કલમમાનો 'વેળા' શબ્દ ઓછામા ઓછો એક હજાર વર્ષની લબાઇનો કેમ ન હોઇ શકે? અને તેજ પ્રમાણે પ્રકટીકરણ ૨૦ ના અર્થ સાથે સપૂર્ણ રીતે બંધ બેસતો કેમ ન હોઇ શકે? જુઓ વળી યોહાન ૪ ૨૧, ૨૩. અને રૂમી ૧૩ ૧૧ (કે જેમા 'વેળા' શબ્દ વાપર્યો છે તેનો અર્થ 'તે પળ હમણાજ આવી રહી છે' એવો થાયછે.), અને એ બંનેમાના દરેકમા, 'વેળા' એટલે 'લાબો સમય' એવો અર્થ થાયછે

ટ્રાગેલેસ–જેને યહુદી ટીકાકારો ટેકો આપે છે–તે દાનિયલ ૧૨ ૨ ના વચનનો નીચે મુજબ અર્થ કરે છે

(૨૨) યોહાન ૫ ૨૫–૨૮.

" અને પૃથ્વીની ધૂળમા જે ઉંઘેલા છે **તેઓમાંના ઘણા** જાગી ઉઠશે, **આ લોકો** અનત જીવનમા દખલ થશે, પણ **પેલા લોકો** (ઉંઘનારામાના બાકી રહેલા જેઓ આ વેળાએ ઉઠતા નથી તેઓ) લજ્જામા દાખલ થશે " (આ વચન ઉપર જેમીસન, ફામેટ, અને બ્રાઉનના પુસ્તકો જુઓ) પ્રથમ પુનરૂત્થાનના મતને ઘણીજ મજબુતાઈથી આ ટેકો આપે છે એમ વધારામા કહેવુ, એ કહેવાની જરૂર નથી.

ફક્ત એકજ વચન.

છેલ્લે, એવો વાંધો લેવામા આવ્યો છે કે ન્યાયી અને અન્યાયીના પુનરૂત્થાનના વખતમાના જુદાપણા વિષે ફક્ત એકજ વચનમા એકજ ઠેકાણે કહેવામા આવ્યુ છે જેમકે પ્રકટીકરણ ૨૦, અને આ પુસ્તક એવુ સાંકેતિક છે કે આવી મહત્વની વાત માટે, તેના ઉપર આપણે આધાર રાખવો જોઈએ નહી.

ખચિત, ફક્ત એકજ ઠેકાણે ! પણ શુ તે વચન પુરતું નથી ? શામાટે ! અજવાળાના અસ્તિત્વની તમામ વાતનો આધાર ફક્ત ઉત્પત્તિ ૧ ૩ ના (૨૩) એકજ વાકય પર રહેલો છે, અને તે આધાર સહીસલામત ભરેલો છે, કેમકે દેવ પોતે એ શબ્દો બોલ્યા હતા આપણા પ્રભુના પહેલી વખતના પ્રગટ થવાના સબંધમા જે વાત ઘણીજ ચમત્કારિક છે તે તેના પવિત્ર ગર્ભાધાનની વાત છે. તેથી મરીયમની સદગુણી ચાલચલકત ઉપર વહેમ ઉત્પન્ન

(૨૩) ઉત્પત્તિ ૧ ૩.

કર્યો છે, અને તેના છોકરાનો બાપ પવિત્રાત્મા છે એ માનવા માટે, ઘણીજ મોટામાં મોટી શ્રદ્ધાની જરૂર બતાવે છે તે સૌથી વધારે પવિત્રમા પવિત્ર પતિવૃતપણુ, કે જેમા જગત કુવારી સ્ત્રીનો વ્યભિચાર અને શરમ જોઇ શકે છે, તે ખુલ્લેખુલ્લુ બતાવે છે અને તો પણ, આ ચમત્કારિક બીનાનો ઘણા સૈકાઓ થયા ભવિષ્ય વાણીના ફક્ત એકજ વચન ઉપર આધાર હતો. "જુઓ, કુવારી ગર્ભવતી થઇને પુત્ર જણશે." (યશાયાહ ૭ ૧૪). અને જો કે આ નિશાણી દેવે યહુદીઓને ખાસ અને અગત્યની નિશાણી તરીકે આપી હતી, તો પણ તેઓએ તેના ઉપર ભરોસો રાખ્યો નહી, કેમકે તે એક કાવ્યના પુસ્તકમા લખેલુ માલમ પડે છે, અને તેથી તેઓ બેથલેહેમના બાળકને તરછોડી કાઢે છે.

પણ આપણે જેઓ માનીએ છીએ કે યશાયાહ ૭ ૧૪ નુ વચન શબ્દે શબ્દ ખરૂં પડયુ છે, તેઓ શુ યહુદીઓને તે નહીં સ્વિકારવાને લીધે દોષિત ઠરાવીશુ? અને વળી પ્રકટીકરણ ૨૦ માના આ ખુલ્લેખુલ્લા અને સાદા વાકયની શબ્દે શબ્દ ખરૂં પડવાની વાતની અવગણના કરવામા શુ આપણે પોતાને વ્યાજબી ગણી શકીશું? તેણે કહ્યુ છે તે યાદ રાખો કે, "જુઓ હુ વહેલો આવુ છુ આ પુસ્તકમાના ભવિષ્યના વચનો જે પાળે છે તેને ધન્ય છે." (પ્રકટીકરણ ૨૨ ૭, ૧ ૩). અરે! ત્યારે આ એકજ વાકય, જો કે તે તમારા દૃઢ થયલા વિચારોને (૨૪) આરપાર ભોકી નાખે, તો પણ

(૨૪) હેબ્રિ ૪ ૧૨

તેના ઉપર તમને લક્ષ આપવાની વિનંતી હમને ખરા ભાવથી કરવા દો. તમે તેને તરછોડી કાઢશો નહીં. તેના સાદા ઉપદેશના અર્થનો અનર્થ કરો નહી, કેમકે તે પ્રભુની ભવિષ્ય વાણીનુ પવિત્ર વચન છે, અને ખડકવાળા પર્વતોની વજ્ર જેવી મજબુતાઇની પેઠે તે સ્થીર અને સ્થાવર છે—અને તેથી વધારે—કેમકે એવા પર્વતો પણ જતા રહેશે, પણ "પ્રભુનુ વચન નિરતર હમેશને માટે ટકી રહેશે."

ધર્માધિકારી (ડીન) આલફર્ડની ટીકાઓ.

અને વહાલા વાચક, આ જગ્યાએ "આ પ્રથમ પુનરૂત્થાન છે" એ વાકય ઉપર ધર્માધિકારી આલફર્ડની ટીકા ઉપર તમારૂ સભાળપૂર્વક ધ્યાન હમને ખેચવા દો તે કહે છે કે "આ વ્યાખ્યાનનના વાચનારાઓએ લાબા વખત આગળથી અટકળ બાધી હશે કે, મુસ્કેલીના ખ્યાલથી, અથવા સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના મતનો ખોટો અર્થ કરવાના કાઇ પણ જોખમને લીધે, ભવિષ્યવાણીના શબ્દના ખુલ્લા અર્થનો મારી મચડીને બીજો અર્થ કરવાની, અગર તે ભવિષ્યવાણીનુ કાળમાન પ્રમાણેનું સ્થળ બદલવાની હુ હા પાડી શકતો નથી પ્રેરિતોના પછીથી જે લોકો થયા તે, અને ત્યાર પછીના ત્રણસેં વર્ષ સુધીની મડળીના જનો, તે વચનોને તેમના સાદા સરળ અર્થ પ્રમાણે સમજ્યા, અને જે ભાષ્યકારો જુના ધારાઓ તથા રીતરિવાજોને માન આપવામા અગ્રેસરમા અગ્રેસર છે તેમને આદિકાળના જુના ધારાઓ તથા રીતિરિવાજોમાના જોવામા આવતા ઐકયતાના સબળ દષ્ટાતોને ખુશીથી બાજુએ મુકી દેતા જોઇને આ

વર્તમાન કાળમા આશ્ચર્ય થવા જેવું છે. તે ધમપુસ્તકમાના વચનને માટે તો કોઇ પણ સશાસ્ત્ર ઉપાયથી તેનો મારી મચડીને હાલ જે આત્મિક અર્થ કરવાનો રીવાજ પડી ગયોછે તેવો અર્થ થઈ શકશે નહીં. જો કોઇ વચન કે જેમા બે પુનરૂત્થાન વિષે લખવામા આવ્યું હોય અને જેમાના પહેલામા અમુક જીવો જીવતા થયા, અને તે પહેલા પુનરૂત્થાન પછી અમુક સમયના છેક છેવટના ભાગમા બાકી રહેલા મુએલાઓ જીવતા થયા — જો આવા કોઇ વચનમા. પ્રથમના પુનરૂત્થાનનો અર્થ "ખ્રીસ્તની સાથેનું આત્મિક રીતે ઉઠાડવુ" એમ સમજીએ, અને બીજા પુનરૂત્થાનનો અર્થ "કબરમાથી મુએલાઓનુ ખરેખર ઉઠવુ" સમજીએ, ત્યારે તો ભાષાની તમામ અગત્યતા અને મહત્વનો છેડો આવી જાય છે, અને ધર્મ પુસ્તકને કોઇ પણ વાતના ચોક્કસ પુરાવા તરીકે ગણવામાથી લુછીને કાઢી નાખવામા આવે છે. જો પ્રથમનું પુનરૂત્થાન આત્મિક હોય, તો બીજુ પણ તેવુંજ હોવું જોઇએ, અને એવી વાતનુ પ્રતિપાદન કરવા માટે હુ ધારૂંછું કે ભાગ્યેજ કોઇ તેવો નિર્લજ હશે પણ જો બીજું પુનરૂત્થાન ખરૂ હોય તો, તેજ પ્રમાણે પહેલુ પણ ખરૂ હોવુ જોઇએ, અને એ અર્થ, તમામ જુના જમાનાની મંડળીએ તથા ઘણા શ્રેષ્ટ અર્વાચિન ભાષ્યકારોએ કરેલા અર્થની સાથે બંધ બેસતો છે; અને એ અથનુ હુ પ્રતિપાદન કરૂછું અને

"વિશ્વાસ અને આશા" ની કલમ તરીકે હુ તેને સ્વીકારૂ છું" *

મુએલાંઓમાંથી પુનરૂત્થાન.

હવે જ્ત ધર્મી અને ન્યાયીઓને અધર્મીઓના કરતા એક હજાર વર્ષ વહેલા ઉઠાડવા માટે ખ્રીસ્ત આવેછે, તો પ્રથમના પુનરૂત્થાનને "મુએલાઓમાથી અગર તેમની સખ્યામાથી ઉત્થાન" એમ કહેવુ એ સ્વાભાવિક અને અવસ્ય માનનિય છે, કેમકે મુએલાઓમાના બાકીનાને એક હજાર વર્ષ પુરા થતા સુધી એમને એમ રહેવા દેવામા આવેછે તેથી હમારે ખુશી થવાનુ કારણ એ છે કે, તે વચનમા જે ઘણીજ સભાળપૂર્વક દર્શાવવામા આવ્યુ છે તે બરાબર એજ પ્રમાણે છે, અને તેથી સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગ **પહેલાં** ખ્રીસ્તનુ આવવું થશે એ વાતને ટેકો આપવાને આ એક બીજી ઘણી બહુ વિષયગ્રાહી અને ચોકસ સાબિતી હમારી પાસે છે એમ હમે માનીએ છીએ ગ્રીક ભાષામાના આ અસલ વાકયમા "Ek Nekron" શબ્દનો ઉપયોગ કરવામા તે સાબીતી સમાયલી છે આ "Ek nekron" શબ્દનો અર્થ

---

* વળી એફ. એચ રેવલી (ચીકાગો) એ પ્રસિદ્ધ કરેલા, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ અગાઉ ખ્રીસ્તના આવવા વિશેના નિબધોની પુરવણીમા સભાવિત અગ્રેજ અને જરમન ભાષ્યકારોના પ્રમાણવાકય, આદિક સાબીતીઓ તરીકે ટાકયા છે તે જુઓ.

"મુએલાઓમાથી" અથવા "મરીગયલાઓની સખ્યામાથી," એવો થાયછે અને તેથી સ્પષ્ટ દેખાઈ આવેછે કે બાકીના મુએલાઓને બાતલ કરવામા આવ્યા હતા.

પુનરૂત્થાન (અંગ્રેજી Resurrection) (ગ્રીક Nekron અથવા Ton Nekron=મુએલાઓના) એ શબ્દ બન્ને જાતના પુનરૂત્થાનને લાગુ પાડવામા આવેછે, કેમકે બધાને ઉઠાડવામા આવશે. પણ આ પુનરૂત્થાન શબ્દ (Ek Nekron-મરીગયલાઓની. સંખ્યામાથી) એક પણ વખત + અધર્મીઓના સબધમા લાગુ પાડવામા આવ્યો **નથી**

આ શબ્દ એકદર ૪૯ વખત વપરાયલો છે, જેમકે — ૩૪ વખત ખ્રીસ્ત જેને - મુએલાઓમાથી એ પ્રમાણે ઉઠાડવામા આવેલો આપણે જાણીએ છીએ તે દર્શાવવા મટે ૩ વખત યોહાનનુ

માથિ ૨૨ ૩૧; પ્રકટીકરણ ૧૭ ૩૨, ૨૩ ૬; ૨૪ ૧૫, ૨૧; ૧. કરિથી **૧૫ ૧૨**, ૧૩, ૨૧, ૪૨ અને ખાસ કરીને યોહાન ૫:૨૮-૨૯

+ માથિ ૧૭ ૯; માર્ક ૯ ૯-**૧૦**, લુક ૨૪ ૪૬, યોહાન ૨ ૨૨, ૨૦ ૯; **૨૧ ૧૪**, પ્રેરિતોના કૃત્ય ૩ ૧૫, ૪ ૧૦, ૧૦ ૪૧, **૧૩** ૩૦, ૧૩ ૩૪, ૧૭ ૩, ૧૭ ૩૧, ૨૬ ૨૩; રૂમિ ૧.૪; ૪ ૨૪, ૬ ૪-૯, ૭ ૪, ૮ ૧૧, ૧૦ ૭,૯, ૧ કરીથી **૧૫** ૧૨, ૨૦, ગલિલી **૧ ૧**, એફેસીઓ ૧ ૨૦; કલોસિ ૧ ૧૮; ૨ **૧૨**, ૧ થેસ્સા ૧ ૧૦; ૨ તિમોથી ૨:૮, હેબ્રી ૧૩ ૨૦, **૧** પીતર ૧ ૩, ૨૧.

કલ્પિત પુનરૂત્થાન દર્શાવવાને, જેમ હેરોદ રાજાના ધાર્યા પ્રમાણે, યોહાનને તેજ પ્રમાણે મુએલાઓમાથી ઉઠાડવામા આવ્યો હતો * ૩ વખત લાઝરસ જેને મુએનાઓમાથી × ઉઠાડવામા આવ્યો હતો તેનુ પુનરૂત્થાન દર્શાવવા માટે. ૩ વખત પાપના મરણમાથી આત્મિક જીદગી દર્શાવવાને માટે અલંકાર રૂપે વપરાયલો છે. રૂમી ૬ ૧૩ – "મુએલાઓમાથી જેઓ જીવતા થયલા છે તે" ૧૧ ૧૫– "મુએલાઓમાથી જીવન" એફેસીઓ ૫ ૧૪ – "મુએલામાથી ઉઠ" લુક ૧૬ ૩૧ – મા તે વપરાયલો છે, તવગર માણસનુ દૃષ્ટાંત "જોકે કોઇ મુએલામાથી ઉઠયો" અને હેબ્રી ૧૧ ૧૯ – ઇબ્રાહીમનો વિશ્વાસ કે દેવ મુએલાઓમાથી ઇસ્હાકને ઊઠાડી શકશે

અને બાકીના ચાર વખત, મરી ગયનાઓમાથી ભવિષ્યનું પુનરૂત્થાન દર્શાવવાને તે વપરાયલો છે, જેમકે માર્ક ૧૨ ૧૫, જેમા ખ્રિસ્ત કહે છે કે "જ્યારે તેઓ મુએલાઓમાથી ઉઠશે, ત્યારે તેઓ પરણશે પરણાવાશે નહી, પણ આકાશમાના દૂતો જેવા હોય છે," અને લુક ૨૦ ૩૫ – ૩૬ મા "પણ જેઓ તે જગતને તથા મુએલામાથી પુનરૂત્થાન પામવાને યોગ્ય ગણાય છે, તેઓ પરણતા નથી તથા પરણાવાતા નથી, કેમકે તેઓ ફરીથી મરી શકતા નથી, કારણકે તેઓ દૂતોના સરખા છે, ને પુનરૂત્થાનના દીકરા હોવાથી તેઓ દેવના દીકરા છે"

* માર્ક ૬ ૧૪, ૧૬, લુક ૯:૭.

× યોહાન ૧૨.૧, ૯, ૧૭.

પ્રેરિતોના કૃત્ય ૪ ૧–૨–સાદુકીઓનુ મન દુખાયુ, કેમકે પીતર અને યોહાન "ઇસુમા મુએલાઓનુ પુનરૂત્થાન પ્રગટ કરતા હતા."

અને ફિલિપી ૩ ૧૧ મા તે શબ્દ ઘણાજ વખાણુવા લાયક ભાવાર્થની રીતે વપરાયલો છે હમે તેનો તરજુમો "મુએલાઓનું પુનરૂત્થાન" કરીએ છીએ, પણુ તે મુખ્યત્વે કરીને ખોટો છે, કેમકે જુનામા જુના હાથના લખેલા પૂસ્તકોમા* આ જગ્યાએ "EK" જે ગ્રીક ભાષાનો શબ્દયોગી અવ્યય છે, તે બેવડા રૂપમા વપરાયલો છે. અમલ ગ્રંથમા "Teen Exanastasin teen ek nekron" વાકય છે, અને તેનુ શબ્દાર્થ ભાષાતર નીચે મુજબ છે—મરી ગયલાઓમાથી બહારનુ પુનરૂત્થાન, " અને આ ભાષાની ખાસ રચનાથી ' આ, મરી ગયલાઓમાનામાથી પુનરૂત્થાન છે" એ વિચારને ખાસ મહત્વતા મળે છે.

આ વચન ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે, મરી ગયલાંઓમાથી પુનરૂત્થાન હજી થવાનું છે, એટલે બધા મુએલાઓને ઉઠાડવામા આવશે, તે પહેલા મુએલાઓમાથી થોડાઓને ઉઠાડવામા આવશે. ઑલશૌશેન જાહેર કરે છે કે "તમામ મુએલાઓમાથી કેટલાએક પ્રથમ ઉઠશે § એ મત ઉપરથી જો ઉપરના વાકયો ઉત્પન્ન થયા ન હોય, તો તેમનો અર્થ સમજાવી શકાય નહીં એવો થશે."

---

* જુઓ જેમીએસન, ફ્રોસેટ અને બ્રાઉન, ઑલફર્ડ, અને ડાકટર આદમ કલાર્ક.

§ ગ્રીક ભાષાના પુસ્તક, ટીસેનડોર્ફ અને ઑલફર્ડ.

આ " પ્રથમના પુનરૂત્થાન " મા કોઇ પણ અધર્મિઓ ભાગ લઇ શકે નહીં, એ લુક ૨૦ ૩૬ માંથી સ્પષ્ટ જણાય છે, તેઓ " દેવના છોકરા છે, " અને " તેઓ દૂતોના સરખા છે "

એનો ફક્ત ચુટી કાઢેલા વર્ગનુજ એટલે ધર્મીઓનુ પુનરૂત્થાન છે, અને તેથી પ્રાપ્ત તેને **ન્યાયિઓનું** પુનરૂત્થાન કહે છે લુક ૧૪ ૧૪ – " અને તને ધન્ય થશે; કેમકે તને બદલો આપવાને તેઓની પાસે કઈ નથી, પણ **ન્યાયીઓનાં પુનરૂત્થાનમાં** તને બદલો અપાશે. '

પાઉલ તેને " શ્રેષ્ઠ પુનરૂત્થાન " (૨૫) કહે છે તે ખ્રીસ્તના આવવા વખતે જેઓ તેના છે તેનુ પુનરૂત્થાન છે (૨૬), એટલે " ખ્રીસ્તમા મરી ગયલાઓ, " જેઓ " પ્રથમ ઉઠશે " (૨૭) તે.

પ્રથમનું પુનરૂત્થાન.

" પહેલા પુનરૂત્થાનમા જેને ભાગ છે તે ધન્ય તથા પવિત્ર છે, " (પ્રકટિકરણ ૨૦ ૬) ફરોશી તરીકે, પાઉલ પુનરૂત્થાનની સામાન્ય વાત માનતો હતો (૨૮) પણ ઉપર જે કહ્યુ તેમાથી આપણને માલમ પડે છે કે, " તેણે શામાટે બધાને તોટો ગણ્યો .. કે ખ્રીસ્તને મેળવુ, પ્રભુને તથા તેના પુનરૂત્થાનના પરાક્રમને અને

* ગ્રથનો ભાગ ૨, પૃષ્ઠ ૧૮૩ અમેરિકન આવૃત્તિ.

(૨૫) હેબ્રી ૧૧ ૩૫. (૨૬) ૧ કરિથી ૧૫ ૨૩.

(૨૭) ૧ થેસ્સા ૪ ૧૬. (૨૮) પ્રેરિતોના કૃત્ય ૨૩:૬, ૭, ૮.

દુ ખોના ભાગીયાપણાને જાણુ, ... કે જો હું કોઇ પણ રીતે મુએલાઓમાંથી બહારના પુનરૂત્થાનને પામુ. (ફિલિપી ૩ ૮-૧૧)

અને આપણને માલમ પડે છે કે તે ત્રણ માનિના શિષ્યો "મુએલાઓમાથી પાછા ઉઠવુ એ શુ હશે, તે વિષે માહોમાહે શા-માટે વાદવિવાદ કરતા હતા (૨૯) " "મુએલાઓના પુનરૂત્થાન" એટલે શું, તે તેઓ સંપૂર્ણ રીતે જાણતા હતા, કેમકે યહુદીઓનો (૩૦) સામાન્ય રીતે સ્વિકારાયલો આ મત હતો પણ મુએલાઓનુ પુનરૂત્થાન, એ તેમને નવું પ્રકટીકરણ હતુ અને હમારા મનને પણ એ મહત્વનુ પ્રકટીકરણ છે, કેમકે તે " જીવનનું ઉત્થાન ' છે (૩૧).

પણ (ગ્રીક લોકોના મત પ્રમાણે) દડનું પુનરૂત્થાન પણ છે. (યોહાન ૫·૨૯). તે અન્યાયિઓનુ (૩૨) પુનરૂત્થાન છે તે મુએલા-ઓના પુનરૂત્થાનની સમાપ્તિ છે. તેથી કરીને આપણે જોઇએ છીએ કે, પુનરૂત્થાનના ક્રમમા, તેના વખતમા તેમજ તેના વિશેષ ગુણમા ભેદ છે પ્રથમ પુનરૂત્થાન ન્યાયીઓ માટેનુ છે, અને બીજુ અન્યા-યીઓ માટેનું છે, અને આ કાળ વિષેનો ભેદ પ્રકટીકરણ ૨૦ માના

* ગ્રીક અભ્યાસીઓની આ ઉપરની દલીલ ઉપર હમે તમને ખુલ્લુ અને વિનતીપૂર્વક ધ્યાન આપવા નમ્રતાપૂર્વક વિનતી કરીએ છીએ

(૨૯) માર્ક ૯ ૧૦ (૩૦) હેબ્રી ૬ ૨.

(૩૧) યોહાન ૫ ૨૯, દાનિયેલ ૧૨:૨

(૩૨) પ્રેરિતોના કૃત્ય ૨૪ ૧૫,– પ્રકટીકરણ ૨૦ ૧૨ – ૧૩.

હેવાલ સાથે બરાબર રીતે બંધ બેસતો છે, કેમકે તે બે પુનરૂત્થાનની વચ્ચે, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના રાજ્યનો એક હજાર વર્ષનો સમય આવશે એમ કહેલુ છે અને ન્યાયીઓના, અથવા તો જેઓ ઇસુમા ઉંઘી ગયા તેમના પુનરૂત્થાન સમયે ખ્રીસ્ત આવે છે (૧. થેસ્સા ૪ ૧૩-૧૬), તેથી તેનુ આવવુ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પહેલાં** થવુ જોઇએ *

નબર. ૭—રાહ જોવી.

તેના આવવાની રાહ જોવાનુ આપણને ફરમાવવામા આવ્યુ છે.

ઇસુએ પોતાના શિષ્યોને, **રાહ જોવાનું** વારવાર ફરી ફરીને કહેલું છે ? તેણે કહ્યુ કે " માટે જાગતા રહો, કેમકે તમારો પ્રભુ

* ડૉકટર ડૅવીડ બ્રાઉન નીચેના ભુલ ભરેલા અનુમાનથી આ ખ્યાલને છેક ઉપર ટપકેથી ઉરાડી દેછે, કે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલા ખ્રીસ્ત આવશે એવું માનનારા 'મુએલાઓનુ પુનરૂત્થાન' એ શબ્દ અન્યાયિઓને લાગુ પાડે છે, પણ હમારો મત એવો છે કે એ શબ્દ ખ્રીસ્તને પોતાને પણ તેમજ બધાને લાગુ પડે છે, પણ "મુએલાઓમાથી" એ વાકય, પસંદ કરેલો વર્ગ જેમનો પહેલા પુનરૂત્થાનમા ભાગ છે તેમનેજ ફક્ત લાગુ પડે છે વળી માર્ક ૯ ૯-૧૦, પ્રેરિતોના કૃત્ય ૧૦ ૪૧, ૧૩, ૩૪, ૨૬ ૨૩ અને રૂમી ૧ ૪ માથી જે વાકયો ટાકયા છે તેમા પણ તેની ભુલ છે, કેમકે તે દરેકમા ગ્રીશભાષાના મત પ્રમાણે " બીજી વાર આવવુ ' એ શબ્દ છે પૃષ્ટ ૧૯૮.

કયે દિવસે આવશે એ તમે જાણુતા નથી " (માત્થિ ૨૪:૪૨). " માટે તમે જાગતા રહો, કેમકે તે દહાડો અથવા ઘડી તમે જાણુતા નથી, " (માત્થિ ૨૫:૧૩). અને વધારામા કહ્યુ કે " જે હુ તમને કહુ છુ, તે સર્વને કહુ છુ કે, જાગતા રહો " (માર્ક ૧૩:૩૫-૩૭) મુખ્યત્વે કરીને પ્રકટીકરણ ૧૬:૧૫ મા " જે જાગૃત રહે છે, તેને ધન્ય છે " (ગ્રીક ભાષાતર જુઓ) તેમા " જાગ્રત રહો " એ શબ્દ ઉપર ખાસ ભાર તે મુકે છે.

હવે જે બીના ભવિષ્યમા એક હજાર અથવા તેથી વધારે વર્ષ પછી બનવાની છે એમ આપણે માનીએ છીએ, તેને માટે આવી રીતે જાગૃત રહીને રાહ જોવી, એ મનુષ્યજાતના માનસિક બંધારણુથી તદન વિરૂદ્ધ છે.

અને તોપણુ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનુ આવવુ થશે એવુ માનનારાઓને જે પૂર્વપક્ષ સ્વિકારવાની ફરજ પડી છે તે આજ છે.

મેથ્યુહેનરી, લુક ૧૨:૪૫ ઉપર ટીકા કરતા કહે છે કે " ખ્રીસ્તનું બીજી વખતનુ પ્રકટ થવું એ હજી દૂરના ભવિષ્યની વાત છે એમ આપણે માનીએ છીએ, તેજ જે સઘળી અવ્યવસ્થાઓ ખ્રીસ્તના પ્રકટ થવાના વિચારને આપણે માટે ત્રાસદાયક બનાવે છે, તે અવ્યવસ્થાનુ તે કારણુ છે." અને જાગતા રહીને રાહ જોવા બાબત તે કહે છે કે, " જાગતા રહેવુ તે શબ્દમા આપણો દેવ આવશે એ માનવાનોજ અર્થ ફક્ત સમાયલો નથી, પણુ તે આવે

એવી ઇચ્છા કરવી, તેના આવવા વિષે વારવાર વિચાર કરવો, અને તે ઓચિંત અને વહેલો આવશે એવી હમેશા રાહ જોવી, અને તેના આવવાનો વખત અનિશ્ચિત છે એ બધો અર્થ પણ તેમા સમાયલો છે "

ખ્રીસ્તના શિષ્યો તરિકે, આપણી મરણામણી શ્રદ્ધાની લડાઇ લડતા લશ્કરી સિપાઇ સાથે કરવામા આવે છે. (૧ ટીમોથી ૧ ૧૮; ૬ ૧૨; ૨ ટીમોથી ૨ ૩,૪ ૭), અને કદાચ, લશ્કરમા દુશ્મનોના અકસ્માત હુમલા સામે બચાવને માટે પોતાની આસપાસ ફરતી ટુકડી રાખવામા આવે છે, તે ટુકડીને જે કામ કરવાનુ છે તેના કરતાં બીજુ કોઇ પણ વધારે સૌરૂ દૃષ્ટાંત આ " જાગતા રહીને રાહ જોવાની " બાબતમા આપી શકાય નહી

ઘરડા લશ્કરી સિપાઇઓ જાણે છે કે ઝપાઝપી થવાની હદ ઉપર હોઇએ ત્યારે અતિશય મઝા અને ગડબડ લાગે છે, કેમકે તેઓ તરતજ કાઇ બનવાનુ હોય તેની જાગતા રહીને રાહ જુએ છે પણ છાવણીમાની જીદગી સુસ્ત, અને નીચ ગદ્ધા વૈતરા જેવી છે. કેમકે બહારના રખેવાળો, જેઓ પાચ કે છ માઇલ છેટે ચોકી કરતા હોય છે, તેમને અદર હાકી કાઢવામા આવે નહી ત્યા સુધી કોઈ પણ જાતના ભયનો તેમને ખ્યાલ પણ હોતો નથી.

જો આ રખેવાળો વચ્ચે એક હજાર વર્ષનો અતર આપણે મુકી દઇએ, તો આ જાગતા રહીને રાહ જોવાના આ ભેદને આપણે કેટલોએક વધાની દઇએ છીએ. અને સત્ય, નીતિ અને ધાર્મિકપ-

ણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનુ આવવુ થશે એ મતનું વર્તન આજ પ્રમાણે છે.

હમે માનીએ છીએ કે, આ દલીલ દરેક માણુસની સાધારણ અક્કલને રૂચતી આવે છે, અને હમે દેવની પ્રાર્થના કરીએ છીએ કે આ સાત દલીલો તમારા વિશ્વાસનુ ઓછાપણુ સપૂર્ણ કરવામા ધન્ય નિવડો (૩૩).

"જેણે વચન આપ્યું છે તે સાચો છે, અને તે ખરેખર પાછો આવશે, તે મારી સાથેનુ પોતાનુ વચન પાળશે, કયે કલાકે (વખતે) તે હુ જાણુતો નથી, પણ તે હજી રાહ જોવાનુ મને ફરમાવે છે, અને વળી તૈયાર થઇ રહેવાને ફરમાવે છે, મારા પોતાના દેશમા કોઈ પણ પળે જવાને"

તેથી હુ જાગતો રહીને રાહ જોઉં છું અને રાહજોતા જોતા મારા પોતાના સ્વદેશ વિષે ગાઉં છુ.

કેમકે તેના પગલા બગીચાના દરવાજાની આ બાજુએ સંભળાવા માટે,

કેમકે તેના લોહીથી હુ ધોળા રંગનો થઇ ગયો છું, અને તેના હાથ મારી આખના આસુ લુછશે

ત્યારે આખરે તે મારે દેશ મારા ઘરમા મને લાવશે.

ખરેખર વાટ જોવી એ મન અને અતકરણુની એક વૃત્તિ છે, જે આપણા વહાલાને મળવા માટે કોઇ પણ કામ

(૩૩) ૧ થેસ્સા ૩ ૯–૧૦.

ધંધામાંથી એકદમ ખુશીથી અને જલદીથી તે તરફ વળે છે, અનેહર્ષોત્કર્ષથી બુમ પાડીને કહે છે કે "આ આપણો દેવ છે, આપણે તેની વાટ જોતા આવ્યા છઇએ" (યશાયાહ. ૨૫.૯).

વાટ જોવાનું જારી રાખો.

પણ કદાચ તમે કહેશો કે "મંડળી અઢારમેં વર્ષ થયા તેની વાટ જુએ છે છતા તે આવ્યો નથી, તો હજી બીજા અઢારસેં વર્ષ સુધીમા તે ન પણ આવે"

વારૂ, વખતે તે ન પણ આવે એમ બને, પણ શુ તે નહીંજ આવશે એમ આપણે જાણીએ છીએ? અને શું તેના આવવાની આપણે તારીખ મુકરર કરીશું? અને તેમ કરીને શુ આપણે વાટ જોતા બંધ પડીશુ?

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવુ થશે એવું માનનારા કહે છે કે, તે હજી એક હજાર અગર તેથી વધારે વર્ષ સુધી આવશે નહી, અને તેમ કહેવુ એ તેના આવવાની તારીખ મુકરર કરવા બરાબર જ છે, કેમકે આપણી જીંદગી દરમ્યાન તેનુ આવવું થશે એ અસભવિત છે એમ બતાવે છે અને વહાલા વાચકો, આવા મતથી આપણે વાટ જોવાનુ કેવી ઝડપથી છોડી દઇએ છીએ.

જેઓ દેવના આવવાના સબંધમા કહે છે કે "મારો ધણી આવતા વાર લગાડે છે (૩૪), તેમને માટે ધર્મપુસ્તકમા મુખ્યત્વે કરીને નિંદા કરેલી છે

(૩૪) માત્થિ ૨૪:૪૮, ૪૯, ૫૦, ૫૧ વળી જુઓ લુક ૧૨ ૪૫.

મોડા થવુ તેના કરતા તૈયાર રહેવુ, એ અનત રીતે બહેતર છે (૩૫).

સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પહેલાં** ખ્રીસ્તનુ આવવું થશે એવું માનનારા એમ માને છે કે, તે કોઇ પણ પળે આવશે, અને આપણી કમ્મર બાંધેલી તથા દીવા સળગેલા સહિત આપણે પોતે જાણે દાસ હોઇએ અને આપણા ધણીની વાટ જોતા હોઇએ, તેમ આપણે હમેશ વાટ જોતા અને દેખરેખ રાખતા માલમ પડવા જોઇએ (લુક ૧૨ ૩૫)

આ અઢારમો વર્ષ જે વીતી ગયા છે તેથી તો "જે વેળાએ આપણે વિશ્વાસ કરવા માંડયો, તે કરતા હાલ આપણુ તારણ ઘણું પાસે છે," અને તેથી 'ઊંઘમાથી ઉઠવાની વેળા" આપણને આવી ચુકી છે. (રૂમી ૧૩ ૧૧)

છેક થોડી વારમાં.

ભવિષ્યવાણીથી કહેવાયલી કોઇ પણ બીના એવી નથી કે જે મંડળીને લેવા આવવા માટે ઇસુના હવામા આવવાની પહેલા તે સંપૂર્ણ થાય તેથી કરીને આપણે ધીરજ રાખવી જરૂરની છે કે જેથી આપણને વચન મળે, "કેમકે જે આવવાનો છે, તે છેક થોડી વારમા આવશેજ, ને વિલંબ નહિ કરશે." (હેબ્રી ૧૦ ૩૭),

તમે કહોછો કે, "તે છેક થોડી વાર નથી" અરે, પ્યારા, ઊત્પત્તિથી તે જળપ્રલય સુધીનો, અથવા જળપ્રલયથી તે ખ્રીસ્ત

(૩૫) માથ્થિ ૨૫:૧૦.

સુધીનો વખત, શું તમને લાંબો લાગે છે? હાગ્ગાય ૨:૬-૭ મા (૩૬) "થોડી વાર" શબ્દ છે, તેનો સમય હજી પુરો થયો નથી (૩૭) એમ હમે માનીએ છીએ, અને ખ્રીસ્તના પ્રથમ પ્રકટ થવા સુધીના પાચશેં વર્ષનો તેમા સમાવેશ થઇ જાય છે. યાદ રાખો કે પ્રભુ તમારી સાથે જે કાઇ બોલે છે, તે તમને અમર આત્મા જાણીને બોલે છે

અનંત કાળના ભારે ચક્રમાના થોડાએકનો તમને આત્માનુભવ થાય ત્યા સુધી થોભો, અને પછી આ અઢારસો વર્ષ ખરેખર તમને "ઘણી, ઘણી થોડી વાર" જેવા લાગશે.

અરે! હમને હમારૂં ધ્યાન ખ્રીસ્ત ઉપર ચોટાડવા દો. હમને તે સનાતન અનંત યુગોના રાજ્યને માટે જાગતા રહી રાહ જોવા દો તથા થોભવા દો (૩૮)

આરંભની મંડળીનો વિશ્વાસ.

આરંભની મડળીનુ માનવુ છે કે, "સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલા ખીસ્ત આવશે, અને એક હજાર વર્ષ સુધી તે તેના પવિત્રો સાથે પૃથ્વી ઉપર રાજ્ય કરશે,' અને એ વાત તમામ લોકો કબુલ કરે છે. ખરેખર, આ વાત

(૩૬) હાગ્ગાય ૨:૬-૭.
(૩૭) યોએલ ૩:૧૬-૧૭. હેબ્રી ૧૨:૨૬-૨૭.
(૩૮) ૧ તીમોથી—૧.૧૭

એટલા બધા અસંખ્ય પુરાવાથી મજબુત રીતે સિદ્ધ થઇ છે કે, તેને માટે ના પાડી શકાયજ નહી.

હમારી ઇચ્છા હતી કે જો આ જગ્યાએ સ્થળ સંકોચનો બાધ ન હોત, તો આ મૃદ્દા ઉપર હમે ઘણા આધારો લંબાણથી ટાંકત, પણ હમારે તેમાથી થોડાએક પસંદ કરીને સંતોષ થવું પડશે.

મોશેમ કહે છે કે " જગતના છેવટના લય પહેલા પ્રીસ્ત આવશે, અને માણસોમા એક હજાર વર્ષ સુધી રાજ્ય કરશે, એવી રીતના ચાલતા અભિપ્રાયની **સામે ઓરીગેનના સમય સુધી કોઇ થયું નહોતું** " (ભાગ **૧** પાન ૮૯). ગીસલર કહે છે કે " (પહેલી બે સદીના) સમયના તમામ ગ્રંથોમા સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષની વાત એટલી બધી પ્રસિદ્ધ છે, કે **તેને સાર્વલૌકિક ગણવામાં હમે જરા પણ આંચકો ખાતા નથી.** " *

ચીલીંગવર્થ પોતાનો વજ્ર જેવી વિચાર કરવાની તર્કશાસ્ત્રની રીતથી વાદ કરે છે કે " જે મતને કોઇ પણ સમયની મંડળીના ઘણાજ નામાંકીત વડીલોએ માન્યો છે અને તેનો બોધ કીધો છે, અને તેમના સહવર્તમાન પુરૂષોમાના કોઇ તે મતની સામા થયા નથી અથવા તેનું ખંડન કીધું નથી, **તેજ** મતને તે કાળની મંડળીના સામાન્ય મત તરીકે ગણવાનો છે પણ સત્ય, નીતિ અને

---

* ગીસલર કૃત ચર્ચ (મંડળી) નો ઇતિહાસ ભાગ ૧ પાન ૨૧૫ જુઓ.

ધાર્મિકપણાના એક હજાર વર્ષના મતને પ્રેરિતો પછીના તરતનાજ કાળના ઘણાજ નામકિત વડીલોએ માન્યો હતો, અને તેનો બોધ કીધો હતો, અને તેમના મહવર્તમાન પુરૂષોમાના કોઇ તે મતની સામા થયા નહતા અથવા તેનું ખંડન કીધું નહતું, તેથી કરીને **એ મત તે સમયમાં સામાન્ય રીતે મનાયલો મત હતો.** ૧

સ્ટૅકહાઉસ, બ્રહ્મજ્ઞાનનો સંપૂર્ણ સંગ્રહ " નામના પોતાના ગ્રંથ (ભાગ ૧ પાન ૫૯૭) મા કહે છે કે, " આ (સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો) મત જુના જમાનાનો છે, અને **એક વખત તમામ આસ્તિક ખ્રીસ્તિઓનો સાધારણ મત હતો** એ વાતની ના પાડી શકાયજ નહીં "

બીશપ ન્યૂટન કહે છે, " સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો મત (તે મતના માનનારાના વિચાર પ્રમાણે) **પ્રથમના ત્રણ સેકા અને પવિત્રમાં પવિત્ર કાળમાં સામાન્ય રીતે મનાતો હતો** " ×

બીશપ રસલ જો કે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના મતને માનનારાઓની વિરૂદ્ધ હતો, તોપણ તે કહે છે કે, " ચોથી સદીની શરૂઆત સુધી, **આ મત સાર્વજનિક અને કોઇ પણ જાતની તકરાર શિવાય મનાતો હતો.**

---

૧ ચાલીંગવર્થના ગ્રંથો. ફિલાડેલફિઆની આવૃતિ ૧૮૪૪. પાન ૭૩૦.

× ભવિષ્ય વાણીઓ ઉપર વાદયુક્ત ગ્રંથ પાન ૫૨૭.

ગીબન જે એક અદલ ઇનસાફી સાક્ષી છે તે કહે છે કે, જ-સ્ટીન મારટીર અને ઇરીનીઅસ જેમણે પ્રેરિતોના નિકટના શિષ્યો સાથે સંવાદ કીધો હતો તેમના વખતથી, તે લેક્ટેન્શીઅસ, જે કોન્સ્ટનટાઇનના દીકરાનો ગુરૂ હતો, તેના વખત સુધીના સંખ્યાબંધ ધર્મપિતૃઓએ, આ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ વીશેના પુરાતની અને લોકપ્રિય મતનો સંભાળપૂર્વક વારંવાર ઠસાવીને બોધ કર્યો હતો. **આસ્તિક માનનારાઓમાં આ જબરો મત સર્વત્ર ચાલુ હતો** એમ જણાય છે.

તે વળી કહે છે કે, "જ્યાં સુધી આ ભુલ (તેના કહેવા મુજબ) મંડળીમાં ચાલુ રહેવા દેવામાં આવી, ત્યાં સુધી ખ્રીસ્તીઓના વિશ્વાસ અને વહેવાર ઉપર તેની **ઘણીજ ગુણકારી અને કલ્યાણકારી અસરો** થઈ હતી" *

ડૉકટર દાનિયલ વ્હીટબી - જે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પછી** ખ્રીસ્તનું આવવું થશે એવા **અર્વાચિન** મતનો સ્થાપનાર છે - તે પોતાના "દંતકથાઓના પુસ્તક" માં, ખુલ્લા મનથી કબુલ કરે છે કે, "સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના મતને ઘણા સારામાં સારા ખ્રીસ્તીઓએ **અઢીસો** વર્ષ સુધી પ્રેરિતોની દંતકથા તરીકે માન્યો હતો, અને તેવોજ બોધ બીજી અને ત્રીજી સદીના ઘણા ધર્મપિતૃઓએ કીધો હતો, અને તેઓએ તેને વિષે એમ કહ્યું હતું કે, **તે આપણા દેવ અને તેના પ્રેરિતોની તથા તેમની આગળ થઈ ગયલા તમામ**

* ગીબનના રોમ વિષે મિલમેનનો ગ્રંથ ભાગ ૧ પાન ૨૬૨

પુરાતની લોકોની દંતકથા છે, અને તે લોકો પોતાને જે પ્રમાણે એ દંતકથા કહેવામા આવેલી તે પ્રમાણે, તથા ધર્મપૂસ્તકોનો તેને અનુસરીને તેમને જે અર્થ સમજાવવામા આવેલો તે પ્રમાણે, તેના શબ્દેશબ્દ આપણુને કહે છે, અને વધુમા કહે છે ક તમામ **ખ્રીસ્તીઓ જેઓ સંપૂર્ણ રીતે આસ્તિક હતા તેઓ તેને તે પ્રમાણે માનતા હતા.**"

રએન આ વચનોનુ પૂર્ણ પ્રાબલ્ય (ગોરવ) કોઇના સમજવામા પુરુ ન આવે, તેટલા માટે આ સ્થળે એમ કહેવુ યોગ્ય ગણાશે કે, ગીબનના કહેવા મુજબનો "સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ સંબધીનો આ પુરાતની અને લોકપ્રિય મત" તેજ "સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલા ખ્રીસ્ત આવશે અને પૃથ્વી ઉપર એક હજાર વર્ષ સુધી રાજ્ય કરશે" એ મત છે. એ મતને સાધારણ રીતે (Chiliasm) એટલે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના હજાર વર્ષના યુગનો મત કહેતા હતા, અને Chiliasm ના અર્થ માટે વેબસ્ટરનો શબ્દકોષ જુઓ,

ટુકમા આ વિષય ઉપર ધાર્મિક અને અધાર્મિક બને ગ્રથકર્તાનો આવા પુરાવા છે, અને જે આરભના ધર્મપિતૃઓ વિષે તેઓ બોલે છે, તેઓમાના કટલાએક તો પ્રેરિતોના વખતના તદન નહી, તો તેમની ઘણીજ નજીકના કાળના સમકાલીન હતા

પેપીઆસ, જે ફ્રીજીઆમાના હીરાપોલીસનો ધર્મગુરૂ (બીશપ) હતો, અને જે સેન્ટ યોહાનનો શિષ્ય હતો અથવા તો સેન્ટ યોહા-

નના નજીકના શિષ્યો પાસેથીજ તેણે પોતાનો ઉપદેશ લીધો હતો, તે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના મતનો ચુસ્ત માનનારો હતો. અને એ મતનો તે પીતા કહેવાતો હતો. (મેકલીનટોક અને સ્ટ્રોગના સર્વ વિદ્યા સગ્રહ કોષ જુઓ) ઇરીનીઅસ, જે સ્મીર્નાના બીશપ પૉલીકાર્પનો શિષ્ય હતો તેને સેન્ટ યોહાન સાથે સીધી રીતે સબધ હતો. અને તેજ પ્રમાણ જસ્ટીન માર્ટીર, પણ ઘણા આરભના ધર્મપિતૃઓમાનો એક હતો

આવા નામાકિત ખ્રીસ્તી ધર્મપિતૃઓએ નિર્વિવાદ રીતે બોધ કીધો કે આ મત "આપણા પ્રભુ અને તેના પ્રેરીતોની દતકથા" છે, તેના ઉપર લક્ષ આપવાની તથા તેને માન આપવાની પવિત્ર ફરજ શુ આપણા ઉપર નથી ? ત્યારે આપણા પવિત્ર ધર્મ સાથે સબંધ રાખતા બીજા દરેક વિષય જેવા કે બાપ્તિઝમ, મંડળીના નિયમો, પ્રાથના વિધી, વિશ્વાસ સિદ્ધાતોની ટીપણી, ઇત્યાદિ માટેના ધર્મપિતૃઓના મત નક્કી કરવા માટે આપણે પાછલા વખતનો આધાર જોવા માટે ખતથી ખોળ કરીએ છીએ તેનુ શુ કારણ ? અને તેમ કરવામા તે ધર્મોપદેશકો તે બાબત વિષે શું માનતા હતા અને તેમણે કેવો ઉપદેશ કરેલો તે સબધી આપણા **માનવા** ઉપર આપણે કેટલો બધો ભાર મુકીએ છીએ ? ઉપર મુજબ આપણે હમેશ કરીએ છીએ છતા આ સાથી વધારે મહત્વવાળા વિષય માટે તો, તે ધર્મપિતૃઓનુ એ સબધીનું માનવું તથા તેમનો પુરાવો જે આપણે **જાણીએ છીએ**, તેને તો આપણે કોરે મુકી દઇએ છીએ ? આ રીત શું યોગ્ય અગર બધ્ધમેળની ગણી શકાય કે ? પ્રિય વાચક,

થેસ્સાલોનીઆના લોકોને પાઊલે આપેલી નીચેની શિખામણ ઉપર હમને આ સ્થળે ભાર મુકવા દો, કે "ભાઇઓ, સ્થિર રહો, અને

સંપ્રદાય (ઉપદેશ) ને પકડી રાખો,

કે જે તમે વાતથી અથવા અમારા પત્રથી શિખ્યા હો તે" (૩૯) ઉપદેશને, એટલે જે લખીત પત્રથી અથવા મોંઢેથી શિખ્યા હો, તે ઉપદેશને પકડી રાખો (જુઓ કલમ ૫) તો હવે પાઊલ અને બીજા પ્રેરિતોએ ખ્રીસ્તના આવવા વિષે તથા પવિત્રોના રાજ્ય વિષે જે આટલી બધી સ્ફુટથી લખ્યુ છે તે સંપ્રદાય (ઉપદેશ) આ નહોય તો બીજો કયો હોય? તેઓ તે સંપ્રદાયને બેશક માનતા હતાજ, અને જે સંપ્રદાયો પુરાતની મંડળી માનતી હતી એવું ઇહા-ટમી અને બીજા વિશ્વાસ પાત્ર ગ્રંથકારો સ્પષ્ટ રીતે સાબીત કરેછે, તે સંપ્રદાયો આજ છે, એમ માનવું તે આવી આવી શીખામણોને લીધે, વાજબી છે ત્યારે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હ-જાર વર્ષ **પછી** ખ્રીસ્તના આવવાના તદ્દન અર્વાચીન મતને નહિ, પણ ધર્મપિતૃઓના ઘણા પ્રાચિન વિશ્વાસને હમને પણ માનવા દો.

પ્રેરિતો ભુલ્યા નહતા.

કેટલાક જે કહે છે કે "પ્રેરિતો ભુલ્યા હતા, અને તેથી કરીને આ વિષય ઉપર તેમને ઇશ્વર પ્રેરણા થઇ ન હતી," તે હમે માની શકતા નથી, તેમજ તેઓ અને તમામ આરંભના ખ્રીસ્તી-ઓએ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **અગાઉ**

(૩૯) ૨ થેસ્સા. ૨ ૫, ૧૫.

ખ્રીસ્તના આવવા સબંધી ખોટી આશા બાંધીને પોતાની હસવા જેવી મશ્કરી બનાવવા દીધી છે, એમ કહેવુ એ પણ હમે માની શકતા નથી. આપણો પ્રભુ પાછો આવશેજ એ વાત તેઓ ખાત્રીથી માનતા હતા જો કે કઇ ઘડીએ તે આવશે તે બાપ શિવાય બીજું કોઇ જાણતુ ન હતું, પણ તે ઘડી અનિશ્ચિત (૪૦) અને ઘણીજ નજીક (૪૧) છે, એમ તેમને ફરમાન થયુ હતુ, તેથી તેઓ જાગતા રહીને વાટ જોતા હતા અને તેઓ સ્વર્ગના અદૃશ્ય પ્રદેશમાં ચાલ્યા ગયા છે, તોપણ તેઓ આ લખાત વાત, તેમના ફરી ફરીને બોલાયલા સંપ્રદાય, અને તેમની મહાન આશા, આપણે માટે પાછળ મુકી ગયા છે. તેથી કરીને **હમે તેની ચોકી આશામાને આશામાં વાટ જોઇને ચાલુ રાખીએ** છીએ; અને જોકે તે આવતી કાલે અથવા આજથી એક હજાર વર્ષ પછીથી આવશે એમ કહેવાની હમને હીમત નથી, તોપણ "તે હમણા આવશે" એટલી વાતની તો હમને સંપૂર્ણ ખાત્રી છે.

આશા.

હવે આ મહિમાવાળી આશા નિરંતર મંડળીને દેખાડી છે, તે એટલા માટે કે વરરાજા આવે ત્યા સુધી તે મંડળી હમેશ આશા અને આકાંક્ષાની યોગ્ય સ્થિતિમા રહે ઇસ્ત્રાએલને અરણ્યમા જેમ થયું, તેની પેઠે આપણે પણ અનુભવ સિધ્ધ માની લેવું જોઇએ

(૪૦) માથિ ૨૫ ૪૨–૪૪.

(૪૧) લુક ૧૨ ૩૫ - ૪૦, હેબ્રીઓ ૧૦ ૩૭.

કે આપણે મુસાફરો અને પરદેશીઓ છીએ, અને મરણ અને પુનરુત્થાનની જેરડન નદીની પેલી મેરના પ્રદેશ, નગર અને રાજાની શોધ કરીએ છીએ

મંડળીના મોટા સમુદાયના સામાન્ય નસીબમા 'મરણ અને પુનરુત્થાન' એ બે બાબત છે પણ, અલબત, જ્યારે ખ્રીસ્ત આવશે (૪૨), ત્યારે કેટલાએક જીવતા હશે, અને તેઓ મરણ પામશે નહીં, પણ તેઓ એક પળમા બદલાઇ (૪૩) જશે અને એલીયાહની પેઠે પાછા ઉઠેલા પવિત્રોની સાથે ગગનમા પ્રભુને મળવા માટે તેઓ વાદળમા તણાઇ જશે (૧ થેસ્સા ૪ ૧૬ – ૧૮)

જ્યારે પ્રભુ પોતાના પવિત્રોને આ જગતમાથી લેવા માટે પૂરેપૂરા મહિમામા આવશે, ત્યારે પ્રાતઃકાળનો સમય હશે. એટલે દીવસ ઉદયમાથી જાગતો હોય તેમ સૂર્યનો પ્રકાશ અંધકાર અને તિમિરમા આવતો હશે

જ્યાર પ્રભુ પોતાના પવિત્રોને પોતાની પાસે લેશે, ત્યારે મધ્યાન્હકાળ હશે, અથવા સંધિપ્રકાશ કે ઝળઝળીયુ હશે, અથવા તો કદાચ, મધરાતનો સમય હશે કે, જેમ મધરાતનુ કાળુ ઘોર અંધારુ ફાડીને તેના મહિમાનુ અજવાળુ અને પ્રકાશ પ્રકટી નીકળશે

જ્યારે તેનુ લશ્કર સ્વર્ગમાથી ઉતરતા ઉતરતા હોસાનાના પોકાર કરે છે, અને તેની તહેનાતમા મહિમા પામેલા પવિત્રો અને

(૪૨) ૧ થેસ્સા ૪ ૧૫ – ૧૮
(૪૩) ૧ કરિંથી ૧૫ ૫૧-૫૨ માથ્થિ ૨૩ ૩૭ – ૩૯.


દૂતો છે, અને તેના કપાળ ઉપર મહિમાના પ્રભાસની પેઠે કૃપાદૃષ્ટિ છે, ત્યારે ઇસુ પોતાના પવિત્રોને પોતાની પાસે લેશે

અરે! કેવો આનંદ! અરે કેવી મઝા! શું જ્યારે ઇસુ પોતાના પવિત્રોને પોતાની પાસે લેશે, ત્યારે આપણે મરણ શિવાય, તેમજ કોઇ પણ જાતની માંદગી કે દુઃખ, કે કોઇ જાતના ભય કે જુલમ શિવાય આપણા પ્રભુ સાથે મહિમાના વાદળમાંથી ઉપર ખેંચાઇ જઇશું?

પ્રકરણ આઠમું.

આકૃતિ.

આપણા પ્રભુના પાછા આવવા સંબંધી જે જે બીનાઓ બનવાની છે તેના ક્રમના માત્ર સ્થૂળ વર્ણન તરીકે આ નીચેનો નકશો આ ઠેકાણે હમે આપીએ છીએ આ સાથે આપેલી ટીકા અને



સમજુતી સાથે તેનો ખરો અભ્યાસ કરવાની હમારી ભલામણ છે, (૧. થેસ્મા ૪ ૧૮ નો હાસીઓ જુઓ), અને હમારૂ માનવુ છે કે, ચિત્ર દર્શનથી શિખવવામા આવતા પાઠ તરીકે, વાચક વર્ગને આ મહાન સવાલો સમજવામા તે ઘણો મદદગાર થઇ પડશે

આકૃતિની સમજુતી.

×—યહુદીઓના રાજા ખ્રીસ્તનો જન્મ, માથ્થિ, ૨ ૨.

+—ખ્રીસ્તનુ મરણ અને પુનરૂત્થાન.

ए—ખ્રીસ્ત ઉપર લઇ જવાયો તે. પ્રેરિતોના કૃત્ય ૧ ૯

डी—પવિત્રઆત્માનુ આકાશથી નીચે ઉતરવુ–પ્રેરિતોના કૃત્ય ૨

मंडळी—ખ્રીસ્તનું ગુપ્ત શરીર–એફેસી ૧ ૨૨–૨૩, ૩:૩–૬; રૂમી ૧૨ ૪–૫, કલોસી ૧ ૨૪–૨૭; ૧ કરીંથી ૧૨ ૧૨–૨૭, અને ખ્રીસ્તની વહુ, એફેસીઓ ૫:૨૧–૨૩.

डीइ—પોતાની વહુને પોતાની પાસે લેવા માટે, (યોહાન ૧૪ ૩), પ્રભુનુ આકાશમાથી નીચે ઉતરવુ. (૧ થેસ્મા ૪ ૧૬)

आर—ન્યાયીઓનું પુનરૂત્થાન. લુક ૧૪ ૧૪, પ્રેરિતોના કૃત્ય ૨૪ ૧૫, ૧ થેસ્સા ૪ ૧૫–૧૬), અને જીવતા વિશ્વાસીઓનુ બદલાઇ જવું (૧ કરીંથી ૧૫ ૨૩, ૫૧, ૫૨).

पवित्रोनुं अकाशगमन—(હનોખની પેઠે) પવિત્રોનુ ખ્રીસ્તને ગગનમા મળવા સારૂ આકાશમા તણાઇ જવું. (૧ થેસ્મા ૪ ૧૭).

૧૫—ખ્રીસ્ત અને તેની વહુનો મેળાપ. (૧ થેસ્સા. ૪.૧૭, એફેસીઓ ૫ ૨૧-૩૨, ૨ કરિથી ૧૧-૨).

પ્રભુ ઇસુ ખ્રીસ્તની પાસે આ સ્થળે આપણે એકઠા થઇએ છીએ —(૨ થેસ્સા ૨ ૧) અને **હલવાનનું** લગ્ન. (માથિ. ૨૨ ૨ - ૧૦, ૨૫ ૧૦, લુક ૧૪ ૧૫-૨૪, પ્રકટીકરણ ૧૯ ૭-૮) તેજ પ્રમાણે આપણે સદાને માટે પ્રભુની પાસે હોઇશુ (યોહાન ૧૨ ૨૬,૧૪ ૩, ૧૭ ૨૪, ૧ થેસ્સા ૪:૧૭) તે મંડળીની આશા છે (ફિલિપી ૩ ૨૦-૨૧, તીતસ ૨ ૧૩; ૧ યોહાન ૩ ૨-૩ લુક ૨૧:૨૮, રૂમી ૮:૨૩,) એફેસીઓ ૪ ૩૦ મા કહેવામા આવેલો ઉદ્ધાર. તો, એ વાતોથી એકબીજાને સુબોધ કરો (૧ થેસ્સા૪ ૧૮). આ રીતે મંડળી સંકટમાથી બચી જાય છે (લુક. ૨૧:૩૬, ૨. પીતર ૨·૯, પ્રકટીકરણ ૩ ૧૦)

૧૬—જગત ઉપર કદી નહી સાભળ્યુ હોય તેવા સંકટનો સમય (દાનિયલ ૧૨ ૧, મથિ ૨૪ ૨૧, લુક ૨૧:૨૫-૨૬), કે જે અરસામા-મંડળી બહાર લગ્ન લેવાઇ છે-તેથી પ્રભુ ઇસ્રાએલો સાથે ફરીથી કામ પાડે છે, (પ્રેરિતોના કૃત્ય ૧૫ ૧૩-૧૭, ગીતશાસ્ત્ર ૫૧:૧૮; ૧૦૨ ૧૬), અને તેમને તેમના દેશમા પાછા લાવશે (યશાયાહ ૧૧ ૧૧, ૧૦, યિર્મેયાહ ૩૦ ૩, ૩૧, ૩૨ ૩૬ - ૪૪, આમોસ ૯ ૧૫, ઝખાયાહ ૮ ૧૦, રૂમી ૧૧). ખ્રીસ્ત-વિરોધી પ્રગટ થશે. (૨ થેસ્સા ૨ ૧૮). દેવના કોપનાં પ્યાલા રેડાયા ગીતશાસ્ત્ર ૨:૧-૫, પ્રકટીકરણ ૬:૧૬-૧૭, ૧૪ ૧૦, ૧૬) પણ માણસો દેવનુ ફક્ત દુર્ભાષણ કરે છે (પ્રકટીકરણ ૧૬ ૧૧-૨૧).

ઇસ્રાયલ ખ્રીસ્તને કબુલ કરે છે (ઝખાર્યાહ ૧૨ ૧૦-૧૪, ૧૩ ૯), અને તેમને અગ્નિમાથી આરપાર કાઢવામા આવ્યા છે. (ઝખાર્યાહ ૧૩ ૯) તેઓ ગુજરી નહી જશે. (માતિથ ૨૪ ૩૪; ગીતશાસ્ત્ર ૨૨:૩૦)

प्रकटीकरण—બળતી આગમા (૨. થેસ્સા ૧ ૭-૧૦) પૃથ્વી ઉપર ન્યાય કરવા (યહુદા ૧૪-૧૫) બળતી આગમા (૨ થેસ્સા. ૧ ૭-૧૦) ખ્રીસ્ત અને તેના પવિત્રોનું પ્રકટીકરણ (કલોસી ૩ ४, ૧ થેસ્સા. ૩ ૧૩), આ ખ્રીસ્તનુ પૃથ્વી ઉપરનુ બીજી વખતનુ આવવુ છે પ્રેરિતોના કૃત્ય ૧:૧૧, પુનર્નિયમ ૩૩ ૨, ઝખાર્યાહ ૧૪ ૪-૫, માતિથ ૧૬ ૨૭, ૨૪ ૨૯-૩૦).

जे—જીવતાઓનો અથવા દેશજાતિઓનો ન્યાય (માતિથ ૨૫ ૩૧-૪૬; ૧૯ ૨૮, પ્રેરિતોના કૃત્ય ૧૦ ૪૨, ૧ પીતર ૪ ૫) ખ્રીસ્ત-વિરોધી નાશ પામે છે (૨ થેસ્સા ૨ ૮). શ્વાપદ અને જુઠા ભવિષ્યવાદીઓ પકડાયા છે. (પ્રકટીકરણ ૧૯,૨૦). ગોગ અને તેના મળતીઆઓને શિક્ષા કરવામા આવે છે (હઝકીએલ અધ્યાય ૩૮ અને ૩૯) શેતાનને બાંધવામા આવે છે, (પ્રકટીકરણ ૨૦:૧-૩, રૂમી ૧૬ ૨૦).

आर. टी—સંકટ પામેલા પવિત્રોનુ પુનરૂત્થાન, એજ પહેલું પુનરૂત્થાન છે-(પ્રકટીકરણ ૨૦ ४-૬).

एक हजार वर्षनु राज्य—પોતાની વહુ સાથે, (૨ તિમોથી ૨ ૧૨, પ્રકટીકરણ ૫ ૧૦, યશાયાહ ૨:૨-૫, ૪, ૧૧· ૧-૧૨, ૨૫ ૬-૯, યશાયાહ ૬૫ ૧૮-૨૫, મીખાહ ૪ ૧-૪, સફાન્યાહ ૩:૧૪-૨૦, ઝખાર્યાહ ૮ ૩-૮, ઝખાર્યાહ ૮:૨૦-૨૩,

૧૪,૧૬-૨૧), ખ્રીસ્તનું પૃથ્વી ઉપર એક હજાર વર્ષ સુધીનું મહિમાવાળું રાજ્ય (મીલેનીઅમ) (પ્રકટીકરણ ૨૦૪)

एस—શેતાન થોડા વખતને માટે તેના બંધનથી છોડાયો, અને ગોગ અને માગોગ સહિત તેનો નાશ થયો. (પ્રકટીકરણ ૨૮.૭-૧૦, હેબ્રીઓ ૨·૧૪).

पुनरूत्थान—ન્યાયનુ પુનરૂત્થાન (પ્રકટીકરણ ૨૦:૧૨-૧૫; યોહાન ૫.૨૯, દાનિયલ ૧૨,૨).

जे. उ. टी.—બાકીના મરી ગયલાઓનો ઉજળા રાજ્યાસન આગળ ન્યાય (પ્રકટીકરણ ૨૦·૧૧-૧૫). મરણ અને હાડેસનો નાશ કરવામા આવ્યો, પ્રકટીકરણ (૨૦ ૧૪, ૧ કરિંથી ૧૫·૨૬).

इ. ई—અનતકાળ-અથવા હવે પછી આવવાના યુગો. (એફેસીઓ ૨,૭)*

અમે માનીએ છીએ કે આ બીનાઓનું પ્રભુના વચનમા ખુલ્લી રીતે ભવિષ્ય ભખાયલું છે, જો કે જે ચોક્કસ ક્રમમા તે ઉપર આપવામા આવી છે (પ્રસ્તાવના જુઓ) તે ક્રમ ખરોજ છે એમ હમે ખાતરજમાથી કહેતા નથી પણ આત્માએ જેટલા પ્રમાણમા ભવિષ્યની વાતો આપણને કરી દેખાડી છે, તે થોડે ઘણે અશે વાચક વર્ગને સમજવા માટે મદદગાર થઇ પડશે એમ હમારી ખાત્રી છે, (૨ પીતર ૧ ૨૧, યોહાન ૧૬ ૧૩, ૧ કરિથી ૨ ૧૦); અને અનતકાળ કાંઇ ખાલી કોરી જગ્યા નથી અથવા તેની સ્થીતિ પુતળા જેવી નથી, પણ હવે પછીના આવવાના યુગોમા પ્રભુના

પ્રકરણ નવમું.

પવિત્રોનું આકાશ ગમન તથા પ્રકટીકરણ.

આ વિષય ખરી રીતે સમજવા માટે બે વાત અતિશય મહ-ત્વની છે, તેમાની **પહેલી** – પવિત્રોનુ આકાશ ગમન તથા પુનરૂ-ત્થાન વચ્ચેનો ભેદ છે. અને **બીજી** વાત મડળી અને સત્ય, નીતિ તથા ધાર્મિકપણાના એક હજાર વર્ષના રાજ્ય વચ્ચેનો ભેદ, જે વિષે પ્રકરણ ૧૦ મા કહેવામા આવશે. પ્રવિત્રોનુ આકાશ ગમન એટલે આકાશમા તણાઇ જવુ, એટલે ઉચે અથવા દુર ખેંચાઇ જવુ તે. **પ્રકટીકરણ** (ગ્રીક Apokalupsis) એટલે પ્રગટ થવુ અથવા પ્રકાશીત થવુ અથવા પાદુર્ભાવ (૧) જ્યારે સંકટ સમય પહેલા મંડળી ગગનમા ખ્રીસ્તને મળવા સારુ વાદળામા (૨) તણાઇ જાયછે, ત્યારે પવિત્રોનુ આકાશ ગમન થાયછે અને જ્યારે પૃથ્વી ઉપર

અખડિત પાદુર્ભાવનો આપણને પ્રકાશ દેખાડે છે (એફેસીઓ ૨ ૭) તેજ પ્રમાણે "યુગોનાયુગો" મા પણ, (જુઓ ગ્રીક ભાષામા ગલાતી ૧·૫, એફેસીઓ ૩ ૨૧, ફિલીપી ૪ ૨૧, ૧ તીમોથી ૧ ૧૭; ૨ તીમોથી. ૪·૧૮, હેબ્રી ૧૩·૨૧, ૧ પીતર ૪ ૧૧, પ્રકટીકરણ ૧·૬, ૧૮, ૪ ૯,૧૦, ૫:૧૩, ૭ ૧૨, ૧૦:૬, ૧૧:૧૫, ૧૪:૧૧, ૧૫ ૭, ૧૯ ૩, ૨૦ ૧૦, ૨૨ ૫. જુઓ પ્રકરણ ૨૧).

(૧) રૂમી ૮ ૧૯. (૨) ૧. થેસ્સા ૪ ૧૪ – ૧૭

ન્યાયિચન્સાફ કરીને (૩) સકટનો છેડો લાવવા માટે ખ્રીસ્ત પોતાના પવિત્રો સહિત આવેછે, ત્યારે **પ્રકટીકરણ** થાય છે

પવિત્રોના આકાશ ગમન વખતે, ખ્રીસ્ત પોતાના પવિત્રો માટે **આકાશમાં** આવેછે (૪). **પ્રકટીકરણ વખતે**, તે તેમની સાથે **પૃથ્વી** ઉપર આવેછે (૫) તે તેઓની **સાથે** આવી શકે, તે પહેલા તેઓને **માટે** તેને ખરેખર આવવુ જોઇએ. દેવ તેમને ઇ-સુની સાથે (**૧** થેસ્સા ૪ **૧૪**) લાવશે (ગ્રીક ભાષામા – તેમને આગળ દોરશે) એ અભય વચનજ સાબીત કરેછે કે, ગગનમા પ્રભુને મળવા સારૂ વાદળમા જેઓ તણાઇ ગયા છે, તેમને માટે તે **પ્રથમ આવશે** (કલમ ૧૭) જે ગ્રીક શબ્દનો **અર્થ** અહીંઆ ‘ મળવા સારૂ ’ કરેલો **છે**, તેનો અર્થ “ તેની સાથે પાછા આવવા **સારૂ** બહાર જવુ તે ” એવો થાયછે એજ શબ્દ પ્રેરિતોના કૃત્ય **૨૮ ૧૫** મા (૬) વપરાયલો છે, જ્યા કહ્યુ છે કે પાઉલ રૂમ જવા નીકળ્યો, ત્યારે ભાઇઓ પાઉલને આપીફોરમ તથા ત્રણ ધર્મશાળા લગી સામા મળવા આવ્યા. ખ્રીસ્તને ગગનમા મળવા માટે આપણું વાદળમા તણાઇ જવું, અને પછીથી તેની સાથે પૃથ્વી ઉપર પાછું આવવુ, એ વચન, ઉપરની વાત સાથે બધ બેસતુ છે

વળી, **પવિત્રોના આકાશ ગમન** વખતે ખ્રીસ્ત પોતાની

(૩) ૨. થેસ્સા ૧ ૭ – ૧૦, યહુદાનો પત્ર ૧૪ – ૧૫.
(૪) યોહાન ૧૪: ૩. (૫) ૧ થેસ્સા ૩ **૧૩**, ઝખાર્યાહ **૧૪** ૫.
(૬) પ્રેરિતોના કૃત્ય ૨૮ **૧૫**.

વહુ એટલે મંડળીને (૭) પોતાની સાથે લેવાને માટે વર (૮) તરીકે આવેછે. **પ્રકટીકરણ** વખતે, તે વિદેશીઓ (૯) ઉપર રાજ્ય કરવાને પોતાની વહુ સાથે આવેછે.

પવિત્રોના આકાશગમન વખતે, તે પવિત્રોને વાદળ (ગગન)મા મળવા માટેજ ફક્ત આવે છે. (**૧** થેસ્સા ૪ **૧**૭). **પ્રકટીકરણ વખતે,** તે પૃથ્વી (૧૦) ઉપર આવે છે, અને જે જેતુન પર્વત ઉપરથી તે આકાશમા ગયો (**૧૧**) તેજ જૈતુન પર્વત ઉપર તેના પગ ઉભા રહેશે.

પવિત્રોના આકાશગમન વખતે, હનોખની પેઠે, દુનિયા(**૧૨**) માથી મંડળીને બહાર લઇ લેવામા આવે છે. **પ્રકટીકરણ વખતે,** સત્ય, નીતિ, અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનુ રાજ્ય શરૂ થાય છે (૧૩).

લુક. **૨૧**:૨૮ મા ફરમાવ્યુ છે કે સંકટ સમય પહેલા **પવિત્રોનું આકાશગમન** (Rapture) **થશે.** "પણ આ વાતો થવા લાગે, ત્યારે તમે નજર ઉઠાવીને તમારા માથા ઉચા કરો, કેમકે તમારો ઉદ્ધાર પાસે આવ્યો છે " (અહીં "ઉદ્ધાર" નો અર્થ રૂમી ૮ ૨૩ માની માફક "પ્રથમનુ પુનરૂત્થાન " થાય છે).(**૧**૩)

(૭) એફેસીઓ ૫: ૨૫ – ૩૨. (૮) માથ્થિ **૨**૫ ૧૦.

(૯) પ્રકટીકરણ **૨** ૨૬ – ૨૭, પ્રકટીકરણ ૫ ૧૦, પ્રકટીકરણ ૧૯ **૧**૫, જુઓ વળી પ્રકટીકરણ **૧૨** ૫.

(૧૦) પ્રેરિતોના કૃત્ય ૧:૧૧. (૧૧) ઝખાર્યાહ ૧૪:૪–૫.

(**૧૨**) પ્રેરિતોના કૃત્ય **૧**૫ **૧**૩ –૧૭. (૧૩) રૂમી ૮ ૨૩.

લુક. ૨૧ ૩૧ મા જ્યારે " આ **સઘળાં** (એટલે સંકટો) થતા જુઓ અને દેવનું રાજ્ય પાસે છે" એમ કહ્યુ છે તેમાં **પુનરૂત્થાન** વિષે ઇસારો કરવામા આવ્યો છે.

પવિત્રોના આકાશગમનનો સમય (Rapture) કોઇપણ પળે આવી પહોંચશે (૧૪), પણ ખ્રીસ્ત-વિરોધી પ્રગટ થશે નહીં અને (પ્રભુનો દીવસ બતાવનારા) લેવિય. ૨૬, દાનિયલ અને પ્રકટીકરણમા આપેલા તમામ સંજોગો અને સમયો પરિપૂર્ણ થશે નહી, ત્યા સુધી **પ્રકટીકરણ** થશે નહીં **પ્રકટીકરણ**, પ્રભુના પ્રગટ થવાનો દીવસ (૧૫) સાથે લઇને આવે છે.

આવી રીતના ભેદને સ્પષ્ટ કરી જુદા પાડવામા ભુલ કરવાથી આ વિષયના ટીકાકારોમા ઘણો ગુંચવાડો થવા પામ્યો છે. દાખલા તરીકે ૨ થેસ્સા અધ્યાય ૨ ની પહેલી કલમમા, પાઉલ પ્રેરિત પ્રભુ પાસે **પવિત્રોના આકાશગમન** વિષે કહે છે. એટલે કે, પ્રભુનુ આવવુ અને તેની પાસે આપણ એકઠું થવુ, અને તે બાબત વિષે તેણે ખાસ કરીને આગલા પત્રમા એટલે ૧ થેસ્સાના ચોથા અધ્યાયમા ઘણી લંબાણથી લખેલુ છે. બીજી કલમમા તે **પ્રકટીકરણ** અથવા પ્રભુના દીવસ* વિષે કહે છે. અને "ધર્મત્યાગ થશે,"

(૧૪) માત્થિ ૨૪ ૪૨. (૧૫) ૧ થેસ્સા ૫ ૨, લુક ૧૭ ૩૦, વળી ૨. થેસ્સા ૧:૭-૧૦, પીતર ૩ ૧૦-૧૨ વીગેરે જુઓ

* ગ્રીક ભાષામાના જુનામા જુના હસ્તલેખોમા "ખ્રીસ્તના" નહી પણ "પ્રભુના" એમ મળી આવે છે જુઓ બેનજેલનુ નોમન અને બીજા પુસ્તકો

અને "પાપનુ માણુસ," અને "તે અધર્મી અથવા ખ્રીસ્ત-વિરોધી પ્રગટ થશે," એ બીનાઓ બનશે નહી, ત્યા સુધી તે દીવસ આવશે નહી. અને ઉપર મુજબ હકીકત છે છતા, ઘણા ખરા ટીકાકારોએ વિવેચન કર્યું છે કે, આ બંને કલમોમા પાઉલ પ્રેરિતે એકની એકજ બાબત ઉદ્દેશીને કહી છે, અને એમ કહીને ધર્મપુસ્તકને, આપોઆપ માહોમાહે વિરોધી છે એમ બતાવે છે

પણ, ખ્રીસ્તે પોતાના આવવા વિષેની વાત નક્કીજ છે એમ કહી, જાગતા રહી રાહ જોવાની બધાને ભલામણ કરી છે, તેની વિરૂદ્ધમા કાઇ પણ કહેવાનો પાઉલનો ઇરાદો હતોજ નહી, એ આપણે સ્પષ્ટ સમજીએ છીએ. (માર્ક ૧૩:૩૫-૩૭; લુક ૧૨:૩૫-૪૦) તેણે તો ફક્ત, ઊપર કહ્યા મુજબ, **પવિત્રોના આકાશગમન** તથા **પ્રકટીકરણ**ની વાત વચ્ચેનો ભેદજ ખુલ્લો બતાવ્યો છે જે થેસ્સાલોનીઆના માણુસો સંકટ પામ્યા હતા, તેમણે ધાર્યું કે તેઓ સંકટના સમયમાં આવી પહોચ્યા છે, અને પ્રભુનો દીવસ ઉગી ચુકયો છે. + પણ પાઉલે એ તેમની ભુલ, પ્રથમ એમ કહીને સુધારી, કે પ્રભુએ જેમ ૧ થેસ્સા ૪ ૧૫-૧૭ મા હું જરૂર આવીશ, એમ કહી પોતાના આવવા વિષે

+ "Enesteeken" નો સત્તાવાર રીતે "પાસે, નજીક" એવો તરજુમો થાય છે, તેથી એ વાકયનો અર્થ "હાજર છે, અથવા બેસી ચુકયો છે" એમ થાય છે વળી એજ શબ્દ રૂમી ૮ ૩૮, ૧ કરિંથી ૩ ૨૨, ૭:૨૬; ગાલીતી ૧ ૪, હેબ્રિ ૯ ૯ મા જુઓ; જ્યા દરેક સ્થળે તેનો અર્થ "હાજર" એમ કરેલો છે.

કહ્યું છે, તેમ તે હજી તેમને માટે આવ્યો નથી, અને પછી વધારામા કહ્યુ છે કે પ્રભુનો દીવસ આવતા પહેલા અમુક બીજી બાબતો બનવાની છે તે હજી બની નથી તેણે ૧. થેસ્સા ૫. ૨ માં તેમને કહ્યુ હતુ કે "જેમ રાતમા ચોર, તેમ પ્રભુનો દિવસ આવેછે," પણ તેઓ રાતના તથા અધકારના ન હતા અને તેથી કરીને તે તેમને જાગતા રહેવા તથા સાવધાન રહેવાની શીખામણ આપેછે (વળી જુઓ લુક ૨૧ ૩૬)

પવિત્રોના આકાશ ગમન અને પ્રકટીકરણ ની વાતમાં ભેદ છે તેનો બીજો પુરાવો એ છે કે, સંકટ સમય જે પ્રકટીકરણ પહેલા આવવાનો છે, તેમાથી મંડળી બચી જશે. (માતિથ ૨૪ ૨૯–૩૦).

હનોખ, જે મડળીનો નમુનો છે, તે પોતાના આકાશગમનથી – એટલે ધસડાઇને વાદળાના ઉપર લઇ જવાયો (હેબ્રી ૧૧ ૫) અને તેથી તે જળપ્રલયમાથી બચી ગયો

ખ્રીસ્ત, લુક ૨૧: ૩૬ મા કહેછે કે "પણ હરવખત જાગતા રહો, ને વિનંતી કરો કે, આ બધું જે થવાનું છે, તેમાથી બચી જવાને તથા માણસના દીકરાની આગળ ઉભા રહેવાને તમે પ્રબળ થાઓ." અને આ ફરમાનને અનુસરીનેજ, તેણે મંડળીને પ્રકટીકરણ ૩. ૧૦ મા કહ્યા મુજબ ધન્ય વચન આપ્યું, અને તે નીચે મુજબ છે. — "તે મારી ધીરજની વાત રાખી છે, તેટલાજ માટે પૃથ્વી પરના રહેનારાઓનું પરીક્ષણ કરવા સારૂ પરીક્ષણનો જે સમય આખા મસાર પર આવનાર છે, તેથી હું પણ તને બચાવીશ. જુઓ હું વહેલો આવુ છુ" વીગેરે "પરીક્ષણના એટલે કસોટીના ખાસ

સમય અથવા વખત" વિષે અહીં કહેવામાં આવ્યું છે, જે આખી દુનિયા (એટલે આખી વસાયલી પૃથ્વી એટલે તમામ પૃથ્વી) ઉપર આવનાર છે. (એજ શબ્દ માત્થિ ૨૪. ૧૪માં પણ આપેલો છે).

એ વિપત્તિનો સમય ફક્ત યહુદાહ એકલા પર નહીં, પણ આખી વસાયલી પૃથ્વી ઉપર એવો સમય આવશે માત્થિ ૨૪: ૨૧ મા જે મોટી વિપત્તિ વિષે આપણને કહ્યું છે કે "તેવી જગતના આરંભથી હમણા સુધી થઇ નથી, ને કદી પણ થશે નહીં" તે વિપત્તિ સાથે આ ઉપરની વાત બંધ બેસતી થાય છે ઇસુ, મંડળીને આ વિપત્તિમાથી એટલે પરિક્ષણના સમયમાથી બચાવવાનું વચન આપેછે, એટલે જાગતા રહેલા અને પ્રાર્થના કરતા માનનારાઓ બચી જશે. (લુક ૨૧. ૩૬.) હવે એ સમય આખી પૃથ્વી ઉપર આવવાનો છે, તેથી તેમાથી બચી જવાનો બીજો રસ્તો નથી; ફક્ત પૃથ્વી ઉપરથી બહાર લઇ લેવાવાનો એક રસ્તો છે અને તે પવિત્રોના આકાશગમન વખતે પરીપૂર્ણ થાય છે. પ્રેરિતોના કૃત્ય ૧૫: ૧૪ અને ૧ થેસ્સા ૪ ૧૭ નાં વચનો મંડળી માટે મહિમાવાળો છુટકારાનો રસ્તો બતાવેછે.

પસંદ કરેલા (૧૬) ઇસ્રાયલમાના એક ભાગને (૧૭) યરૂશાલેમ (૧૮) મા પાછા એકઠા કરવામા આવશે, અને અગ્નિમાથી અથવા મહાન પરીક્ષણમાથી, કાઢવામા આવશે (૧૯).

---

(૧૬) માત્થિ ૨૪.૨૨. (૧૭) યશાયાહ ૬૫.૯, ૧૫,૨૨; રૂમી ૧૧:૫-૭. (૧૮) યશાયાહ ૧ ૨૬ - ૨૭; ઝખર્યાહ ૧૦:૬ - ૧૦. (૧૯) ઝખાર્યાહ ૧૩:૮-૯; ગીતશાસ્ત્ર ૫૭-૧; યશાયાહ ૨૬:૨૦-૨૧;-જુઓ ગીતશાસ્ત્ર ૨૭ ૫; ૩૧.૨૦.

હનોખની માફક, મંડળી એમાથી બચી જાય છે. નૂહની પેઠે, ઇસ્રાયલો તેમાથી પસાર થાય છે. તેજ પ્રમાણે, જેમ હનોખે કર્યું (ઉત્પત્તિ ૫ ૨૪) તેમ મંડળીએ દેવની સાથે નમ્રતાથી ચાલવું જોઇએ (મીખાહ ૬ ૮); અને તેણે દેવને (૨૦) પ્રસન્ન કીધા છે, એવી શાહેદી તેની પાસે હોવી જોઇએ, અને કોઇપણ પળે આકાશગમન માટે જાગૃત રહી રાહ જોવી જોઇએ.

યહુદીઓ, પોતાની તારીખો અને રૂતુઓને આધારે, પ્રકટીકરણ અથવા પ્રભુનો દીવસ, જે દિવસ તેમના મનને ઘોર અંધકારનો દિવસ કે જેમા બીલકુલ પ્રકાશ નથી (૨૧), તેને માટે ભલે રાહ જુએ, તોપણ, તે દિવસે તેઓ ખ્રીસ્ત (૨૨) નો સ્વિકાર કરશે, અને "તે દીવસે સાંજની વખતે અજવાળુ થશે," અને યરૂશાલેમમાથી જીવતા પાણી વહી નીકળશે" (ઝખાર્યાહ ૧૪ ૬-૮).

વરની આવવાની વખતે **આકાશગમન** અથવા ખેચાઇ જવુ, એ વચન વિશ્વાસુઆને માટે મધુરમા મધુર સુબોધથી ભરપુર છે. અને તેથી કરીને પાઉલ કહે છે કે, "એ વાતોથી એકબીજાને સુબોધ કરો" (૧ થેસ્સા ૪ ૧૮) પણ અધર્મીઓ ઉપર વેર લેવા માટે ખ્રીસ્તનુ તેના પવિત્રો સાથેનુ **પ્રકટીરકણ** તો, જેઓ આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની સુવાર્તાને (૨૩) માનતા નથી, તેમને માટે સાનદાશ્ચર્ય અને ભયથી ભરપુર છે

(૨૦) હેબ્રી ૧૧ ૫. (૨૧) આમોસ ૫ ૧૮-૨૦.
(૨૨) ઝખાર્યાહ ૧૨ ૯-૧૦. (૨૩) પ્રકટીકરણ ૬:૧૨-૧૭.
વળી જુઓ ૨ થેસ્સા ૧ ૭-૧૦.

પ્રકરણ દશમું.

મંડળી, તથા સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનું રાજ્ય.

મંડળી તથા સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના રાજ્ય વચ્ચેનો **ભેદ**, એ **બીજો** મુદ્દો છે. ખ્રીસ્તી મંડળી (Ekkleesia) એટલે સભા અથવા સમાજ, તે રાન (૧) મધ્યેની મંડળી, અથવા મુસાની વ્યવસ્થા પ્રમાણેની સમાજ કરતા **જુદી જાતની** છે. કેમકે ખ્રીસ્ત આવ્યો ત્યાર પછી સુધી, તે ભવિષ્યની વાત હતી. અને એ વાત માત્થિ ૧૬ ૧૮ માના તેના કહેવાથી સાબીત થાય છે કે, " આ પત્થર પર હું મારી મંડળી બાંધીશ; " અને એ વચનથી જણાય છે કે તે (મંડળી) હજી સુધી બંધાઇ નહતી.

અને સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનું રાજ્ય જે તેની પછી થવાનુ છે, તેનાથી પણ તેવીજ રીતે તે મંડળી જુદી જાતની છે

મંડળી તેના નમ્રતાના વખતમા ખ્રીસ્તનો ભાગતી છે, જે તેના દુખો પ્રગટ કરે છે અને તેના સંકટોનું ઓછાપણું (૨) પુરૂ કરેછે.

---

(૧) પ્રેરિતોના કૃત્ય ૭:૩૮. (૨) કલોસીઓ ૧ ૨૪. વળી ૨. કરિંથી ૧.૫-૬; ફિલિપી ૩ ૧૦; ૨ તિમોથી ૧ ૮ જુઓ

રાજ્ય એટલે ત્યારપછીના (૩) ખ્રીસ્તના મહિમાનુ પ્રકટીકરણ છે, કે જ્યારે " તે પોતાના મહિમાના રાજ્યાસન ઉપર બેસશે, " અને પરીક્ષણના આ સમયમા જેઓએ તેની સાથે દુ:ખ ભોગવ્યુ છે તેમને પણ બાદશાહી સત્તા અને અધિકારના ઉંચા પદે ચઢાવવામા આવશે (૪) જ્યારે ખ્રીસ્ત, રાજા, આવ્યો ત્યારે (આકાશમાનુ) રાજ્ય પાસે હતુ (૫) એટલે તે નજીક આવ્યુ (૬) (અથવા ગ્રીક ભાષામા તેજ શબ્દનો અર્થ "આવી પહોચ્યો છે" એમ કર્યો છે) (૭). તે એટલે સુધી કે તે ત્રણ માનીતા શિષ્યોને તેના પર્વત ઉપરના રૂપાંતર થતી વખતના મહિમા અને સત્તાનો પુર્વાનુભવ થયો. (૮).

પણ યહુદીઓએ તે વાત કબુલ કરી નહીં અને પોતાના રાજાને મારી નાખ્યો. આ માણસ તેમના ઉપર રાજ્ય કરે એ તેઓને ગમતુ નહતું, અને તેથી કરીને રાજ્ય "એકદમ પ્રગટ" થયું નહીં. એક કુલીન માણસ "જે પોતાને માટે રાજ્ય સપાદન કરીને પાછો આવવાના (ઇરાદાથી) દુર દેશ ગયો" તેના જેવી આ વાત છે. (જુઓ લુક ૧૯: ૧૧ - ૨૭) આ દૃષ્ટાંતથી ઇસુએ ચોખ્ખી રીતે ઉપદેશ કીધો છે કે એ રાજ્ય હજી ભવિષ્યમા આવવાનું છે

(૩) ૧ પીતર ૧:૧૧. (૪) માત્થિ ૧૯:૨૮ - વળી લુક ૨૨:૨૮ - ૩૦ જુઓ. (૫) માત્થી ૩ ૨ - વળી જુઓ અધ્યાય ૪:૧૭. અને ૧૦:૭ (૬) લુક ૧૦ ૯ - ૧૧.

(૭) હેબ્રિ ૧૦ ૨૫, વળી લુક ૧૨: ૩૩ જુઓ.

(૮) માત્થિ ૧૭ ૧ - ૯, વળી જુઓ માર્ક ૯: ૧ - ૧૦, લુક ૯: ૨૭ - ૩૬, ૨. પીતર. ૧ ૧૬ - ૧૮.

તે રાજ્ય હજી ભવિષ્યમાં (થશે).

ખ્રીસ્તે કહ્યું કે, "હું તમને કહુછુ કે, દેવના રાજ્યમા તે પુરૂં થાય, ત્યા લગી હુ (પાસ્ખા) ફરી ખાઇશ નહી," અને ફરીથી કહ્યું છે કે ' કેમકે હું તમને કહુછુ કે, દેવનું રાજ્ય આવે ત્યા સુધી હુ હવેથી દ્રાક્ષ રસ પીનાર નથી," એ વાત ભવિષ્યમા બનશે એમ કહ્યું છે (લુક ૨૨· ૧૬ – ૧૮, માત્થિ ૨૬: ૨૯; માર્ક ૧૪· ૨૫).

ગુન્હેગારે, લુક ૨૩ ૪૨ મા જે મોટેથી બુમ પાડીને કહ્યું હતુ કે "હે પ્રભુ, તુ તારા રાજ્યમા આવે ત્યારે મને સંભારજે" એ વાત હજી ભવિષ્યની હતી આરમથાઇનો યુસફ, જેણે ઇસુની લાસને કબરમા મુકી, તે પણ, "દેવના રાજ્યની વાટ જોતો હતો," તેથી પણ એ વાત ભવિષ્યમા બનવાની છે એમ જણાય છે. (માર્ક, ૧૫.૪૩).

પાઉલે, શિષ્યોને વિશ્વાસમા ટકી રહેવાને સુબોધ કીધો, ત્યારે કહ્યું કે, "આપણને ઘણા સંકટમા થઇને દેવના રાજ્યમા જવુ પડશે," એ વાત તેથી પણ હજી વધારે ભવિષ્યની છે. (પ્રેરિતોના કૃત્ય ૧૪ ૨૨). વિપત્તિ પામેલા થેસ્સાલોનીઆના લોકોએ "પોતે દેવના રાજ્યને માટે યોગ્ય ગણાય" એ હેતુથી જે દુખ સહન કર્યું, તે પણ ભવિષ્યની વાત છે. (૨, થેસ્સા ૧ ૪–૫).

વળી ઘણા વરસો વહી ગયા પછી પીતરે (૨ પીતર ૧ ૧૦–૧૧) પોતાનો નીચે મુજબ સુબોધ કીધો કે "એ માટે. ભાઇઓ, તમારૂં તેડું તથા નિવડણુ નિશ્ચય કરવા સારૂ વિશેષ યત્ન

કરો, કેમકે જો તમે એવું કરો તો કદી પડશો નહીં. કારણ કે એમ આપણા પ્રભુ તથા તારનાર તથા ઇસુ ખ્રીસ્તના સર્વ કાળના રાજ્યમા તમે પુરી રીતે પ્રવેશ પામશો, " એ વાત ભવિષ્યનીજ છે એમ તદ્દન ખચિત છે અને નિમકહલાલ વિશ્વાસુ અને પવિત્ર મડળીના લાબા સમય સુધીના દુખદાયક ઇતિહાસમા, જ્યારે તેણે જુથમા બધાવાના, સજા આપનારી સભાના, દેશપાર થવાના, ઠઠ્ઠા મશ્કરીના અને જુઠા આરોપના (૯) ત્રાસદાયક જુલમો સહન કર્યા, એ બધી વાત પણ ભવિષ્યની છે.

અને ઇસુ, મંડળીને (૧૦) દુખ દેનારને દુખ વાળી આપવા માટે રાજ્ય (૧૧) લઇને પાછો આવશે, અને " પોતાના મહિમાના રાજ્યાસન (૧૨) ઉપર બેસશે " તે વાત પણ ભવિષ્યની છે

ત્યારે આ રાજ્ય, કે જેના મર્મો (૧૩) આ સૈકાઓ થયા છુપા રહેલા છે, તે સત્તા અને મહિમામા (૧૪) પ્રગટ થશે

ત્યારેજ " આ જગતનું રાજ્ય, આપણા પ્રભુનું અને તેના ખ્રીસ્તનું (૧૫) થશે, અને ત્યારેજ તે રાજ્ય પરાત્પરના (૧૬) પવિત્રોને અપાશે તેટલા માટે, ઇસુએ આપણને શીખવ્યુ છે તેમ આપણે પ્રાર્થના કરીએ કે,

(૯) ૨ તિમોથી ૩ ૧૨. (૧૦) ૨. થેસ્સા ૧ ૬-૧૦, લુક ૧૯ ૨૭, (૧૧) લુક ૧૯ ૧૫ (૧૨) માથ્થિ ૧૯ ૨૮ (૧૩) માથ્થિ ૧૩ ૧૧, વળી જુઓ માર્ક ૪ ૧૧, લુક ૮ ૧૦ (૧૪) માથ્થિ ૧૩ ૪૩-વળી જુઓ લુક ૧૩ ૨૫-૨૯; રૂમી ૮ ૧૭-૨૩.
(૧૫) પ્રકટીકરણ ૧૧ ૧૫; દાનિયેલ ૭ ૧૪. (૧૬) દાનિયેલ ૭:૨૭.

"તારૂં રાજ્ય આવો."

યુદ્ધ કરતી મંડળી, જે પાન્ટીકોસ્ટના દીવસથી શરૂ થઇ હતી (પ્રેરિતોના કૃત્ય ૨), તે સંકટના સમય પહેલા, પવિત્રોના આકાશગમન વખતે સમાપ્ત થાય છે.

રાજ્ય, સંકટ સમયને અને પ્રકટીકરણની સાથે શરૂ થાય છે. તે ખ્રીસ્તનું પૃથ્વી ઉપરનુ પ્રત્યક્ષ રાજ્ય છે. તે યહુદીઓનો રાજા થશે એવુ તેના વિષે ભવિષ્ય કહેવાયુ હતુ (યશાયાહ ૯૬). તે યહુદીઓના રાજા તરીકે જન્મ્યો હતો (માત્થિ ૨:૨.). તેણે કહ્યું કે હું યહુદીઓનો રાજા છઉ (મત્થિ ૨૭ ૧૧) યહુદીઓના રાજા તરિકે તેને વધસ્થંભે જડી મારી નાખવામા આવ્યો હતો. (માત્થી ૨૭ ૩૭). રાજ્ય વિષેની સૂવાર્તા પ્રગટ કરતો તે આવ્યો, અને કહ્યું કે, "સમય પુરો થયો છે, ને દેવનુ રાજ્ય પાસે આવ્યુ છે" (માર્ક ૧ ૧૪-૧૫) તેણે કહ્યુ કે દેવનુ રાજ્ય તમારામા છે (લુક ૧૭ ૨૧) તે પોતાનાની પાસે આવ્યો, પણ તેના પોતાનાએ (લોકોએ) તેનો અંગીકાર કીધો નહી (યોહાન ૧ ૧૧) તેણે રાજ્ય સ્થાપ્યુ હોત (માત્થી ૨૩:૩૭-૩૯), પણ તેઓએ તેને તરછોડી કાઢયો અને વધસ્થંભે જડી તેને મારી નાખ્યો એમ છતા, દેવે તેને મુએલાઓમાથી ઉઠાડી, ઘણીજ ઉંચ પદે બેસાડયો (૧૭).

તેણે પવિત્ર આત્માને જગતમા મોકલ્યો, અને તેની સત્તા

(૧૭) હેબ્રી ૧૦.૧૨ – ૧૩ પ્રેરિતોના કૃત્ય ૨:૩૪ – ૩૬; વળી જુઓ માત્થી ૨૨:૪૪.

અને ઉપરીપણાં નીચે પ્રેરિતો પ્રથમ યહુદીઓને (૧૮) રાજ્યની (પ્રેરિતોના કૃત્ય ૨. વીગેરે) સૂવાર્તાનો બોધ કરવા નીકળી પડયા; પણ તેઓએ તે વાત સ્વીકારી નહી, અને તેથી તે પ્રેરિતો વિદેશીઓ (૧૯) તરફ વળ્યા. આ પ્રમાણે રાજ્ય યહુદીઓની પાસે આવ્યુ, જેઓએ તેને ધીક્કારી કાઢયુ, તેથી તે મુલતવી * રહે છે

(૧૮) પ્રેરિતોના કૃત્ય ૩ ૨૬; રૂમી. ૧ ૧૬; વળી જુઓ માત્થી ૧૦:૬.
(૧૯) પ્રેરિતોના કૃત્ય ૧૩:૪૬, વળી જુઓ પ્રેરિતોના કૃત્ય ૧૮:૬, અને ૨૮ ૨૮.

* આ વિષયનો આ ખરો અને સાચો ખુલાસો છે એમ હમે માનીએ છીએ. જ્યારે ખ્રીસ્ત આવ્યો, ત્યારે રાજ્ય નજીક આવ્યું હતુ જ, અને જો તેઓએ તેનો સ્વિકાર કર્યો હોત, તો તે પ્રગટ થાત. પણ હાલ તે મુલતવી રહેલુ છે, એટલે તે તેના પાછા આવવાની રાહ જુએ છે.

એમ છતા, ગ્રીક શબ્દ "Eugizo" જેનુ ભાષાતર માત્થી ૩ ૨, ૪.૧૭; ૧૦:૭ મા "પાસે છે" એમ કર્યુ છે, અને લુક ૧૦:૯–૧૧ મા "નજીક આવ્યુ છે" એમ કર્યુ છે, તેનો અર્થ "તરતજ પાસે" એમ કાંઇ થતો નથી. કેમકે તેજ શબ્દ રૂમી ૧૩ ૧૨ મા પણ વપરાયલો છે "તે દીવસ નજીક છે," તથા હેબ્રી ૧૦ ૨૫ "જેમ જેમ તમે તે દહાડો પાસે આવતો દેખો," તથા યાકુબ ૫:૮ "પ્રભુનુ આવવુ પાસે છે," તથા ૧ પીતર ૪.૭ માં 'બધાનો અત પાસે આવ્યો છે," એ બધામા તેજ શબ્દ વપરાયલો છે, એ દરેક વચનો હજી પરીપુર્ણ થયા નથી.

(૨૦), ત્યાં સુધીમાં પોતાના નામને સારૂ (પ્રેરિતોના કૃત્ય ૧૫ ૧૪) વિદેશીઓમાથી એક પ્રજા કાઢી લેવાને, પડદાની વચલી ભીત પાડી નાખી, પોતામાં એનું એક નવુ માણસ (૨૧) બનાવવાને, એટલે મંડળી અગર ખ્રીસ્તનુ ગુપ્ત (૨૨) શરીરને માટે દેવ તેઓની મુલાકાત લે છે.

મર્મ.

મંડળી આવી રીતે મર્મ તરીકે હસ્તીમાં આવી, અને તેનાં વિષે જુના કરારમાની ભવિષ્યવાણીઓમા ભાગ્યેજ (બલકે બીલકુલ નહીં) બોલવામાં આવ્યું હોય-કેમકે (રૂમી ૧૬ ૨૫) મા આપણે વાચીએ છીએ કે, " એ મર્મ સનાતન કાળથી એટલે જગતના આરંભથી ગુપ્ત રાખવામા આવ્યો હતો, " અને એફેસીઓ ૩ ૩-૬મા " મર્મો.. . જે બીજી પેઢીઓમા માણસના દીકરાઓને જણાએલો નહતો, " અને કલોસીઓ ૧ ૨૪-૨૭ મા " તે મર્મ યુગોથી તથા પેઢીઓથી ગુપ્ત રાખેલો હતો, પણ હમણા તે પ્રગટ થયો છે ... વિદેશીઓમા તે મર્મના મહિમાની સપત શી છે"

તેથી આપણે જોઇએ છીએ કે " Engizo (પાસે છે) " એ શબ્દમા ૧૮૦૦ વરસથી પણ વધારે મુદતનો સમાવેશ થયલો છે. અને આપણા પ્રભુના ફરીથી આવતા સુધી તે પહોચે છે.

(૨૦) માત્થી ૨૩:૩૯. (૨૧) એફેસીઓ ૨ ૧૪-૧૫.

(૨૨) એફેસીઓ ૪:૧૨-૧૩, એફેસીઓ ૫ ૨૩-૩૨.

મંડળીના આ મમને લીધે જ્યારે આત્માએ ખ્રીસ્તના સંકટો વિષે અગાઉથી સાહેદી આપી, ત્યારે તેના અર્થ માટે ભવિષ્યવાદીઓ એટલા ગુચવણમા પડયા કે તેઓ ખતથી શોધ અને તપાસ કરવા લાગ્યા (૨૩). તેઓ હવે પછીથી થવાના રાજ્યનો મહિમા સમજી શકતા હતા, પણ જે મર્મ, આપણને પ્રગટ કરવામા આવ્યો છે, અને દુઃખ ભોગવતા મશીહ અને કષ્ટ પામેલી મંડળીને નિહાળી જોવાને દૂતોએ પણ ઇચ્છ્યુ, તે તેઓ સમજી શકયા નહતા.

મંડળી ખ્રીસ્તની વહુ થવાની છે, જેને તે પોતાની પાસે લેનાર છે (એફેસીઓ ૫ ૨૩–૩૨).

પણ હાલમા તે દીલગીરી અને દુ ખ ભોગવતી કુમારિકા પોતાના વેવીશાળી વર પ્રભુ ઇસુ ખ્રીસ્તની (૨૪) સાથે દુઃખમા સહાયકારી છે

તેણે કહ્યુ, " કેમકે તમે જગતના નથી, પણ મે તમને જગતમાથી પસંદ કીધા છે, તે માટે જગત તમારો દ્વેષ કરે છે," અને " જો તેઓ મારી પુંઠ લાગ્યા, તો તમારી પુઠે પણ તેઓ લાગશે " (યોહાન ૧૫ ૧૯–૨૦), અને " જગતમા તમને સંકટ થશે " (યોહાન ૧૬ ૩૩), અને પાઉલ પ્રેરિત કહે છે કે, " હા, અને જેઓ ખ્રીસ્ત ઇસુમા સુભક્તિથી ચાલવા ઇચ્છે છે, તેઓ સઘળા સતાવણી પામશે" (૨, તીમોથી ૩ ૧૨) વળી જુઓ, યોહાન ૧૭ ૧૪; ૧ થેસ્સા. ૩ ૩. અને આ સપૂર્ણ રીતે બધ

(૨૩) ૧ પીતર ૧ ૧૦–૧૨. (૨૪) ૨ કરિંથી ૧૧ ૨.

બેસતુ છે. કેમકે આ જગતે દેવના દીકરાને મારી નાખ્યો છે, અને તેના ખુન માટે તે ગુન્હેગાર છે. પણ દેવ (બાપ) પોતાના અણહદ પ્યાર અને કૃપાદૃષ્ટિને લીધે આ અપમાન સહન કરે છે, અને કોઇનો નાશ થાય એમ નહિ (૨૫), પણ સઘળા પશ્ચાતાપ કરે એવું ઇચ્છીને, પ્રભુ વેર લેવાના દીવસને ધીરજથી અટકાવે છે.

જો તે પોતાના દીકરાના ખુન કરનારનુ આ પ્રમાણે સહન કરે છે, તો શુ તેની મંડળીના સતાવનારાઓનું તે સહન નહી કરશે ?

અને ઇસુ આવીને મંડળીને ગગનમા પોતાની પાસે લઇ જાય (૨૬), અને પરીક્ષણ (અથવા કસોટી) નો મહાન સમય જે આખી દુનીઆ (૨૭) ઉપર આવી પડશે, અને જે સમયમા જેઓએ ખ્રીસ્તી મંડળીને દુઃખ દીધુ છે તેમને તે દુઃખ વાળી આપશે (૨૮), તેમાથી તેને (ખ્રીસ્તી મંડળીને) બચાવે, ત્યા સુધી આ સતાવણી જારી રહેશે. અને ઇસુ પોતાના પવિત્રો સાથે દુનિઆ (૨૯) પર ન્યાય કરવા, બળતી આગમા (૩૦) પ્રગટ થશે ત્યા સુધી એટલે પ્રભુના દીવસ સુધી (૩૧), તેમજ સંકટ સમયમા (૩૨) પણ એ સતાવણી અને બંડનો આ જુસ્સો ચાલુ રહેશે એ ઉપરથી આપણે જોઇએ છીએ કે સત્ય, નીતિ અને

(૨૫) ૨ પીતર ૩.૯. (૨૬) ૧ થેસ્સા ૪:૧૬-૧૭.
(૨૭) પ્રગટીકરણ ૩.૧૦. (૨૮) ૨ થેસ્સા ૧.૬.
(૨૯) યહુદા ૧૪-૧૫. (૩૦) ૨ થેસ્સા. ૧:૭-૧૦.
(૩૧) ૨ પીતર ૩.૧-૧૦.
(૩૨) પ્રકટીકરણ ૧૬.૯, ૧૧, ૧૪, ૨૧.

ધાર્મિકપણાના એક હજાર વર્ષના રાજ્યને, આની રીતે સતાવણી પામેલી મંડળીના આખા સંસારિક ઇતિહાસમાં, કાઇ પણ સ્થાન અપાયલુ નથી. કેમકે તે સમયમા, “ન્યાયિપણું તથા શાંતિ એક-બીજાને ચુંબન કરશે; સત્યતા પૃથ્વીમાથી નીકળી આવશે; અને ન્યાયીપણું આકાશમાથી નજર કરશે” (ગીતશાસ્ત્ર. ૮૫.)

યશાયાહ ૩૨:૧ માં કહ્યું છે કે, “જુઓ, એક રાજા ન્યાયથી રાજ્ય કરશે, ને સરદારો ઇનસાફથી અધિકાર ચલાવશે.” ન્યાયીપણાથી તે ગરીબોનો ન્યાય કરશે. યહુદા અને ઇસ્રાયલને તેમની પૂર્વસ્થિતિ પર લાવવામા આવશે અને તેઓ સહીસલામત રીતે રહેશે. દેવના આખા પવિત્ર પર્વતમા હાની કે નાશ રહેવા પામશે નહી, અને જનાવરો પણ શાન્તિમા (૩૩) રહેશે.

વળી આ બધા વચનો અને ખાસ કરીને યશાયાહ ૬૦ ઉપ-પરથી આપણે જોઇએ છીએ કે, ઇસ્રાયલ તથા યરૂશાલેમ જેને પૂર્વસ્થિતિમા લાવવામાં આવનાર છે, તે સત્ય, નીતિ અને ધાર્મીક પણાના એક હજાર વર્ષના રાજ્યના મોટામા મોટા મહિમાવાન થવાનાં છે. પણ પ્રભુ પોતાના મહિમામાં પ્રગટ થશે નહી ત્યાંસુધી, તે ઇસ્રાયલને પૂર્વસ્થિતિમા લાવશે નહીં અને સિયોન અથવા યરૂ-શાલેમને ફરી બાધશે નહીં.

---

(૩૩) યશાયાહ ૧૧ ૪–૯; રૂમી ૮.૨૧, ૨૨, ૨૩, વળી જુઓ યિર્મેયાહ ૨૩:૩–૮ અને ૩૨:૩૬–૪૪, હઝકીએલ ૩૪,૩૬ અને ૩૭ અને બીજા ઘણા અધ્યાયો.

"જ્યારે પ્રભુ સિયોન ફરીથી બાંધશે, ત્યારે તે પોતાના ગૌરવમા પ્રગટ થશે." (ગીતશાસ્ત્ર ૧૦૨ ૧૬). અને મંડળી (૩૪) ને તે પસદ કરી લેશે નકી ત્યા સુધી, તે સિયોન અથવા દાઉદનો મડપ ફરીથી બાધશે નહીં.

આ પ્રમાણે, દુઃખ સહન કરતી મડળી અને મહિમાવાળા રાજ્ય, જેને વિપત્તિથી જુદાં પાડેલાં છે, તે એની વચ્ચેનો ભેદ આપણે સ્પષ્ટ રીતે જોઇએ છીએ; જેમકેઃ—

મંડળી ☞ ☞ **સંકટ સમય** ☜ ☜ **રાજ્ય.**

(જુઓ પ્રકરણ ૮ માની આકૃતિ).

મંડળીને બદલો આપવામાં આવશે.

પણ, તમે પુછોછો કે, "શું મડળી હમેશાં દુઃખ સહન કરશે અને સતાવણી ભોગવશે"?

ખરેખર નહી. કેમકે તેણીનુ હજી લગન થવાનુ છે અને જે વાતો હજી જોઇ શકતા નથી (૩૫) તેમા તે હલકી વિપત્તિ, અતિશય સદાકાલિક ભારે મહિમા ઉપજાવશે; અને જયારે પ્રભુ ઇસુ આકાશમાથી પ્રગટ થશે (૩૬), ત્યારે દેવના જે રાજયને માટે મડળી

(૩૪) પ્રેરિતોનાં કૃત્ય ૧૫:૧૩-૧૮. (૩૫) ૨ કરીંથી ૪:૧૭-૧૮. (૩૬) ૨ થેસ્સા ૧:૪-૧૦.

દુઃખ વેઠે છે, તેને માટે તે યોગ્ય ગણાશે. તેથી હમે વિપત્તિમા પણ આનદ કરીએ છીએ, કેમકે—હમે જાણીએ છીએ કે, વીપત્તિ ધીરજને ઉપજાવે છે ,અને ધીરજ અનુભવને ઉપજાવે છે, અને અનુભવ આશાને ઉપજાવે છે. (રૂમી ૫ ૩–૪) અને ખ્રીસ્ત જે આપણી આશા છે (૧. તીમોથી ૧ ૧) અને આપણુ જીવન છે, તે જ્યારે પ્રગટ થશે, ત્યારે આપણે પણ તેની સાથે મહિમામા (૩૭) પ્રગટ થઇશુ. જો આપણે તેની સાથે દુઃખ સહીએ, તો આપણે તેની સાથે રાજ્ય પણ કરીશુ (૩૮). આપણે પૃથ્વી ઉપર રાજ્ય કરીશું. (પ્રકટીકરણ ૫ ૧૦) તેથી હમે નિર્ણય ઉપર આવીએ છીએ કે, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના રાજયમા ખ્રીસ્ત સાથે મડળી રાજ્ય કરશે. એજ તે મડળીને તેના દુઃખ સહન કરવા માટેનો બદલો છે. ' ઓ, નાની ટોળી, બીહો મા, કેમકે તમને રાજ્ય આપવાની તમારા બાપની ખુશી છે " (લુક ૧૨ ૩૨, દાનિયલ ૭ ૧૮ – ૨૨–૨૭) અરે, ત્યારે, ઇસુએ આપણને શીખવ્યુ છે તે પ્રમાણે આપણને પ્રાર્થના કરવા દો, કે " તારૂ રાજ્ય આવો "

નામના ખ્રીસ્તીઓ.

પણ, શુ તમે એમ કહેવા માગોછો, કે " મડળીને સતાવણી કરવામા આવતી નથી, અને હમણા પણ તે આનુષંગીક શાતતા ભોગવે છે " ?

(૩૭) કલોસીઓ ૩ ૪ (૩૮) રૂમી ૮: ૧૭, ૨ તીમોથી ૨: ૧૨.

હમે તેનો હકારમાં જવાબ આપીએ છીએ, કેમકે પ્રસિધ્ધ કથન કરનાગી મડળી (જેમાં હમે રોમનકથોલીકો, ગ્રીકો અને નામના પ્રીસ્તીઓ જેઓની સંખ્યા લગભગ ૪૦૦,૦૦૦,૦૦૦ ની થાયછે તે) જગતના મતને એટલી બધી અનુસરી છે કે, જગતને તેની સાથે એ બાબતમા કાઇ તકરાર કે મતભેદ છેજ નહી

નામના, ઠંડા અંત કરણવાળા તથા જગતને અનુસરીને ચાલનારા પ્રીસ્તીઓ દેવને શા ખપના છે? તેને તો એક નિરાળા અને પવિત્ર લોકની જરૂર છે, અને ૨ કરીથી ૬ ૧૪–૧૮ મા પણ આજ્ઞા છે કે, "તમે તેઓમાથી નીકળી આવો, ને જુદા થાઓ."

અમે માનીએ છીએ કે માત્થી ૧૩ મા ના દૃષ્ટાતમા જે "હવાનાં પક્ષીઓ" તથા "ખમીર" વિષે કહ્યુ છે, તેનો અર્થ અન્યાયીના છોકરા અથવા ઢોગી બગભકતો થાય છે, અને તે તથા ખોટા મતો જે આ મંડળીમા પ્રવેશ કરવા પામ્યા છે તેમાં તેમણે આશરો લીધો છે; અને પ્રસિદ્ધ કથન કરનારી મડળીમા તેમનો એટલો બધો ફેલાવો થયો છે કે, મોટે ભાગે તેઓ ફક્ત ઉપલક અને નામના જેવા છે

પ્રભુને તો ચુસ્ત ખતીલા પ્રીસ્તીઓનો ખપ છે, કે જેમનામા, યિર્મેયાહના હાડમાની માફક, જીવનનો શબ્દ પ્રદિપ્ત રહે. અને શુ આજે પણ આવા થોડા પુરૂષોની સંખ્યા નથી શુ?

પ્રસિદ્ધ કથન કરનારી મડળી ઉંફાળી છે, અને હમને ધાસ્તી છે કે, ગુરૂના મ્હોમાથી ઓકી કઢાવાને તે લગભગ તૈયાર છે, પણ તે પ્રભુના નામને ધન્ય હોજો કે, તેઓમાના કેટલાએક જેને ઠપકો

આપી શિક્ષા કરી છે, તેઓ સોનુ અને ઉજળા વસ્ત્ર ખરીદ કરે છે, અને તેઓ જોઇ શકે તેટલા માટે પોતાની આખે અંજન ચોપડે છે, અને જેઓ જીતશે તે ખ્રીસ્તની સાથે તેના રાજ્યાસન પર બેસશે. (પ્રકટીકરણ ૩:૧૪-૨૨).

શુદ્ધ મંડળી.

તે મંડળી, ખરેખર, હસ્તીમા છે અને તે **ખ્રીસ્તનું શરીર** છે (૩૯) તે એકરૂપ અને અવિભાજ્ય (૪૦) છે, અને તેનામા શુદ્ધ વિશ્વાસ રાખનારાઓની, તમામ તે બનેલી છે (૪૧) તેને અંતસ્થિત મંડળી, અથવા મંડળીઓમાની મંડળી, છાલાઓમાનો ઘઉંનો દાણો, કહી શકાય અને આપણે યાદ રાખવુ જોઇએ કે, **ખ્રીસ્તની આ શુદ્ધ મંડળી,** સંકટ સહન કરવા માટે સ્થપાયલી છે, અને વચગાળેની શાન્તિ માત્ર તેને નવી અને જુદી જુદી જાતની સતાવણીઓ સહન કરવાનું જોર આપે છે (પ્રેરિતોના કૃત્ય ૯ ૩૧). આ પ્રમાણે તેનો ઇતિહાસ છે, અને આપણે આશા રાખીએ કે, ઠઠ્ઠાખોરો, નઠારા માણસો અને છેલ્લા દીવસોમાના ભુલાવનારોમા (૪૨) તેનું ભવિષ્ય એવુજ થશે

અને પવિત્ર આત્માથી જે આત્માઓ, ઉપરથી જન્મેલા છે, તેમના જન્મ પામતા મંડળી (માતા) ને જે કષ્ટ (૪૩) થાય છે

(૩૯) એફેસીઓ ૧ ૨૨-૨૩.(૪૦) ૧.કરીંથી ૧૨ ૧૨-૧૩. (૪૧) એફેસીઓ ૪:૧૧-૧૨. (૪૨) ૨. પીતર ૩ ૩, ૧. તીમોથી ૪.૧. ૨. તીમોથી ૩.૧-૫. વળી જુઓ ૨. તીમોથી ૪:૧-૫. (૪૩) ગલાતીઓ ૪ ૧૯, વળી જુઓ ૧. કરિંથી ૪.૧૫, ફિલિપી ૧૦.

તે, તેના બધા સંકટોમા પણ જાણવાનો તેને ધન્ય હક છે (યોહાન. ૩); અને રાજ્યની સૂવાર્ત્તાનો જે બોધ મડળી કરે છે, તે પ્રત્યેક વિશ્વાસ કરનારને દેવનુ તારણ સાધનારૂ પરાક્રમ (૪૪) છે.

ખ્રીસ્તની વહુ.

"વરો, તમે પોતાની વહુઓ પર પ્રેમ કરો, જેમ ખ્રીસ્તે પણ મંડળીપર પ્રીતી કીધી, ને તેને વાસ્તે પોતાને સોપ્યો તેમ, એ સારૂ કે વાતથી પાણીને સ્નાને શુદ્ધ કરીને, તે એને પવિત્ર કરે, ને તેને પોતાની પાસે મહિમાવતી રાખે, એવી મડળી કે જેને ડાઘ કે કરચલી કે એવુ કંઇ ન હોય, પણ તે પવિત્ર વથા નિર્દોષ હોય."

આ કીમતી વચનોમા (એફેસીઓ ૫ ૨૫-૨૭) મડળીને ખ્રીસ્તની વહુ તરીકેનો અલંકાર આપેલો છે, અને માણસોનાં છોકરામા જે સગપણ ઘણુજ ઘાડું, નાજુક અને પવિત્ર ગણાય છે તે સગપણનો એ વચનમાં દષ્ટાતરૂપે અલકાર આપેલો છે

ઇબ્રાહીમનો ચાકર, ઇસ્હાક માટે વહુની શોધ કરવા એક દૂરના દેશમા ગયો (ઉત્પત્તિ ૨૪), અને તે ઇસ્હાક દહનીયાર્પણ તરીકે ખ્રીસ્તનો માનવત નમુનો હતો (ઉત્પત્તિ ૨૨). તેજ પ્રમાણે ખ્રીસ્તને માટે વહુની શોધ કરવા આ દુનિયામા પવિત્ર આત્મા આવ્યો છે. નોકરે કહ્યુ કે "તમે મને રોકશોમા," તેજ પ્રમાણે પવિત્ર આત્મા આ દુનિઆમા વરરાજાને સત્વર વહુ મેળવી આપવાના હેતુથી બનતો તમામ પ્રયાસ કરે છે, અને ઠડા અંતઃકરણવાળા

(૪૪) રૂમી ૧ ૧૬.

અધ્યાપકો સાથે વાદવિવાદ કરે છે (જુઓ માત્થી ૨૨.૨-૧૦). રિબકાહએ જેમ કહ્યું કે, "હુ જઈશ" તેજ પ્રમાણે વહુની પોતાની સ્વઇચ્છા જવાની હોવી જોઇએ. પ્રભુએ લગ્નની ગોઠવણ કરી છે અને લગ્નની જમણની તમામ તૈયારી કરી છે, અને (વહુ શિવાય) સર્વે જણ આ આનંદદાયક મુલાકાત માટે તૈયારછે, અને હલવાનના લગ્ન જમણને સારૂ જે તેડાયલા છે તેઓને ધન્ય છે. (પ્રકટીકરણ ૧૯:૯)

અરે! હમારી પ્રાર્થના છે કે, આત્માના સન્માર્ગ સ્વિકાર તથા ખ્રીસ્તના શરીરની ઉન્નતિ કરવા માટે, એ મંડળી સહસ્રગણી વધારે આતુરતાથી કામ કરે, કે જેથી કરીને વહુ સદગુણસપન્ન થાય, અને તેથી તેના પ્રભુ (ધણી) ના (૪૫) આવવાનું જલદી થાય. અને "જુઓ, વરરાજા આવે છે, અને તેને મળવાને બહાર નીકળો" એવી હમેશ થતી મધરાતની બુમ સાભળવાને તૈયાર રહો (માત્થી ૨૫ ૬).

અરે! હુ મારી વહાલીનો છુ, અને મારી વહાલી મારી છે; તે એક ગરીબ પાપીને પોતાના દ્રાક્ષના ઘરમા લાવે છે. મને તેના ગુણની ખાત્રી થઇ છે - અને તેથી વધારે સહીસલામત આધાર બીજો હુ જાણુતો નથી, તેમજ ઇમાન્યુઅલનો દેશ કે જ્યા ગૌરવનો વાસ છે તે પણ નહી.

વહુ પોતાના લુગડા જોતી નથી, પણ પોતાના વહાલા વરનુ મ્હોં જુએ છે, હુ ગૌરવ તરફ નજર કરીશ નહી, પણ કૃપાના મારા રાજા તરફ નજર કરીશ, તે જે તાજ આપે છે તેના તરપ નહીં, પણ તેના વિધાઇ ગયલા હાથ તરફ જોઇશ - ઇમાન્યુઅલના દેશનો તમામ મહિમા હલવાન છે."

(૪૫) ૨. પીતર. ૩.૧૧-૧૨

પ્રકરણ અગીઆરમું.

વિપત્તિ—પુનરૂત્થાન—ન્યાયકરણ.

"વિપત્તિ"

પવિત્રોના આકાશગમન તથા પ્રકટીકરણના સમયની વચ્ચેના, અથવા તો મંડળી અને સત્ય, નીતિ, તથા ધાર્મિકપણાના એક હજાર વર્ષના રાજ્ય વચ્ચેના ઐહિક ઇતિહાસના આખા સમયને ઓળખવા માટે હમે આ ("વિપત્તિ") સંજ્ઞા વાપરીએ છીએ. તે આખો સમય કાંઇ તદ્દન વિપત્તિથીજ ભરેલો થશે એમ નહિ, કેમકે તે સમયમાં "પૃથ્વીપરના રહેનારા એઓ વિષે હર્ષ કરશે, ને એકબીજા પર ભેટ મોકલશે," (પ્રકટીકરણ ૧૧ ૧૦), અને "શાંતિ તથા કુશળતા છે" એમ તેઓ કહેશે. (૧. થેસ્સા ૫ ૩). એ સમય મુકાબલો કરી જોતા ઘણો ટુંકા થશે એમ હમારૂં માનવું છે, કેમકે ૬૦૦૦ વર્ષ અને ભવિષ્યવાણીના વખતો અથવા વર્ષ જેવડા દિવસો લગભગ પુરા થવા આવ્યા છે. બેશક તે સમયનો દાનિએલના સિત્તેર સપ્તાહ (૧) માના છેલ્લા સપ્તાહમાં સમાવેશ થાય છે, કેમકે ત્યાર પછી એટલે દેવે મંડળીને (૨) આકાશમા લઇ લીધા પછી તે ઇસ્રાયલ સાથેનુ પોતાનું કર્તવ્ય કરવાનું શરૂ કરે છે,

(૧) દાનીએલ ૯ ૨૭. (૨) પ્રેરિતોના કૃત્ય ૧૫:૧૩–૧૭.

અને તેમ છતા પણ તે સમયમા તે સપ્તાહના સાત વર્ષો કરતા વધારે મુદતનો સમાવેશ થાય છે એ સભવિત છે.

એ ચોક્કસ છે કે તે સમયમાં વિષમ પરિક્ષણનો, દીલગીરી અને આફત (૩) નો, આત્મિક અંધકાર અને ખુલ્લી ફુરતા (૪)નો સમય આવશે તે જગતની રાત (૫) છે પણ શુદ્ધ મંડળી, જે જાગૃત રહીને પ્રાર્થના કરનારી હોવાથી રાતની (૬) નથી, તે પવિત્રોના આકાશગમનથી વિપત્તિમાથી બચી જવાને તથા માણસના દીકરાની (૭) આગળ ઉભા રહેવાને લાયક ગણાશે, જ્યારે ઇસ્રાયલના ત્રીજા ભાગને અગ્નિમાથી આ છેડેથી પેલે છેડે કાઢવામા (૮) આવશે, અને પસદ કરાયલાને ખાતર, આ ભારેમાભારે વિપત્તિના ના દીવસો, ખ્રીસ્તના પ્રકટીકરણ (૯) થી, ટુંકા કરાશે (૧૦). યશાયાહ, અધ્યાય ૨૪ થી ૨૮ સુધીમા આ સમયના ભયંકર સ્વરૂપનો ખ્યાલ આવી શકશે, જેમા ખ્રીસ્ત – વિરોધી પ્રગટ થશે (જુઓ પ્રકરણ. ૧૨) કેટલાએક, ખાસ કરીને ઇસ્રાયલના શેષમાથી ખ્રીસ્તને સ્વીકારશે, અને તેના સાક્ષીઓ થશે અને ખ્રીસ્ત-વિરોધીથી કતલ થશે. આને આપણે વિપત્તિ સમયના પવિત્રો કહીએ છીએ,

(૩) માત્થિ ૨૪:૨૧, વળી જુઓ દાનીએલ ૧૨ ૧ (૪) ૨ પીતર ૩ ૩–૪; વળી જુઓ લુક ૧૮ ૭. (૫) યોહાન ૯·૪, લુક ૧૭ ૩૪. (૬) ૧: થેસ્સા ૫ ૪–૫. (૭) લુક ૨૧ ૩૬; વળી પ્રકટીકરણ ૩ ૧૦ જુઓ (૮) ઝખાર્યાહ ૧૩:૯ (૯) ૨. થેસ્સા ૧ ૭, ૨ થેસ્સા ૨·૮. (૧૦) માત્થી ૨૪ ૨૨.

જેઓને મહાન વિપત્તિ સમયને અ તે પહેલા પુનરૂત્થાનની મોટી કાપણીના વીણી લેવાના દાણા તરી ઉઠાડવાના છે.

પુનરૂત્થાન.

પુનરૂત્થાનના સબંધમા આપણે કહીશું કે ૧ કરીથા ૧૫ ૨૩ માં "પણ પ્રત્યેક પોતપોતાની અનુક્રમે" એમ કહ્યુ છે તે તેનો શબ્દાર્થ છે.

એ સ્પષ્ટ દેખાય છે કે "ખ્રીસ્તના આવવાની વખતે જે તેના છે" તેઓના પુનરૂત્થાનમા નીચે પ્રમાણેનો સમાવેશ થાય છે— (અ) જેઓને તેની વહુ તરીકે ઠરાવવામા આવ્યા છે અને ખ્રીસ્ત જયારે આકાશમા આવે ત્યારે પવિત્રોના આકાશગમન વખતે જેમને ઉઠાડવામા આવનાર છે તે, (બ) અને જુના કરારના પવિત્રો (૧૧) યાને વરરાજાના મિત્રો (૧૨), કે જેઓને મંડળીમાથી નીરાળા સમૂહમા બેશક ઉઠાડવામા (૧૩) આવેલા છે (જુઓ પ્રકટીકરણ ૬ ૯–૧૧), અને જેઓ વળી વિપત્તિના સમયમા તેના પર વિશ્વાસ કરે છે, અને સહન કરે છે (૧૪) તેઓને પણ પ્રકટીકરણ વખતે, (એટલે ખ્રીસ્ત જયારે આ પૃથ્વી ઉપર

(૧૧) અયુબ ૧૯:૨૫–૨૭, યશાયાહ ૨૬.૧૯, હોશીઆ ૧૩ ૧૪, હઝકીએલ ૩૭:૧૨–૧૪. વળી જુઓ હેબ્રીઓ ૩૯–૪૦

(૧૨) યોહાન ૩ ૨૮–૨૯. (૧૩) પ્રકટીકરણ ૬.૯–૧૧.

(૧૪) પ્રકટીકરણ ૧૩ ૧૫

આવશે ત્યારે), સત્ય, નીતિ, અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના રાજ્ય (૧૫) મા તેની સાથે ભાગ લેવાને ઉઠાડવામા આવશે.

આ છેલ્લી વાતને પ્રકરણ ૮ માના નકશામા "**आर-टी**" સંજ્ઞાથી બતાવેલી છે.

પછી, પહેલા પુનરૂત્થાનની મોટી કાપણી-અથવા જીવનનું પુનરૂત્થાન-તેમા નીચેની વાતોનો સમાવેશ થાય છે—

ખ્રીસ્ત			**પ્રથમ ફળો**
ખ્રીસ્તના આવવાના વખતે જેઓ તેના છે તે.	પવિત્રોના આકાશ-ગમન વખતે.	મડળી અને જુના કરારના પવિત્રો.	કાપણીની મોસમ.
	પ્રકટીકરણની વખતે.	વિપત્તિવાળા પવિત્રો.	વીણીવીણીને એકઠું કરવુ તે.

બીજું પુનરૂત્થાન, અથવા દડનું ઉત્થાન (૧૬) જે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના રાજ્ય પછી થાય છે, તેમા મુએલાઓમાના બાકી રહેલાઓનો સમાવેશ થાય છે (૧૭).

ન્યાયકરણ.

સત્ય, નીતિ, અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પછી** ખ્રીસ્તનુ આવવુ થશે એવું માનનારાઓને "સામાન્ય ન્યાયકરણ" વિષે બોલતા આપણે વારંવાર સાભળીએ છીએ, અને તે બાબત

(૧૫) પ્રકટીકરણ ૨૦:૪-૬. વળી જુઓ રૂમી ૧૧ ૧૫.
(૧૬) યોહાન ૫ ૨૯. (૧૭) પ્રકટીકરણ ૨૦.૧૨-૧૪.

તેઓના કહેવાનો અર્થ એમ સુચવે છે કે, ભવિષ્યમાં એક દીવસ એવો આવશે કે તે દીવસે તમામ માણસ જાત એકી વખતે પોતાના ન્યાયને માટે પ્રભુની આગળ હાજર થશે.

ન્યાયકરણ, એ શબ્દ ધર્મપુસ્તકમા નથી સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલાં ખ્રીસ્તનુ આવવું થશે એવું માનનારાઓનો મત એવો છે કે ન્યાયકરણ તો સામાન્ય છે, પણ તેનો અર્થ એવો છે કે બધાનો ન્યાય થશે ખરો, પણ એકી વખતે નહીં. પાપી તરીકે વિશ્વાસુઓનો ન્યાય વધસ્તંભ પર ખ્રીસ્તમાં થઇ ગએલો છે.

"જે મારા વચન સાભળે છે, ને મારા મોકલનાર પર વિશ્વાસ કરે છે તેને અનત જીવન છે; ને તે **અપરાધી** (ગ્રીકભાષામાં જે શબ્દ વાપરેલો છે તેનો અર્થ કયામત થાય છે) નહિં ઠરશે, પણ મરણમાથી નીકળીને જીવનમા આવ્યો છે" (યોહાન ૫ ૨૪). વળી જુઓ યોહાન ૩ ૧૭–૧૯, જેમાં (૧૮) અપરાધી ઠરી ચુકયો છે તેને બદલે જેનો ન્યાય થઇ ગયલો છે" એમ બતાવેલુ છે.

ન્યાયકરણનો દીવસ આવનાર છે, પણ તે કાઇ ચોવીસ કલાકનો દીવસ નથી પણ વર્ષોના વર્ષોનો દીવસ છે. આવા સમયને સુચવવા માટે ૨. કરીંથી ૬ ૨; એફેસીઓ ૬.૧૩, અને હેબ્રીઓ ૩ ૮ મા (૧૯) "દીવસ" શબ્દ વાપરેલો છે. તેજ પ્રમાણે યોહાન

(૧૮) યોહાન ૩ ૧૭–૧૮.

(૧૯) ૨ કરીથી ૬ ૨, એફેસી ૬:૧૩, હેબ્રીઓ ૩ ૮.

૫:૨૮ માં "કલાક" શબ્દ વાપરેલો છે તેમા પણ સેકડો વર્ષોનો સમાવેશ થાય છે.

આ "ન્યાયકરણના દીવસને (अ)" વળી "પ્રભુનો દીવસ (ब)" અથવા "છેલ્લો દીવસ (क)" અને "મહાન દીવસ (ड)" પણ કહેવામા આવે છે.

તે ઉપાધિ અને ઉપદ્રવ અને સતાપ વીગેરેની જંજાળ સાથે લઇને આવે છે (૨૦), અને તેના છેલ્લા ભાગમાં "બળતી આગથી" (૨૧) તે સમાપ્ત થાય છે; અને તે એની વચમા "દાઉદ પરની નિશ્ચિત કૃપા (૨૨)" અથવા "સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર

अ—માથી ૧૦:૧૫, ૧૧ ૨૨, ૧૧ ૨૪, ૧૨:૩૬, માર્ક ૬ ૧૧, ૨ પીતર ૨ ૯, ૩ ૭, ૧ યોહાન ૪:૧૭

ब—યશાયાહ ૨.૧૨, ૧૩:૬, ૯, ૩૪ ૮, લામ ૨ ૨૨, હઝ. કીએલ ૧૩ ૫; યોએલ ૧ ૧૫; ૨ ૧; ૩:૧૪, આમોસ ૫ ૧૮; ઓબદ ૧૫, સફાન્યાહ ૧:૭, ૮, ૧૮; ૨:૨, ૩, ઝખાર્યાહ ૧૪:૧: ૧ કરીથી ૫,૫; ૨ કરીથી ૧:૧૪, ૧ થેસ્સા ૫ ૨, ૨ પીતર ૩ ૧૦.

क—યોહાન ૬:૩૯, ૪૦, ૪૪, ૫૪, ૧૧.૨૪, ૨ તીમોથી ૩:૧

ड—યિર્મેયાહ ૩૦ ૭ હોશીઆ ૧:૧૧ યોએલ ૨.૧૧, ૩૧. સફાન્યાહ ૧ ૧૪. માલાખી ૪.૫, યહુદા ૬, પ્રકટીકરણ ૬ ૧૭; ૧૬.૧૪; પ્રેરિતોના કૃત્ય ૨.૨૦.

(૨૦) ૨. થેસ્સા ૧:૬–૧૦, વળી જુઓ પ્રકટીકરણ ૧૯:૧૧–૨૧. (૨૧) પ્રકટીકરણ ૨૦:૧૦–૧૧–૧૫.

(૨૨) યશાયાહ ૫૫ ૩, પ્રેરિતોના કૃત્ય ૧૩ ૩૪.

વર્ષના રાજ્ય (૨૩)" નો લાંબો સમય આવેલો છે. તેમા નીચેના અનુક્રમે ચાર દેખીતાં ન્યાયકરણો થશે.

ચાર ન્યાયકરણો.

૧. પવિત્રોનો તેઓના કામ માટેનો ન્યાય. (૨૪).

આ ન્યાય પૃથ્વી ઉપર થવાનો નથી. (૧. થેસ્સા ૪ ૧૩, ૧૮ ને ૨. થેસ્સા ૧ ૬ - ૧૦ તથા પ્રકટીકરણ ૧૯ ૧૧ - ૧૬ સાથે સરખાવો, વળી જુઓ પ્રકટીકરણ ૨૦,૩૨ અને ૩૩. પ્રકરણો જુઓ).

આ મહિમાવાન પવિત્રો પોતાનો ન્યાય બેશક અભક્તોની પહેલા મેળવે છે. (જુઓ માત્થિ. ૨૫ ૧૪ - ૩૦) વિદેશીઓના ન્યાયકરણ પહેલા ચાકરોનુ ન્યાયકરણ થશે. (૨૫) (માત્થી ૨૫ ૩૧- ૪૬. વળી જુઓ ૧ પીતર ૪·૧૭ - ૧૮).

૨ જીવતા વિદેશીઓ જેઓ પ્રકટીકરણ વખતે પૃથ્વી ઉપર છે, તેનું ન્યાયીકરણ ઇસુ જીવતા તથા મુએલાઓનો ન્યાયાધીશ છે (૨૬).

મંડળી અથવા પવિત્રો જેઓને આકાશગમન વખતે ઉચે ખેંચી લેવામા આવેલા છે, તેઓ ખ્રીસ્તની સાથે, પૃથ્વી ઉપર એટલે જીવતા વિદેશી ઉપર (૨૭) ન્યાય કરવાને (૨૮) માટે આવશે.

---

(૨૩) પ્રકટીકરણ ૨૦ ૪ - ૬ (૨૪) ૧ કરીંથી ૪.૫, ૧. કરીંથી ૩·૧૩ - ૧૫, ૨. કરીંથી ૫ ૧૦, વળી જુઓ રૂમી ૧૪.૧૦ - ૧૨. (૨૫) ૧. પીતર ૪ ૧૭. (૨૬) પ્રેરિતોના કૃત્ય ૧૦:૪૨, વળી જુઓ ૨. તીમોથી ૪ ૧; ૧ પીતર ૪ ૬. (૨૭) માત્થી ૧૩:૪૦ - ૪૩, (૨૮) ૧ કરીંથી ૬·૨. વળી જુઓ યહુદા ૧૪:૧૫.

પ્રકટીકરણ વખતના ખ્રીસ્તના આવવાના સમયે જેઓ આ પૃથ્વી ઉપર જીવતા છે તેનું તે ન્યાયીકરણ છે તે બકરામાથી ઘેટાને જુદા પાડશે, અને ઠોકર ખવડાવનારી બધી વસ્તુઓને એકઠી કરશે, (માત્થી ૧૩ ૪૧-૪૨), અને પોતાનું રાજ્ય સ્થાપશે, (કલમ ૪૩) ત્રીજુ ટોળુ તેના ભાઇઓ, ઇસ્રાયલો (૨૯) છે, જેઓ દેશજાતિઓ ભેગા કદી ગણાશે નહીં. (૩૦)

ત્યાર પછી જ્યારે ઇનસાફી ન્યાયાધીશ (પ્રભુ) પૃથ્વી ઉપર આવશે, (૨ તીમોથી (૪:૮), અને જ્યારે ઇનસાફને દોરી, ને ન્યાયીપણાને ઓળબો કરશે (યશાયાહ ૨૮:૧૭), ત્યારે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનુ રાજ્ય આવશે જે ન્યાયીકરણનો એક અખંડિત દીવસ (કાળ) છે, (પ્રેરીતોના કૃત્ય ૧૭.૩૧).

૩-મોટા સફેત રાજયાસન આગળ મુએલાઓનું ન્યાયીકરણ (૩૧).

૪-"શેતાન અને તેના દૂતો માટે તૈયાર કરેલા" અગ્નિમાં દૂતોનું ન્યાયીકરણ (૩૪). અધર્મી માણસો તેમા પ્રથમ જાય છે.

(૨૯) ગીતશાસ્ત્ર ૧૨૨ ૮. (૩૦) ગણના ૨૩.૭-૯.

(૩૧) પ્રકટીકરણ ૨૦ ૧૨-૧૫, ૨. પીતર. ૨ ૯, વળી જુઓ માત્થિ ૧૦:૧૫; ૧૧ ૨૧-૨૪, ૧૨:૪૧-૪૨. રૂમી ૨ ૧૫-૧૬.

(૩૨) ૧ થેસ્સા. ૪ ૧૫-૧૮.(૩૩) પ્રકટીકરણ ૧૯.૧૧-૨૦.

(૩૪) ૨. પીતર ૨ ૪; યહુદા ૬; વળી જુઓ ૧ કરીથી ૬:૩, પ્રકટીકરણ ૨૦ ૧૦.

(પ્રકટીકણુ ૧૯.૨૦ ના વચનને પ્રકટીકરણુ ૨૦ ૭-૧૦, ૨. પીતર ૨ ૪; યહુદા ૬. સાથે (૩૫) સરખાવો).

આવી બીનાઓ બનવામા તેમની વચ્ચે વખતના ગાળાની જરૂર છે, અને તેથી કરીને "સામાન્ય ન્યાયીકરણુ" ની સજ્ઞામાં જે ચાલુપણાનો ખ્યાલ દર્શાવાયલો છે તેને બાધ આવે છે.

"પ્રભુના દીવસ" બાબત બે બાજુથી વિચાર કરવાનો છે, એટલે એકતો દેવના શત્રુઓ ઉપરનું ન્યાયીકરણુ અથવા દડ કે શિક્ષા, અને બીજુ, દેવના માણુસો ઉપર આશીર્વાદ (૩૬) અને તેનો છુટકારો.

સારાશ એ છે કે ત્યારે ન્યાયીકરણુના પ્રકાર નીચે મુજબ છે:-

(૧) વધસ્તભપર વિશ્વાસીઓના ગુણુ બાબત

(૨) ખ્રીસ્તના ન્યાયાસન આગળ તેના કૃત્ય પ્રમાણે વિશ્વાસીઓનું.

(૩) પ્રકટીકરણુ વખતે જીવતી પ્રજાનુ.

(૪) મહાન સફેત રાજ્યાસન આગળ ભકતોનુ

---

(૩૫) પ્રકટીકરણુ ૧૯:૨૦, પ્રકટીકરણુ ૨૦ ૭-૧૦; વળી જુઓ ૨. પીતર ૨:૪, યહુદા ૬.

(૩૬) યશાયાહ ૨.૨-૩, ૧૭; વળી જુઓ યશાયાહ ૪ ૧-૬; યોએલ ૨:૨૧-૨૭, ૩૧; ૩ ૧૨-૧૭; દાનિયલ ૭:૯-૧૪; ઝખાર્યાહ ૧૪ ૧-૨૧; સફાન્યાહ ૩ ૮-૯, માલ ૪:૧-૩.

પ્રકરણ બારમું.

ખ્રીસ્ત-વિરોધી.

એ નામ આપણને પ્રભુના વચનમાના સૌથી વધારે ગભીર અને અનિષ્ટસૂચક વિષયોમાના એકમા પ્રવેશ કરાવેછે ખ્રીસ્ત-વિ- રોધી-એટલે ઇસુ ખ્રીસ્તથી તદ્દન ઉલટો-એક આવશે, એવુ આપણને કહેવામા આવ્યું છે (૧) ખ્રીસ્ત-વિરોધીનો આત્મા હ- મણા પણ જગતમા છે, અને તે ઇસુ ખ્રીસ્તનુ ભુતકાળ (૨) મા તેમજ ભવિષ્યકાળમા (૩) દેહમા આવવાનું કબુલ કરતો નથી.

ખ્રીસ્ત-વિરોધીનો આ આત્મા, જેણે ઘણા માણસોમા હાલ પ્રવેશ કરેલો છે, તે એક માણસમા "ખ્રીસ્ત-વિરોધીમા" શીરો બીંદુએ પહોચશે, અને તે બાપ તેમજ દીકરો બન્નેનો નકાર કરશે (૪).

ખ્રીસ્ત-વિરોધી એકજ માણસ છે, એવું આપણે ૨. થેસ્સા ૨, મા સ્પષ્ટ રીતે શીખ્યા છીએ, જેમા તેને "પાપનુ માણસ"... "વિનાશનો દીકરો"..."અધર્મી", અથવા બરાબર કહીએ તો "નીતિ અને ધર્મ ભૃષ્ટ" કહેવામા આવેલો છે.

જેમ ખ્રીસ્ત, એ દેવની આબેહુબ પ્રતિમા છે, (૫) તેમ આપ- ણને માલમ પડેછે કે, ખ્રીસ્ત-વિરોધી, તે શેતાન (એટલે આ

---

(૧) ૧. યોહાન ૨ ૧૮. (૨) ૧. યોહાન ૪ ૩. (૩) ૨. યોહાન ૭. (૪) ૧. યોહાન ૨: ૨૨. (૫) હેબ્રીઓ ૧: ૩.

જગતનો અધિકારી) (૬) નો છેલ્લામા છેલ્લો આવિર્ભાવ એટલે પ્રકાશ છે તેનુ આવવું, તે શેતાનના કરાવ્યા (એટલે બળશક્તી અથવા આંતરશક્તિ) પ્રમાણે થશે, અને જુઠાઇના સર્વ પ્રરાક્રમ અને નિશાણીઓ અને જુઠા ચમત્કારો અને અન્યાયની સર્વ ઠગાઇઓ સંમાથે તે આવશે.

જેઓ સત્ય પર વિશ્વાસ રાખતા નથી, (૭) તેમને તે ભ્રાંતિની ઉશ્કેરણી (યાને આંતરબળ શક્તિ રૂપે) થશે.

અધર્મના આ મર્મે (ગ્રીક ભાષ્યમા છે, તેમ) પાઉલ પ્રેરિતના વખતમા પણ અસર કરી હતી, પણ, તે અસરની વિરૂદ્ધ એક અટકાવનારી શક્તિ ચાલુ રહેલી છે, અને તે શક્તિ તે, હમારા માનવા મુજબ પોતાના હાલના પ્રકાશ અથવા કર્તવ્ય સહીતનો પવિત્ર આત્મા છે. તે પવિત્ર આત્મા જગતને દંડ આપનાર છે અને મંડળીને એકત્ર કરનાર છે. જ્યારે મંડળીના આકાશગમન સમયે, અટકાવ કરનાર પવિત્ર આત્માને તેમની વચમાથી લઇ લેવામા આવશે, ત્યારે અધર્મનો મર્મ ખુલ્લો થશે અને તે પાપી પ્રગટ થશે. (કલમ ૭-૮).

વળી યહુદીઓ, (૮) જેઓ પોતાના દેશમાં પાછા આવ્યા છે, અને જેમણે પોતાનુ મંદિર ફરીથી બાંધ્યુ છે, તેઓ પણ તેનો અંગીકાર કરશે; અને તેઓ તેની સાથે કરાર કરશે, અને તે કરારને તે ભવિષ્યવાદીએ " મોત સાથેનો કરાર અને શેઓલની સા-

(૬) યોહાન ૧૪: ૩૦. (૭) ૨. થેસ્સા ૨:૩-૧૨ (૮) યોહાન ૫ ૪૩.

થેનો સંપ " એ નામ આપ્યું છે. (૯). અને જે સર્વ દેવ અથવા પૂજ્ય કહેવાય છે તેનાથી, તે ખ્રીસ્ત-વિરોધી પોતાને ઉંચો દેખડાવશે; અને તેમ કરીને દેવના મંદિરમા (યરૂશાલેમનાં ફરીથી બાંધેલા મંદિરમાં) તે દેવ તરીકે બેસશે, અને પોતેજ દેવ છે એમ દેખડાવશે (૨. થેસ્સા ૨:૪).

બેશક, દાનીયલ ૧૧ ૩૬ વીગેરેમા જે રાજા વિષે બ્યાન કરેલું છે તે રાજા તેજ છે, જે પોતાની સ્વખુશી પ્રમાણે વર્તશે, અને દરેક દેવ કરતાં પોતાને મોટો ગણશે. વળી પ્રકટીકરણ ૧૩·૧૧-૧૮ મા જે શ્વાપદ વિષે કહેવામા આવેલુ છે તે શ્વાપદ પણ તેજ છે, જેની ગણત્રી તે એક માણસની ગણત્રી છે, એટલે કે ૬૬૬, અને તે મોટા ચમત્કારો કરે છે અને તેમ કરીને પૃથ્વીપરના રહેનારાઓને છેતરે છે, અને શ્વાપદની મૂર્ત્તિનુ જેઓ પૂજન કરતા નથી તેમને મારી નાંખવાની તેનામાં શક્તી છે અને વળી યશાયાહ ૧૪ ૧૨-૧૬ મા " તેજસ્વી તારા, પ્રભાતના પૂત્ર અથવા દીવસના તારા " ના નામથી પણ તેને કહેવામાં આવ્યો છે, અને બાબીલોનનો રાજા તેનો જ નમુનો હતો, કેમકે તેણે દેશજાતિઓને નીચે પાડી છે, અને " પ્રભુના તારાઓ કરતાં પોતાનું રાજ્યાસન " ઉચે સ્થાને રાખ્યુ છે, અને " સભા પર્વત પર " બેસે છે.

ખ્રીસ્તના આ મહાન સમોવડીઆનું આવું ભયકર વર્ણન, ધર્મપૂસ્તક, આપણને ટુકમાં આપે છે. ઘણા લોકોનુ માનવું છે કે,

(૯) યશાયાહ ૨૮.૧૪-૧૮.

એન્ટીઓકસ એપીફેનીસ, અથવા રોમના પોપોમાં, અથવા મહમદ અને તેના ઉત્તરાધિકારીઓમાં, તે કયારનો પ્રગટ થઈ ચુકયો છે, પણ તે બધા ખ્યાલો ભુલ ભરેલા છે એમ અમે માનીયે છીએ. પોપોએ જે પ્રતિષ્ટા અને સત્તા મેળવી છે તે ખ્રીસ્તના ઠોકી બેસાડેલા પ્રતિનિધિ તરીકે મેળવી છે, પણ તેના પ્રતિપક્ષી તરીકે મેળવી નથી. તેથી કરીને તેમને ખ્રીસ્ત–વિરોધી અથવા વિરોધ ઉભા કરનાર કહેવા એ મોટી ભુલ છે. બેશક, એન્ટીઓકસ, ખ્રીસ્ત–વિરોધીનો પ્રતિમા રૂપે અવતાર હતો એમ કહી શકાય અને યહોવાહની ભક્તિમાં તેના સામા થવાથી, તથા ધિક્કાર પામેલાં ડુક્કરનુ મદીરમાં તેણે બળીદાન આપવાથી, અને યહુદીઓની સાથેની તેની ઘાતકી વર્તણુકથી, છેવટનો ખ્રીસ્ત–વિરોધી શુ શું કરનાર છે તેનું તેણે આપણને આબેહુબ નાના પાયાપરનુ ચિત્ર બતાવ્યું છે. પણ પાઉલ અને યોહાને આવનાર ખ્રીસ્ત–વિરોધી વિષે લખ્યુ તે પહેલાં ઘણા લાબા કાળમા અગાઉ તે થઇ ગયો છે. તેજ પ્રમાણે મહમદને પણ કેટલેક અંશે તેની પ્રતિમા રૂપે નમુનો માની શકાય, પણ તેને વિષે તેટલુંજ કહી શકાય.

પણ નહીં, ખ્રીસ્ત–વિરોધી હજી ભવિષ્યમા થવાનો છે, અને ૧ થેસ્સા ૪ ૧૬–૧૮ મા બતાવ્યા મુજબ પવિત્રોના આકાશગમનના વખતે શુદ્ધ મડળી આકાશમા તણાઇ જશે નહીં, ત્યાં સુધી ખ્રીસ્ત–વિરોધી પ્રગટ થશે નહી. કેમકે પાઉલ (૧૦) કહે છે કે, "હવે ભાઇઓ, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના આવવા તથા તેની

(૧૦) ૨. થેસ્સા ૨.૧–૨, ૭.

પાસે આપણે એકઠાં થવા વિષે અમે તમને વિનંતી કરીએ છીએ", એટલે આપણા પ્રભુ પાસે એકઠા થવાની જે ખાસ સત્ય વાત જેને વિષે તેણે આગળ તેમને લખ્યું છે (૧૧) તેથી, અને સ્વધર્મત્યાગ પુરેપુરો થાય અને પાપનો માણસ પ્રગટ થાય તે પહેલા, તે વાત બનવી જોઇએ. આ વાતને કલમ ૭ ના વચનથી ટેકો મળે છે. પવિત્ર આત્મા, વહુ (૧૨) (મંડળી) ને એકઠી કરવામા રોકાયો છે, અને તે અરસામા તે પાપ વિષે તથા ન્યાયીપણા વિષે તથા ન્યાય ઠરાવવા (૧૩) વિષે જગતને ખાતરી કરી આપશે; અને જ્યારે તેને વચમાંથી લઇ લેવામા આવશે ત્યારે તે પ્રભુને હવામાં મળવા માટે વહુ (મંડળી) ને પોતાની સાથે ગગનમા ખેંચી જશે, અને ધર્મ ભૃષ્ટ મંડળી, વ્યભિચારી ઇસ્રાયલ અને અપવિત્ર જગતને જુઠાણું (૧૪) માનવા માટે પાછળ મુકી જશે, અને ત્યાર બાદ તે અધર્મી પ્રગટ થશે તેથી પ્રભુનો પાડ માનો કે, પરીક્ષણના (૧૫) આવા ભયકર સમયમાથી તે મંડળીને બચાવનાર છે. જગતમા જ્યારે ખ્રીસ્ત - વિરોધી રાજ્ય કરશે, ત્યારે મડળી પોતાના પ્રભુની સાથે હશે (૧૬).

પણ, જો કે ખ્રીસ્ત - વિરોધી પોતાને એટલો બધો ઉચો મનાવશે, અને આટલી બધી સત્તાથી જગત ઉપર રાજ્ય કરશે, તોપણ

(૧૧) ૧ થેસ્સા ૪.૧૬ - ૧૮. (૧૨) ૧. કરીંથી ૧૨:૧૨ - ૧૩, એફેસીઓ ૪ ૩૦. (૧૩) યોહાન ૧૬: ૮. (૧૪) ૨. થેસ્સા ૨: ૧૧. (૧૫) લુક ૨૧: ૩૬ પ્રકટીકરણ ૩: ૧૦. (૧૬) ૧. થેસ્સા ૪: ૧૭ - ૧૮, ૧. થેસ્સા ૫, ૯ - ૧૦.

"તેનો અંત આવશે, ને તેને કોઇ સહાય કરશે નહી" (૧૭). જ્યારે પ્રભુ પોતાના પવિત્રો સાથે અધર્મીઓનો ન્યાય કરવાને આવશે (૧૮) ત્યારે "તે પોતાના આવવાના પ્રકાશથી," તેનો (ખ્રીસ્ત-વિરોધીનો) નાશ કરશે, એટલે (રોથરહામના તરજુમા મુજબ) પોતાના આવવાના (૧૯) તેજોમય પ્રકાશથી તેને તદ્દન નિર્મળ કરી નાખશે. અલબત, તેને "ઘોરના ઉંડાણમાં શેઓલ સુધી" ઉંડો નાખી દેવામાં આવશે, જેઓ તેને જોશે તેઓ સૂક્ષ્મ દૃષ્ટિ વડે તેને નિહાળશે, અને વિચાર કરતા કરતા કહેશે કે "જે માણસે પૃથ્વીને થથરાવી હતી, જેણે રાજ્યોને હલાવ્યાં હતાં, જેણે જગતને અરણ્ય જેવું કીધુ હતું, ને એના નગરોને પાયમાલ કીધાં હતા તે શું આ માણસ છે"! (યશાયાહ ૧૪: ૧૫-૧૭).

ખ્રીસ્ત-વિરોધી, બાપ અને દીકરાનો (૨૦) નકાર કરેછે એ સત્ય વાત ઉપર હમે ખાસ ધ્યાન ખેંચીએ છીએ, અને તેથી કરીને ૨. થેસ્સા ૨ ૭-૮ માંના ગ્રીક શબ્દોનો અર્થ "અધર્મનો મર્મ"—"અધર્મી" એવો કરવો જોઇએ સામાન્ય સ્વામિત્વ, નાસ્તિત્વ અને અનીશ્વરતાનું અધર્મી અને નાસ્તિક વૃતિવાળું ત્રિકૂટ જે હાલના સમયમાં આટલી બધી ઝડપથી પ્રસરી ગયુ છે, અને જે લગ્ન, મીલકત વીગેરે સબંધી તમામ કાયદાઓને રદ્દ કરવા મથી રહ્યું છે તેનો, હમારા ધારવા પ્રમાણે ભયંકર આશય, એ દેખાડે છે.

---

(૧૭) દાનીયલ ૧૧: ૪૫. (૧૮) ૨. થેસ્સા ૨: ૮.
(૧૯) યહુદા ૧૪-૧૫. (૨૦) ૧. યોહાન ૨. ૨૨.

ખ્રીસ્ત – વિરોધીના નિકટના અગ્રયાયિ એ હોય એમ પણ કદાચ બની શકે. ગમે તેમ હોય તો પણ તે ખરેખર આવનાર છે, અને અધર્મી જગત પાપના આવા છેલ્લા દરજ્જાએ ધસી જશે એ ખ્યાલ ખરેખર ખેદજનક છે. *

* "ખ્રીસ્ત–વિરોધીના આ વિષયના વધુ ખુલાસાવાર લખાણ માટે, તેમજ બાબીલોન ફરી બાંધીને, તેને શેતાનની આ દૂનીઆ ઉપરની રાજયધાની કરવા વિષે તથા તેને તમામ વેપારનું મથક કરવા વિષે અને તેની પુરેપુરી પાયમાલી તથા નાશ માટે તથા બીજી તે વખતે બનનારી બીનાઓ માટે આ ગ્રંથકર્તાનું "શેતાન, તેનું રાજ્ય અને તેનો નાશ" એ નામનું ચોપાનીઉં જુઓ." એફ એચ રમેલની કુ૦ ચીકાગો ન્યુયોર્ક વીગેરે.

પ્રકરણ તેરમું.

મુખ્ય બનાવ.

હમે માનીએ છીએ કે ભવિષ્યની બીનાઓના અનુક્રમનો ઉપર હમે જે ખરડો બતાવ્યો છે, તે પ્રભુના વચનના દરેક કાળજીથી અભ્યાસ કરનારાને પસંદ પડશે. એમ છતા, હમે ખંતથી ફક્ત એકજ બાબત વધારે ને વધારે આગ્રહથી કહ્યા કરીએ છીએ, અને તે " સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલાં ખ્રીસ્તનું આવવું, અને પવિત્રોનું આકાશગમન છે. મંડળીની એ મોટામાં મોટી આશા છે, અને તે મુખ્ય બનાવને માટે વિશ્વાસુઓ રાહ જુએ છે (૧) એમ હમે માનીએ છીએ.

આકાશગમનના સમય પછી થનારા સંકટ સમય, રાજ્ય વિગેરેની બાબતમા ઘણી વાતો પ્રસિદ્ધિમા આણવામા આવી છે; તોપણ તે ફક્ત એક ખરડાના ખોખાં રૂપે છે, અને વહાલા વાચક, જો આપણને તેમાં પુરેપુરી સમજ ન પડે તો તેથી આપણે નાહિંમત થવું નહી જોઇએ,

રાજા આવનાર છે એ વાત ભુલી જશો નહીં, અને જ્યારે તે આવશે, ત્યારેજ રાજ્યની (૨) રીત તપસીલવાર જાહેર કરવાનો વખત છે.

---

(૧) ૧. થેસ્સા ૧:૯-૧૦ (૨) ૧, શમુએલ ૧૦.૨૪-૨૫.

સત્ય, નીતિ અને ધાર્મિકપણુાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવું થશે એવું માનનારાઓના સવાલો.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવુ થશે એમ માનનારા આ વાત તદ્દન દેખીતી રીતે ભુલી જાય છે, અને પ્રભુના આવવા સંબંધની વાતો જે આપણે હમણા કાચમાથી ઝાખી ઝાંખી જોઇ શકીએ છીએ, તે તેઓ પુરેપુરી સમજી શકતા નથી. અને તેથી જે સ્પષ્ટ રીતે પ્રગટ કરવામાં આવ્યું છે તેને તેઓ સ્વિકારતા નથી.

જો, હાલની ઇશ્વર નિયુક્ત વિધિમા પણ, આપણે "પ્રયત્નવાદ" અને "પ્રભુના સામ્રાજ્ય" નો આપણો માહોમાહેની સમજશક્તિ પ્રમાણે સંપૂર્ણ ખુલાસો કરી શકતા નથી, તો જે મહિમા અથવા પ્રતાપ, રાજ્યના આવવામાં આપણને પ્રગટ કરાવાનો છે, તે તો બીલકુલ આપણે સમજી શકીશુંજ નહી. તેટલા માટે જે સવાલો તેઓ પુછેછે, તેથી આપણે અસ્વસ્થ નહીં થવુ જોઇએ. જેવા કે —

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ દરમ્યાન માણસોને શી રીતે બચાવવામા આવશે ?

કૃપાના સાધનો શું હશે ?

ધર્મપુસ્તકના બોધને બદલે શુ કરવામા આવશે ? અને મંડળીની ધર્મવિધિ અને સંસ્કારને બદલે શુ કરવામા આવશે ?

ખ્રીસ્તના પ્રથમ આવાગમન પહેલાં યહુદીઓ પણ આવા સવાલના જવાબ આપી શકયા નહોતા તેના આવતાં સુધી તે વાત પ્રગટ થઇ નહતી.

ઇસુ પાછો આવનાર છે, અને જેમ તે પ્રથમ આવ્યો તે વખતે થયું તેમ, આ વખતે પણ જ્યારે તે આવશે, ત્યારે પ્રભુના પ્રગટ કરાયલા વચનમા વધારો થશે એ વાજબી રીતે બધબેસતુ છે.

તે ફરીથી બોલશે, અને તે એવું બોલશે કે એના જેવું કદી કોઇ માણસ બોલ્યું ન હોય (૩); મરી ગયલા પણ તેની વાણી સાંભળશે, (૪) અને તેના મુખમાથી (૫) જે કૃપાની વાણી નીકળશે, તે હમેશનું પ્રકટીકરણ (૬) ગણાશે.

ઇસુ આવશે, ત્યારે તે બધું ખુલ્લું અને સ્પષ્ટ થશે, કેમકે આપણે તેના જેવા થઇશું અને તે જેવો છે તેવો તેને નજરોનજર (૭) અને આમેહુબ (૮) આપણે તેને જોઇશુ

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવું થશે એવુ માનનારા એમ ધારતા દેખાય છે, કે જે જે થવાનુ છે તે મંડળીમાજ થશે અને તે હાલના સાધનોથીજ થશે.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલાં ખ્રીસ્તનુ આવવુ થશે એમ માનનારા, ખુદ ખ્રીસ્તમાજ તમામ

---

(૩) યોહાન ૭ ૪૬. (૪) યોહાન ૫:૨૮. (૫) લુક, ૪:૨૨. (૬) માત્થી ૧૧ ૨૭ (૭) ૧. યોહાન ૩:૨. (૮) યશાયાહ ૫૨:૮ (૯) ૧. કરીંથી ૧૩.૧૨.

વાતની સંપૂર્ણતા માટે જુએ છે. કેમકે તે ન્યાયીપણાથી (૧૦) અને જુદી રીતનાં સાધનોથી (૧૧), તે કામનો ટુંકમાં છેડો આણશે.

સત્ય, નીતી અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પછી** ખ્રીસ્તનું આવવું થશે એ મત **મંડળીને** ઉંચી પદવી આપે છે.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પહેલાં** ખ્રીસ્તનુ આવવું થશે એ મત **ઈસુને** ઉંચી પદવી આપે છે, અને વિશ્વાસીઓના અંતકરણને એક જીવતા, પ્રત્યક્ષ અને જરૂર આવનારા તારનારના વિચારોથી પ્રફુલ્લિત રાખે છે.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પછી** ખ્રીસ્તનું આવવું થશે એ મતવાળા, જો કે કબુલ કરે છે કે ખ્રીસ્તનુ બીજી વખતનું આવવું તે મંડળીનો પુરો **ધ્રુવનો તારો** છે, તો પણ તેઓ ખરા અંતઃકરણથી તે માનતા નથી; અને જેમ બને તેમ થોડુ તે બાબત વિષે બોલાય તેમ કરવા પર તેમનું વલણ છે. અને જેઓ એમ માને છે કે એ બનાવ આજ પછી લગભગ એક હજાર વર્ષ પછી બનવાનો છે, તેમને માટે એ સ્વભાવિક અને તદ્દન બંધબેસતુ છે

તેઓ ભાગ્યેજ તે બાબતનો બોધ કરે છે અથવા તે સંબંધી વાદવિવાદ કરે છે.

(૧૦) રૂમી ૯:૨૮.

(૧૧) યશાયાહ ૪.૪; વળી જુઓ ઝખાર્યાહ ૧૪.

વચનનો બોધ કરો.

પાઉલ, જેણે **વાત પ્રગટ કરવા** તીમોથીને આજ્ઞા કરી તેનાથી આ કેવી પ્રતિપક્ષતા! (૨. તીમોથી ૪:૨), * અને જ્યારે તેણે તીતસને ઇસુના ધન્ય આશા અને મહીમાવાન પ્રગટ થવા વિષે લખ્યુ, ત્યારે તેણે કહ્યુ હતું કે, "**આ વાતો તું બોલ**" (તીતસ ૨ ૧૫)

અને વળી જ્યારે તેણે થેસ્સાલોનીકીઓને પ્રભુના ગનનમાં ઉતરવા વિષે અને પવિત્રોનાં પ્રભુને મળવા માટે આકાશગમન વિષે લખ્યું, ત્યારે તેણે કહ્યું કે, "**તો એ વાતોથી એકબીજાને સુબોધ કરો**". (૧. થેસ્સા. ૪ ૧૮, વળી જુઓ ૨. તીમોથી ૩.૧૬, હેબ્રી ૧૦:૨૫, ૨. પીતર. ૧:૧૯).

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પછી** ખ્રીસ્તનું આવવું થશે એ મતવાળા આપણા ભાઇઓને હમે પુછીએ છીએ કે, તમે મડળીને આ સુબોધના વચન, "આ યોગ્ય સમયનું અન્ન," કેમ આપતા નથી? "જે દાસને તેનો ધણી આવીને એમ કરતો જોશે તેને ધન્ય છે" (લુક ૧૨: ૪૩).

અરે! ભાઇઓ, સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર

* પ્રભુ અને ઇસુ ખ્રીસ્ત જે મુએલાં તથા જીવતાનો ન્યાય કરનાર છે તેના પૂર્વપ્રકાશ અને તેના રાજ્ય તે વચનને જાહેરમા લાવે છે એ બંને વાતને હું સંપૂર્ણ રીતે ટેકો આપું છુ" ટ્રેગેલીમના ગ્રીક ભાષમાંથી રોથરહામની ટીકાઓ જુઓ.

વર્ષ **પછી** ખ્રીસ્તનું આવવું થશે એ મત, આ **આશાના તારાને** મંડળીથી સંતાડે છે, અને તેમ કરીને પ્રભુજ ફક્ત જે જવાબદારીનો અડસટ્ટો આંકી શકે તે જવાબદારી તેઓ પોતાને માથે વહોરી લેછે. આ સત્ય વાતનો આવી રીતે અનાદર કરવાના સબબને લીધે, મંડળી નબળી અને અશક્ત થતી જાયછે.

સનિશ્ચયાત્મક ચેતવણી.

ડૉકટર હ્યુ મૅકનીલના નીચે મુજબના ઉંડા ગંભીર વચનો પર ધ્યાન આપવાની હમે તમને વિનંતી કરીએ છીએ:—

"મારા પૂજ્ય ભાઈઓ, જાગૃત રહો અને ઇસુના આવવા વિષેનો બોધ કરો. આપણા સામાન્ય ધણીના નામથી હુ તમને આજ્ઞા કરૂંછઉં કે–"**ઈસુના આવવાનો બોધ કરો;**" કે "પ્રભુના નામથી સનિશ્ચયાત્મક રીતે અને પ્યારથી હું તમને **ઈસુના આવવા વિષે બોધ કરવાનું** સોપુછુ. તેથી તમે જાગતા રહો કે રખેને તે ઓચીતો આવે, અને દરવાનને ઉંઘતો જુએ".

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલાં ખ્રીસ્તનુ આવવુ થશે એ મતમા ખરૂં રહસ્ય સમાયલું છે, અને તે મત, તેના શિષ્યને પ્રભુના વચન ઉપર ખરો પ્રેમ અને આસ્વાદન આપેછે, અને તેની નજર આગળ તે એક નવા પુસ્તકની માફક ખુલ્લું કરી સ્પષ્ટ કરાય છે.

ડૉકટર બ્રાઉન પણ આ વાત સ્વીકારેછે, અને કહેછે કે; "સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પહેલાં** ખ્રીસ્તનું આવવુ થશે એવું માનનારાઓએ, પ્રભુના વચનમાં તથા ઇશ્વરી

સત્યતાની રચનામા તેના બીજા આવાગમનને જે સ્થાન આપેલું છે, તેના પર ખામ ધ્યાન ખેંચીને તેઓએ મંડળીની ખરી સેવા બજાવી છે." *

આપણે ઘણાંને એમ કહેતા સાંભળ્યા છે કે "જ્યારથી મેં સત્ય માર્ગનો સ્વિકાર કર્યો, ત્યારથી આ ધર્મ પૂસ્તક મારા મનને એક બીજુજ પુસ્તક થઇ પડયુ છે." અને જો કે તે ધર્મ પુસ્તકમા પ્રગટ કરેલી પ્રભુની અસખ્ય યુક્તિઓ અને ખુલ્લા મહિમામા આપણે ભુલા પડી જઇએ છીએ, તોપણ આપણને માલમ પડયુ છે કે, તે સત્યતા અને સુબોધનો એવો તો ભરપુર ભંડાર છે કે તેનો નિરંતર અભ્યાસ કરવાથી આપણને વધારે ને વધારે મહત્વવાળી વાતો તેમાંથી મળી આવેછે.

ખીસ્તી ધર્મમાં, તે **સૌથી વધારેમાં વધારે વહેવારોપયોગી મત** છે, કેમકે "દરેક માણસ જેને તેના (ઇસુ ખ્રીસ્ત) મા આ આશા છે, તે જેવો તે (ખ્રીસ્ત) શુધ્ધ છે તેવીજ રીતે પોતાને શુધ્ધ કરેછે" (૧. યોહાન ૩: ૩). ત્યારે શુ આવી **વહેવારોપયોગી પવિત્રતા** નો આપણને ખપ નથી?

વળી, આ મત જ્યારે આપણા અત કરણમા મજબુત રીતે દૃઢ થાયછે, ત્યારે તે આપણને જગત પરના પ્યારથી વેગળા રાખવા માટે મહાન શક્તિરૂપ છે. અને જો એ મત મડળીમા પુરેપુરો મનાય અને તેનો પુરેપુરો બોધ થાય, તો હમને આશા છે કે તે મંડળી પોતાનું સર્વસ્વ એટલી બધી ઉદારતાથી આપશે કે આપણા

* જુઓ 'બીજું આવા ગમન.' પાન ૧૩.

મિશનોના નિભાવને માટે પૈસાની મદદ સારૂ આપણે કોઇને વિનતી કરવી પડશે નહીં.

આજ મતથી પવિત્ર પરમાનંદની પ્રેરણા થાય છે અને તેના ભજનો તેથીજ આટલી બધી પ્રીતિને પાત્ર થયાં "જ્યારે ઇસુ આવશે" અથવા "કીલ્લાનો મજબૂત રીતે બચાવ કરો, કેમકે હું આવુ છુ" એ ભજનો ગાવાનો આપણ બધાને કેટલો બધો પ્રેમ થાય છે. મંડળી અને લોકોને આ સત્ય વાત જણાવવાની જરૂર છે, અને તે (પ્રભુ), તે વાતના પ્રગટ કરવામા કેટલું બધું ખુલ્લું હીત અને લક્ષ રાખે છે તે ઉપરથી આપણી ખાત્રી થાય છે કે, પ્રભુની મરજી એવી છે કે તેઓ તે વાત જાણે.

પ્રકરણ ચૌદમું.

કેટલાએક વાંધાઓનું અવલોકન.

નંબર ૧—તે મિશનોને નાહિમત કરે છે.

એમ વાધો લેવામા આવે છે કે આ મત મિશનોને ના-હિમ્મત કરે છે,

આ વાત ખરી નથી. કેમકે આજના વખતના બૈબલની સૂવાર્તાના ઉપદેશકોમા જે મિશન સંબધીનો ઉત્સાહ છે, તેજ તેનો પુરતો જવાબ છે. અને આ મતને માનનારા ધર્મ પ્રચારકોમાના થોડા એકના નામ હમને દેવા દો; જેવા કે બેનએઝરા, જોસફવુલ્ફ, જેમ્સ મૅકગ્રેગર બરટ્રામ એલ. ડી. મૅન્સફીલ્ડ, ગોન્સાલવીસ, ડૉક્ટર કેવી, અને હેવીટસન.

"હેબર, જે ઈંગ્લંડની મ ડળીનો મોટો ધર્મપ્રચારક ધર્માધ્યક્ષ છે, તેને આજ આશાથી ઇશ્વરી પ્રેરણા થઇ હતી; અને તેણે આપણને નીચે મુજબનુ મહિમાવાળું ધર્મપ્રચારક ભજન આપ્યું" કે, "ગ્રીનલાંડના બરફવાળા પર્વતોથી માંડી," અને હીંદુસ્થાનના પરવાળાવાળા કિનારા ઉપર "પોતાનું તમામ બળ ગુમાવ્યુ, અને ત્યાંજ પોતાના શ્રમથી તેણે આરામ લીધો"

"ગુટઝલાફ જેણે ચીનમા, તથા બેટલહેમ જેણે જાપાનમા ખ્રીસ્તી ધર્મનો માર્ગ ખુલ્લો કર્યો, તેમને પણ આજ આશાએ

કામ કરવામાં ઉમગભેર રાખ્યા; અને એજ આશાએ પ્રૌઢ ડફને પણ પ્રેરણા કરી, કે જેણે, તે આશાની અસરથી, અલ્પ સતોજી સ્કૉટલેન્ડને તેની ઉંઘમાંથી ઉઠાડયું; અને જે હીંદુસ્થાનમાં પોતાની અજીત જાતનો પ્રથમ પહેલ્ર કાઢનાર હતો. એજ આશાએ મૅકચેન, અને આપણો પોતાનો પુર, લૉરી, રાનકીન અને લોવેનથાલ તથા બીજા ઘણાઓને પ્રેરણા કીધી અને ઉત્તેજન આપ્યુ, અને અલ્રાનંદી કીધા હતા. "

લૉર્ડ સાહેબ દૃઢપણે કહે છે કે, જેમ વિલાયતના રાજ્યકારોબારના મંડળમા છે તેમ, દરેક જાતના મિશનોમાં, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલાં ખ્રીસ્તનુ આવવું થશે એ મતવાળાઓની સંખ્યાનું પ્રમાણ ઘણુ મોટું છે તેઓ પાઉલ પ્રેરિતની માફક, આવનાર કોપથી કેટલાએકને બચાવવાને–(૧), ખરી ખતથી મહેનત કરે છે.

નંબર ૨—તે કામને નાહિમત કરે છે.

વળી એવો વાંધો લેવામાં આવ્યો છે કે, તે મત, ખરા કામને નાહિમતવાન કરે છે. આ વાંધો તદ્દન અસભવિત અને જુઠો છે. કેમકે આ મતનું ખરામાંખરૂં રહસ્ય તો, જાગૃત રહેવાનું, કામ કરવાનું અને રાહ જોવાનું છે, અને તે હમણાંજ કરવા કહે છે, કેમકે રાત આવે છે જેમાં કોઇ માણસ કામ કરી શકતુ નથી (૨).

(૧) રૂમી ૧૧:૧૪; ૧ કરીંથી ૯:૨૨; ૧ થેસ્સા. ૧ ૯–૧૦; જાસ ૫:૨૦. (૨) યોહાન ૯: ૪.

નંબર ૩—તારણ નહિં પામેલા એવા ઘણા મીત્રો.

કેટલાએક વાંધો ઉઠાવે છે કે, તેમના એટલાબધા મીત્રો તારણ પામ્યા વગરના છે, કે ખ્રીસ્તના આવવાની તેઓ ઇચ્છા રાખી શકતા નથી.

ત્યારે તો **મહેનત કરો,** કેમકે આપણે વાંચીએ છીએ કે "જે સઘળું બાપ મને આપે છે, તે મારી પાસે આવશે" (યોહાન ૬:૩૭: ૩૮), અને જેની મરજી હોય તે આવે (૩). માટે પ્રભુનું ભય જાણીને, અમે માણસોને સમજાવીએ છીએ. (૨ કરીથી ૫:૧૧).

જળપ્રલય પહેલાના માણસોએ નૂહના બોધ ઉપર ધ્યાન આપ્યું નહીં, અને લાતના સગા, પણ (તેના પોતાના જમાઇઓ) સદોમમાથી તેની સાથે બહાર ગયા નહી તેજ પ્રમાણે, એવા પણ માણસો થશે, કે જે ખીસ્તને કબુલ કરશે નહી પણ જેઓ તેનામા વિશ્વાસ રાખે છે (૪), તેમાનો એક પણ ભુલો પડશે નહીં. (૫). ઇસ્રાયલોને પણ તેમના ઉપરની વિપત્તિ અને સંકટ દરમ્યાન વારંવાર પશ્ચાતાપ કરવો પડયો હતો, અને તેજ માફક, જો આપણા મિત્રો ખ્રીસ્તને હાલમાજ સ્વિકારવાની હમારી આજીજી માનશે નહીં, તો સકટ સમયમા પ્રભુના પ્રત્યક્ષ ન્યાયકરણને લીધે તેઓ તે વાત માનશે એ કદાચ સભવિત છે.

(૩) પ્રકટીકરણ ૨૨: ૧૭. (૪) યોહાન ૧: ૧૨.
(૫) યોહાન ૧૦ ૨૭–૨૮, માત્થિ ૭: ૧૩.

પણ, તેઓ કદાચ માને કે ન માને, તો પણ આપણને ધારવા દો કે મનુષ્યજાતનો મોટો સમુદાય પાપના **સમુદ્રમાં** ગરકાવ થઇ ગયો છે, અને તેથી લાખો મનુષ્યો નાશની કબરોમાં ખેચાઇ જાય છે (માત્થી ૭ ૧૩), અને તેમની સરખામણીમા, સાચા માનનારાઓની સંખ્યા ફક્ત મુઠીભર છે. સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના સમયમા આ બધુ બદલાઇ જશે, "કેમકે પાણી જેમ સમુદ્રને ઢાકે છે તેમ યહોવાહના જ્ઞાનથી પૃથ્વી ભરપૂર થશે" (યશાયાહ. ૧૧ ૯), અને તમામ માણસો રાજા ઇમાન્યુઅલના ન્યાયી રાજ્યદંડને નમન કરશે (૬).

રેલવેના રસ્તા ઉપર, હમારા કોઇ એકાદ મીત્રે પોતાની જીંદગી જાણી બુઝીને જોખમમા નાખી હોય, તેની જીંદગી બચાવવા માટે રેલવેની ગાડીઓમાના હજારો માણસોની જીંદગીનો ભોગ હમે આપીશુ નહીં, અને શું બધા માણસો હમારા ભાઇઓ નથી? અને આધ્યાત્મિક મોતના મોજાંઓમાથી તેમને બચાવવાની હમે આતુરતાથી શું આશા રાખીશું નહી? અરે, ત્યારે પવિત્ર આત્માની સાથે હમને પણ કહેવા દો કે, "ઓ પ્રભુ ઇસુ, તેજ પ્રમાણે વહેલો આવ." (પ્રકટીકરણ ૨૨: ૨૦). કેમકે જ્યારે તે આવશે, ત્યારે ન્યાયથી કામ ટુકમા પતાવાશે (૭).

---

(૬) યશાયાહ ૪૫ ૨૨ – ૨૩, ફીલીપી ૨ ૧૦ – ૧૧, લુક ૧. ૩૨ – ૩૩, વળી જુઓ રૂમી ૧૪. ૧૧, મીખાહ ૪ ૧–૭.

(૭) રૂમી ૯: ૨૮.

નંબર ૪—મારૂં રાજ્ય આ જગતનું નથી

વળી એવો વાંધો લેવામાં આવ્યો છે કે, ઇસુએ કહ્યું છે કે "મારૂ રાજ્ય આ જગતનુ નથી" (યોહાન ૧૮: ૩૬) બેશક, જગતના આત્માનુ નથી (૧ યોહાન ૨. ૧૫–૧૭); જેમ વિશ્વાસુઓ આ જગતના નથી તેમ. (યોહાન ૧૫: ૧૯). એ વાક્યનો ખરો અર્થ નીચે મુજબ છે કે, "મારૂં રાજ્ય આ જગતમાથી નથી," એટલે મારૂ રાજ્ય આ જગતમાથી ઉત્પન્ન થતું નથી. તે આ જગતનો નથી (૮). તે અને તેનું રાજ્ય ઉપરના છે, પણ જે પ્રાર્થના તેણે આપણને શીખવી છે કે "તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં, તેમ પૃથ્વી ઉપર તારી ઇચ્છા પુરી (૧૦) થાઓ" (લુક ૧૧: ૨), તે પ્રાર્થનાને અનુસરીને તેનું રાજ્ય આ જગતમાં સ્થાપવામા આવશે. આ જગતના રાજ્યોને શેતાનના કપટ પ્રપંચથી નીતિભૃષ્ટ કરાશે પણ સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના રાજ્યમાં શેતાન કપટપ્રપચ કરી શકશે નહીં, કેમકે તેને (હજાર વર્ષ સુધી) બાંધી મુકવામાં આવશે (૧૧).

પ્રકૃતિ અગર માયામાં ખાસ અધર્મ કાંઇ નથી. આદમ તેના નાશની પહેલા, પાપ રહિત હતો અને તેને સ્થુળ દેહ હતો ખ્રીસ્તને સ્થુળ દેહ છે અને તે પાપરહિત છે. પાપને લીધે પૃથ્વીને

(૮) યોહાન ૮. ૨૩.(૯) કલોસી ૩: ૧–૪, ગલાતી ૪·૨૬.
(૧૦) દાનીએલ ૨ ૪૪; દાનીએલ ૭. ૧૮; યિર્મેયાહ. ૨૩:૫–૬.
(૧૧) પ્રકટીકરણ ૨૦: ૧–૩.

શ્રાપ દેવામાં આવ્યો હતો, અને જગતનો આત્મા પાપને વળગી રહેછે (૧૨). પણ જ્યારે શ્રાપ દૂર કરવામાં આવશે, અને ઠોકર ખવડાવનારી બધી વસ્તુઓને તથા ભુંડુ કરનારાઓને તેના રાજ્યમાંથી તેઓ એકઠા કરશે (૧૪), ત્યારે તમામ સૃષ્ટી જેને માટે આતુરતાથી અપેક્ષા (૧૫) કરેછે, અને કષ્ટાય છે તે તેને મળશે, અને ન્યાયીઓ પોતાના બાપના રાજ્યમા સુરજની પેઠે પ્રકાશશે. (૧૬).

નંબર. ૫ — દેવનું રાજ્ય તમારામાં છે.

એવો વાંધો લેવામા આવ્યો છે કે, દેવનુ રાજ્ય સ્થૂળ અને દશ્ય નથી, પણ તે પારલૌકિક અને અદૃશ્ય છે અને એ તેમના કહેવાની પુષ્ટિમા ઇસુના લુક ૧૭: ૨૦—૨૧ માના નીચે મુજબના વચનનો જાયજો આપેછે કે, "અને ફરોશીઓએ તેને પુછ્યુ કે, દેવનું રાજ્ય કયારે આવશે? ત્યારે તેણે તેઓને ઉત્તર આપતાં કહ્યું કે, દેવનુ રાજય દશ્ય રીતે નથી આવતું; અને એમ નહિ કહેતામા આવશે કે, જુઓ આ રહ્યું! કે પેલું રહ્યુ! કેમકે જુઓ, દેવનું રાજ્ય તમારામા છે."

"દષ્ય રીતે" એ શબ્દનો અર્થ ડાકટર આદમ કલાર્કના મત મુજબ "સાવધાનતાથી ચોકી કરવી" એવો થાયછે, અને રોથરહામના મત મુજબ "બારીકાઇથી ચોકી કરવી" એવો થાયછે. "તમા-

(૧૨) રૂમી ૧ ૩૨. (૧૩) પ્રકટીકરણ ૨૨: ૩. (૧૪) માત્થી ૧૩: ૪૧. (૧૫) રૂમી ૮: ૧૯—૨૩. (૧૬) માત્થી ૧૩. ૪૨—૪૩.

રમાં" એ વાક્યનો વધારે સરસ અને હાશીઆમા લખેલો અર્થ "તમારામાંથી" થાયછે; જુઓ રેથરહામ, વીલ્સન, પ્રોફેસર વીટીંગ અને બીજાઓના પૂસ્તકો. ઇસુએ એમ કહ્યું નહતું કે દેવનું રાજ્ય પેલા ઘાતકી ફરોશીઓમાં અથવા તેમના અંતઃકરણમાં છે, પણ એમ કહ્યું હતું કે તે રાજ્ય તેઓમાં છે, એટલે યહુદી પ્રજામાં છે. એન્જેલના અભિપ્રાય મુજબ "મા" એ શબ્દ ફક્ત દરેક ફરોશીના અંતઃકરણના સબંધમાં વપરાયલો નથી,... પણ આખી યહુદી પ્રજાના સબંધમા વપરાયલો છે. રાજા, ઠરાવેલો ખ્રીસ્ત (મશીહ) અને તેથી કરીને રાજ્ય અહીંઆજ છે, તમે જુઓ અને સાભળો. ત્યારે ભાવાર્થ નીચે મુજબ છેઃ દેવનું રાજ્ય "સાવધાનતાથી ચોકી કરવાથી" આવતું નથી. એટલે વિચિક્ષણ ટીકાકારોથી જોઇ શકાય એવી રીતે ને આવવાનુ નથી, તેમ જેઓ તેને માટે ઘણી ચોકસીથી રાહ જુએછે તેઓજ માત્ર જોઇ શકે એવી રીતે તે આવવાનું નથી. તેઓ એમ કહેશે નહીં કે, જુઓ આ રહ્યું, કે પેલું રહ્યું, કેમકે દેવનું રાજ્ય તમારામા છે, જેમકે —તેઓ મધ્યે, તે રાજ્ય તે વખતે રાજા ઇસુની જાતમા દૃષ્ય રીતે વિધમાન હતુ. અને જ્યારે તે પાછો આવશે, ત્યારે તે રાજ્ય દૃષ્ય રીતે વિધમાન હશે (૧૭). તે રાજ્યને નીહાળવા માટે ઘણી ચોકસીથા રાહ જોવાની જરૂર નહોતી તેમ જરૂર પડશે પણ નહીં; દગલબાજ ગુપ્ત દૂતોથી તેના પર બારીકાઇથી નજર રાખવાને બદલે (૧૮), જો તેમણે શ્રધ્ધાથી તેનો (ઇસુ ખ્રીસ્તનો) સ્વીકાર કર્યો હોત, તો તેમના મનને-ખરૂ

(૧૭) પ્રકટીકરણ ૬: ૧૬-૧૭. (૧૮) લુક ૨૦ ૨૦.

લાગત કે આપણો રાજા તે વખતે પ્રત્યક્ષ રીતે હાજર હતો, અને (પવિત્ર) પહાડના ઇષ્ટ શિષ્યોએ (૧૯) જે રાજ્ય જોયું, તે રાજ્યના વિશ્વમય પ્રકાશમા દાખલ થવાને તે તૈયાર હતો. અને તેમ થયું હોત તો કેટલી બધી ખુશીથી તે પોતાને રાજા તરીકે પ્રસિદ્ધ કરત, અને તેમની વચમા પોતાનું રાજ્ય સ્થાપત, તે માત્થી ૨૩:૩૭-૩૯ માંના તેના કોમળ આકાક્ષાથી ભરપુર વચનોથી જણાઇ આવે છે.

"ઓ યરૂશાલેમ, યરૂશાલેમ, ભવિષ્યવાદીઓને મારી નાખનાર,
"ને તારી પાસે મોકલેલાઓને પત્થરે મારનાર! જેમ મરઘી પોતા
"નાં બચ્ચાંને પાંખો તળે એકઠા કરે છે, તેમ તારાં છોકરાને
"એકઠાં કરવાનુ મેં કેટલીવાર ચાહ્યુ, પણ તેં તેવુ ચાહ્યું નહીં!
"જુઓ તારે સારૂ તારૂં ઘર ઉજડ મુકાયુ છે, કેમકે હું તમને
"કહું છું કે, પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે, એવું
"કહેશો ત્યાં સુધી હવેથી તમે મને નહિજ દેખશો."

તે તેના બાપને નામે આવ્યો; પણ ઇસ્રાયલો જેમની સાથે તેણે વાત કરી, તેમણે તેનો અગીકાર કર્યો નહીં (૨૦). "તે પોતાનાંની પાસે આવ્યો, પણ પોતાના (લોકોએ) તેનો અંગીકાર કીધો નહીં." (યોહાન ૧ ૧૧)

તેઓએ એક લુટારાને પસંદ કરીને, પોતાના રાજાનો અનાદર કર્યો, અને વધસ્થભે જડીને તેને મારી નાખ્યો; અને તેથી કરીને તેઓ તેનો

(૧૯) માત્થી ૧૭:૯, ૨ પીતર. ૧:૧૬-૧૮ (૨૦) યોહાન ૫.૪૩.

અંગીકાર કરશે ત્યા સુધી રાજ્ય આવવામા વિલંબ થશે (૨૧). અને તેમ થશે ત્યારે આ જગતનું રાજ્ય આપણા પ્રભુનુ તથા તેના ખ્રીસ્તનું થશે, ને તે સદા સર્વકાળ સુધી રાજ્ય કરશે (૨૨). (જુઓ ગ્રીક ભાષાતર).

અરે! ધન્ય "રાજાઓના રાજા," તુ આવ; અને "તારૂં રાજ્ય" આવો.

"ત્યાં રાજા પોતાના સૌંદર્યમાં કોઇ જાતના પડદા વગર દેખાયછે; અને જો કે તે મુસાફરી કરવામા વચમા સાત મરણ આવેછે, તોપણ તે મુસાફરી કરવી સફળ છે. હલવાન પોતાના સુદર સૈન્ય સહિત, સિયોનના પર્વત ઉપર ઉભો રહેછે, અને ઇમાન્યુઅલના દેશમા ઠામેઠામ જય અને વિજય પ્રસરી રહ્યા છે"

નંબર ૬—દેવનું રાજ્ય ખાવા પીવામાં નથી.

વળી એવો વાધો ઉઠાવવામા આવ્યો છે કે પાઉલે કહ્યું છે કે, "દેવનું રાજય ખાવા–પીવામાં નથી; પણ ન્યાયીપણું, શાંતિ ને પવિત્ર આત્માથી આનદ એઓમા છે." (રૂમી ૧૪:૧૭).

ખરેખર, તે "ખાવા પીવામા' નથી અથવા ફક્ત બહારના આચારવિચાર અથવા વ્રતમાં નથી. ઇસ્રાયલનું રાજ્ય તેમજ રૂમી રાજ્ય ખાવા પીવામા નહતું, પણ દરેક રાજ્યની પ્રજા ખાતી હતી અને પીતી હતી, અને પાઉલે ફક્ત ઉપદેશ કર્યો કે,

(૨૧) ઝખાર્યાહ ૧૨.૧૦; ઝખાર્યાહ ૧૩: ૬, માત્થી ૨૩: ૩૯; રૂમી ૧૧. ૨૫-૨૮. (૨૨) પ્રકટીકરણ ૧૧: ૧૫.

તેમણે સાવધાનતાથી તથા ધર્માદા આપવાની વૃત્તિથી ખાવું પીવું જોઇએ. તેજ પ્રમાણે પ્રભુના રાજ્યની રૈયત પણ ખાશે અને પીશે. "દેવના રાજયમા જે રોટલી ખાશે તેને ધન્ય છે" (લુક ૧૪: ૧૫). "હલવાનના લગ્ન જમણને સારૂ જે તેડાયલા છે તેઓને ધન્ય છે." (પ્રકટીકરણ ૧૯: ૯). વળી જુઓ યશાયાહ ૨૫:૬-૮ માની "મિષ્ટાન્નની મીજબાની" (૨૩).

ઇસુએ પોતે કહ્યું છે કે, "હું મારા બાપના રાજ્યમાં "તમારી સાથે નવો પીશ, તે દહાડા સુધી દ્રાક્ષરસ હવેથી હુ "પીનારજ નથી." (માત્થી ૨૬:૨૯).

અને પાછુ, "જેમ મારા બાપે મને (રાજય) ઠરાવી આપ્યું તેમ હું તમને રાજય ઠરાવી આપુ છું; કે તમે મારા રાજયમાં મારી મેજપર ખાઓ તથા પીઓ" (લુક ૨૨:૨૯-૩૦). આથી ઘણીજ સગીન રીતે સાબીત થાય છે કે રાજ્ય જે થવાનું છે તે જો કે પાપના શ્રાપથી (૨૪) મુક્ત થયલું થશે, તો પણ તે શબ્દે શબ્દ ખરૂ અને ભૌતિક થશે

નંબર ૭—માંસ તથા રકત.

એવો વાંધો ઉઠાવવામાં આવ્યો છે કે, માંસ અને રક્ત દેવના રાજયનાં વારસ થઇ શકતાં નથી (૨૫).

(૨૩) યશાયાહ ૨૫ ૬-૮. (૨૪) માત્થી ૧૩:૪૧-૪૩.
(૨૫) ૧ કરીંથી ૧૫:૫૦.

બેશક, માંસથી એટલે અપુનર્જાત માણસથી તે વારસો આપણને મળી શકતો નથી પણ આપણે આત્માથી ફરી જન્મ પામીએ છીએ (૨૬), એટલે ઇસુખ્રીસ્તમાં ફરીથી નવેસર ઉત્પન્ન થઇએ છીએ (૨૭), અને તેની (ખ્રીસ્તની) સંઘાતે સાથી વારસ થઇએ છીએ (૨૮). માંસથી કાંઇ લાભ થતો નથી. જે જીવાડે છે તે આત્મા છે (૨૯).

પાઉલ, ૧. કરીંથી. ૧૫ માં અધ્યાયમાં પુનરૂત્થાનના વિષય ઉપર વ્યાખ્યાન કરે છે; અને તેમા સિદ્ધ કરે છે કે પુનરૂત્થાન એટલુ બધું ઉપયોગી છે કે, તેના શિવાય આપણને પ્રભુનુ રાજ્ય મળી શકે નહીં, તેમ તેનો વારસો પણ મળી શકે નહીં. તે કહે છે કે, "માંસ અને રક્ત" દેવના રાજ્યના વારસ થઇ શકતાં નથી. અને તેથી કરીને તે આપણને પ્રત્યક્ષ દેખાડે છે કે આપણા શરીરો જે નાશવત માંસ અને લોહીના બનેલા છે તે પુનરૂત્થાન વખતે ઉઠાડાઇને અવિનાશી તથા અમર થશે. અને તે વખતે જેઓ જીવતા હશે તેમના શરીરો બદલાઇ જશે, અને "તેના (પ્રભુના) મહિમાવંત શરીર સરખા થશે." (૩૦). હવે આપણા માંસ તથા રક્તમાં, પહેલા માણસ આદમની પ્રતિમા રહેલી છે અને તે આદમ "પૃથ્વીથી, ધૂળનો છે." પણ પુનરૂત્થાન વખતે આપણામાં "આકાશીની" એ-

(૨૬) યોહાન ૩:૩ – ૫.
(૨૭) એફેસીઓ ૨:૧૦. (૨૮) રૂમી ૮.૧૫–૧૭.
(૨૯) યોહાન ૬.૬૩. (૩૦) ફિલિપી ૩:૨૦ – ૨૧.

ટલે "બીજા માણસની" યાને "આકાશમાંના પ્રભુ"ની પ્રતિમા આવે, એવી રીતે આપણે બદલાઇ જઇશુ (૩૧).

અને જેણે ઇસુને મુએલાંમાંથી ઉઠાડયો, અને જેણે આપણને વારસપણાનો આત્મા આપ્યો છે, કે જેથી આપણે પ્રભુના વારસો અને ખ્રીસ્તની સઘાતે સાથી વારસો થઇએ, તે, આપણામાં વસનાર પોતાના આત્માની મારફતે આપણા મરનાર શરીરોને સજીવન કરશે (૩૨). ત્યારે અને ત્યારેજ પ્રભુએ જે રાજ્ય (૩૩) આપણને આપવાનું વચન આપ્યુ છે, તે રાજયના આપણે વારસો થઇ શકીએ (૩૪), અથવા તે રાજ્ય આપણને પ્રાપ્ત થઈ શકે (૩૫). તેથી કરીને પુનરૂત્થાનની આવશ્યક અગત્યતા આપણે જોઇ શકીએ છીએ, કેમકે તેના શિવાય આપણે પ્રભુના રાજ્યના વારસ થઇ શક્તા નથી * (કલમ ૫૦). સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનુ આવવું થશે એ મતવાળાઓ જેમ કહે છે કે રાજ્ય આત્મિક છે, અને તેમાં દેહિક કે સ્થુળનો કશો ભાવ નથી, એ તેમના કહેવાને ટેકો આપવાનો આ વાધાનો ખુલ્લો હેતુ છે. પણ પાઉલ તેવુ કાઇ પણ કહેતા નથી અને તેની આખી

* આથી ખાસ લક્ષ આપવા જેવું છે કે રાજય હજી ભવિષ્યમા થનાર છે તેનો આ બીજો પુરાવો છે

(૩૧) ૧. કરીથી ૧૫ ૪૫-૪૯. (૩૨) રૂમી ૮:૧૧.
(૩૩) લુક ૧૨:૩૨-૩૩. (૩૪) દાનિયલ ૭:૨૨.
(૩૫). ૧ કરીંથી ૧૫:૫૦.

દલિલ તેથી વિરૂધ્ધજ છે. કેમકે તે નિશ્ચયપૂર્વક કહે છે કે, આપણાં શરીરને વિનાશ, અપમાન અને અબળપણામા વવાય છે, તે અવિનાશ, મહિમા અને પરાક્રમમા ઉઠડાશે; અથવા તો જે શરીરો તે વખતે જીવતાં હશે તે એક આંખના પલકારામાં બદલાઇ જશે (૩૬). આવા મહિમાવાળા શરીરોથી આપણે "જે રાજ્ય જગતનો પાયો નંખાયા અગાઉથી આપણે સારૂ તૈયાર કરાયલુ છે, તેના વારસ થઇશું" (૩૭). કેમકે ખ્રીસ્ત, જે સઘળાનો હકદાર વારસ (૩૮) છે, તે ત્યાં હશેજ, અને તેની સંઘાતે રાજ્ય કરવાને આપણે પણ ત્યાં હોઇશું (૩૯).

અને તેનું શરીર એટલે જે શરીર ઊઠાડાયલુ (૪૦) હતુ, અને ઉંચે લઇ જવામા આવ્યુ હતું (૪૧), અને આકાશમાં લઇ જવાયલુ (૪૨) હતું, તેવુ મહિમાવાળુ તેનું શરીર હશે.

. એવું મહિમાવાળુ શરીર કે જે સ્ટીવને જોયુ (૪૩), અને પાઊલે (પ્રેરિતોના કૃત્ય ૯:૫) અને વળી યોહાને (પ્રકટીકરણ ૧:૧૩) પણ જોયું હતું.

---

(૩૬) ૧ કરીથી ૧૫:૪૨-૪૪; ૫૧-૫૩. (૩૭) માત્થી ૨૫ ૩૪.

(૩૮) માત્થી ૨૧.૩૮; હેબ્રી ૧.૨, (ગ્રીક ભાષ્યમાં "કાળ" એ શબ્દ છે સરખાવો ૧. તીમોથી ૧ ૧૭; તથા ૧ તીમોથી ૬:૧૫).

(૩૯) ૨ તીમોથી ૨.૧૨. વળી જુઓ રૂમી ૮.૧૭; યોહાન ૧૭ ૨૪. (૪૦) લુક ૨૪ ૩૯ (૪૧) પ્રેરિતોનાં કૃત્ય ૧ ૯. (૪૨) હેબ્રી ૯ ૨૪, વળી જુઓ હેબ્રી ૪:૧૪. (૪૩) પ્રેરિતોનાં કૃત્ય ૭:૫૫.

વધસ્તંભના જખમોવાળું શરીર (૪૪), "મારી નાંખેલાં જેવું એક હલવાન." હા, તે માંસના શરીરથી પાછો આવશે (પ્રેરિતોના કૃત્ય ૧:૧૧) ૨. યોહાન ૭ નો ખરો અર્થ "જેઓ ઇસુ ખ્રીસ્તનું માંસના શરીરથી આવવું * કબુલ કરતા નથી" એવો થાય છે. (વળી જુઓ યશાયાહ ૬૩ ૧-૬ અને પ્રકટીકરણ ૧૯:૧૧-૧૬). અને "આપણે જાણીએ છીએ કે જયારે તે પ્રગટ થશે, ત્યારે તેના જેવા આપણે થઇશું" (૧ યોહાન ૩:૨). તેથી કરીને એ સિધ્ધ થાય છે કે, આપણા આજ શરીરો જે ખ્રીસ્તના મહિમાવાળા શરીરની પ્રતિમામાં બદલાઇ જશે, તેજ શરીરોથી આપણે પ્રભુના રાજ્યના વારસ થઇ શકીશુ.

નંબર ૮ — પવિત્ર આત્માનાં કામની નિષ્ફળતા.

એવો વાંધો ઉઠાવવામાં આવ્યો છે કે આ મત પવિત્ર આત્માના કામને હીણપત લગાડે છે

તેમ નહિ ! કેમકે પવિત્ર આત્માનું કામ શું છે ? તે વહુ (મંડળી) ને એકઠી કરેછે. અને તે (મંડળી) વહુને ખ્રીસ્ત પોતાની સાથે રાખે (૪૫) ત્યાં સુધી પવિત્ર આત્મા તેને શીખવેછે, સત્ય તરફ દોરેછે અને સુબોધ કરેછે (૪૬)

વળી તેનીજ સાથે તે પવિત્રો તથા ન્યાયીપણા વિષે, તથા

* ગ્રીક ભાષ્યમાં "આવવું" શબ્દ છે. જુઓ પ્રકરણ ૧૯

(૪૪) પ્રકટીકરણ ૫:૬. (૪૫) એફેસીઓ ૫: ૨૫-૨૭.

(૪૬) યોહાન ૧૪: ૧૭, ૨૬, યોહાન ૧૬: ૧૩-૧૫.

ન્યાય ઠરાવવા વિષે, જગતને ખાત્રી કરી આપેછે. (યોહાન ૧૬:૮).

તેને માટે હમણાં તમે ખેદ કરશો (૪૭), તેની સામા થશો (૪૮), અને તેના આત્માને હોલવશો (૪૯), પણ તે સદા માણસની સાથે વાદ કરશે નહીં (૫૦). તેનું હાલનું કામ પુરૂ થએથી, રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ, આકાશમાના સૈન્યો સહિત પોતાના શત્રુઓને વશ કરવાને તથા પોતાનું કામ પુરૂં કરવાને એકદમ પ્રગટ થશે (૫૧).

તે "દેવનો આત્મા, ઉત્પત્તિની શરૂઆતમાં પાણીની સપાટી પર હાલતો થયો" (ઉત્પત્તિ ૧: ૨). અને હમારૂં માનવું છે કે, ઉત્પત્તિના તમામ કામમા તેનો હાથ હતો. (ઉત્પત્તિ ૧: ૨૬). જળ પ્રલય પહેલાં પાપીઓ સાથે તેણે પ્રયત્ન કર્યો (વાદ કર્યો). (ઉત્પત્તિ ૬: ૩). તે ભવિષ્ય વાદીઓના મ્હોથી બોલ્યો. (પ્રેરિતોનાં કૃત્ય ૧. ૧૬, ૨. પીતર ૧:૨૧). યુસફ અને બીજાઓ તેના આત્માથી ખાસ રીતે ભરપુર હતા (ઉત્પત્તિ ૪૧: ૩૮; નિર્ગમન ૩૧ ૩; ગણના ૧૧ ૧૭. ૨૪ ૨; ૨૭: ૧૮; ૨. રાજાઓ ૨: ૯ વિગેરે) ટુંકમાં ઉત્પત્તિનાં અને તારણનાં સઘળાં કામમાં તે રોકાયલો છે. જળ પ્રલયને લીધે, અથવા યહુદીઓએ ખ્રીસ્તનો અંગીકાર કીધો નહીં એ કારણોથી, તેનાં કામો નિષ્ફળ નિવડ્યા, અને તેની કુદરતી શાખાઓ તોડી

(૪૭) એફેસીઓ ૪: ૩૦. (૪૮) પ્રેરિતોનાં કૃત્ય ૭. ૫૧.
(૪૯) ૧ થેસ્સા ૫: ૧૯. (૫૦) ઉત્પત્તિ ૬: ૩.
(૫૧) પ્રકટીકરણ ૧૯ ૧૧ - ૧૬; રૂમી ૯. ૨૮.

નાંખવામાં આવી એવું અમે માનતા નથી (રૂમી ૧૧: ૨૦). જો કે હાલની ઇશ્વરનિયુક્ત વ્યવસ્થામા ધર્મપુસ્તકનો સુબોધ ફક્ત થોડાએકનુ તારણ કરી શકશે (પર), તોપણ તેનું કામ નિષ્ફળ નિવડશે એમ હમે માનતા નથી. હમારી દૃઢ ખાત્રી છે કે, સત્ય નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષની ઇશ્વરી વ્યવસ્થામાના મહિમા અને ગૌરવમાં તેનો હાથ હશેજ, કેમકે ઇસ્રાયલોમા પણ તે વખતે તે નવો આત્મા મુકશે (પ૩) અને, જેના પર યહોવાહનો આત્મા રહેશે (પ૪), તે દેશ જાતિઓ પર શાતિથી અને ન્યાયથી રાજ્ય કરશે.

તેથી ખ્રીસ્તના વિજયોના સબબથી, આત્માને અદેખાઇ થશે એવી કોઇ પણ જાતની બીક રાખવાનુ આપણુને કારણુ નથી. પણ એથી ઉલટુ, આપણે ખાત્રી રાખો કે વહુ (મંડળી), જેના ઉપર તેણે પોતાની મહોર કરી છે, (એફેસીઓ ૪ ૨૦,) તેને તેના ધણીની હજુર રજુ કરવાની ઉતાવળ કરવા તે મથેછે; અને તે એવો છે કે તેની પાસે માપથી આત્મા (પપ) નથી, અને તે જે કરવા મથેછે તે એવા હેતુથી કે તે વર વહુનું જોડું, એક દેહ થઇને (પ૬), એક સંપૂર્ણ પુરૂષપણાને (પ૭) એટલે તે દેવના આ-

(પર) લુક ૧૩: ૨૩ – ૨૫, ૧. કરીંથી ૯. ૨૨.

(પ૩) હઝકીઅલ ૧૧: ૧૯.

(પ૪) યશાયાહ ૧૧ ૨ – ૪; યશાયાહ ૬૧ ૧ – ૩; જુઓ પાન ૭૭. (પપ) યોહાન ૩ ૩૪. (પ૬) એફેસીઓ ૫ ૩૦ – ૩૨. (પ૭) એફેસીઓ ૪ ૧૩.

ત્માના રહેઠાણ માટે બંધાયલુ (૫૮) પવિત્ર મદિર (૫૯) બને. અને આ પવિત્ર, જીવતાં મંદીર જેમાં તે દેવ રહેશે, તેની મદદથી આત્મા શું શુ કામો કરી શકશે તેનો કોણ અડસટ્ટો કાઢશે? ઉપર મુજબના કામની પરીપૂર્ણતા ઉતાવળથી કરવાને માટે તે ઘણાજ આતુર છે, તેમા કાઇ અજાયબ થવા જેવુ નથી. તેની ઉતાવળ કેવી છે તે માટે ઉત્પત્તિ ૨૪: ૫૬ જુઓ (૬૦). પણ પ્રભુ આવશે ત્યા સુધી તે પરીપૂર્ણ થવાની નથી; અને ત્યારેજ શીર હમેશને માટે શરીર સાથે જોડાશે. (૧ થેસ્સા ૪ ૧૮). તેટલા માટે, આત્માની ઘણી આકાંક્ષાવાળી બુમ કે "ઓ પ્રભુ ઇસુ, આવ" તેનો અર્થ કેટલેક દરજ્જે આ વાતમા આપણને સિધ્ધ થાયછે. (પ્રકટીકરણ ૨૨ ૨૦).

નંબર ૯--સુવાર્ત્તાની નિષ્ફળતા.

એમ કહેવામા આવેછે કે તે સુવાર્ત્તાને નિષ્ફળ બનાવેછે. પણ તેમ નથી. મનુષ્ય જાત નિષ્ફળ નીવડી છે. સુવાર્ત્તા તો, પ્રત્યેક વિશ્વાસ કરનારને દેવનું તારણ સાધનારૂં પરાક્રમ છે (રૂમી ૧: ૧૬) દુનિયામાં ધર્માન્તરની બાબતમાં જે અટકાવ થાય છે તે સુવાર્ત્તાના અસામર્થ્યથી નહીં, પણ પાપીઓના જાણી બુજીને અણવિશ્વાસ કરવાથી થાય છે. ઇસુએ કહ્યુ છે કે, "જે મારી પાસે આવે છે તેને હુ કાઢી

(૫૮) એફેસીઓ ૨ ૨૦-૨૨. (૫૯) ૧. કરીંથી ૩: ૧૬, વળી ૬ ૧૯ અને ૨. કરીંથી ૬ ૧૬ જુઓ.

(૬૦) ઉત્પત્તિ ૨૪: ૫૬-૫૮.

નહિજ મુકીશ." (યોહાન ૬:૩૭). પણ તેણે વળી કહ્યું છે કે, "જીવન પામવા સારૂ તમે મારી પાસે આવવા ચહાતા નથી." (યોહાન ૫:૪૦). આપણે ઠામે ઠામ સુવાર્ત્તાનો સુબોધ કરીએ, તેથી આપણે એવી આશા રાખવાની નથી કે બધાજ લોકો તેનો સ્વિકાર કરશે. કેમકે, જ્યારે તેણે તેઓને કહ્યુ કે, "આખા જગતમા જઇને, આખી સૃષ્ટીને સુવાર્ત્તા પ્રકટ કરો," તે વખતે તેણે એમ પણ વધારામાં કહ્યુ હતું કે," જે વિશ્વાસ કરે છે તથા બાપ્તિસ્મા લે છે, તે તારણ પામશે, પણ જે વિશ્વાસ નહિ કરે, તે અપરાધી ઠરશે "(માર્ક ૧૬ ૧૫-૧૬), પણ "થોડાએકે વિશ્વાસ ન કીધો તેથી શું? તેઓનો અવિશ્વાસ શુ દેવના સત્ય વિશ્વાસુપણાને, નિરર્થક કરશે? ના. એવું ન થાઓ." (રૂમી ૩:૩). તારણ છેલ્લા વખતમા પ્રગટ કરાશે (૬૧).

ઇસુ પોતાના આત્માના કષ્ટનું ફળ જોઇને સતોષ પામશે (યશાયાહ ૫૩:૧૧).

"એ પછી મે જોયુ, ને જુઓ, સર્વ દેશમાથી આવેલાની,
"સર્વ કુળ તથા લોક તથા બોલીના માણસોની એક મોટીસંખ્યા
"જે કોઇથી ગણાય નહિ તેવી તે રાજયાસનની આગળ તથા હ-
"લવાનની આગળ ઉભી રહી ; તેઓએ શ્વેત વસ્ત્ર પહેરેલાં હતા,
"ને તેઓના હાથમાં ખજુરીની ડાળીઓ હતી; ને તેઓ મોટી
"વાણીએ પોકારીને કહેછે કે, અમારો દેવ, રાજયાસનપર જે બેઠેલો

(૬૧) ૧. પીતર ૧: ૫, કલોસીઓ ૧: ૨૩.

" છે, તેને તથા હલવાનને તારણસ્તુતિ હોજો," (પ્રકટીકરણ
" ૭: ૯ – ૧૦). તથાસ્તુ.

નંબર ૧૦—સૂવાર્ત્તા આખી જગતમાં પ્રગટ કરાઈ નથી.

એવો વાધો લેવામાં આવ્યો છે કે, ખ્રીસ્તે માત્થી ૨૪: ૧૪ માં ફરમાવ્યુ છે તે મુજબ, સૂવાર્ત્તા હજી સુધી આખી જગતમા પ્રગટ કરાઇ નથી; અને તેથી કરીને ખ્રીસ્તના આવવાની તેમજ જે અત આવવાનો છે તેને માટે હજી આપણે આશા રાખી શકતા નથી. આ નીચે ટાકેલા વચનને આપણે સભાળપૂર્વક તપા-
" સીએ,—અને સર્વ પ્રજાઓને સાક્ષી થવા-સારૂ રાજયની આ
" સૂવાર્ત્તા આખા જગતમાં પ્રગટ કરાશે, ને ત્યારે અત આવશે."

પહેલું:—અત એટલે કલમ ૩ માં શિષ્યોએ ખ્રીસ્તને જે સમય અથવા કાળ માટે પુછ્યુ હતું, તે કાળનો છેડો એ નિર્વિ-વાદ. છે.

બીજું:—જગત એટલે વસાયલી અથવા વસ્તીવાળી પૃથ્વી.

ત્રીજુ:—રાજયની સૂવાર્ત્તા એટલે આવનાર રાજ્યના સારા સમાચાર અથવા, ખુશીની ખબરો છે.

ઉપરના વચનમાં ફરમાવ્યા મુજબ, આ ખુશીની ખબરો સર્વ પ્રજાઓમાં સાક્ષી થવા સારૂ, આખી વસાયલી પૃથ્વીમાં જાહેર કર-વામા આવશે, અને ત્યાર પછી આ યુગ (અથવા ઇશ્વર-નિયુક્ત વિધિ) નો અત આવશે. કેટલો સમય તે સૂબોધ કરવાનું (પ્રગટ કરવાનું) ચાલુ રહેશે, તે "સર્વ પ્રજાએને સાક્ષી થવા સારૂ" એ

સમર્યાદ વાકયથી સંપૂર્ણ રીતે નક્કી થાયછે જ્યારે સાક્ષી પુરી થશે, ત્યારે અંત આવશે.

જ્યારે સાક્ષી પુરી થશે.

હવે, તે સાક્ષી કયારે પુરી થશે એ કોઇ પણ સાવધિકસંપન્ન મનવાળો માણુસ મુકરર કરી શકતો નથી. જો આપણે તે મુકરર કરી શકીએ, તો જે સાબીતી છે તે એવી મતલબની છે કે તે સમય કયારનોએ વીતિ ગયોછે, કેમકે પચાસમાના દીવસે, જ્યારે સૂવાર્તા પ્રગટ કરાઇ, ત્યારે "આકાશની તળેના પ્રત્યેક દેશમાની પ્રજામાંના ધાર્મિક માણસો ત્યા હાજર હતા." (પ્રેરિતોના કૃત્ય. ૨: ૫). પછીથી "શિષ્યો ચારેગમ વિખરાઇ ગયા અને પ્રભુના વચનની સુવાર્ત્તા પ્રગટ કરતા કરતા આગળ ગયા" (પ્રેરિતોના કૃત્ય ૮: ૪). "અને તેઓએ ત્યાથી જઇને બધે ઠેકાણે સૂવાર્ત્તા પ્રગટ કરી." (માર્ક ૧૬: ૨૦). * રૂમી ૧૦· ૧૮ મા પાઉલ પ્રેરિત કહેછે કે, "આખા પૃથ્વીમા તેઓનો અવાજ, અને જગતના છેડાઓ સુધી તેઓની વાનો ફેલાઇ છે" × (પૃથ્વીનો જે અર્થ આ વચનમા કીધો છે તેજ અર્થમાં એ શબ્દ માત્થી ૨૪: ૧૪ મા વપરાયલો છે. ગ્રીક (Oikoumenee.)

અને વળી કલોસીઓ ૧ ૨૩ × મા તે કહેછે કે, "સૂવાર્ત્તાનો આકાશ તળેનાં સર્વ પ્રાણીને, સૂબોધ કરાયો હતો"

---

* મી. બેન્જેલનુ નોમન (શકુ) નામનું પુસ્તક જુઓ.

× જેમીએશન, ફૅાસેટ, બ્રાઉન અને આલફર્ડના પુસ્તકો જુઓ.

સુવાર્ત્તાના વિશ્વવ્યાપી સુબોધ કરવા સબંધીના આવાં પવિત્ર પ્રબોધિત વચનો સિધ્ધાંતસ્થાપક હોવાંજ જોઇએ. પુરાતન કાળના શિષ્યોનાં કામને તે પ્રતાપી બનાવેછે, તોપણ તેનો અંગીકાર કરવાની આપણે શી રીતે ના પાડવી તે હું સમજી શકતો નથી. (આ આખી વિશ્વમાં સુવાર્ત્તાનો સુબોધ કરવાના ખાસ મુદ્દા માટે માત્થી ૨૪: ૧૪ ઉપર ડાકટર એ. કલાર્કનું લખાણ જુઓ. વળી આગળ જે આધારો ટાંકેલો છે તે પણ જુઓ) બેશક, રૂમી ૧૦ ૧૮ મા, અથવા કલોસીઓ ૧: ૬ અને ૨૩ મા (૬૨), " પૃથ્વી, અને તેને માટે જે બીજા તેના જેવાજ મજબૂત અર્થવાળા શબ્દો ' વાપરવામા આવેલા છે, તેના કરતાં માત્થી ૨૪ ૧૪ મા પવિત્ર આત્માએ " Oikoumenee " શબ્દ જે વાપર્યો છે, તેને તેથી વધારે ખુલ્લો અર્થ હમે આપી શક્તા નથી. જો આપણે એક ઠેકાણે તેના અર્થની હદ બાંધીએ, તો બીજે ઠેકાણે પણ તેની તેવીજ રીતે હદ બાધવી જોઇએ એ વ્યાજબી છે. કેમકે પાઉલ પ્રેરિતના કામનો વૃતાંત આપણી પાસે એટલો બધો સંપૂર્ણ છે કે, તેથી બીજા પ્રેરિતો તથા શિષ્યોએ જે કામ કર્યું છે તેને હલકું પાડવાનુ આપણું વલણ થાય છે. પીતર બાબેલોનમા હતો (૧. પીતર ૫:૧૩), અને પારથીઆ, હીંદુસ્થાન, ઇથીઓપીઆ, સીથીઆ, સ્પેન અને બ્રીટનમા સૂવાર્ત્તાનો સુબોધ અપાયલાનો હેવાલ દંતકથાથી આપણને મળી આવે છે.

તેથી માત્થી ૨૪:૧૪ ના વચનની પરીપૂર્ણતા કલોસીઓ ૧:૨૩

(૬૨) કલોસીઓ ૧: ૬.

ના સાદા વચનથી થઇ છે એમ આપણે ખરી ખાત્રીથી માનીએ. એટલે તે દીવસથી તે આજસુધી વિશ્વાસુઓ અને પ્રભુના આવવા વચ્ચે કાંઇ પણ નિશાણી કે ભવિષ્યવાણીથી કહેવાયલી બીના, મંડળી મધ્યે મોજુદ નથી એટલુંજ નહીં, પણ હોઇ શકે પણ નહીં. સાક્ષી સંપૂર્ણ થઇ નથી, અથવા વધારે તર્કનો ઉપયોગ કરીને જો આપણે સંતોષપૂર્વક માની લઇએ કે હજી ભવિષ્યના ઘણા સૈકાઓ સુધી તે સાક્ષી સંપૂર્ણ થઇ શકશે નહીં, તો જે હક ફક્ત દેવનોજ છે તે મુર્ખાઇથી આપણે બથાવી પડીએ છીએ.

ફક્ત દેવજ જાણે છે.

બેશક, સર્વ પ્રજાઓને માટેની સાક્ષી ક્યારે સંપૂર્ણ થશે તેનો તોલ ફક્ત દેવજ કરી શકે છે, અને એજ વાતમા આ આખા સવાલનું રહસ્ય સમાયલું છે. સાક્ષી સંપૂર્ણ થાય ત્યાંસુધી મંડળીના સાધનથીજ સૂવાર્તાનો સુબોધ થનાર છે, તો અમુક સમયે કે પળે સાક્ષી સંપૂર્ણ થશે તેનો કોઇ પણ અવિનાશી મનુષ્ય તોલ કરી શકેજ નહીં. પણ ફક્ત મંડળીના સાધનથીજ તે થવાનું છે એવો આપણી પાસે કાંઈ પુરાવો નથી, અને મંડળી તેવું સાધન નથી એ તદ્દન શકય છે, કેમકે આપણે પ્રકટીકરણ ૧૪:૬ માં એક બીજા પ્રતિનીધિ વિષે વાચીએ છીએ (૬૩).

તેથી કરીને મંડળીને ગગનમાં પ્રભુને મળવા સારૂ ખેંચી લેવામાં આવે ત્યા સુધી, તે સાક્ષી સંપૂર્ણ ન થઇ શકે, અને આ બીજો

(૬૩) પ્રકટીકરણ ૧૪.૬.

અંતરિક્ષનો દૂત પૃથ્વીપરના રહેનારાઓમા, સર્વ દેશમા તથા કુળમાં તથા ભાષામાં તથા લોકમા અનાદિ સૂવાર્તા પ્રગટ કરે છે. (પ્રકટીકરણ ૧૪:૬ ગ્રીક ભાષ્ય) આ બાબતમા મંડળીજ બધી સાક્ષી સંપૂર્ણ કરશે એમ નથી, અને તેને માટે કાંઇ ખાસ નિશાણી હોઇ શકે નહિ.

તેથી હમે એ નિર્ણય ઉપર આવીએ છીએ કે, તે "દહાડા તથા ઘડી" ની માફક (૬૪) ફક્ત દેવજ તે વાત જાણે છે, અને મંડળીમા તેની ચોકસ નિશાણી પણ હોઇ શકેજ નહીં. તેથી કરીને, વરરાજાને માટે હરઘડી આપણે જાગૃત રહી રાહ જોઇએ તે દરમ્યાન આવનાર રાજ્યના ખુશખબર, નિમકહલાલીથી જાહેર કરવાનુ જારી રાખવા શિવાય, આપણે માટે બીજું કાંઇ કામ રહ્યું નથી.

નંબર ૧૧—થોડાએક તે રાજ્ય જોવા માટે જીવશે.

એવો વાંધો લેવામાં આવ્યો છે કે, આપણને માત્થી ૧૬:૨૮; માર્ક ૯:૧, અને લુક ૯:૨૭, માં બોધ કરવામા આવ્યો છે કે, ખ્રીસ્તનુ અને રાજ્યનું આવવુ એ બંન્ને બાબતો કેટલાએક લોકોની હયાતીમાં બનશે. (માર્ક ૮:૩૪); અને તે લોકોની સાથે ઇસુ બોલશે, અને તેથી કરીને "તેનું આવવુ તથા તેનું રાજ્ય" એ બંન્નેનો અર્થ ફક્ત આત્મિક રીતે થઇ શકશે; એટલે પચાસમાના દીવસે પવિત્ર આત્માના વર્ષણથી સૂવાર્ત્તાની શક્તિ સ્થાપિત કરવી તે; અથવા કેટલાએક તેનો નીચે મુજબ અલંકારીક અર્થ કરે છે

(૬૪) માત્થિ ૨૪. ૩૬,

કે, રૂમી લોકોથી તથા ખ્રીસ્તી મંડળીની સ્થાપનાથી યરૂશાલેમનો તથા યહુદીઓની રાજ્યનીતિનો નાશ થશે તે. એટલે તેનો અર્થ તેઓ એમ કરે છે કે, પચાસમાના દીવસે ખ્રીસ્ત પોતાના આત્માથી આવ્યો, અને શિષ્યો મારફત સુવાર્તાનો સુબોધ કરવામા, તથા ચમત્કારો વીગેરે કરવામા તેણે પોતાની શક્તિ પ્રગટ કરી—અથવા તો તે રૂમી સૈન્ય મારફત આવ્યો અને યરૂશાલેમ પાયમાલ કરીને યહુદીઓની રાજ્યનીતિને તેણે ઉથલાવી નાખી-અને તેનું રાજ્ય, તે, તે મંડળી છે જેના ઉપર તે હમણાં રાજ્ય કરે છે; અથવા (તો કેટલાકના કહેવા પ્રમાણે) તે મંડળીની મારફત તે આ દુનિયાની પ્રજાઓ ઉપર હમણા રાજ્ય કરે છે

તેનો હમે એવો જવાબ આપીએ છીએ કે, પવિત્ર આત્મા એ એક જુદુંજ સ્વરૂપ છે, અને ખ્રીસ્તના સ્વરૂપને તેની સાથે ભુલથી એક ગણવું નહીં. તારનારે ખુલ્લેખુલ્લું કહ્યું છે કે, "હુ બાપની વિનતી કરીશ, અને તે તમને બીજો સંબોધક આપશે" (યોહાન ૧૪:૧૬), અને જો તે બીજો હોય તો, તે બીજો તે પોતેજ હોઇ શકે નહીં. પવિત્ર આત્મા પ્રભુના વચન પ્રમાણે આવ્યો (૬૫); અને આ બીનાને ખ્રીસ્તના પાછા આવવાની બીના સાથે ભુલથી એક ગણવી, એ તદ્દન એકબીજાથી ઉલટુ છે, કેમકે ખ્રીસ્તનુ પાછું આવવું એ બીના તો બીજાં વચનો કે "તે પોતેજ

(૬૫) યોહાન ૧૪. ૧૬, ૨૬. વળી ૧૫: ૨૬ અને ૧૬: ૭ જુઓ.

પાછો આવશે, " તેને અનુસરીને છે. જેમ મુસા અને યોહાનના જન્મો જુદી જુદી બીના છે, તેમ એ બન્ને બીનાઓ પણ જુદીછે.

ખ્રીસ્ત આત્મિક રીતે વિશ્વાસુઓમાં અથવા તેમની સાથે છે (૬૬), એ વાત ખરી છે; અને નિરંતર તે તેમની સાથેજ રહ્યો છે તે પણ સત્ય અને વ્યાજબી છે; અને એ અર્થ લેતાં કહી શકાય કે તેણે તેમને કદી તજી દીધા નથી; કેમકે તેણે માત્થી ૨૮: ૨૦ માં કહ્યું છે કે, "જુઓ, હુ સર્વ કાળ તમારી સાથે છું." "હુ સર્વકાળ તમારી સાથે છું" એ શબ્દો ઉપર ખાસ ધ્યાન રાખો. પચાસમાના દીવસ અગાઉની પ્રાર્થનાના દીવસોમાં તે તેમની સાથે હતો, અને તે પોતાના લોકોની સાથેજ નિરંતર રહ્યો છે. પણ એકાએક સંબોધક, (Parakleeton) એટલે એક બીજાજ સ્વરૂપનું આવવુ થયું, અને તે પણ એક ખાસ અને મહિમાવાળા કામને માટે. તેથી કરીને સિધ્ધ થાયછે કે, પવિત્ર આત્માનુ આવી રીતે આવવું તે ઇશ્વરી સ્વરૂપનું પ્રકટીકરણ છે; અને ખ્રીસ્તના આત્મિક રીતે આવવાની બીનાથી તે તદ્દન જુદુંજ છે એટલુંજ નહીં, પણ ખ્રીસ્તના આવવા ઉપરાંત તેનું આવવું થશે એમ સુચવે છે; કેમકે ખ્રીસ્તના પોતાના કહેવા મુજબ, આ તેની આત્મિક રીતે આવવાની બીના તેના પોતાના લોકોથી કદી અંધારામાં રાખવામાં આવી નથી. તે કદી આત્મિક રીતે ચાલ્યો ગયો ન હતો, પણ આ શરીરથી અને દૃષ્ય રીતે ગયો હતો, અને તે તે-

(૬૬) યોહાન ૧૪: ૨૩; યોહાન ૧૭ ૨૩; ગલાતિ ૪: ૧૯.

બીજ રીતે પાછો આવશે (૬૭).

વળી પચાસમાના દીવસ પછી પણ, શિષ્યોએ ખ્રીસ્તના આવવા વિષેનું તેમનું બોલવુ ચાલુ રાખ્યું હતું; અને જો ખ્રીસ્તનું આવ-વાનું વચન તે પચાસમાના દીવસેજ પરીપૂર્ણ રીતે અમલમાં આવ્યુ હોય, તો પચાસમાના દીવસ પછી, ઉપર કહ્યા પ્રમાણે તે વિષેનું બોલવું તેમણે ચાલુ રાખ્યું નહોત, અને યરૂશાલેમનો નાશ ઇ. સ. ૭૧ મા થયો તે પછી, એટલે ઇ સ. ૯૬ના અરસામા સેંટ યોહાને પ્રગટીકરણનું પુસ્તક લખ્યુ; અને તેમાં ખ્રીસ્તનુ આવવું હજી ભવિષ્યમા થશે એમ તે વારવાર કહે છે; તો તેથી સ્પષ્ટરીતે સિદ્ધ થાય છે કે યરૂશાલેમના નાશમા તેની પરિપૂર્ણતા હોઇ શકેજ નહી.

વળી, હમે ઉપર બતાવ્યુ છે તે મુજબ, મંડળી તે રાજ્ય નથી, પણ ખ્રીસ્તનુ (૬૮) શરીર યાને તેની વહુ છે. (એફેસીઓ ૫). તેના ઉપર રાજ્ય થવાનું નથી (૬૯), પણ તે તો ખ્રીસ્તની સાથે દુઃખ સહન કરનાર તથા રાજ્ય કરનાર છે (૭૦). દેવના જે રાજ્ય ને માટે તે દુઃખ સહન કરે છે, તેને માટે તે યોગ્ય ગણાશે (૭૧), અને તેથી કરીને પાઉલે શિષ્યોને (એટલે મંડળીના સભાસદોને) સબોધ કર્યો છે, કે “ તેઓને ઘણાં સકટમા થઇને દેવના રાજ્યમા જવુ પડે છે ” (પ્રેરિતોના કૃત્ય ૧૪ ૨૨); અને પીતર, ખ્રીસ્તી

(૬૭) પ્રેરિતોના કૃત્ય ૧૦ ૧૧. (૬૮) એફેસીઓ ૧:૨૨-૨૩. (૬૯) યોહાન ૧૫ ૧૫. (૭૦) રૂમી ૮:૧૭; ૨. તીમોથી ૨:૧૨. (૭૧) ૨. થેસ્સા ૧:૫,

ધર્મની બંધુમૈત્રી તથા પ્રીતિમાં વધારો કરવાને, તથા આપણાં કામ અને ઇશ્વરી પસંદગી વધારે ખાત્રીવાળાં કરવા સારૂ, ખંતથી કામ કરવાની યાદ આપતાં, આપણને ઉતેજન આપીને કહે છે; કેમકે તેથી કરીને "ઇસુ ખ્રીસ્ત" આપણા પ્રભુ અને તારનારના સર્વ કાળના રાજ્યમાં" આપણે પુરી રીતે પ્રવેશ કરી શકીશુ. (૨ પીતર ૧.૫-૧૧).

બેશક, આ શબ્દો મંડળી તથા રાજ્ય વચ્ચે ખુલ્લે ખુલ્લો ભેઃ બતાવે છે, અને તેવીજ સ્પષ્ટ રીતે સિદ્ધ કરે છે કે તે રાજ્ય હજી ભવિષ્યમાં આવવાનું છે. તેથી આપણે જોઇએ છીએ કે, ખ્રીસ્તના આવવાનો આત્મિક તથા અલંકારિક અર્થ જે તેઓ કરે છે, તે બંન્ને પાયા વગરના છે.

એક બીજો સિદ્ધાંત રજુ કરવામાં આવ્યો છે, કે, "તેના રાજ્યમાં ખ્રીસ્તના આવવાની પરિપૂર્ણતા પચાસમાના દીવસના તેના આત્મિક રીતે આવવાથી થઇ ગઇ છે (માત્થી ૧૬ ૨૮)–અને ગગનમાં વાદળાઓમાં તેનું આવવું, તથા તેના બાપના મહિમામાં આવવૂ, અને પવિત્ર દૂતોની સંગાથે આવવું વીગેરેની વાતોનો અર્થ તો ધર્મપૂસ્તકની સૂવાર્ત્તામાં બતાવેલા કાળ (જેને તેઓ પણ કાળ તથા જગતનો છેડો માને છે) ને છેડે તેનું ખરૂ, શારિરિક અને દૃષ્ય રીતે આવવું થશે તે છે.

આ તેમના કહેવાનો આધાર તેઓ માત્ર સંજ્ઞાઓની ભીન્નતા ઉપર રાખે છે, જો કે તે સંજ્ઞાઓના અર્થમાં તો જરા પણ ભીન્નતા નથી. કેમકે આપણે જાણીએ છીએ તેમ, "શું તેના

રાજ્યમાં તેના આવવાના વખતે તે પોતાના મહિમામાં પ્રગટ થશે" એ વાત ખરી પડવાની નથી (૭૨)? ઇતિહાસથી સાબીત થાય છે-અને રાજાઓના મહિમા સંબંધીના આપણા વિચારો તે વાત સાથે બરાબર બંધબેસતા આવે છે, કે-આવો મહિમા એટલે તેઓના રાજ્યોના ગૌરવ તથા સ્પષ્ટિકરણજ છે

ખ્રીસ્તના પોતાના રાજ્યના સમયમાં, તે વિદેશીઓ ઉપર લોઢાંના દંડથી રાજ્ય કરશે (૭૩), અને તે ધન્ય તથા એકલો સ્વામી છે, રાજાઓનો રાજા તથા પ્રભુઓનો પ્રભુ છે તે પ્રમાણેનું તેનું પ્રકાશવું પણ તેના રાજ્યમાં જ થશે (૭૪) તેથી કરીને "તેના રાજ્યમા તેનું આવવુ" અને "તેના મહિમામાં તેનું આવવુ" એ બંન્ને વચનોનો એકજ અર્થ છે અને તે બન્ને બીનાઓ હજી ભવિષ્યમાં બનવાની છે.

તેઓમાંના કેટલાએક રાજ્ય નજરોનજર જોયું હતું.

ત્યારે નીચે બતાવેલા વાક્યોનો અર્થ શુ થાય છે? જેમકે "માત્થી ૧૬:૨૮-"હુ તમને ખચિત કહુ છુ કે, અહિ જે ઉભા છે તેઓમાના કેટલાએક એવા છે કે માણસના દીકરાને તેના રાજ્યમા

(૭૨) ૨. થેસ્સા ૧:૧૦. (૭૩) ગીતશાસ્ત્ર ૨:૮ – ૯, વળી જુઓ પ્રકટીકરણ ૧૨:૫ અને ૧૯:૧૫.

(૭૪) ૧ તીમોથી ૬:૧૪–૧૫; પ્રકટીકરણ ૧૯.૧૬.

આવતો દેખશે ત્યાં સુધી મરણ પામશેજ નહિ "-અથવા "માર્ક ૯ ૧-પરાક્રમે આવેલું દેવનું રાજ્ય જોયા પહેલાં", અથવા "લુક ૯:૨૭-દેવનું રાજ્ય જોશે ત્યાં સુધી '.

હમે તેનો ઉત્તર આપીએ છીએ કે, પ્રથમ તો "તે મોતનો સ્વાદ ચાખશે નહીં. એટલે તેઓ મરણ પામશે નહિ". એ મર્યાદા બાંધનારા વાક્યનો અર્થ ઘણો ઉંડો હોવો જોઇએ, એટલે જે ખરા વિશ્વાસુઓ ત્યા ઉભા હતા તેઓ મોતનો ઉપરના અર્થમાં કદી અનુભવ કરશે નહિં (૭૫).

અને એ વાક્યનો એવોજ અર્થ બેશક થાયછે, તે હેબ્રીઓ ૨: ૯ માંના તેજ વાક્ય પરથી સાબીત થાયછે. અને જો આ વાક્યોમા તેનો અર્થ એવીજ રીતે આપણે સમજીએ, તો તેની પરિપૂર્ણતા સદા સર્વકાળમા થશેજ એમ છતા હમે ફક્ત એટલુજ સુચવીએ છીએ હમે તેના ઉપર આધાર રાખતા નથી, કેમકે હમે માનીએ છીએ કે "જ્યાં સુધી" એ શબ્દમાં "કેટલા એક મરણ પામશે" એ વાક્યના અર્થ કરતા, વધારે અર્થ સમાયલો હોય એમ બતાવેછે, અને તેથી કરીને કુદરતી મરણ અથવા આત્માનું અને શરીરનું જુદા પડવું તે બતાવી આપેછે.

પીતરે તે જોયું હતું.

હવે તે "કેટલાએક" જે ત્યાં ઉભેલા હતા તે શું જોશે, તે આપણે બારિકીથી તપાસીએ, અને પછી આપણે રૂપાંતરના

(૭૫) યોહાન ૮:૫૧-૫૨.

પર્વત ઉપર જઈએ, અને જે વાક્ય ઉપર આપણે વિચાર કરીએ છીએ, તેમાં લખેલી બાબત પછી તરતજ જે બનાવ બનવાનું લખેલું છે તે બનાવો પીતર, યાકુબ અને યોહાનનાં દિવ્ય ચક્ષુથી આપણે નિહાળીને જોઇએ, જુઓ તેનું મ્હોં સુરજની પેઠે પ્રકાશેછે, અને તેનાં આચ્છાદન બરફ તથા તેજ જેવા શ્વેત અને પ્રકાશિત છે. મુસા અને એલીયાહ જેઓ તેની સઘાતે મહિમાંમાં પ્રગટ થાયછે તેમને જુઓ, અને ઉંચે પદે ચઢેલ આ ત્રિકૂટની એક બીજા સાથેની સ્નેહ ભરી વાતચીત સાંભળો. પછી સર્વોપરી મહિમાનું વાદળ તેમને આપણાથી ઢાંકેછે, ત્યારે મુગે મોઢે ભયભિત થઇને તેમને નમન કરો, અને દેવ આપણા બાપ જે નીચેના શબ્દો ઉચ્ચારે છે, તેને માનપૂર્વક સાંભળો, કે "આ મારો વહાલો દીકરો છે, અને તેના ઉપર અતિશય પ્રસન્ન છું; તમે તેનું સાંભળો" આ પારલૌકિક મહિમા અને તેજસ્વી કીર્તિથી તે પસંદ થયલા અને વહાલા શિષ્યો પણ બીકને લીધે ધ્રુજતા હતા, તેમા કાંઇ અજાયબ થવા જેવુ નથી યોહાન ૮: ૫૮ મા "હુ પહેલાનો છું" એમ જે કહ્યું છે તે ખચિત એજ છે, અને તે સૈકાઓનું માપ કાઢેછે, અને પોતાના આવવાનો તથા પોતાના રાજ્યનો દેખાવ આ પ્રેરિતોને આપેછે

તે વાત તેઓ એજ અર્થમાં સમજ્યા હતા, અને તે વાતને પીતર ખાસ કરીને ટેકો આપે છે કેમકે તે ૨. પીતર ૧: ૧૬–૧૮ માં નીચે મુજબ કહેછે:—

"કેમકે જ્યારે અમે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનાં પરાક્રમ

તથા આવવું તમને જણાવ્યું ત્યારે અમે ચતુરાઇથી કલ્પેલી કહાણી-ઓને અનુસરતા નહોતા; પણ તેના મોટાપણુના પ્રત્યક્ષ જોનારા હતા. કેમકે જ્યારે બહુ તેજસ્વી મહિમાથી તે સંબંધી એવી વાણી આવી કે, એ મારો વહાલો પુત્ર છે, એના પર હું સંતુષ્ટ છું, ત્યારે દેવ બાપથી તે માન તથા મહિમા પામ્યો. અને હમે જ્યારે તે પવિત્ર પર્વત ઉપર તેની સાથે હતા ત્યારે તે આકાશમાંથી આવેલી વાણી હમે સાંભળી." (૨. પીતર ૧: ૧૬ - ૧૮).

તે આલ્હાદિત સમયમાં કેટલું બધું ભવિષ્ય તેમણે જોયું તે હમે કહી શકતા નથી, તોપણ આપણા પ્રભુ ઇસુ ખીસ્તનું તેના રાજ્ય તથા મહિમામાં આવવાનુ જોવા માટે તેમને ખાસ વિશેષ પ્રત્યક્ષ દર્શન બક્ષવામા આવ્યું હતું એ વાતમા કાંઇ શક નથી.

યોહાને તે જોયું.

આપણે ફક્ત પ્રકટીકરણનું પુસ્તક જોવાનું છે, કે જેમાં ૧: ૨, ૧૧ વીગેરે વચનો પરથી આપણને જણાય છે કે, "જે છે, જે હતું અને જે થવાનું છે" તે ઘણીજ સ્પષ્ટ રીતે જોવાની તેણે યોહાનને રજા આપી હતી. તેનું આલ્હાદિત દર્શન ઘણા સૈકાઓ સુધી ચાલ્યું તેના સબંધમાં, કાળનો જડમૂળથી નાશ કરવામાં આવ્યો હતો, અને તે શબ્દે શબ્દ ખરી પડે એ વાતો પરજ નિહાળીને જોતો. તેણે તેમને ખરેખર જોયા. છત્રીસ વખત તે કહે છે કે "મેં જોયા," સાત વખત તે કહે છે કે "મારી નજર પડી," અને પાંચ વખત કહે છે કે "મારા જોવામાં આવ્યું," અને તે ઉપ-

રાત બીજા ઘણા તેજ અર્થના શબ્દો તેણે વાપરેલા છે. અને નીચેના વચનોમાં જે બીના બતાવેલી છે તે તેણે નજરે નજર દીઠી હતી.

"અને આકાશ ઉઘડેલુ મેં દીઠુ, અને જુઓ, શ્વેત ઘોડો અને તે પર જે બેઠેલો તે વિશ્વાસુ તથા ખરો કહેવાએલો છે, ને તે ન્યાયીપણાથી ન્યાય તથા લડાઇ કરે છે. અને તેની આંખો અગ્નિની જવાળા છે, ને તેના માથાપર ઘણા મુગટ છે .. .. ..અને તે લોહીથી છટાએલા વસ્ત્રથી વેષ્ટિત છે, અને તેનું નામ દેવનો શબ્દ કહેવાય છે અને આકાશમા જે સૈન્ય હતા તેઓ શ્વેત ઘોડા પર ઉજળાં તથા શુધ્ધ કુમાસી વસ્ત્રો પહેરીને તેની પાછળ ગયા .. .. અને તેનાં વસ્ત્રપર તથા તેની જાગપર એ નામ લખ્યુ છે કે, **રાજાઓનો રાજા તથા પ્રભુઓનો પ્રભુ.**"

પૃથ્વી પરના પશુ અને રાજાઓને એકઠા કરાયલા અને તેમને અગ્નિની ખાઇમાં ફેંકાયલા તેણે દીઠા. તેણે શેતાનને બંધાએલો જોયો, અને ખ્રીસ્ત તથા તેના પવિત્રોને એક હજાર વર્ષ સુધી રાજ્ય કરતા તેણે જોયા. ઉપરના જે વચનો ઉપર આપણે વિચાર કરીએ છીએ, તે વચનોની તમામ રીતે સંપૂર્ણ સિધ્ધિ તેણે જોઇ હતી (પ્રકટી કરણ ૧૯, ૨૦).

પાઊલે તે જોયુ.

પાઊલે પણ ખ્રીસ્તને તેના મહિમામા જોયો, અને બેશક યોહાને જે જે જોયુ હતું, તે તમામ અને બલકે તેથી વિશેષ પાઉલે પણ જોયુ, કેમકે જે વાતો બોલવી માણસને ઉચિત નથી,

એવી અનિર્વાચ્ય વાતો તેણે દીઠી. (૨. કરિંથી ૧૨ : ૪. બેશક, ઇસુએ વચન આપ્યુ હતુ કે "કેટલાએક તે જોશે" તે વાતની આ ખાત્રીપૂર્વક અને ખરી પરીપૂર્ણતા છે, અને જે વચનોનો આપણે વિચાર કરીએ છીએ તેમનો તે સંતોષકારક રીતે ખુલાસો કરે છે.

ઇસ્રાયલનાં સઘળાં નગરોમાં તમે ફરી નહિ વળશો.

ઉપલા સિધ્ધાંત વાદો, એટલે પચાસમાના દીવસે તેનું આત્મિક રીતે આવવુ, અથવા યરૂશાલેમ વીગેરેના નાશમા તેનું અલંકારીક રીતે આવવું, એ વાદોની પુષ્ટિમાં બીજું એક વચન ટાંકવામા આવેછે, અને તે માત્થી ૧૦ ૨૩ છે, કે "હુ તમને ખચિત કહુછું કે માણુસનો દીકરો આવે ત્યા સુધી ઇસ્રાયલનાં સઘળા નગરોમાં તમે ફરી નહિ વળશો"

એના સબધમાં હમે જવાબ આપીએ છીએ કે, જ્યારે ઇસુએ બાર શિષ્યોને બબ્બેની ટોળીમા ખાસ અને ફક્ત ઇઝરાયલોને માટે સદેશો લઇને મોકલ્યા હતા, ત્યારે એ વચન ઇસુએ તેમને કહ્યું હતું. માર્ક ૬: ૩૦ અને લુક ૯ ૧૦ ઉપરથી આપણુને જણાયછે કે, તેઓ ગુરૂ પાસે પાછા આવ્યા, અને તે પણ તમામ નગરો ફરી વળ્યા વગર. અને "આકાશનું રાજ્ય હવે નજીક છે" (૭૬), એ સંદેશાનો સુબોધ કરવા માટે તેઓ તેવીજ રીતે બીજી વખત ફર્યા હોય, એવો કોઇ પણ જાતનો પુરાવો મળી આવતો નથી. બેશક, તેઓ બીજી વખત ફર્યાજ નથી, કેમકે ઇસ્રાયલોએ તેઓના રાજાનો

(૭૬) માત્થી ૧૦. ૭.

અનાદર કર્યો હતો, અને એક કુલીન માણસ પોતાને સારૂ રાજ્ય મેળવીને પાછા આવવાના (ઇરાદાથી) દૂર દેશ ગયો, તેનાં જેવું તે રાજ્ય પણ થયુ હતુ (૭૭).

પણ "ત્યા સુધી" એ શબ્દના સામર્થ્યથી હમે માનીએ છીએ કે, (મડળી પ્રભુને આકાશમા મળવા માટે ગગનમા ખેંચાઇ જાય ત્યાર પછી કદાચ "તે બે સાક્ષીદારોથી"), નહિ માનનારા ઇસ્રાયલોને તે સંદેશો ફરીથી કહેવાશે, અને તે ઇસ્રાયલો પોતાના દેશમાં હજી પણ પાછા આવશે, અને યરૂશાલેમને પાછી અસલ સ્થિતિમાં લાવશે (૭૮), અને તેઓ ફરીથી બધાયલાં નગરોમાં ફરી વળે તે પહેલાં માણસનો દીકરો ફરી પ્રગટ થશે.

નંબર ૧૨—ભવિષ્યનો ઝાંખો દેખાવ.

એવો વાંધો લેવામાં આવ્યો છે કે આ મત ભવિષ્યનો ઝાંખો દેખાવ આપણને આપે છે, એટલેકે "તે નિરાશાનું તત્વશાસ્ત્ર છે",— અને નીચેના લોકપ્રિય મતથી તે મત તદ્દન વિરૂદ્ધ છે. તે લોકપ્રિય મત એ છે કે, "જગત વધારે સારૂં થતુ જાય છે"; અને જો, એ લોકપ્રિય મત સાચો હોય, તો ઘણા મરડથી જેમ કહેવામા આવે છે તેમ, "આપણે આપણા હાથ જોડીને બેશી રહીએ અને ખ્રીસ્તના આવવાની રાહ જોયા કરીએ".

(૭૭) લુક ૧૯ ૧૧-૧૨.

(૭૮) યશાયાહ ૪૦: ૯-૧૧.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ **પહેલાં** ખ્રીસ્તનું આવવુ થશે એવું માનનારાઓના કામ તથા રહસ્યને તેઓ બીલકુલ સમજ્યા નથી, અને તે સમજવામા તેમણે તદ્દન ભુલ ખાધી છે એમ આ વાધાઓ ઉઠાવનારામાંના ઘણાના સબધ-માં હમે ખુલ્લા મનથી ધારીએ છીએ.

હમે નિરાશ થતા નથી.

હમે નિરાશ થતા નથી, તેમજ ઉંઘવા માટે હમે હમારા હાથ જોડીને બેશી રહેતા નથી. એથી ઉલટુ હમારામા તે જીવતી આશા એટલે સૌથી વધારેમાં વધારે ધન્ય આશા ભરેલી છે, (૧. પીતર ૧:૩, તીતસ ૨:૧૩). અને જયારે હમારામાં એવી આશા ભરપુર છે, તે દરમ્યાન આ જગતની, પાપી, દુરાચારી પેઢીઓ જેઓ લગભગ શ્રાપિત છે અને જેનો છેડો બાળી મુકાવાનો છે, તેમાંથી કેટલાએકને બચાવવા માટે હમે યત્ન કરીએ છીએ (૭૯).

તેઓ "વધારેને વધારે સારા થતા જાય છે" એવા ભ્રાંતિવાળા ખ્યાલોથી હમે તેમને છેતરીશું નહીં, કેમકે યોહાન પ્રેરિતે કહ્યું છે કે, "આપણે જાણીએ છીએ કે આપણે દેવનાં છીએ, અને આખી જગત તે ભુંડામાં રહે છે" (૧. યોહાન ૫:૧૯), અને તેથી કરીને હમે ધર્મપૂસ્તકના ખુલ્લા શબ્દોમાંજ તેમને કહીશું કે "જે પહોળો રસ્તો નાશમા પહોંચાડે છે તે માર્ગે

(૭૯) ગલાતી ૧:૪; હેબ્રી ૬:૮; માલાખી ૪:૧.

તેઓ પડી ચુકયા છે" (માત્થી ૭:૧૩), અને તેથી કરીને તેમને પસ્તાવો કરવો પડશે અથવા તો તેમનો નાશ થશે (લુક ૧૩:૩). અને વધારામા કહીએ છીએ કે આ તેજ જગત જે એક વખત મહાપ્રલય વખતે રેલથી ઢંકાઇ ગઇ હતી, તે હવે "ન્યાયકાળ તથા અભક્ત માણસોના નાશના દિવસ સુધી રાખેલી છતા બાળવા સારૂ સિધ્ધ મુકાએલી છે." × (૨, પીતર ૩:૫–૭).

જેઓ, સુવાર્ત્તા તથા આવતા રાજ્ય વિષેના (૮૦) સારા સમાચાર માનીને, આ ભયંકર નાશમાથી બચી જાયછે, અને (રૂમી ૮: ૧૬ – ૧૭) "આપણે માટે આકાશમા જાળવી રાખેલા વારસાના ખ્રીસ્તની સઘાતે સાથી વારસ થાયછે," અને "જેઓ દેવના પરાક્રમ વડે વિશ્વાસથી તારણ સારૂ સભાળી રખાયલા છે કે, જે તારણ છેલ્લા કાળમા પ્રગટ થવાને સિધ્ધ છે," અને જેઓ ઇસુ ખ્રીસ્તના પ્રગટ થવાની વેળાએ જે "કૃપા આપણા પર થવાની છે તેની પુરી આશા રાખેછે," તેઓમાના દરેકને જોઇ હમને આનંદ થાયછે (૧ પીતર ૧. ૪ – ૫ – ૧૩).

બેશક, હવે સમય વધારે સારો આવ્યો છે અને **જગત પણ વધારે ને વધારે સારૂં થતું જાયછે**, એવા શાત કરનારા ખોટાં પ્રમાણોના કરતાં, આવનાર નાશ વિષેની આવી દૃઢ ખાત્રી, કામ કરવાને ઘણુંજ જબરૂ પ્રેરણા કરનારૂં પ્રેરક છે.

અને ઉપદેશકો, બોધકો અને સંસારી લોકો, જેઓ સત્ય.

× જુઓ ગ્રીક ભાષાતર.

નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલાં ખ્રીસ્તનું આ. વવું થશે એ મતના માનનારા છે, તથા તેનો સૂબોધ કરેછે, તેમનાં ઉત્કંઠા અને નિમકહલાલ કામથી એ સ્પષ્ટ રીતે સાબીત થાયછે.

એ ખરૂં છે કે, આ હાલના જુડા કાળમા * જગતના ધર્મનું તદ્દન રૂપાંતર કરવાની તેઓ આશા રાખતા નથી, (ગલાતી ૧: ૪), પણ તેઓ વિશ્વાસ રાખેછે કે, સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો સુલેહનો યુગ આવેછે, અને તેઓ વાંકી તથા અડીએલ પેઢીમા જીવનનું વચન પ્રગટ કરીને જ્યોતીઓ સરખા જગતમા પ્રકાશાવા પ્રયત્ન કરેછે (ફીલીપી ૨· ૧૫ – ૧૬); અને તે કરવાનો તેમનો હેતુ બળતામાથી કેટલાએકને ખેંચી કાઢી (માલાખી ૪· ૧; ૧ કરીથી ૩: ૧૩ – ૧૫, યહુદા ૨૩), દેવની ટોળી જેમ બને તેમ મોટી કરવાની છે, કે જે વરસાજાને (૮૧) સન્માન આપવાને તૈયાર હોય

ત્યારે, આ ધર્મપૂસ્તકના આધારવાળા મતનો સૂબોધ કરવામા તેઓ આટલા બધા શામાટે સામા થાય છે? શુ તેઓ બધા ખ્રીસ્તના શરીરના અવયવો નથી (૮૨)? અને તે અવયવો તરીકે, મડળીની પ્રાર્થના અને આસ્થાવાળી દીલસોજીને શુ તેઓ પાત્ર નથી? આરભની મડળીની માફક તેઓ પ્રેરિતોની દતકથાઓ યાને સપ્રદાયો

---

* ગ્રીક ભાષાનું ભાષાતર.

(૮૦) પ્રેરિતોનાં કૃત્ય ૧૪: ૨૧ – ૨૨. (૮૧) માત્થી ૨૫. ૧૦ – ૧૩. (૮૨) ૧ કરીથી ૧૨ : ૨૫–૨૬.

માને છે (૮૩), અને ઇસુ માટે વાટ જુએ છે (૮૪), તે કારણથી શું આપણે તેમને દોષિત ઠેરવીશુ ? પ્રભુ માફ કરો. પણ આપણે યાદ રાખવું જોઇએ કે આપણે ભાઇઓ, પરદેશી, અને મુસાફર છીએ (હેબ્રીઓ ૧૧, ૧૩), અને આપણુ પ્રજાપણું આકાશમા છે. (ફિલિપી ૩, ૨૦). તેથી આપણે પ્રેમથી સત્ય બોલવુ જોઇએ, તેમ પ્રેમથી આપણા શરીરો બાંધવા જોઇએ (એફેસીઓ ૪; ૧૫–૧૬), અને પ્રેમમા ચાલવુ જોઇએ (એફેસીઓ ૫ ૨), અને "દહાડા ભુંડા છે તેથી સમય ખડી લેવો જોઇએ." (૮૫).

દહાડા ભુંડા છે.

હા, દહાડા ભુડા છે, અને હમે ખુલ્લા મનથી કબુલ કરીએ છીએ કે, આ હાલના ભુડા કાળમા જ્યારે આ દુનીઆ નાસ્તિક મતથી ભરપુર એવા પાપીઓથી ભરેલી છે, કે જેઓ ખ્રીસ્ત, તેના લોકો અને તેના તારણની (૮૬) વાતોની અસલથીજ મજબુત રીતે સામા થાય છે, તેવાઓ માટે આ મન ઝાંખુ ભવિષ્ય દર્શાવે છે. પ્રભુની સાથે મિલાપ કરવાની પ્રભુની કૃપાવાળી આજીજીઓનો તેઓ

(૮૩) ૨ થેસ્સા, ૨ ૫, ૧૫

(૮૪) ફિલિપી ૩·૨૦; હેબ્રી ૯ ૨૮, વળી જુઓ તીતસ ૨ ૧૩.

(૮૫) એફેસી ૫:૧૫–૧૬.

(૮૬) ૨. કરીંથી ૬:૧૪–૧૮; એફેસીઓ ૫ ૧૧–૧૨, ૧. યોહાન ૨.૧૫; વળી જુઓ યોહાન ૧૪.૧૮–૨૨; ૧૬.૩૩; ૧૭:૧૪; યાકુબ ૪.૧૪; ૧ યોહાન ૫·૧૯.

અનાદર કરે છે (૮૭), અને કોપના મોટા દીવસ તરફ તેઓ જોસમાં ધસી જાય છે (પ્રકટીકરણ ૬ ૧૫-૧૭).

પણ, "આપણી આગળ મુકેલી આશા પકડવાને આશરો લેવા સારૂ (૮૮) દોડનારાને માટે," અને 'જેઓ દત્તકપુત્રપણાનો આત્મા પામ્યા છે," અને "જેઓ દેવનાં છોકરા અને વારસ અને ખ્રીસ્તની સંઘાતે સાથી વારસ થયા છે," તેમને માટે ભવિષ્યમા અંધકાર નથી ......, કેમકે હું એમ ગણું છુ કે આ હાલના વખતના દુખો, જે મહિમા આપણને પ્રગટ થનાર છે તેની સાથે સરખાવવા જોગ નથી." (રૂમી ૮.૧૫-૧૮).

આ જગતમા ચાલુ પ્રચાર પામેલુ વલણ, સારા અને નરસાને સામાન્ય સરાસરીની રીતીથી સમતોલ કરવાનું છે, અને તેમાં હુન્નર અને શાસ્ત્રની ફતેહો, નવી શોધખોળો વાગેરેની ઉન્નતિ વીગેરે, સદાચારીની ભલાઇ તરિકે ગણાય છે, અને તેથી એવુ અનુમાન કરાય છે કે, જગત સરાસરી રીતે વધારે સારૂં થતુ જાય છે.

પણ આ ખ્યાલ તદ્દન ભુલ ભરેલો છે, અને, હમને ખાત્રી લાગે છે કે, તે શેતાનની મોટામા મોટી છેતરપંડિનો પ્રપચ છે.

જગત અને મંડળી.

પ્રથમ તો, શુદ્ધ મંડળી અને જગતને ભેળસેળ કરીને તેની સરાસરી કાઢવા જેવુ કશુ છેજ નહિં. તેમા કોઇ પણ જાતનું

(૮૭) ૨. કરીંથી ૫:૨૦-૨૧. (૮૮) હેબ્રીઓ ૬ ૧૮-૨૦.

સગપણુ કે સંબધ હોવાનો સંભવજ નથી. તેમાંનું એક "નીચેનુ" છે, અને બીજું "આકાશમાનુ" છે, તેમાનું એક "આ જગતમાનુ છે''-બીજું "આ જગતમાંનુ" નથી (યોહાન ૮·૨૩). તેથી તે બન્નેને સાથે જોડવાં જોઇએ નહીં, કેમકે તેમની વચ્ચે કોઇ પણુ જાતનો સમાગમ, સંસર્ગ, મળતાપણું કે એકરૂપતાનો કોઇ પણુ ભાવ નથી. તેઓ હાલમા તેમજ હમેશને માટે જુદાજ હોવા જોઇએ. શુધ્ધ મડળી જગતમાંજ છે, પણુ તે જગતની નથી (૮૯). જગતમાં ત્રણુ પક્ષો છે, જેમકે, યહુદીઓ, તથા વિદેશીઓ તથા દેવની મડળી (૯૦). જેમ યહુદીઓ જુદા પડેલા, આમંત્રણુ કરાયલા ખાસ લોકો છે (૯૧), અને તેમને દેશજાતિઓ ભેગા ગણુવાના નથી (૯૨), તેજ પ્રમાણે આ શુધ્ધ મંડળી પણુ એક જુદા પડેલા ખાસ લોકો છે (૯૩), કે જેઓ શુધ્ધ કરાયાને લીધે તથા પવિત્રતાને લીધે આમત્રણુ કરાયલા છે (૯૪), અને જેમને દેવના પવિત્ર આત્માએ ઉદ્ધારના દહાડાને સારૂ મુદ્રિત કીધા છે (એફેસી ૪: ૩૦); જેઓ હવે બીલકુલ અધકારના નથી પણુ "અજવાળાના દીકરા" છે, અને "અધકારના નિષ્ફળ કામોની જેમને

(૮૯) યોહાન ૧૭ ૧૧, ૧૫, ૧૬. (૯૦) ૧. કરીથી ૧૦ ૩૨.

(૯૧) નિર્ગમન ૧૯ ૫-૬, નિર્ગમન ૩૩ ૧૬, વળી જુઓ પુનર્નિયમ ૭:૬, ગીતશાસ્ત્ર ૧૩૫:૪. (૯૨) ગણુના ૨૩:૯.

(૯૩) તીતસ ૨:૧૪, ૧. પીતર ૨:૯.

(૯૪) ૨. કરીથી ૭:૧; એફેસી. ૫.૨૫-૨૭.

બીલકુલ સંગતી નહિ કરવા બોધ અપાયલો છે." (એફેસીઓ ૫:૮-૧૧). તેઓ દેવના છે, અને આખું જગત તે ભુંડામાં રહેલું છે (૯૫). તે બંન્નેની વચ્ચે નહી દાબી શકાય તેવો વિરોધ છે-અને તેમની વચ્ચે કોઇપણ જાતનો સપ હોવાનો સંભવ નથી. એથી ઉલટુ તેમના હેતુઓ અને વલણો એક બીજાથી તદ્દનજ વિરૂધ્ધ છે. તેથી બન્નેનો એક સામાન્ય સમુદાય બનેલો છે એમ કહેવું એ પરસ્પર તદ્દન વિરૂદ્ધ છે.

કળા, શાસ્ત્ર અને નવીન શોધો.

બીજું, કળા અને શાસ્ત્રની કૃતેહો તથા શોધખોળો અને નિર્ણયો વીગેરેની ઉન્નતિ, ભક્તિમાર્ગમાં વધારો કરે છે, એમ કોઇપણ રીતે કહી શકાય એમ નથી.

શાસ્ત્ર અને તત્વવિજ્ઞાનના આજના વખતના સ્વિકારાયલા આગેવાનો પૈકી ઘણા- બલકે તેમા જે સૌથી વધારેમા વધારે પંકાયલા છે તેમાના પણ-કેવળ ચોખ્ખા નાસ્તિક છે. અને વળી બીજા ઘણાઓ જેઓ સપૂર્ણ નાસ્તિકતા કબુલ કરતા નથી, તેઓ પણ ઇસુખ્રીસ્તમા દેવિસત્તા સ્વિકારતા નથી.

જગતમા જે જે બને છે તે સારા વાસ્તે છે એવો મત ધરાવનારા ખ્રીસ્તીઓ, જેઓ શાસ્ત્રના પ્રસારના મોટા ઘોઘાટથી બાંકા ફુકે છે, તેઓ પણ તેમ કરતી વખતે આ ઘણીજ મહત્વની વાત પોતાના લક્ષમાં રાખતા નથી એ અજાયબ થવા જેવું છે. અને ઇતિહાસ પણ તેજ વાતને તેવો ટેકો આપે છે. દાઉદ અને સુલેમા-

નની સત્તા, પ્રખ્યાતિ અને ડહાપણ પછીથી, મુર્તિપૂજા અને આહાબ તથા મનાશ્શેહના નિરપરાધી ખુનો થયાં, અને તેને પરિણામે યરૂશાલેમનો નાશ, અને બાબેલની ગુલામગિરીના પરીણામ આવ્યા. હેરોદે જે મદીર બાધ્યુ હતુ, તે હુન્નરકળાનો સૌથી ભારેમા ભારે નમુનો હતો. તેની પ્રખ્યાતિ ઘણી સારી રીતે પ્રસરી હતી, અને મદીરની પુજા ભારે ભપકાદાર પાયાપર કરવામા આવતી હતી તેના વખતના યહુદીઓ વિદ્યા અને સાહિત્ય જ્ઞાનમા કુશળતાનો મોટો દાવો ધરાવતા હતા, તોપણ તેઓએ પ્રભુ ઇસુને વધસ્તભ પર મારી નાખ્યો

ગ્રીક લોકો સાહિત્ય વિદ્યા જ્ઞાન, કાવ્ય અને હુન્નરમા ફતેહના ઉચા શીખરે પહોચ્યા હતા, તોપણ ડહાપણથી પ્રભુને શોધી કાઢવામા તેઓ નિષ્ફળ નિવડ્યા તેમના મનને તો તે એક અણજાણ્યો દેવ હતો (૯૬), અને ૧. કરીથી અધ્યાય ૧ ૨ અને ૩મા કેવી ખુલ્લી રીતે તે બતાવ્યુ છે તે જુઓ "કેમકે ત્યાર પછી જ્યારે દેવના જ્ઞાનમા, જગતે પોતાના જ્ઞાન વડે દેવને જાણ્યો નહિ, ત્યારે વાત પ્રગટ કરવાના મૂર્ખપણાવડે વિશ્વાસ કરનારાઓને તારવા, તે દેવને પસદ પડયુ" (૧·૨૧). મહેનત કાઇ માણસોના મગજ સાથે કરવાની નહતી, પણ તેમના અંતઃકરણ સાથે કરવાની હતી વિદ્યા કેટલી સંપાદન કરી છે તે જોવાનુ નથી, પણ માણસમા નવુ અંત કરણ હોવુ જોઇએ, અને તે કાઇ કેળવણીથી

(૯૫) ૧. યોહાન ૫ ૧૯. (૯૬) પ્રેરિતોના કૃત્ય ૧૭· ૨૩.

મેળવી શકાતું નથી, પણ દેવના આત્માના ઉદ્યોગ અને પ્રયત્નથી મેળવી શકાય છે. પ્રભુએ કરીંથમાં જેમના ઉપર કૃપા કરી તે કાંઇ બુદ્ધિવાન તથા જ્ઞાનીઓ પર કીધી નથી, પણ સાદા અને ધીક્કારાયલા લોકો પર કીધી હતી. ઇસુએ લુક ૧૦: ૨૧ મા કહ્યું છે, કે "ઓ બાપ, આકાશ તથા પૃથ્વીના ધણી, હું તારી સ્તુતી કરૂં છું કે, જ્ઞાનીઓથી તથા બુદ્ધિવાનોથી એ વાત તે ગુપ્ત રાખી, ને બાળકોને પ્રગટ કીધી છે."

ત્યારે, જગત, "જ્ઞાન" અથવા "તત્ત્વ શાસ્ત્રથી," (કલોસીઓ ૨: ૮), અથવા "જે જુઠાઇથી જ્ઞાન કહેવાય છે તેનાથી" (૧. તીમોથી ૬ ૨૦), દેવને કદી શોધી શકશે નહિ. ખરેખર આ વાતનો સ્પષ્ટ અને ખુલ્લો પુરાવો, આજના વખતની સમજ શક્તી અને તર્કજ્ઞપણામા, નાસ્તિકપણામા અને ઇશ્વર નથી એમ માનવામા છે ગમે તેવા સુધારાવાળા અને ચળકતા ઝળકાટવાળા તે હોય, અથવા ગમે તેવી મધુરતાથી તેનો ઉપયોગ કરવામા આવ્યો હોય તેની દરકાર નથી, તો પણ જે "અજવાળાના દૂત" તરીકે પ્રગટ થઇ શકેછે તેના ઝેરી કપટ તરીકે તે માત્ર છે (૯૭). ખરી વાત એ છે કે, શેતાન દેવનો કટ્ટો દુશ્મન છે, અને આ હાલના ભુંડા કાળમા (ગલાતી ૧: ૪), જગત, તેના પંજામાં છે (૧. યોહાન ૫: ૧૯), તેથી કરીને તે દેવના માણસોને પોતાની "યુક્તિઓથી" ઘેરી લેછે અને અધિપતિઓ........અધિકારીઓ

(૯૭) ૨. કરીંથી ૧૧: ૧૩ – ૧૫.

......અને જગતમાંના આ અંધકારના સત્તાધારીઓને તેમની સામા સજ્જ કરેછે " (એફેસીઓ ૬: ૧૧ – ૧૩) તેથી કરીને પ્રીસ્તીએ " જગત પર અથવા જગતમાની ચીજો પર પ્રેમ કરવો જોઇએ નહીં. જો કોઇ જગત પર પ્રેમ કરે, તો તેનામાં બાપ પરનો પ્રેમ નથી. કાજે, સર્વ જે જગતમા છે, એટલે દેહનો લોભ તથા આંખોનો લોભ તથા જીવનનો અહંકાર તે બાપથી નથી, પણ જગતથી છે." (૧ યોહાન ૨: ૧૫ – ૧૬).

જગત વધારે સારૂં થતું જતું નથી.

બેશક, ત્યારે તો, આ ઘાતકી જગત, જે દેવની વિરૂદ્ધમાં ઉથલ પાથલ કરી નાંખે એવી રીતે સામે થયલુ છે, અને હાલના જમાનામા તે દેવના કટ્ટા દુશ્મનની સત્તા નીચે છે, તે સુધરતું જતુ નથીજ. એથી ઉલટું, તેની સન્મુખ, ન્યાયકરણ, બળતો અગ્નિ, અને નાશ ખડા રહેલા છે (૯૮). અને, સંકટના વખતો આવે છે (૯૯). "નઠારા માણસો અને ભુલાવનારાઓ નઠારા કામો વધારે ને વધારે કરશે, અને પોતે ઠોકર ખાશે અને ઠોકર ખવડાવશે." કડવા દાણા જે કુદરતી રીતે ઘઉં કરતા વધારે જલદીથી વધે છે, તે કાપણી સુધી વધતા ને વધતા ચાલુ રહેશે (માત્થી ૧૩ ૪૦). અન્યાયનો ભેદ, જે પ્રેરિતોના વખતમાં ક્યારનો એ ચાલુ હતો, તે "પાપના માણસ"મા શિરોબીંદુએ પહોચશે;

---

(૯૮) ૨. પીતર ૨: ૨ – ૩; ૨. પીતર. ૩: ૭; યહુદા ૭, માર્ક ૯. ૪૩ – ૪૮. (૯૯) ૧ તીમોથી ૪ ૧–૨; ૨. તીમોથી ૩:૧.

તે પાપનો માણસ એટલે ખ્રીસ્ત-વિરોધી, અને યહુદીઓનો (૧૦૦) મોટો ભાગ પણ તે ખ્રીસ્ત-વિરોધીને સ્વિકારશે, અને તે એટલો બધો મોટો થશે અને એટલી બધી વિશ્વમય સત્તાથી રાજ્ય કરશે કે પ્રભુના પોતાના ખાસ પ્રગટ થવાથીજ ફક્ત તેનો નાશ થઇ શકશે(૧૦૧).

તેથી, રાજા ખ્રીસ્તના આવવા શિવાય બીજી કોઇ વાતમા, આ જગતને આશા રાખવાની નથી. અને દેવને તેના વચનો માટે ધન્ય છે કે, આ કાળને અતે પ્રભુ પોતે પ્રગટ થશે ખીસ્ત-વિરોધીનો નાશ થશે ઠોકર ખવડાવનારી બધી વસ્તુઓને એકઠી કરવામાં આ-વશે (૧૦૨), અને જગતમા સત્ય, નીતી અને ધાર્મિકપણા તથા ન્યાયીપણાના એક હજાર વર્ષના રાજ્યને સ્થાપવામા આવશે તેથી કરીને આ ભુંડા કાળમા જગતને માટે અંધકારવાળું ઝાખું ભવિષ્ય દેખાય છે, તોપણ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ સુધીના આવનાર કાળમા પ્રકાશિત અને મહિમાવાળુ ભવિષ્ય તેને માટે છે.

કૌશલ્યમાં સુધારો અને હિતકારી જ્ઞાન મંદિરો.

પણ, કદાચ હજીપણ આગ્રહ પૂર્વક એમ કહેવામાં આવે છે કે, કૌશલ્ય અને સુધારામા, પરોપકાર વૃત્તિમાં, આત્મ સ્વાતંત્ર્ય, દેશદેશમાના ભ્રાતૃભાવ, અને ખ્રીસ્તી ધર્મ સબધીનાં કર્તવ્ય વીગે-

(૧૦૦) યોહાન ૫ ૪૩, વળી જુઓ યશાયાહ ૨૮ ૧૫;૨૨.

(૧૦૧) ૨. થેસ્સા ૨:૮-૯, વળી પ્રકટીકરણ ૧૯:૨૦ જુઓ.

(૧૦૨) માત્થી ૧૩:૪૧-૪૩.

રેમાં જગત ઘણી આગળ વધી છે એ વાતની સાબિતીમા, ગુલામ ગીરી તદ્દન જડમૂળથી નાશ કરી તે ટાંકવામાં આવે છે; અને તેની વધુ સાબિતીમાં, ધર્મવિચારણુ સભા તથા સ્વધર્માર્થપ્રાણાર્પણુના રીવાજો બંધ કરાયા તે, તથા દાનધર્મી સસ્થાઓ, પત્રવ્યવહાર વીગેરે માટેના મહાન ટપાલ ખાતાના તથા વ્યાપારિક સાધનો જે વરાળ અને વિજળીની મદદથી ઘણી ઝડપથી કામ કરી શકે છે તે, તથા પંચથી કરવામાં આવતી ગુનાની ચોકશીનો હક, દેશપરદેશમાની લવાદી, અને ધર્મોપદેશકોની ફતેહ વીગેરેના દાખલાઓ ટાકવામાં આવે છે.

વારૂ ત્યારે, પ્રથમતો હમે જવાબ આપીએ છીએ કે, **કૌશલ્ય અને સુધારાએ પવિત્રતાના મૂળ નથી.** તેમનાથી માણસના મગજની શક્તિ વધારે સારી થઇ શકે, પણ અતઃકરણો સુધરી શકે નહી પાપનો ઢોળ ચઢાવેલો મહેલ જેમ ખચિત રીતે નર્કનો દરવાજો છે, તેમ તે અત્યાચારની અધારામા અધારી ગુફા પણ છે.

સુધરેલા અને શાસ્ત્રિય જ્ઞાનવાળા નાસ્તિકો તો, ચોર અથવા ખુનીની માફક ખચીતજ શેતાનના ગુલામ છે. ઇસુએ જ્યારે માત્થી ૧૨·૩૦મા કહ્યુ કે, "જે મારા પક્ષનો નથી, તે મારી વિરૂધ્ધ છે," ત્યારે તેણે આ બધાઓનો એકજ વર્ગમા સમાવેશ કરીને કહ્યુ હતુ. તેથી કરીને સર્પ ગમે તેટલો અજવાળાના દૂતની પેઠે પ્રગટ થાય, અથવા જગત ગમે તેટલી સુધરેલી અને વિશુધ્ધ અને સભ્ય બને, તે કાઇ કામનુ નથી.

શેતાન તો હજી પિશાચ અને દૈત્યજ છે અને જગત તો હજી જગતજ છે.

તેના પ્રાકટ્ય અને રીતીઓ બન્ને બદલાય, પણ અંધારાનો આત્મા તો તેનો તેજ છે અને તેજ પ્રમાણે જોકે ગુલામગીરી નાબુદ થતી આપણે જોઇએ છીએ, તોપણ સામાન્ય માલકીનો મત, સામાન્ય સ્વામિત્વનો મત તથા સર્વ અજાણ્યું છે એવો મત, એ બધા પોતાના અનીશ્વર વાદી, અને માથા વગરના ખોખા ઉચા કરે છે અને ધર્મવિચારણ સભા તથા સ્વધર્માર્થપ્રાણાર્પણના દીવસો કરતા પણ તેમની અગમચેતી તથા અનિષ્ટસુચક ભવિષ્ય વાણીઓ વધારે અધકારવાળી હતી. દાનધર્મી સંસ્થાઓની બરોબરીમા અતિશય ત્રાહે ત્રાહે કરાવનારી ઇજારાઓ આપવાની રીત, રચનાયુક્ત હરામખોરી અને દગોફટકા ચાલી રહ્યા છે વર્તમાન પત્રો અને પત્ર વ્યવહાર એક ઠેકાણેથી બીજે ઠેકાણે પહોચાડવામા ટપાનખાતુ જે ઘણું ઉપયોગી છે, તે જુવાન માણસોના નીતીના આચરણને સમુળગા નાશ કરનારા બીભત્સ પુસ્તકોના ઢગલાને ઘણોજ પ્રસારો કરવામા ઘણુજ સગવડવાળુ સાધન પુરૂં પાડે છે પચથી ગુનાઓની તપાસ કરવાની રીત તદ્દન નિષ્ફળ નીવડી છે અને તેથી ખરો ગુનેગાર બચી જાય છે. જે પ્રજાએ મિશનરીનો રસ્તો ખુલ્લો કરી આપ્યો, તેજ પ્રજાએ ચીનની અતિશય વધતી જતી પ્રજા ઉપર, અફીણનો ભયકર શ્રાપ જોરજુલમથી ઘાલી દીધો છે.

અને જ્યારે મિશનરીના પ્રયાસો તમામ દેશાવરોમાં ઘણાજ આશિર્વાદિત મનાયલા છે (અને પ્રભુનો પાડ માનો કે તે આશિર્વાદિત મનાયા છે), ત્યારે અભ્રાતિધર્મ, ધર્મનાં આચાર કર્મો, અશ્રદ્ધા, અને પ્રભુના દિવસના અપવિત્રીકરણ એ સઘળા આપણા દે-

શમાં અસાધારણ ફતેહ પામ્યા છે. અને એક સમયે જે ખ્રીસ્તની પ્રેરિત મંડળી હતી તેના ઉપર અગ્નાનિધર્મનાં અદભૂત પ્રમાણ વિનાના સ્વિકારે ફતેહ મેળવી છે એ આપણે ભુલી જવાનું નથી.

ગઇ સદીમા લડાઇ અને ખુનરેજીનુ જોર ઘણુ ચાલ્યુ હતું. છેક ચાલુ સાલ સુધી યુધ્ધના ક્ષેત્રો ઘણાજ અતિશય, અંધકાર વાળાં અને ભયાનક થયાં છે. ટુંકમા, શેતાન જાગૃતિમાં છે અને હાલના જમાનાને અનુસરીને પુર જોસમા કામ કરી રહ્યો છે; એટલે તે પોતાના બને હાથે છેતરપંડીઓ વધારે ને વધારે કર્યા કરે છે, અને તેજ પ્રમાણે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના રાજ્યની શરૂઆતમાં (૧૦૩) દૂત તેને સાકળેથી જકડી લેશે, ત્યા સુધી તે પોતાની છેતરપડીઓ પુર જોશમા કરતો ચાલુ રહેશે.

શું મંડળી સુધારામાં આગળ વધે છે?

છેવટે, એમ વાદ કરવામાં આવે છે કે જ્યારે **ખ્રીસ્તીઓ જગતનું તેજ અને જગતનું મીઠું છે** (૧૦૪), ત્યારે તો શુદ્ધ ખ્રીસ્તી હોવાનો દાવો ધરાવનારાઓની ઘણીજ વધતી જતી સંખ્યાએ, તે તેજ અને મીઠાના જથામા બેશક વધારો કર્યો હોવો જોઇએ, અને તેમ હોયતો તેથી જગત સારા સુધારાપર આવ્યું હોવું જોઇએ.

બેશક, ઇસુ જગતનુ તેજ હતો, પણ તે અંધકારમાં પ્રકા-

૧૦૩) પ્રકટીકરણ ૨૦:૧-૩. (૧૦૪) માત્થી ૫.૧૩, ફિલિપી ૨:૧૫.

શ્યો, અને અંધકારે તેને સ્વિકાર્યું નહિં માણસો અંધકારને ચાહતા અને વળગી રહેતા હતા, કેમકે તેમના કૃત્યો ભુંડા હતા તેઓ તેજ (પ્રકાશ) તરફ જોતા પણ નહતા, અને તેથી કરીને તેઓ તેથી વધારે સારા થયા નહતા (૧૦૫) તેથી શુદ્ધ ખ્રીસ્તીઓ, આકાશમાના તેજનુ પ્રતિબીંબ પાડીને, પોતાની આસપાસના અંધકારનો માત્ર વધારો કરે છે. અંધકાર તે હજી અંધકારજ છે, અને તેમા કોઇ જાતનો સુધારો થઇ શકે નહિ. પાપીએ તે તજીને તેજમાં આવવુ જોઇએ, અને તેમ ન કરે તો તેનું તારણ કદી થઇ શકે નહી.

મીઠું બેસ્વાદ થયું.

ઇસુ કહે છે કે, **મીઠામાંથી ખારાશ જતી રહી** અને તે તદ્દન નિરઉપયોગી થયુ, અને વળી તે કહે છે કે, **તેજ (પ્રકાશ) બુશલના માપ નીચે સતાડાઇ શકે છે,** એ વાતને સભાળપૂર્વક આપણે તપાસીએ. અને તેથી કરીને ખ્રીસ્ત આપણને માર્ક ૯ ૫૦ માના "પોતાનામા મીઠુ રાખો" એ વાકયથી શિખામણ આપે છે બેશક યહુદીઓએ પોતાની "મીઠાશ" ખોઇ (માત્થી ૫ ૧૩), અને "તેઓ તોડી નખાયા" (૧૦૬). આથી ગંભીર સવાલ એ ઉત્પન્ન થાય છે કે, પ્રસિદ્ધ કથન થયલી મંડળી વિશ્વાસ અને આત્મિક જીવનમાં આગળ વધતી જાય છે કે પાછળ પડતી જાય છે?

(૧૦૫) યોહાન ૧ ૪–૫, યોહાન ૩ ૧૯–૨૧.
(૧૦૬) રૂમી ૧૧:૨૦–૨૧.

આપણે માનીએ છીએ કે રાજ્યના મર્મ (૧૦૭), અથવા તો ખ્રીસ્તના આવતા સુધી ખ્રીસ્તી ધર્મની સ્થિતી વિષે માત્થી ૧૩. માના દ્દષ્ટાંતથી આપણને બોધ કરવામા આવ્યો છે.

દ્રષ્ટાંતો.

"વાવનારનુ દૃષ્ટાંત, તેના વચનનો જુદી જુદી અને અપૂર્ણ રીતે સ્વિકાર કરવો તે બતાવે છે. કડવા દાણાનુ દૃષ્ટાંત, સતોમા શેતાનની હાજરીની મુળની તથા ચાલુ અસરો બતાવે છે. રાઇના દાણાનુ દૃષ્ટાંત, જે ભુડાપણું ઢાકણુ તરીકે વપરાય છે તેની બહારની વૃદ્ધિ બતાવે છે ખમીરનું દૃષ્ટાંત, સત્યનો આસ્તે આસ્તે વધારો થતો જઇ, તદ્દન સપૂર્ણ ભ્રષ્ટાચાર દર્શાવે છે. ખેતરમા સંતાડેલા ખજાનાનો દૃષ્ટાંત, જગતમા ઇસ્રાયલ કેવા થશે તે બતાવે છે. અમૂલ્ય કિમતના મોતીનુ દૃષ્ટાંત, મંડળીનો ખ્રીસ્ત સાથે કેવો સંબધ થશે તે બતાવે છે અને જાળનુ દૃષ્ટાંત, પ્રભુના બીજીવારના આવવા વખતે રાજ્યને પાપરહિત કરવુ તે બતાવે છે."

ખમીર.

દૃષ્ટાતોના ઉપર મુજબના અર્થમા, કદાચ, બીલકુલ વાંધો લેવામા આવતો નથી; ફક્ત ખમીરના દૃષ્ટાતના અર્થમા વાંધો લેવામાં આવેછે. અને તેના ખરા અર્થથી તદ્દન વિરૂદ્ધનોજ અર્થ કરી તેનો ઘણા વિસ્તારથી બોધ કરવામા આવેછે, અને તે અર્થ નીચે મુ-

(૧૦૭) માત્થી ૧૩ ૧૦-૧૧.

જમ કરવામાં આવેછે કેઃ— આખા જગતને પવિત્રતાનું ખમીર બનાવી શકાય, ત્યાંસુધી જગતના લોકોમા સૂવાર્ત્તા અથવા ખ્રીસ્તી જીવનની શક્તી અને અસર પ્રસરી જવા જોઇએ. પણ આ અર્થ બીલકુલ બંધ બેસતો નથી એમ આપણને, વાવનાર અને કડવા દાણાના દૃષ્ટાંતોના કરવામા આવતા તેથી તદ્દન ઉલટાજ ઉપદેશ પર વિચાર કરવાથી જણાશે, કેમકે વાવનાર અને કડવા દાણાના દરેક દૃષ્ટાંતો ઘણીજ ખાત્રીથી બતાવે છે કે, જગતના છેડા સુધી ભુંડાઇ ચાલુ રહેશે અને વધતી જશે. તેથી આ અને બીજું પરસ્પર સંબધસૂચક વાકય (૧૦૮) જેમા 'ખમીર' શબ્દ વપરાયેલો છે, તેમજ બીજા ઘણા વાકયોમા એ શબ્દ એજ સંબધમાં વપરાયલો છે, ત્યા તેને એકજ દૃષ્ટાંત રૂપ અર્થ આપવાનું, આ બેશક સૌથી વધારે પુરતું અને ધર્મપુસ્તકના આધારનું કારણ છે, અને તે અર્થ "ભુંડાપણાની નાશવત અસર અને મરણની નીશાણી" છે. [જુઓ સભાળ પૂર્વક માત્થી ૧૬: ૬ – ૧૨ (૧૦૯)].

આ ઉપરથી ત્યારે આપણને ઘણીજ નિશ્ચિત રીતે બોધ કરવામાં આવેછે કે જગત જરા પણ સુધરતુ જતું નથી એટલુંજ નહિ, પણ વિશ્વાસુ મંડળીમાથી પણ તેનું મીઠું (સત્વ) જતું રહેશે, અને તે નામની તથા ઉંફાળી થઇને પ્રભુના મ્હોમાંથી ઓકી

---

(૧૦૮) લુક ૧૩ ૨૦ – ૨૧.

(૧૦૯) માત્થી ૧૬: ૬ – ૧૨, માર્ક ૮ ૧૫; લુક ૧૨. ૧; ૧. કરીંથી ૫. ૬ – ૮; ગલાતી ૫· ૭ – ૯.

કહાવાને માટે ફક્ત પાત્ર થશે (૧૧૦). હમે માનીએ છીએ કે, પ્રભુના વચનનો આ તમામ બોધ, આ અર્થ સાથે બરાબર મળતો આવેછે.

અને મંડળીનું હમણા પણ ખરાપણું જોવા માટે આપણે, તેની ફક્ત નિષ્પક્ષપાતી પણે સંપૂર્ણ તપાસ કરવાની છે મોટી નામની મંડળીની જુદી જુદી શાખાઓમાંથી આત્મિક શક્તી જતી રહી છે, તે કાંઇ સત્ય તેમાથી બહાર કાઢી નાખવાથી જતી રહી નથી, પણ ખોટા મતો ગ્રહણ કરવાથી તથા તેની અંતર્ગત હીલચાલથી થયુ છે, કેમકે ખમીરની પેઠે, આખા જથામાં તેનો ફીણ સાથે ઉભરો આવી ગયો છે. રૂમનો સામાન્ય બીશપ આસ્તે આસ્તે વધીને અસ્ખલ નશીલ પોપની પદવીએ પહોચી ગયો છે. આટામા જેમ થોડા ખમીરે પોતાનુ કામ કર્યુ છે તેમ, મૂર્તિપૂજા, પાપ સ્વીકાર, જગતના સ્થાપિત ધર્મ પંથના નિયમોનું પ્રતિપાલન, અને સત્ય નીતિ તથા ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનુ આવવુ થશે એ મત, એ બધાએ પોતપોતાનો પ્રૌઢ પ્રસાર કરી દીધો છે.

ધીક્કાર પામેલા નાઝારીનો અને તેના અનુયાયિઓની સરખામણીમાં (૧૧૧), મહાન પોપની અને હેલેની મંડળીઓની, તેમના ઠાઠમાઠ, સ્વરૂપ, તથા હાલના વખતની લોકપ્રિયતા અને આત્મિક નબળાઇ સહિત, કેવી સરખામણી થાય છે તે જુઓ? તેમજ પ્રથ

(૧૧૦) પ્રકટીકરણ ૩:૧૬. (૧૧૧) ૧. યોહાન ૪.૧૭.

મની બે સદીની સફટ પામેલી, દેવાર્પણ થયલી અને પવિત્ર ધર્મ સમાજોની સાથે તેની કેવી સરખામણી થાય છે તે જુઓ !

અને હાલના વખતના સુવાર્ત્તાના ઉપદેશકોની શાખાઓ, પ્રભુના પ્રેરિત જ્ઞાન ઇત્યાદિ સંબંધી જગતના સ્થાપિતધર્મપંથના નિયમોના પ્રતિપાલન અને તેમાં પ્રવેશ કરી ગયલી શંકાઓથી, શુ તેજ દિશા તરફ આપણને ભયમાં લઇ જતી નથી ! તેમાના કેટલા થોડા સભાસદો હાલના વખતમા જુદા પડવા માટે અને પવિત્રતા માટે બુમો મારે છે ? બેશક, તેમનામાં ખમીરની નીતિ – ભ્રષ્ટ કરનારી અસરો પ્રસરતી, કોઇપણ માણસ સહેલાઇથી જોઇ શકશે.

આ એક ભયંકર સત્યવાત છે એમ હમને આત્માનુભવ થયો છે. અને તેનું વર્ણન કરવાનુ હમને ગમતું પણ નથી. પણ નૂહનો સુબોધ જેમણે સાભળ્યો, તેમને પ્રિય નહતો, તોપણ તે સત્ય હતો, અને તેજ પ્રમાણે જળપ્રલય થયો. તેજ પ્રમાણે યિર્મેયાહની ભવિષ્ય વાણી અતિશય અપ્રિય હતી, તો પણ તે ખરીજ હતી; અને તેના પરિણામરૂપે નગરનો ભયંકર નાશ અને બાબેલનો બંદી પ્રવાસ થવા પામ્યા. ખ્રીસ્તનો સુબોધ કેટલીક વખતે ભયંકર સખ્તાઇ (૧૧૨) વાળો હતો, પણ શું તે સત્યતાથી ભરેલો નહતો ? તેથી તેજ પ્રમાણે હમે હજી પણ નમ્રપણાથી અને નિમકહલાલીથી પ્રભુના

---

(૧૧૨) માત્થી ૧૧.૨૦ – ૨૪, માથી ૧૮:૭ – ૯, માત્થી ૨૩.૧૩ – ૧૫,૨૭ – ૩૩.

વચનનો બોધ કરીએ, હમે "તાણીને પોકારીશું અને કાંઇ બાકી રાખીશુ નહીં" (૧૧૩), કેમકે હમે સંપૂર્ણ રીતે માનીએ છીએ કે, સ્વધર્મત્યાગી મંડળી (૧૧૪), બળવાખોર અને ખુની ઇસ્રાયલો (૧૧૫), અને પાપી જગત ઉપર, અંધકારનો દિવસ આવે છે (૧૧૬).

વિશ્વાસુ શેષ.

પણ આ અંધકાર, જે અપવિત્ર માણુસો માટે એટલો બધો અંધકારવાળો છે, તેમા પણ વિશ્વાસુ માણુસો (૧૧૭) માટે તો ચળકતી અને મહિમાવાળી આશા નજરે પડે છે. કેમકે પ્રભુ પાસે હમેશા એવા વિશ્વાસુ માણુસોનો શેષ રહેલો છે અને હમેશ ભવિષ્યમાં પણ રહેશે (૧૧૮) તે આધળા અને અવિશ્વાસુ ઇસ્રાયલોમાં પણ એવા કેટલાએક હતા કે જેઓએ મશીહની વાટ જોઇને તેનો અંગીકાર કર્યો (લુક ૨. ઇત્યાદિ). તેજ પ્રમાણે મંડળીમા એવા પણ હશે કે જેઓ આવનાર વરરાજાનો સત્કાર કરવાને તેની વાટ જોશે. (૧. થેસ્સા. ૧:૧૦; માત્થી ૨૫:૧૦). અને ઇસ્રાયલમા એક શેષ એવો રહેશે કે, જેઓ અંધકાર અને બળતી

(૧૧૩) યશાયાહ ૫૮.૧. (૧૧૪) ૨. તીમોથી ૪:૨-૪. વળી ૨. તીમોથી ૩:૫-૯ તથા પ્રકટીકરણ ૧૭ જુઓ.

(૧૧૫) માત્થી ૨૭:૨૫. (૧૧૬) યોએલ ૧:૧૫, આમોસ ૫.૧૮-૨૦; ૨. પીતર ૨ ૧૭; વળી જુઓ સફાન્યાહ ૧·૧૪-૧૮; માલાખી ૪ ૧, યહુદા ૫ ૧૩. (૧૧૭) ૧. થેસ્સા ૫ ૪-૮. ૧ પીતર. ૧ ૧૩. (૧૧૮) ૧ રાજાઓ ૧૯.૧૮, રૂમી ૧૧:૫.

અગ્નીમાથી પ્રવેશ કરતાં કરતા (ઝખ. ૧૩:૯) પણ પોતાના રાજાનો અંગિકાર કરશે. (ઝખાર્યાહ ૧૨:૧૦; રૂમી ૯:૨૭; ૧૧.૨૫-૨૬). અને વિદેશીઓ (જગતના અપવિત્ર માણસો)મા પણ એવો શેષ રહેશે કે જેઓ પ્રભુની શોધ કરશે (૧૧૯).

પ્રભુનો મહિમા થાઓ! જ્યારે પ્રભુ પોતાના મહિમાના રાજ્યાસનપર (૧૨૦) બેસવા માટે આવશે, ત્યારે ન્યાયિપણાનો સૂર્ય આરોગ્યકારક પાખો સહિત ઉગશે (૧૨૧), અને તેથી અંધકાર હજીપણ નાશ પામશે. યહોવાહના ઘરનો પર્વત, પહાડોના શિખરો પર સ્થપાશે, અને સઘળા વિદેશીઓ સત્ય, નીતિ અને ધાર્મિકપણાના (૧૨૨) એક હજાર વર્ષ સુધીના સલાહ શાતિ અને મહિમાના પ્રકાશવાન દિવસમાં, તેમાં પ્રવાહની પેઠે પ્રવેશ કરશે (યશાયાહ ૨ ૧-૬; મીખાહ ૪ ૧-૫), અને તે બનાવ હાલના ભુડા કાળને અતે બનશે (ગલાતી ૧:૪.), અને તે સમયમા, "સૃષ્ટી પોતે પણ નાશના દાસપણા માથી છુટી થઇને, દેવનાં છોકરાંના મહિમાના છુટાપણામાં આવશે," (રૂમી ૮ ૨૧). "મારા તમામ પવિત્ર પર્વતમા તેઓ ઉપદ્રવ કરશે નહિ, ને વિનાશ કરશે નહિ, કેમકે પાણી સમુદ્રને ઢાકે છે, તે પ્રમાણે યહોવાહના જ્ઞાનથી પૃથ્વી ભરપૂર થશે" (યશાયાહ ૧૧'૯).

"વધારે સારો દિવસ આવે છે, અને ઘણા સમયથી જે સવા-

(૧૧૯) પ્રેરિતોના કૃત્ય ૧૫:૧૬-૧૭ (૧૨૦) માત્થી. ૧૯:૨૮. (૧૨૧) માલાખી ૪:૨-૩. (૧૨૨) પ્રેરિતાનો કૃત્ય ૧૭:૩૧; રૂમી ૧૩ ૧૨; પ્રગટીકરણ ૨૦;૪-૬.

રને માટે આપણને વચન અપાયલું છે તે સવાર ન્યાયીપણાથી અને પવિત્ર બળથી વિંટળાઇને જ્યારે આવશે ત્યારે ખોટાપણાંને પરાજય કરશે.

અને ત્યારે પ્રભુ યહોવાહ દરેક દુઃખી નીશાશાને સાંભળશે, અને દરેક દેશ ઉપર ન્યાયથી ધીમે ધીમે પોતાનો હાથ લંબાવશે.

મગરૂરી ભરેલી ભુલોની બડાઇ હવામા બીલકુલ ત્યારે સંભળાશે નહીં તેમ અસ્તિત્વમા પણ રહેશે નહી,

પણ ઘરડા અને જુવાનો બધા સત્યને ચાહશે અને તેનો ચોતરફ ફેલાવો કરશે.

તંગી અને દીલગીરીને લીધે નિરાશાનો પોકાર બીલકુલ સંભળાશે નહિં,

અને કજીઆ ટટાનો અત આવશે, અને સંપૂર્ણ શાતતા ધીમે ધીમે વધી આબાદ થશે.

અરે! તે પવિત્ર સવારના ઉગવાની હમે વાટ જોઇએ, રાહ જોઇએ છીએ અને તેને માટે પ્રાર્થના કરીએ છીએ, કે જેથી તે સવારનું અજવાળું પર્વત ઉપરના અધકારને હાકીને કાઢી મુકશે.

અને જ્યારે આકાશમાનો મહિમા જગત અને આકાશમા રેલછેલ થઇ જશે;

ત્યારે પ્રભુનો તેના વચન માટે હમે ઉપકાર માનીશું અને હમે ધીમે ધીમે તેના વખાણ કરીશું".

નંબર ૧૩–તારણ વિનાના તરફ ઘાતકીપણું.

એવો વાંધો લેવામા આવે છે કે, જ્યારે જગતમાં આટલા

બધા લાખો માણુસો તારણુ પામ્યા શિવાયના રહ્યા છે, ત્યારે જગત ઉપર ન્યાય કરવા માટે ખ્રીસ્ત આવે એ તેને માટે ઘાતકીપણું ગણાશે.

અમે તેનો જવાબ આપીએ છીએ કે- શું આ તેમનું ભાષણ, પ્રભુના હેતુઓની અત્યભિમાની તથા ગુણુ દોષ વિવેચનવાળી ટીકા નથી? શું જળપ્રલયની વાત કાંઇ ઘાતકીપણાની વાત હતી? બલકે, તેણે (પ્રભુએ) અન્યાયીઓની મોટી સંખ્યાને હાંકી કાઢીને જેઓ ત્યારપછી જીવતા રહેનાર છે, તેમના ઉપર પોતાની પ્રીતિ અને કૃપાનો પ્રકાશ તેથી શું નથી પાડયો! બેશક, તે દયા બતાવવાને ખાતરજ પ્રભુએ કીધુ હતુ. અને હવે આપણુને યાદ કરવા દો, કે **જગત દર તેતરીશ વરશે મરી જાય છે.** મનુષ્ય જાતના આવરદાની સરાસરી એના કરતા પણુ ઓછી છે. જગત તે ભુંડાની સત્તા હેઠળ છે (૧૨૩), અને તે ભુંડાને મરણુ ઉપર સત્તા છે (૧૨૪). આ હાલની ઇશ્વર-નિયુક્ત વિધિમા, તેણે પચાસ કરતા પણુ વધારે વખત આ જગતને મરણુની તરવારથી મારી નાખ્યુ છે.

મરણુના વમળમા પચાસ કરતાં પણુ વધારે જગતો ડુબી ગયાં છે! તેનો જરા વિચાર કરો! દરેક પેઢી તદ્દન નવીજ જગતનો દેખાવ રજુ કરે છે. અને તેમાંના કેટલા બધા ઓછા માણુસોએ ધર્મફેર કર્યો છે. સુવાર્ત્તાની જીવનની હોડીથી, કેટલાં થોડાં માણુસો પહોચી શકાયા છે. અને જે થોડાં માણુસો તે હોડીથી બચાવી શકાયા

(૧૨૩) ૧. યોહાન ૫:૧૯ (૧૨૪) હેબ્રી ૨ ૧૪-૧૫.

છે, તેમાંનાં કેટલાં થોડાં તારણના સંદેશા ઉપર લક્ષ આપે છે. માણસોનો મોટો જથો, ભાંગી ગયલાં વહાણની પેઠે, અંધકાર અને અવિશ્વાસમાં ન્યાયકરણ તરફ ખેંચાઇ જાય છે.

ખ્રીસ્તના આવવાથી વધારે સારા વખતની સ્થાપના થશે. કેમકે જ્યારે તે આવશે, ત્યારે ઠોકર ખવડાવનારી બધી ચીજો એકઠી કરવામાં આવશે, અને ન્યાયીપણામા રાજ્યની સ્થાપના કરવામાં આવશે (૧૨૫). અને જો કે રાજ્યની પ્રજા [રાજ્ય કરતી પ્રજા નહિ (૧૨૬)] સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષના યુગમાં મરણ પામશે, તો પણ તેઓ સારી વૃદ્ધ ઉમરે મરણ પામશે, કેમકે છોકરૂં સો વરસની ઉમ્મરે પહોચ્યા શિવાય મરશે નહિં (૧૨૭); અને તેમનું મરણ આશિર્વાદિત મનાશે (૧૨૮); અને જો કે સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો સમય કાઇ સંપૂર્ણ થયલી સ્થિતિમા ન હશે, તો પણ તે વખતના પાપીઓનુ, તથા જે દેશજાતિઓ પ્રભુની સેવામાંથી આડી ચાલશે, તેમનું ન્યાયીકરણ કરી તેમને તુરતજ શિક્ષા કરવામા આવશે(૧૨૯).

બેશક, ત્યારે તેનુ જલદીથી પ્રગટ થવું એ કાંઇ નિર્દય કે દયાહીન બીના ગણી શકાય નહિં. અજાયબ પમાડે એવી વાત તો, બલકે પ્રભુની લાંબા વખતની સહનતા અને ધીરજ છે, કે જે (૧૩૦)

---

(૧૨૫) માત્થી ૧૩:૪૯–૫૦. વળી કલમો ૩૧–૪૩ જુઓ
(૧૨૬) લુક ૨૦ ૩૫–૩૬. વળી જુઓ પ્રકટીકરણ ૨૦:૪-૬.
(૧૨૭) યશાયાહ ૬૫ ૨૦. (૧૨૮) પ્રકટીકરણ ૧૪:૧૩.
(૧૨૯) ઝખાર્યાહ ૧૪ ૧૬ - ૧૯. (૧૩૦) ૨. પીતર ૩:૯.

હાલના વખતમાં (તેમજ જળપ્રલયના પહેલાંના (૧૩૧) વખતમાં પણ) ખામોશવાળા ઉત્તરવાદથી વાટ જુએ છે. પણ પ્રભુ પોતાનું વચન પૂર્ણ કરશે, અને તે આવનારો (૧૩૨) આવીને પોતાનું કામ ન્યાયથી ટુકમા પતાવશે. (રૂમી ૯ ૨૮).

તેથી ખ્રીસ્તના આવવાની વાતને ઘાતકી અથવા નિર્દય આપણે ગણુવી જોઇએ નહીં તેણે કહ્યું છે કે, "બેશક હું વહેલો આવું છુ," અને પવિત્ર આત્મા જેણે જવાબ આપ્યો કે "ઓ પ્રભુ ઇસુ, આવ" તેનું મન આપણી પાસે આવવા દો. (પ્રકટીકરણ ૨૨'૨૦).

"ત્યારે, હે દેવની નિશાણીઓ. તમને ધન્ય છે, ત્રણ વખત ધન્યછે.

તેના (પ્રભુના) આવવાની વાત શિવાય બીજી કઇ વાત આપણને આશ્વાસન આપી શકે ?

તેની (પ્રભુની) સમિપતા શિવાય બીજી કોની સમિપતા આ બહિવાન જગતને છુટકારો આપી શકે ?

હે સવારના તારા, અમારી આશા તારામા છે !"

નંબર ૧૪—આ પેઢી

ઇસુએ કહ્યું છે કે, 'સઘળાં પુરાં થશે ત્યાં સુધી આ પેઢી ટળી જશે નહિં." (લુક ૨૧ ૩૨, વળી જુઓ માત્થી ૨૪:૩૪; માર્ક ૧૩:૩૦).

કેટલાએકોએ "પેઢી" એટલે ત્રીશ અથવા ચાળીશ વર્ષનો

(૧૩૧) ૧. પીતર ૩:૨૦. (૧૩૨) હેબ્રી ૧૦:૩૬-૩૭.

સમય એવો અર્થ કર્યો છે; અને ખ્રીસ્તના બોલવા પછી ચાળીસ વર્ષની અંદર યરૂશાલેમનો નાશ થયો હતો, તેથી કરીને જે જે તે બોલ્યો તેને તે બીના લાગુ પાડે છે.

ઈસ્રાયલી એવી પેઢી છે કે જે ટળી જશે નહીં.

હમે માનીએ છીએ કે, એ જગ્યાએ "પેઢી" શબ્દ વપરાયલો છે, તેનો અર્થ "આખી ઇસ્રાયલની કોમની હસ્તી" થાય છે. નીચેના વાક્યો, જેમાં તેજ ગ્રીક ભાષાનો શબ્દ વાપરવામાં આવેલો છે, તે સરખાવો (૧૩૩). ગીતશાસ્ત્ર ૨૨:૩૦ માં આપણે વાચીએ છીએ કે, "તેની સેવા કરે, એવાં સંતાન થશે; આવતી **પેઢીને** પ્રભુ વિષે તે કહેવામાં આવશે." અને ગીતશાસ્ત્ર ૨૪:૬ માં "તેને શોધનારાની **પેઢી** આ છે."

દૃષ્ટાંત વચનો ૩૦:૧૧-૧૪ માં ન્યાયીઓ તથા અન્યાયિઓની પેઢીઓનો ભેદ સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યો છે. તેથી કરીને આપણે નિર્ણય ઉપર આવીએ છીએ, કે ઇસ્રાયલોની પેઢી યરૂશાલેમનો નાશજ ફક્ત જોશે એટલુંજ નહિ, પણ (પ્રકટીકરણ વખતે) ખ્રીસ્તનું આવવું, અને જગતનો અંત પણ જોશે. (માથ્થી ૨૪:૩).

---

(૧૩૩) માથ્થી ૧૧:૧૬, માથ્થી ૧૬:૪; લુક ૯:૪૧; લુક ૧૧:૪૯-૫૧, ફિલિપી. ૨:૧૫; માર્ક. ૮:૩૮, લુક. ૭:૩૧; ૧૧:૨૯-૩૨, ૧૬:૮; ૧૭:૨૫. પ્રેરિતોના કૃત્ય ૨:૪૦.

અને છેલ્લી અઢાર સદીઓમાં તથા છેક આજ સુધી, તમામ સતાવણીઓ, ઉથલ પાથલ તથા ભ્રમણતામાંથી, એક નિરાળા લોકો તરીકે તેઓ અજાયબ રીતે જળવાઇ રહ્યા છે, એ એક પ્રસિધ્ધ ચમત્કાર છે, અને તે ચમત્કાર પ્રભુના વચનની સત્યતાની સાક્ષી પુરેછે અને તેના હેતુઓના ભવિષ્યના હેવાલની આપણને ખાત્રી આપેછે.

મહાન ફ્રેડરીકે પોતાના આચાર્યને કહ્યુ કે, "આચાર્ય, જો તમારો ધર્મ સાચો હોય, તો તે ટુકી અને સાદી રીતે સાબીત થઇ શકવાને પાત્ર હોવો જોઇએ તમે તેની સત્યતાની સાબીતી એકજ શબ્દથી મને આપી શકશો?" તે ભલા માણસે જવાબ આપ્યો કે "ઇસ્રાયલ."

બીજા વિદેશીઓ આવેછે અને જાયછે પણ ઇસ્રાયલો તો તેના તેજ કાયમ રહેછે તે ટળી જતા નથી. પ્રભુ તે કોમને માટે કહેછે, કે "મેં ક્ષણવાર સુધી તને તજી છે, પણ મોટી દયાથી હુ તને સમેટીશ. ઉભરાના રોષમા મે પળવાર સુધી તારી ભણીથી મારૂ મુખ ફેરવ્યું. પણ સનાતન કૃપાથી હું તારાપર દયા રાખીશ; યહોવાહ, તારો ખડી લેનાર એમ કહેછે." (યશાયાહ ૫૪: ૭-૮).

પ્રકરણ પંદરમું.

ઇસ્રાયલીઓનો ઉધ્ધાર કરવામાં આવનાર છે.

પણ, કદાચ તમે કહેશો, કે "ઇસ્રાયલીઓને કાનાનમાં પાછા લાવવામાં આવશે, તથા યરૂશાલેમને ફરીથી બાંધવામાં આવશે એ વાત હું માનતો નથી."

પ્રિય વાચક, શું તમે તે વિષે પ્રભુના વચનનું પ્રકટીકરણ વાચ્યું છે? બેશક, તેનાથી કોઇપણ બીજી વાત ધર્મપુસ્તકમાં વધારે સ્પષ્ટપણે કહેવામાં આવી નથી. હમે ઇચ્છીએ છીએ, કે તેને લગતાં તમામ વાકયો ટાંકવાની પુરતી જગ્યા અત્રે હોત તો વધારે સારૂ; પણ જે જે વાકયોમાં તેનો સંબંધ છે તે વાકયોનો માત્ર થોડો ભાગ અત્રે ટાંકી બતાવીએ છીએ. તે વાકયો મનન કરીને વાંચવાની હમે તમને વિનંતી કરીએ છીએ તે સંબંધમા પુરી તપાસ કર્યા વિના આગળથી બધાઇ ગયલો વકિભાવ, તથા આગળથી બધાઇ ગયલા વિચારો તમારા મનમાથી કાઢી નાખો, પ્રભુના ચુંટી કઢાએલા લોકો "જેઓ તેને પ્રિય છે." (રૂમી ૧૧:૨૮), અને "તેની આંખની કીકીની પેઠે તેને વહાલા" છે (ઝખાર્યાહ, ૨:૮), તેમની બાબતમાં, પવિત્ર આત્મા, પ્રભુના પોતાના વચનથી તમને તેમનું મહિમાવાળુ ભવિષ્ય બતાવે, તે જુઓ.

પહેલું—પ્રભુ ઇબ્રામને બોલાવે છે, (ઉત્પત્તિ ૧૨:૧).

બીજું—પ્રભુનુ ઇબ્રામને આપેલુ વચન. (ઉત્પત્તિ ૧૨:૨–૭; ૧૩:૧૪–૧૭; ૧૫.૧૮; ૧૭ ૮.

પ્રભુનુ ઇસ્હાકને આપેલુ વચન (ઉત્પત્તિ ૨૬.૧–૫).

પ્રભુનું યાકુબને આપેલું વચન (ઉત્પતિ ૨૮: ૧ – ૧૫; ૩૫· ૧૦ – ૧૨).

ત્રીજું— દેશની સરહદનુ વર્ણન આપ્યું. (નિર્ગમન ૨૩ ૩૧, ગણના ૩૪; પુનર્નિયમ ૧૧: ૨૪, ૩૪. ૧ – ૪, યહોશુઆ ૧: ૨ – ૬).

ચોથું — દેશોનો થોડે અશે કબ્જો લીધો. (૧. રાજા. ૪: ૨૧).

પાંચમું — આજ્ઞા ભંગ માટે જે શિક્ષા ભવિષ્યવાણીથી કહેવામાં આવી હતી તે (લેવીય ૨૬: ૧૪ – ૩૯; પુનર્નિયમ ૪: ૨૨, ૨૮: ૧૫; ૩૧: ૧૬).

છઠું — ઇસ્રાયલોનાં પાપો. (ન્યાયાધીશ ૨· ૧૧ – ૧૯; ૧ શમૂએલ ૮· ૬, ૨. રાજા ૨૧· ૧૧; ૨૪· ૩, યિર્મેયાહ ૧૫: ૪; અને બીજાં, ખાસ કરીને માત્થિ ૨૭: ૨૫).

સાતમું — જે વચનો યાદ રાખવાનાં તે, અને ઉધ્ધારની ખાત્રી કરી આપી તે. (લેવીય ૨૬: ૪૦ – ૪૫; ખાસ કરીને કલમ ૪૨, ૪૪, ૪૫,) (પુનર્નિયમ ૪: ૩૦ – ૩૧ ; ૩૦: ૧ – ૧૦; ખાસ કરીને કલમ ૪, ૫, ૬.) (૨. શમૂએલ. ૭: ૧૦ – ૧૧.) (યોએલ ૧: ૧૮ – ૩૨; ૩ ૧ – ૨૧.)

(આમોસ ૯: ૧૧ – ૧૫; ખાસ કરીને કલમ ૧૫.) (હોશીઆ ૧: ૧૦– ૧૧, ૨. ૧૪ – ૨૩; ૩: ૪ – ૫.) (યશાયાહ ૨: ૨ – ૫; ૯ ૬ – ૭; ૧૦: ૨૦ – ૨૩, ખાસ કરીને કલમ ૨૧, ૨૨; ૧૧: ૧૦ – ૧૬, ખાસ કરીને કલમ ૧૧, બીજી વખત. ૧૯: ૨૩ – ૨૫; ૨૭ ૧૨ – ૧૩, ૩૩: ૨૦ – ૨૪; ૪૩ ૧ –૭, ખાસ કરીને કલમ ૫, ૬, ૭, ૪૯: ૧૩ – ૨૬, ખાસ કરીને કલમ ૨૨, ૨૩; ૬૦: ૧ –૨૨, ખાસ કરીને કલમ ૮, ૯, ૧૦, ૧૫, ૧૬, ૧૮. ૨૧, ૬૧: ૧ – ૧૧; ૬૨ ૧ – ૧૨; ૬૫ ૮ – ૧૦; ૬૫ ૧૭ – ૨૫, ૬૬. ૧૯ – ૨૪) (યિર્મેયાહ ૩ ૧૨ – ૧૯; ખાસ કરીને કલમ ૧૭. ૧૮, ૧૧: ૪ – ૫; ૧૬: ૧૪ – ૧૬, ૨૩ ૩ –૮, ખાસ કરીને કલમ ૩, ૪, ૬. ૨૯: ૧૦ – ૧૪, ૩૦: ૧ – ૨૪, ખાસ કરીને કલમ ૮, ૯, ૧૦, ૧૧, ૨૦, ૩૧: ૧ – ૪૦, ખાસ કરીને કલમ ૮, ૯, ૧૦, ૧૨, ૨૮, ૩૩, ૩૮, ૩૨: ૩૬ –૪૪, ખાસ કરીને કલમ ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૩૪: ૭ – ૧૭, ખાસ કરીને કલમ ૭, ૮, ૧૪, ૧૫, ૧૬; ૪૪:૨૮, ૪૬: ૨૭ – ૨૮, ૫૦: ૪ – ૮, ૫૦ ૧૭ – ૨૦.)

(હઝકીએલ ૬:૮–૧૦, ખાસ કરીને કલમ ૯ ૨૦:૩૬–૪૪, ખાસ કરીને કલમ ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪ ૨૮ ૨૪–૨૬, ખાસ કરીને કલમ ૨૫, ૨૬, ૩૪:૧૧–૩૧, ખાસ કરીને કલમ ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૨૩, ૨૪, ૨૫, ૨૮. ૩૬ ૧–૩૮, ખાસ કરીને કલમ ૮, ૧૦ ૧૧, ૧૨, ૧૫, ૨૧, ૨૮, ૩૧, ૩૫, ૩૭, ૩૮. ૩૭ ૧– ૨૮, ખાસ કરીને કલમ ૧૧, ૧૨, ૧૪, ૧૬થી૨૮. ૩૯:૨૩–૨૯,

ખાસ કરીને કલમ ૨૫, ૨૬, ૨૭, ૨૯. અધ્યાય ૪૦થી૪૮. નવું મંદીર. જે અનુક્રમમા જુદી જુદી જાતો વસશે તે અધ્યાય ૪૮માં જુઓ). મીખાહ ૪:૧-૭. ૭ ૮-૨૦ ખાસ કરીને કલમ ૧૨, ૧૯, ૨૦).

(સફાન્યાહ ૩ ૮-૨૦, ખાસ કરીને કલમ ૧૧, ૧૩, ૧૯, ૨૦). (ઝખાર્યાહ. ૨ ૪-૧૩; ૩:૧-૧૦, ખાસ કરીને કલમ ૯; ૮:૧-૨૩, ખાસ કરીને કલમો ૪, ૫, ૮, ૧૨, ૧૬, ૧૭, ૨૦થી૨૩. ૧૦ ૫-૧૨, તમામ જોવી. ૧૨:૧-૧૪; ખાસ કરીને કલમ ૧૦, ૧૧; ૧૩:૧-૯; ખાસ કરીને કલમ ૬, ૮, ૯; ૧૪ ૧-૨૧ ખાસ કરીને કલમ ૧૧, ૧૬, ૨૦, ૨૧). (માલાખી ૩ ૧૦-૧૨). (માત્થી ૨૩:૩૭-૩૯; ખાસ કરીને કલમ ૩૯, "ત્યાં સુધી"). (લુક, ૧૩.૩૪-૩૫; ખાસ કરીને કલમ ૩૫ "ત્યાંસુધી". ૨૧ ૨૪, ખાસ કરીને "ત્યાંસુધી". "વિદેશીઓના સમયો પુરા થશે, ત્યાં લગી યરૂશાલેમ વિદેશીઓથી ખુંદી નંખાશે"). (રૂમી ૧૧ ૧૭-૨૮; ખાસ કરીને કલમો ૧૭, ૨૦, ૨૩થી૨૮.)

(પ્રેરિતોનાં કૃત્ય ૧૫: ૧૩ - ૧૬; ઘણુ અગત્યનું છે. કેમકે તેમાં ભવિષ્ય વાદીઓ સંબંધી પ્રેરિતોનો મુખ્તેસર હેવાલછે.) (ગીત શાસ્ત્ર ૫૧ ૧૮, ૧૦૨ ૧૬).

અને હવે, વાંચક, જો તમે આ વાકયોનો ખરા મનથી અભ્યાસ કર્યો હોય, અથવા તો તમે તે ફક્ત વાંચ્યા હોય, તો યહુદીઓના મોટા ભાગમા આજે પણ, કાયમનો વિશ્વાસ છે, કે તેઓને પાછા કનાનમા લાવવામાં આવશે, તેમાં તમને કાઇ પણ અજાયબી લાગેછે!

તમામ, આસ્તિક યહુદીઓ આ આશાને ચુસ્ત રીતે વળગી રહેછે, ત્યારે આપણને આટલું બધું વધારે જ્ઞાનનું તેજ મળ્યુ છે, તે શું પ્રભુના વચનની આવી ભારેમા ભારે સાબીતી આપણે સ્વિકારશું નહિ? પ્રભુ ખેર કરે.

કદાચ તમે કહેશો, કે "આ ભવિષ્ય વાણીઓ, બાબેલોનમાંથી પાછા આવતી વખતે સપૂર્ણ થઇ હતી." પણ તેમ નથી; તે થયુ તે તો પહેલી વખતનો ઉધ્ધાર હતો. પણ **બીજી વખતનો ઉધ્ધાર હજી થવાનો છે.**

બીજી વખતનો ઉધ્ધાર.

"અને તે દિવસે એમ થશે કે, પ્રભુ પોતાના લોકના શેષને મેળવવાને માટે, એટલે જેઓ બાકી રહે તેઓને, આશ્શૂરમાથી, તથા મિસરમાથી, તથા પાથોસમાથી, તથા કૂશમાંથી, તથા એલામમાથી, તથા શિનઆરમાથી, તથા હમામમાથી, તથા સમુદ્રના દ્વાપુઓમાથી મેળવવાને માટે ફરી બીજી વાર પોતાનો હાથ લાબો કરશે" (યશાયાહ ૧૧. ૧૧).

પ્રથમના ઉધ્ધારમાં, ફક્ત જેમની દરકાર રાખવામા આવી હતી તેઓજ બાબેલોનમાથી પાછા આવ્યા (એઝરા ૭: ૧૩); અને બાકીના ઘણાં લોકો ત્યાં તથા મીસરમા તથા બીજી જગ્યાએ રહી ગયા. પણ ભવિષ્યમા એટલે બીજા ઉધ્ધાર વખતે, કોઇ પણ માણસ રહી જશે નહીં.

"જો તારામાંના દેશ બહાર કરાયલામાનો કોઇ આકાશના

છેડા સુધી હશે, તો ત્યાંથી યહોવાહ તારો દેવ તને એકઠો કરીને તને ત્યાથી લાવશે." (પુનર્નિયમ ૩૦:૪).

"તું બીશમા, કેમકે હું તારી સાથે છું; હુ તારાં સંતાન પૂર્વથી આણીશ, ને પશ્ચિમથી તને ભેગો કરીશ હું ઉત્તરને કહીશ કે, છોડી દે; ને દક્ષિણને કહીશ કે, પાછું ન રાખ, મારા દીકરાઓને વેગળેથી, અને મારી દીકરીઓને પૃથ્વીને છેડેથી લાવ. જે સર્વને મારૂ નામ આપેલું છે, ને જેને મે મારા મહિમાને અર્થે ઉત્પન્ન કર્યો છે તેને લાવ; મેં તેને બનાવ્યો, હા, મે તેને પેદા કર્યો છે." (યશાયાહ. ૪૩:૫-૭).

"કેમકે પ્રભુ યહોવાહ એમ કહે છે કે, જુઓ, હું પડે, હા, હુંજ, મારાં ઘેટાંને ઢુંઢીને તેમને શોધી કાઢીશ. જેમ કોઇ ભરવાડ જે દિવસે તે પોતાના વિખરાઇ ગયલાં ઘેટાં મધ્યે હોય છે, (તે દિવસે) પોતાના ટોળાને શોધી કાઢે છે, તેમજ હું મારાં ઘેટાંને શોધી કાઢીશ, ને વાદળાંવાળા તથા અંધકારમય દિવસે તેઓ જ્યા જ્યા વિખરાઇ ગયાં હશે, તે સર્વ જગ્યાઓમાંથી હું તેમને છોડાવીશ અને હું તેમને વિદેશીઓમાથી કાઢી લાવીશ, ને દેશોમાંથી તેમને ભેગાં કરીશ, ને તેમને તેમના પોતાના દેશમા લાવીશ, ને હું તેમને ઇસ્રાયલના પર્વતો પર, વહેળાઓને કાંઠે, તથા દેશની સર્વ વસ્તીવાળી જગ્યાઓમાં ચારીશ." (હઝકીએલ. ૩૪:૧૧-૧૩).

"ત્યારે તેઓ જાણશે કે હું યહોવાહ તેઓનો દેવ છુ, કેમકે મે તેઓને દેશજાતિઓ મધ્યે બંદિપ્રવાસમાં મોકલ્યા, ને પાછા તેઓને પોતાના દેશમાં સમેટી આણ્યા; ને હું તેઓમાંના કોઇને

ત્યાર પછી ત્યાં પડયો નહિ મુકીશ, ને હુ પછી કદી મારૂં મુખ તેઓથી અવળું નહિ ફેરવીશ, કેમકે મેં ઇસ્રાયલના ઘરપર મારો આત્મા રેડયો છે, એમ પ્રભુ યહોવાહ કહે છે." (હઝકીએલ ૩૯:૨૮ – ૨૯.)

પ્રથમના ઉદ્ધારમાં ફક્ત યહુદીઓજ પાછા આવ્યા.

બીજા અથવા ભવિષ્યના ઉદ્ધારમાં યહુદાહ (બે કોમો) અને ઇસ્રાયલો (દશ કોમો) (એટલે તમામનો) ઉદ્ધાર થશે. *

"તે દિવસોમાં યહુદાનો વંશ ઇસ્રાયલના વંશની સાથે ચાલ્યો જશે, ને ઉત્તર દેશમાંથી ભેગાથઇને જે દેશનો વારસો મેં તમારા પિતૃઓને આપ્યો, ત્યા તેઓ આવશે." (યિર્મેયાહ ૩:૧૮).

"ને હું તમારા પર મનુષ્યો વધારીશ, એટલે ઇસ્રાયલનો આખો વંશ, હા, આખો (વધારીશ), ને નગરોમાં વસ્તી થશે, ને વેરાન જગ્યાઓમાં ઇમારતો બંધાશે." (હઝકીએલ ૩૬:૧૦.)

હઝકીએલને બે લાકડી લેવાનું કહેવામાં આવ્યુ હતું; તેમાની એક લાકડી **યહુદાહ** છે એમ બતાવનારી અને બીજી **યુસફ** છે એમ બતાવનારી; અને તે બન્નેને જોડી દઇને એક લાકડી તેના હાથમાં હોય એમ કરવા તેને કહ્યુ હતું, અને જ્યારે લોકોએ તેને પુછયું કે તુ એ લાકડીઓ વડે શું દર્શાવવા માગે છે, ત્યારે તે લોકોને નીચે મુજબનો જવાબ આપવા તેને ફરમાન થયુ હતું —

* આ ઠેકાણે વપરાયો છે તે શિવાય, એ "ઇસ્રાયલ" શબ્દ બધે વધારે વિસ્તારવાળા અર્થમાં વપરાયલો છે અને તે બારે કોમો તેમા સમાયલી છે એમ સૂચવે છે.

"પ્રભુ યહોવાહ એમ કહે છે, કે જુઓ, જે દેશજાતિઓ મધ્યે ઇસ્રાયલ પુત્રો ગયા છે, તેઓ મધ્યેથી તેઓને લઇને હું તેમને બધે ઠેકાણેથી ભેગા કરીશ, ને તેમને તેમના પોતાના દેશમાં લાવીશ, અને હું તેમને દેશમાં, ઇસ્રાયલના પર્વતોપર એક પ્રજા કરીશ; ને એક રાજા તેઓ સર્વનો રાજા થશે, ને ત્યાર પછી કદી તેઓ બે પ્રજાઓ નહિ થશે; ને ફરીથી કદી તેઓમાં ફુટ પડીને બે રાજ્યો નહિ થઇ જશે." (હઝકીએલ. ૩૭: ૧૫--૨૨).

પ્રથમના ઉત્થાન વખતે તેઓ ઉથલાવી નંખાવા તથા પાછા હાંકી કઢાવા માટે પાછા આવ્યા. પણ આ બીજા ઉત્થાનમાં તેઓ સ્થાઇ રહેવાને માટે પાછા આવશે, અને ફરીથી કદી બહાર જશે નહીં. તેઓને મોટી પદવી આપવામાં આવશે, અને તેઓ સહીસલામતીમાં રહેશે, અને વિદેશી પ્રજાઓ તેમના તરફ દોડતી જશે.

બાથુનું ઉત્થાન.

"અને હું તેઓને તેઓના દેશમા રોપીશ, ને જે દેશ મેં તેઓને આપ્યો છે તેમાથી તેઓ ફરીથી કદી ઉપાડી નંખાશે નહિ, એવું તારો દેવ યહોવાહ કહે છે." (આમોસ ૯:૧૫).

"અને તેઓ ત્યારપછી કદી વિદેશીઓથી લૂંટાશે નહિ, તેમ જંગલી શ્વાપદો પણ તેમને ફાડી નહિ ખાશે, પણ તેઓ નિર્ભય રહેશે, ને કોઇ તેમને બીવડાવશે નહિ" (હઝકીએલ ૩૪.૨૮).

"ને હું તમને તમારી આગળની સ્થિતિ પ્રમાણે વસાવીશ, ને તમારા આરંભના કરતાં તમારૂં વધારે ભલું કરીશ; ને તમે જા-

શુરી કે હુ યહોવાહછું. હા, હું માણુસોને એટલે મારા ઇસ્રાયલ લોકને તમારા પર ચલાવીશ, ને તું ફરીથી તેમને નિઃસંતાન નહિ કરશે." (હઝકીએલ ૩૬ ૧૧-૧૨).

"તુ તજેલી અને દ્વેષ પામેલી હતી, એવી રીતે કે તારી મધ્યે થઇને કોઇ જતો નહતો, તેને બદલે તો હુ તને સર્વ કાળસુધી વૈભવરૂપ, તથા પેઢી દર પેઢી આનંદરૂપ કરી નાખીશ વિદેશીઓનું દુધ તું ચુસીશ. ને રાજાઓના થાનેધાવીશ, ને તુ જાણીશ કે હુ યહોવાહ તારો ત્રાતાછુ, ને તારો ઉધ્ધારનાર યાકૂબનો સમર્થ છું" (યશાયાહ ૬૦ ૧૫-૧૬).

ઈસ્રાયલ ભણી તમામ દેશજાતીઓ દોડતી જશે.

"યહોવાહ કહેછે, હું જીવતો છું, તો તે સર્વને તુ આભૂષણની પેઠે પહેરીશ, ને કન્યાની રીતે તું તેઓને કમરે બાધીશ .... હુ વિદેશીઓની ભણી મારો હાથ ઉચો કરીશ, ને લોકોની ભણી મારી ધ્વજા ઉભી કરીશ, ને તેઓ દીકરાઓને ગોદમા લઇને આણશે, ને તારી દીકરીઓને ખભે ઉચકીને લાવશે. અને રાજાઓ તારા વાલી, ને તેમની રાણીઓ તારી ધાવો થશે, ભૂમિપર નાક ઘસીને તેઓ તને નમશે, ને તારા પગની ધૂળ તેઓ ચાટશે" (યશાયાહ ૪૯·૧૮, ૨૨, ૨૩)

"પણ પાછલા દિવસોમા એમ થશે કે યહોવાહ ના ઘરનો પર્વત, પર્વતોના શિખરપર સ્થાપિત થશે, ને તે ડુંગરોથી ઉચો કરાશે, ને લોકોનો પ્રવાહ ત્યા વહી જશે અને ઘણી દેશ જાતિઓ જઇને કહેશેકે, ચાલો, આપણે યહોવાહના પર્વત ઉપર તથા યાકૂબના દેવને

ઘેર જઇએ; ને તે આપણને તેના માર્ગો વિષે શિખવશે, ને આપણે તેના પથમા ચાલીશુ, કેમકે સિયોનમાંથી નિયમ અને યરૂશાલેમમાથી યહોવાહનું વચન નીકળશે. " (મીખાહ ૪.૧-૨)

"સૈન્યોનો યહોવાહ એમ કહે છે કે, હજીપણ વિદેશીઓ તથા ઘણાં નગરોના રહેવાશીઓ આવશે; ને એક નગરના રહેવાશીઓ બીજાઓની પાસે જઇને કહેશે, ચાલો, આપણે જલદીથી યહોવાહની કૃપા યાચવાને તથા સૈન્યોના યહોવાહની શોધ કરવા જઇએ; હું પણ જઇશ. હા, ઘણી પ્રજાઓ તથા બળવાન દેશ જાતિઓ યરૂશાલેમમાં સૈન્યોના યહોવાહની શોધ કરવા, તથા યહોવાહની કૃપા યાચવા સારૂ આવશે. સૈન્યોનો યહોવાહ એમ કહેછે કે, તે દિવસોમા દશ માણસો, દેશજાતિઓની સર્વ ભાષાઓમાથી, જે યહુદી જન હશે તેની ચાળ પકડીને કહેશે કે, અમે તારી સાથે આવીશું, કેમકે અમે સાંભળ્યું છે કે દેવ તમારી સાથે છે." (ઝખાર્યાહ. ૮ ·૨૦ - ૨૩)

"અને એવું થશે કે યરૂશાલેમ સામે ચઢી આવેલી સર્વ દેશ જાતિઓમાનો બચી રહેલો પ્રત્યેક જન રાજાને, એટલે સૈન્યોના યહોવાહને, ભજવા તથા માંડવા પર્વ પાળવા વર્ષોવર્ષ જશે." (ઝખાર્યાહ ૧૪ ૧૬).

પ્રથમ ઉત્થાનના સમયમા તેમણે પોતાના આંધળાપણાથી, અને પોતાનાં વજ્ર પત્થર જેવા અંતઃકરણોને લીધે, ઇસુનો અંગીકાર ન કીધો અને તેનો વધ કીધો. પણ ભવિષ્યના ઉત્થાનમાં, તેઓ

આ બધાને માટે પશ્ચાતાપ કરશે, અને તેમનાં અંતઃકરણ નિર્મળ થશે, અને ખ્રીસ્ત જે તેઓનો રાજા થશે તેને સ્વિકારશે.

મારી તરફ તેઓ જોશે.

"અને હું દાઉદના ઘર પર તથા યરૂશાલેમના રહેવાશીઓ પર કૃપાનો તથા વિનતીનો આત્મા રેડીશ, ને જેને તેઓએ વિંધ્યો છે, તેની તરફ તેઓ જોશે, ને જેમ કોઇ પોતાના એકના એક દીકરાને સારૂ શોક કરે, તેમ તેઓ તેને માટે શોક કરશે; ને જેમ કોઇ પોતાના જ્યેષ્ટ પુત્રને માટે દુઃખી થાય, તેમ તેઓ તેને લીધે દુઃખી થશે અને મગિદ્દોનની ખીણમાં હ-દાદ-રિમ્મોનના વિલાપના જેવો ભારે વિલાપ તે દીવસે યરૂશાલે-મમા થશે, અને દેશના સર્વ કુટુંબો એક બીજાથી વિખુટા પડી વિલાપ કરશે, એટલે દાઉદના ઘરનુ કુટુંબ નોખું, ને તેમની સ્ત્રીઓ નોખા; નાથાનના ઘરનુ કુટુબ નોખું, ને તેમની સ્ત્રીઓ નોખી, લેવીના ઘરનું કુટુંબ નોખુ, ને તેમની સ્ત્રીઓ નોખી, શિમઇઓનુ કુટુંબ નોખું, ને તેમની સ્ત્રીઓ નોખી; બાકીના સર્વ કુટુબોમાનુ પ્રત્યેક કુટુબ નોખું, ને તેમની સ્ત્રીઓ નોખી." (ઝખાર્યાહ ૧૨: ૧૦-૧૪).

"તેઓ રડતાં ને વિનતીઓ કરતાં આવશે, ને હું તેઓને દોરીશ, જેમા તેઓ ઠોકર નહિ ખાશે એવા પાધરા માર્ગમા હું તેઓને પાણીના નાળાઓ પાસે ચલાવીશ; કેમકે હું ઇસ્રાયલનો બાપ છું, ને એફ્રાઇમ મારો જ્યેષ્ટ પુત્ર છે. હે વિદેશીઓ, યહો-

વાહનું વચન સાંભળો, ને વેગળે આવેલા દ્વીપોમાં તે પ્રગટ કરીને એવું કહો કે, જેણે ઇસ્રાયલને વેરી નાંખ્યો, તે તેને સમેટશે, ને જેમ ઘેટાં પાળક પોતાના ટોળાંને, તેમ તે તેને સંભાળશે. પણ તે દિવસો પછી જે કરાર હું ઇસ્રાયલના વંશની સાથે કરીશ, તે આ છે, હું મારો નિયમ તેઓના હૃદયમાં મુકીશ, ને તેઓના હૃદયમાં તે લખીશ; ને હું તેઓનો દેવ થઇશ, ને તેઓ મારા લોક થશે." (યિર્મેયાહ ૩૧: ૯, ૧૦; ૩૩).

ઇસ્રાયલો શુદ્ધ કરાશે.

"કેમકે હું તમને દેશજાતિઓ મધ્યેથી લઇને તથા સર્વ દેશોમાંથી એકઠા કરીને, તમને તમારા પોતાના દેશમા લાવીશ. અને હું તમારા પર શુદ્ધ પાણી છાંટીશ, ને તમે શુદ્ધ થશો, તમારી સર્વ મલીનતાથી તથા તમારી સર્વ મૂર્તિઓથી હું તમને શુદ્ધ કરીશ. નવું હૃદય હુ તમને આપીશ, ને નવો આત્મા હું તમારી અંદર મુકીશ; ને હું તમારા દેહમાંથી પત્થરનું હૃદય દૂર કરીશ, ને હું તમને માસનુ હૃદય આપીશ ને હુ મારો આત્મા તમારી અંદર મુકીશ, ને તમને મારી વિધિઓમાં ચલાવીશ, ને તમે મારા હુકમો પાળશો, તથા તેમને અમલમાં આણશો. અને જે દેશ મેં તમારા પિતૃઓને આપ્યો હતો તેમાં તમે રહેશો; ને તમે મારી પ્રજા થશો, ને હું તમારો દેવ થઇશ. ને હું તમને તમારી સર્વ અશુદ્ધતાથી તારીશ, ને હું અનાજને આજ્ઞા કરીને બોલાવીશ. ને તેને વધારીશ, ને તમારા ઉપર દુષ્કાળ નહિં પાડું." (હઝકીએલ ૩૬:૨૪-૨૮).

" ને તેઓ ફરીથી કદી પોતાની મૂર્તિઓથી તથા પોતાની ધિક્કારવા યોગ્ય વસ્તુઓથી તથા પોતાના કોઇ પણ અપરાધથી પોતાને અપવિત્ર કરશે નહિ; પણ તેમનાં સર્વ રહેઠાણો કે જેઓમાં તેઓએ પાપ કીધું છે, તેઓમાથી હુ તેમનો ઉધ્ધાર કરીશ, ને તેમને શુધ્ધ કરીશ, એમ તેઓ મારા લોક થશે ને હું તેઓનો દેવ થઇશ. અને મારો સેવક દાઉદ એ તેઓને શિર રાજા થશે; ને તેઓ સર્વનો એક પાળક થશે, ... અને જે દેશ મે મારા સેવક યાકૂબને આપ્યો છે, જેમા તમારા પિતૃઓ રહેતા હતા, તેમા તેઓ રહેશે, ને તેઓ તથા તેઓનાં છોકરાં તથા તેઓના છોકરાનાં છોકરા તેમા સદા રહેશે; ને મારો સેવક દાઉદ સદાને માટે તેઓનો સરદાર થશે. ... ... મારો મંડપ પણ તેમની સાથે રહેશે; હા, ને હું તેમનો દેવ થઇશ, ને તેઓ મારા લોક થશે". (હઝકીએલ ૩૭ ૨૩-૨૭)

"અને જે સર્વ દેશમાં મેં મારૂં ટોળુ ખદેડી મુકયું છે, તેઓમાથી હું તેના બાકી રહેલાઓને સમેટીશ, ને તેઓને તેઓના વાડાઓમા પાછા લાવીશ, અને તેઓ સફળ થશે ને વધશે અને તેઓનું પાળણુ કરશે એવા પાળકો હું તેમના પર ઠરાવીશ, ને તેઓ ફરી બીશે નહિ, ને ગભરાશે નહિં, ને ઓછા પડશે નહિ, એમ યહોવાહ કહે છે યહોવાહ કહે છે, જુઓ, એવા દિવસો આવે છે, કે જેમા હું દાઉદના વંશમા ન્યાયી અંકુર ઉગાવીશ, ને તે રાજા થઇને રાજ્ય કરશે, ને બુધ્ધિથી વર્તશે, ને પૃથ્વીમા ન્યાય તથા નીતિ ચલાવશે. તેના દિવસોમા યહુદાહ તારણ પામશે, ને

ઇસ્રાયલ નિર્ભય રહેશે, ને તેના જે નામથી તેને બોલાવશે તે એકે, **યહોવાહ અમારૂં ન્યાયીપણું**,' (યહોવાહ, Tsidkenu). (યિર્મેયાહ. ૨૩:૩–૬).

'અને હું તેમના પર એક પાળક સ્થાપીશ, ને તે, એટલે મારો સેવક દાઉદ, તેમનું પોષણ કરશે; તે તેમનું પોષણ કરશે, ને તે તેઓનો પાળક થશે. અને હું યહોવાહ તેઓનો દેવ થઇશ, ને મારો સેવક દાઉદ તેઓ મધ્યે સરદાર થશે, હું યહોવાહ એ બોલ્યો છું." (હઝકીએલ ૩૪:૨૩–૨૪).

હઝકીએલે અધ્યાય ૪૦ થી ૪૮ સુધીમા જે મંદીરનું વર્ણન આપ્યું છે તેવું મંદીર હજી સુધી કદી બંધાયુ નથી, અને દરેક પ્રજા, જેમ જેમ આ મહાન ભવિષ્યના ઉત્થાનમાં વસવાટ કરશે, તેમ તેમ તેમના સ્થાનકોનું ચોક્કસ વર્ણન તેમાં આપેલુ છે. (જુઓ અધ્યાય ૪૮).

ઇસ્રાયલ તથા મંડળીના અર્થમાં ઘોટાળો કરવો.

આવી સજ્જડ સાબીતિથી દરેક ન્યાયી મનના વાચકની ખાત્રી થશે કે, ઇસ્રાયલોને માટે મહિમાવાળો ભવિષ્યનો ઉધ્ધાર ભેગો કરીને રાખી મુકેલો છે. અને તોપણ, ઘણા કહેછે કે, આખા ધર્મપૂસ્તકનો આપણે આત્મિક રીતે અર્થ કરવો જોઇએ, અને તેઓ દુઃખ પામેલી મંડળીને તે સ્પષ્ટ એકરારો લાગુ પાડવાનો પ્રત્યન કરીને, તેમના મહત્વ અને મુદ્દો થોડો થોડો લઇને નકામા કરી નાખે છે.

આ ઘણીજ મોટી ભુલ છે; અને હમે માનીએ છીએકે, પાઉલના

પત્રોમાંની તકરારોની ગેર સમજુતીથી, મુખ્યત્વે કરીને એ ભુલ થવા પામી છે પાઉલપ્રેરિતે જ્યારે કહ્યુંછે કે. " જેઓ ઇસ્રાયલના છે તે બધા ઇસ્રાયલ નથી", ત્યારે તે ઇસ્રાયલના અર્થનો મંડળીના અર્થ સાથે ગોટાળો કરતો નથી. અને જ્યારે તે આપણને વિશ્વાસથી ઇબ્રાહિમનાં છોકરાં બનાવે છે ત્યારે પણ તે મડળીના અર્થને ઇસ્રાયલના અર્થ સાથે ગુંચવી નાંખતો નથી; પણ તે સાબીત કરેછે કે આપણે બધા વિશ્વાસથીજ કાયમ રહ્યા છીએ. ૧ કરીથી ૧૦ ૩૨ મા તે યહૂદીઓ, હેલેનીઓ અને દેવની મંડળી વચ્ચે ચોખ્ખો તફાવત બતાવે છે. * મડળી માટે ખાસ આશિર્વાદો છે, અને ઇસ્રાયલો માટે ખાસ આશિર્વાદો છે તે સ્પષ્ટ રીતે બતાવે છે કે તમામ કુદરતી ઓલાદ ખરા ઇસ્રાયલો નથી તેજ ફક્ત યહુદી છે કે જેને આત્મિક હ્રદયની સૂન્નત છે (૧). અને જોકે અસંખ્ય ઇસ્રાયલો નાસ્તિકપણામા ચાલી ગયા છે, તોપણ પાઉલ સ્પષ્ટરીતે જાહેર કરે છે, કે તેમનો શેષ જે રહેશે તેજ તારણ પામશે (૨). તે તેમને એટલો બધો ચાહતો હતોકે, તેમને ખાતર તે પોતાનું બળીદાન આપી શકે. અને વળી જરૂર પડેતો ખ્રીસ્તથીતે જુદો કઢાય તો તેમ પણ તે ખુશી હતો (૩). તેઓના પોતાના જીતવૃક્ષમાં તેમની હજી પણ કલમ રૂપે નાખવાની કુદરતી ડાળીઓ તરીકે, તે તેમનો ભવિષ્યનો મહિમા જોશે અને તે મુએલા-

* જે યહુદીઓ આ ઇશ્વરી વ્યવસ્થામા ખ્રીસ્તનો સ્વિકાર કરે છે તે ખ્રીસ્તી મંડળીના ભાગીદાર થાય છે (જુઓ પ્રકરણ ૧૦, " તારૂં રાજ્ય આવો. ").

(૧) રૂમી ૨.૨૯. (૨) રૂમી ૯ ૨૭; રૂમી ૧૧:૫ (૩) રૂમી ૯:૩.

માંથી જીવન શિવાય (૪) બીજુ શું થશે? ઇસુએ લુક ૨૧: ૨૪ માં કહ્યું છે કે, "અને તેઓ તરવારની ધારથી માર્યા જશે, ને ગુલામ થઇને બધા દેશોમાં લઇ જવાશે, ને વિદેશીઓના સમયો પુરા થશે, ત્યાં લગી યરૂશાલેમ વિદેશીઓથી ખુદી નંખાશે" અને પાઉલ આ ભેદ સમજ્યો હતો, કે જ્યારે "વિદેશીઓની સંપૂર્ણતા માંહે આવે," "ત્યારે સીઓન મધ્યેથી બચાવનાર આવશે, ને તે યાકુબમાથી અધાર્મિકપણાને કાઢી નાખશે." (રૂમી ૧૧,૨૫-૨૬).

અને આ વાતને નીચેના આધારોથી મજબુત ટેકો મળે છે: આમોસ ૮ અને ૯ અધ્યાયમાં, ઇસ્રાયલ ઉપર જે ભયંકર આફતો આવી પડશે તે વિષે આપણે વાંચીએ છીએ. અને તેઓ બધી દેશ જાતિઓમાથી ચાળીને જુદા કઢાશે નહી ત્યાં સુધી યહોવાહ તેમને એકઠા કરીને વસાવશે નહીં, અને દાઉદનો પડેલો મંડપ પાછો બાંધશે નહિં. જ્યારે પ્રેરિતો અને વડિલો યરૂશાલેમમાં પ્રથમની મંત્રી સભામાં આ ઇસ્રાયલો અને મંડળીનાજ સવાલપર વિચાર કરવા માટે એકઠા મળ્યા હતા, ત્યારે ઇસ્રાયલોને ચાળીને જુદા કરવાની દરમ્યાન, દેવ વિદેશીઓમાથી પોતાના નામને સારૂ એક પ્રજાને પસંદ કરી લેવાના હતા, અને ત્યાર પછી દાઉદનો મંડપ ફરી બાંધવાના હતા ને બતાવવાને માટેજ આમોસમાની આ ચોક્કસ ભવિષ્યવાણી ઉપર યાકુબનું ધ્યાન પવિત્ર આત્માએ ખેંચ્યું હતું (પ્રેરિતોના કૃત્ય ૧૫:૧૩-૧૭). તેથી આપણી ખાત્રી થાયછે કે આ ઉધ્ધાર સબંધીની ભવિષ્ય-

(૪) રૂમી ૧૧:૧૫.

-વાણીઓ મંડળીને લાગુ પાડી શકય નહીં, કેમકે ઇસ્રાયલ તથા યરૂશાલેમનો ઉદ્ધાર કરવામાં આવે તે પહેલા મંડળી લઇ લેવામાં આવનાર છે.

વળી, તેમના ઉદ્ધાર સંબંધીની ખાસ ભવિષ્યવાણીઓમાંની એક, લોકોને ઉદ્દેશીને નહીં, પણ ઇસ્રાયલના પર્વતને ઉદ્દેશીને કહેવામા આવેલા છે. અને તેથી કરીને તેનો શબ્દાર્થથી જે હેતુ હતો તેમાં કાંઇપણ શક રહેતો નથી. (૫).

યાકુબનાં સંકટનો દિવસ.

બેશક, ઇસ્રાયલોનો ઉદ્ધાર કરવામા આવશે; પણ તેમને માટે સંકટનો ભયકર સમય વાટ જુએછે. તેમના પાપો પર્વત જેટલાં મોટાં છે. નિરપરાધી લોહી, અને વળી ઇસુ ખ્રીસ્તના અમુલ્ય લોહીનો ગુન્હો તેમને માથે આવેલો છે (માત્થી ૨૭. ૨૫)

તે ખરા ભવિષ્યવાદી યિર્મેયાહે જ્યારે નીચે મુજબ લખ્યુ ત્યારે તેના જોવામાં તે આવ્યુ હતું.

"અને જે વચનો યહોવાહ, ઇસ્રાયલ તથા યહુદાહ વિષે તે બોલ્યો તે આ.

"કેમકે યહોવાહ એમ કહેછે કે, અમે ધ્રુજારીનો સાદ સાંભળ્યો છે, તે તો શાંતિનો નહિ પણ ભયનો છે.

"તમે પુછી જુઓ કે શુ પુરૂષ જણેછે? જણનારી સ્ત્રી કરે

(૫) હઝકીએલ ૩૬ ૧, ૮-૧૧.

તેમ પ્રત્યેક પુરૂષને પોનાના હાથ પોતાની કમર પર હાથી રાખનો મેં દીઠો છે, એનુ કારણ શું હશે? અને સંધા મુખ ફીકાં કેમ થઇ ગયાં છે?

"હાય, હાય, તે દિવસ એવો ભારે છે કે તેના જેવો બીજો કોઇ નથી, તે તો યાકુબને સારૂ સંકટની વેળા છે તોપણ તે તેમાંથી બચશે." (યિર્મેયાહ ૩૦ ૪: ૭).

"ત્યારે તમને તમારા દુરાચરણ તથા તમારા અશુભ કૃત્યો યાદ આવશે; ને તમારા દૃષ્કર્મોને લીધે તથા તમારાં અમગળ કૃત્યોને લીધે તમે પોતાના મનમા પોતાને ધિક્કારશો." (હઝકીએલ. ૩૬. ૩૧)

હા. તેઓ પશ્ચાતાપ કરશે અને પોનાને ધિક્કારશે.

તેઓ "સંકટ રૂપી સમુદ્ર ઓળંગશે' (૬).

ઘણા મરણ પામશે, પણ તેમના ત્રીજા ભાગને બચાવ-વામાં આવશે.

"અને તે ત્રીજા ભાગને હું અગ્નિમાથી આ છેડેથી પેલે છેડે કાઢીશ, ને રૂપું ગળાય છે તેમ તેમને ગાળીશ, અને સોનું પરખાયછે તેમ તેમને પારખીશ, તેઓ મારા નામની વિનંતી કરશે, ને હુ તેમનું સાભળીશ; ને હુ કહીશ કે, તે મારા લોક છે, ને તેઓ કહેશે કે, યહોવાહ મારો દેવ છે." (ઝખાર્યાહ ૧૩. ૯).

પવિત્રોનાં ખ્રીસ્તને મળવા સારૂ ગગનમા તણાઇ જતી વખતે

(૬) ઝખાર્યાહ ૧૦ ૧૧, હઝકીએલ ૭: ૧ – ૯.

નહિં, પણ પ્રકટીકરણ વખતે. આ બધાનો ઘણો બારીક સબંધ છે. (જુઓ પ્રકરણ ૮. માંની આકૃતિ).

કેમકે ગીતશાસ્ત્ર ૧૦૨:૧૬મા આપણે વાંચીએ છીએ કે, "જ્યારે યહોવાહ સિઓનને બાંધશે, ત્યારે તે પોતાના ગૌરવમા પ્રગટ થશે"

જ્યારે પ્રભુ ઇસુ, દેશ જાતિઓ ઉપર તથા ઇસ્રાયલો ઉપર, એટલે કે જે માત્થી ૨૫ ૩૬ વીગેરેમાં બનારેલા અલ્લાહિદા રહેનારા લોક છે (૭), ને જેઓ દેશ જાતિઓ ભેગા ગણાશે નહિ, (ગણના ૨૩·૯), તેમના ઉપર દંડ ઠરાવવાને માટે (૨. થેસ્સા ૧ ૭–૧૦, યહુદા. ૧૪) બળતી આગમા પોતાના પવિત્રો (મડળી) સાથે પ્રગટ થશે, ત્યારે તે બનશે, એટલે જ્યારે તે સંશોધક તથા શોધન કર્તા તરીકે બેસશે, ત્યારે તે બનશે.

"જુઓ હું મારો એલચી મોકલું છુ, ને તે મારી આગળ માર્ગ તૈયાર કરશે, ને પ્રભુ કે જેને તમે શોધો છો, તે અકસ્માત પોતાના મદિરે આવશે; એટલે કરારનો દૂત જે તમારો આનંદાસ્પદ છે, જુઓ તે આવે છે, એમ સૈન્યોનો યહોવાહ કહે છે

"પણ તેના આવવાનો દિવસ કોણ સહન કરી શકે? ને તે પ્રત્યક્ષ હાજર થશે ત્યારે કોણ ઉભો રહી શકશે? કેમકે તે ધાતુ ગાળનારના અગ્નિ રૂપ તથા ધોબીના સાબુ રૂપ છે.

"ને તે રૂપું ગાળનાર તથા શુધ્ધ કરનારની પેઠે બીરાજશે, ને તે લેવીના પુત્રોને શુધ્ધ કરીને સોના તથા રૂપા જેવા ચોખ્ખા કરશે, ને તેઓ યહોવાહને ન્યાયીપણાથી અર્પણો ચઢાવશે

(૭) માત્થી ૨૫:૪૦,

"ત્યારે યહુદાહ તથા યરૂશાલેમના અર્પણ, જેમ પ્રાચીન કાળમાં તથા અસલનાં વર્ષોમાં (પ્રસન્ન પડતાં) તેમ, યહોવાહને પ્રસન્ન પડશે.

'અને ન્યાયકરણ ચલાવવા હુ તમારી નજીક આવીશ, ને જાદુગરોની વિરૂદ્ધ તથા વ્યભિચારીઓની વિરૂધ્ધ તથા જુઠા સોગન ખાનારાઓની વિરૂદ્ધ, ને મજુર પર તેના વેતન બાબત જુલમ કરનારની વિરૂધ્ધ, ને પરદેશીનો હક પચાવી પાડનાર તથા મારો ડર ન રાખનારની વિરૂધ્ધ હુ જલદ સાક્ષી થઇશ, એમ સૈન્યોનો યહોવાહ કહે છે". (માલાખી:૩.૧-૫).

વિપત્તિની ભઠ્ઠીમાં (૮) તેણે ઇસ્રાયલને ખચિતજ ચોખ્ખો કર્યો છે. અને તેઓ ઉઠશે અને પ્રકાશશે, કેમકે તેમનો પ્રકાશ આવ્યો છે. (૯).

અમર જુવાનીમાં ઉઠ અને પ્રકાશ;
તારો પ્રકાશ આવ્યો છે, તારો રાજા પ્રગટ થયો છે!

સદીઓના ઝુલતા દરવાજાની પેલી તરફ, હજાર વરસના,-નવા દીવસનો પહો ફાટે છે.

ઇસ્રાયલનો કેવી રીતે ઉદ્ધાર કરવામાં આવશે, તે વિષય ઉપરની ટીકાઓથી હમે એક મોટું પુસ્તક ભરી નાખ્યું હોત, પણ તે ભવિષ્યવાણીની નિર્વિવાદ સાચીવાત છે તે, તથા પ્રભુના પ્રગટ થવા સાથે તે વાતનો ધાડો સબંધ છે તે, બતાવવાનીજ ફક્ત હમે હોંસ

(૮) યશાયાહ ૪૮:૧૦; ગીત શાસ્ત્ર ૬૬:૧૦.

(૯) યશાયાહ ૬૦ ૧-૪.

શાખી હતી, અને હમને ખાત્રીછે કે તે કામ, હમે સંતોષકારક રીતે બજાવ્યું છે.

તેઓના ઉદ્ધાર, અને તેમના પશ્ચાતાપ તથા તેમના ખ્રીસ્તના સ્વિકારની રીતીઓની તપસીલ હમને એટલી બધી અગત્યની નથી. કેમકે જેઓ મંડળીમાંના છે, તેઓને તો, મંડળીના આકાશગમન વખતે પ્રથમ લઈ લેવામા આવશેઃ અને જેજે બધુ થવાનુ છે તેમાથી ઇસ્રાયલોને પસાર થવું પડશે, પણ તેઓનો બચી જનાર છે (૧૦).

આ તપસીલનો અભ્યાસ ઘણાને મહાન આશિર્વાદ રૂપ થઈ પડયો છે એ ખરીવાત છે. અને તેમાના એકે ઘણી મહેનતે તેનુ પરિણામ શોધી કાઢયું છે તે હમે પ્રકરણ ૧૮ મા આપીએ છીએ; પણ મંડળી લઈ લેવાયા પછી, અને જ્યારે પુસ્તકની મુદ્રા સંપૂર્ણ રીતે ખોલીને ઉઘાડવામા આવશે, ત્યારે (દાનીયેલ ૧૨ ૪) ઘણાઓનું આમ તેમ દોડવું અને ઘસવુ થશે, તે અરસામાં ઇસ્રાયલો આ બીનાઓનો અનુક્રમ જેવો સ્પષ્ટ રીતે જોશે, તેવી સ્પષ્ટ રીતે હમે હમણા તે જોઇ શકતા નથી એમ હમે માનીએ છીએ.

આપણે ફક્ત એટલુજ જાણવુ બસ થશે કે, ખ્રીસ્ત–વિરોધી જે પ્રગટ થનાર છે, અને યહુદીઓનો રાજા ઇસુ જે આવનાર છે તે તેનો નાશ કરનાર છે, (૨. થેસ્સા. ૨ ૮), અને તેના ઇસ્રાયલ લોકનો આવવાનો સમય પાસે છે, (હઝકીએલ ૩૬ ૮), એ બધી બીનાઓ **છેલ્લા દિવસોમાં** બનવાના છે. (યશાયાહ ૨:૨)

(૧૦) લુક. ૨૧.૩૬.

પ્રકરણ સોળમું.

ભવિષ્યવાણીઓનો અભ્યાસ.

કદાચ, તમે ભવિષ્યવાણીનો અભ્યાસ પસંદ કરતા નહો, કેમકે ઇસુએ માત્થી ૨૪: ૩૬ મા કહ્યું છે કે, "પણ તે દહાડા તથા તે ઘડી સંબંધી કોઇ માણસ જાણતો નથી," અને પ્રેરિતોનાં કૃત્ય ૧: ૭ મા કહ્યુ છે કે, "જે કાળ તથા સમય બાપે પોતાના અખત્યારમા રાખ્યા છે, તે જાણવાનુ તમારૂં કામ નથી."

પ્રિય વાંચક, તારીખો મુકરર કરવામાજ, અથવા ભવિષ્યની બીનાઓનો આગળથી વિચાર કરવામાજ, ફક્ત ભવિષ્યવાણીનો અભ્યાસ સમાયલો છે, એવો ખ્યાલ તમે ન કરો. ગુરૂએ પોતાના પ્રગટ થવાનો દહાડો તથા ઘડી આપણાથી ઘણાંજ વાજબી કારણોને લીધે છુપો રાખ્યો છે; પણ ફરોશીઓને તેણે ઢોગી કહ્યા હતા, કેમકે તેઓ સમયોના ચિન્હો જોઇ શકયા ન હતા, અને તેણે આપણને જાગતા રહેવા ફરમાવેલુ છે અને ભવિષ્ય વાણીના અભ્યાસને તેણે ધન્ય ગણેલો છે (૧).

પીતર, ભવિષ્યવાણીના નિશ્ચય પૂર્વક વચન તરફ ધ્યાન આપવા આપણને બોધ કરેછે (૨). "હરેક શાસ્ત્ર જે દેવની પ્રેર-

---

(૧) પ્રકટીકરણ ૧: ૩, પ્રકટીકરણ ૨૨: ૭; લુક ૧૧ ૨૮.

(૨) *૨. પીતર ૧ ૧૯.

ણાથી અપાએલું છે, તે ઉપદેશ, નિષેધ, સુધારા, ન્યાયીપણાના શિક્ષણને સારૂ ઉપયોગી છે." (૨ તીમોથી ૩: ૧૬).

આ શાસ્ત્રના મોટા ભાગમા ભવિષ્યવાણીઓ છે, અને ખ્રીસ્તીઓ જો તેના ઉપર વધારે ધ્યાન આપે, તો હાલની ઇશ્વર સેવાથી ચળાયમાન થયલા છે એમ તેમને લાગશે નહીં, પણ " તેમના હાલના માર્ગ ઉપર તેથી વધારે અજવાળુ પડેલું, અને તેમના કારભારને તેથી ઘણુ વહેવારોપયોગી ઉત્તેજન મળેલું તેમને જણાશે." પ્રભુના ગુણ અને માર્ગોના વધારે વિશાળ અને ઉડા અતર્ભાવ ઉપર તેમના વિશ્વાસનો આધાર રહેશે, અને તેમની આત્મિક દૃષ્ટિ–મર્યાદા પહેલા કરતા વધારે સ્પષ્ટ આકૃતિમાં બહાર ધશીને નીકળી આવશે.

" પણ આ બધુ જોવા અને સમજવા માટે શાસ્ત્રના ઉપરટપકેના અભ્યાસ અથવા ભવિષ્યની બીનાઓનો ફક્ત આગળથી વિચાર કરવા કરતા, બીજુ ઘણુ વધારે કરવાની જરૂર છે. તેના ગહન ઉપદેશોની સાથે, તથા તેના દૃષ્ટાંતો, તેના અલકારો અને તેના ઇતિહાસોમા જે ઉડો અને વિલક્ષણ અર્થ સમાયલો છે તે અર્થ સાથે, તે વાચવા જોઇએ; અને તે વિલક્ષણ અને ઉડો અર્થ એવો છે કે જે સૂર્યના અજવાળાની પેઠે પ્રકાશી નીકળે છે, અનેતેના આવનાર મહિમાની ખબર, ભવિષ્યવાણીથી ઘણી સુદર રીતે પ્રગટ કરે છે". "આજના વખતની નાસ્તિકતાનું ખડન કરવા માટે દેવના વચનનો આવી રીતનો અભ્યાસ સર્વોપરી અગત્યનો છે," કેમકે દેવના પોતાનાજ શિલેખાનામાંથીજ આપણને જોઇતું જ્ઞાન પુરૂ પાડે છે, અને

યુદ્ધની તેની શાળામાં આપણને તાલીમ આપે છે" તત્વજ્ઞાની અને નાસ્તિકોને ગુચવાડામાં નાંખવા માટે ભવિષ્યવાણીની સત્યતાનો દેવ કેવો ઉપયોગ કરેછે તે જુઓ (૩). અને પ્રભુએ જે નવી બીનાઓ વિષે આપણને ખાત્રીથી કહ્યું છે તેની સિદ્ધિની ખાત્રી તરીકે, તે (પ્રભુ) આપણને ભવિષ્યવાણીઓ બતાવેછે. "તેઓ નીપજ્યા પહેલા હું તમને તે વિશે કહી સભળાવું છુ" (૪), અને જે વચનની તેણે ખબર આપી છે તેના, અને હું જે દેવ છું એ વાતના સાક્ષી તરિકે, તમામ દેશ જાતિઓ સમક્ષ ઇસ્રાયલને નોખા પાડેછે. (૫).

અને આજે પણ તેઓ એવાજ છે.

ભવિષ્યવાણી એજ તેમનો ઇતિહાસ છે. દેવ શિવાય બીજો કોણ તેમની આવી રીતે સભાળ રાખી શકે?

દેવ શિવાય બીજું કોણ તેમનો ઇતિહાસ આગળથી કહી શકે?

• "દેવના શિલેખાનામાથી ફક્ત એજ હથિઆર માણસોના તમામ ભ્રમયુક્ત તર્કો અને વિપરીતતાને આરપાર કાપી શકેછે."

પ્રભુ ખેર કરે, કે હમે ભવિષ્યવાદોને તુચ્છ ન ગણીએ (૧. થેસ્સા ૫ ૨૦).

"હે પૃથ્વી. પૃથ્વી, પૃથ્વી, તું યહોવાહનું વચન સાભળ." (૧. યિર્મેયાહ ૨૨: ૨૯)

---

(૩) યશાયાહ ૪૧: ૨૧ - ૨૩. (૪) યશાયાહ ૪૨. ૮ - ૯.
(૫) યશાયાહ ૪૩. ૯ - ૧૨.

પ્રકરણ સતરમું.

વ્યવહારોપયોગી મત.

હમે નિશ્ચયપૂર્વક કહ્યુ છે, કે પ્રભુના આવવાની આ સત્ય વાત ઘણીજ વ્યવહારોપયોગી છે. એ વાતની સાબીતીમાં, હમે અહીઆં નીચેના અનુસંધાનો ટાંકીએ છીએ; અને ઇસુ અને પ્રેરિતોએ આપણને ઉત્તેજીત કરવાના હેતુ તરીકે પ્રભુના પાછા આવવ સંબંધીની ભવિષ્યવાણીઓનો કેવી રીતે ઉપયોગ કર્યો, તે તે અનુસંધાનો બતાવે છે.

૧. જાગતા રહેવા વિષે.—માત્થી ૨૪ ૪૨–૪૪; ૨૫ ૧૩; માર્ક ૧૩: ૩૨–૩૭, લુક ૧૨. ૩૫–૩૮; પ્રકટીકરણ ૧૬: ૧૫.
૨. સાવચેત રહેવા વિષે.—૧. થેસ્સા ૫: ૨–૬, ૧. પીતર ૧: ૧૩, ૪ ૭; ૫' ૮.
૩. પશ્ચાતાપ વિષે.—પ્રેરિતોના કૃત્ય ૩: ૧૯–૨૧, પ્રકટીકરણ ૩ ૩.
૪. વિશ્વાસ વિષે—માત્થી ૨૫. ૧૯–૨૧; લુક ૧૨: ૪૨–૪૪; ૧૯: ૧૨–૧૩.
૫ ખ્રીસ્તને લીધે શરમાતો નથી.—માર્ક ૮: ૩૮.
૬. જગતના લાભની સામે – માત્થી ૧૬. ૨૬–૨૭.
૭, સહનશિલતા વિષે.—ફિલિપી ૪: ૫.

૮. ધીરજ અથવા સહનતા વિષે. – હેબ્રી ૧૦: ૩૬ – ૩૭, યાકુબ ૫ ૭ – ૮.
૯, વિષયાસક્ત ભોગોને મારી નાંખો. – કલોસીઓ ૩: ૩ – ૫.
૧૦. નિષ્કપટીપણા વિષે. – ફિલિપી ૧. ૯ – ૧૦.
૧૧. આખાં શરીરની સંપૂર્ણ પવિત્રતા વિષે. – ૧. થેસ્સા ૫ ૨૩.
૧૨. ઓપ કરનારી વફાદારી વિષે. – ૨. તીમોથી ૪: ૧ – ૨.
૧૩. પ્રેરિતોના ફરમાન તરફ આજ્ઞાકીતપણુ ઉત્પન કરવા વિષે – ૧ તીમોથી ૬: ૧૩ – ૧૪.
૧૪. ઘેટાંપાળકની ખંત તથા નિર્મળતા વિષે. – ૧. પીતર ૫, ૨ – ૪.
૧૫. આપણને પોતાને શુધ્ધ કરવા વિષે. – ૧. યોહાન ૩ ૨ – ૩.
૧૬. ખ્રીસ્તમાં રહેલા વિષે – ૧ યોહાન ૨: ૨૮.
૧૭. વિશ્વાસની સખતમા સખત પરિક્ષા અને અસંખ્ય લાલચો સહન કરવા વિષે – ૧. પીતર. ૧: ૭.
૧૮. આપણા પ્રભુને ખાતર દુઃખો સહન કરવા વિષે. – ૧. પીતર ૪. ૧૩
૧૯. પવિત્ર વાર્ત્તા અને સુભક્તિ વિષે. – ૨. પીતર. ૩: ૧૧–૬૩.
૨૦. ભ્રાતૃભાવ વિષે. – ૧. થેસ્સા ૩. ૧૨ – ૧૩.
૨૧. આપણું આકાશમાંનું પ્રજાપણું લક્ષમાં રાખવા વિષે.–ફિલિપી ૩: ૨૦ – ૨૧.
૨૨. ખ્રીસ્તના બીજી વખતના આવવાને પ્યારથી ચાહવા વિષે.– ૨. તીમોથી ૪: ૭ - ૮.

૨૩. તેને માટે વાટ જોવા વિષે – હેબ્રી ૯: ૨૭–૨૮

૨૪. ખ્રીસ્ત તે કામ સંપૂર્ણ કરશે તે બાબતમા વિશ્વાસ વિષે – ફિલિપી ૧ ૬.

૨૫ આશાને છેવટ સુધી મક્કમપણે મજબુતાઇથી પકડી રાખવી—પ્રકટીકરણ ૨ ૨૫, ૩ ૧૧.

૨૬. વિષયાસક્ત ભોગોથી વેગળા રહેવા વિષે. તથા પવિત્ર જીદગી ગાળવા વિષે.—તીતસ ૨ ૧૧–૧૩.

૨૭. જાગતા રહો, કેમકે તે એકાએક ઓચિંતુ આવશે તે વિષે.– લુક ૧૭ ૨૪–૩૦.

૨૮ ઉતાવળીઆ ન્યાય સામે સાવધ રહેવા વિષે –૧. કરીથી ૪:૫.

૨૯. કીમતી ઇનામની આશા વિષે –માત્થી ૧૯ ૨૭–૨૮

૩૦. આકાશગમનના વખત માટે શિષ્યોની ખાત્રી કરવા વિષે.– ૨. કરિંથી ૧ ૧૪; ફિલિપી. ૨:૧૬,૧ થેસ્સા ૨.૧૯.

૩૧. ખ્રીસ્તના તેમની પાસેથી જતા રહેવાને લીધે પ્રેરિતોના આશ્વાસન વિષે.–યોહાન ૧૪.૩; પ્રેરિતોનાં કૃત્ય ૧ ૧૧.

૩૨. તેના બીજી વખતના આવવામા દૃઢ વિશ્વાસ રાખવો તે પ્રભુના દિવસમા શ્રેષ્ઠમા શ્રેષ્ટ કૃપા અને નિર્દોષતાની ખાત્રી છે તે વિષે.–૧. કરીથી ૧ ૪–૮.

૩૩. જે મુખ્ય બીના માટે વિશ્વાસુ વાટ જુએ છે તે એજ છે. ૧. થેસ્સા ૧:૯–૧૦.

૩૪. ચાકરો સાથે, હિસાબ લેવાનો વખત તે છે, એમ જાહેર થયું છે.–માત્થી ૨૫:૧૯.

૩૫. જીવતી દેશજાતિઓનાં ન્યાયકરણ વિષે.–માત્થી ૨૫ ૩૧–૪૬.
૩૬. પવિત્રોના પુનરૂત્થાન વિષે–૧. કરીંથી ૧૫:૨૩.
૩૭. પવિત્રોના પ્રગટ થવા વિશે–૨. કરીથી ૫ ૧૦; કલોસી ૩:૪.
૩૮. જે મુએલાઓ ખ્રીસ્તમાં ઉંઘે છે તેને માટે જેઓ દીલગીર છે, તેના આશ્વાસનનુ તે મૂળ છે એમ જાહેર થયું છે.–૧. થેસ્સા ૪ ૧૪–૧૮.
૩૯. અવિશ્વાસુઓ માટે સકટનો તે સમય છે એમ જાહેર થયું છે.–૨. થેસ્સા ૧ ૭–૯.
૪૦. જેટલીવાર પ્રભુભોજન ધામધુમથી ઉજવાય છે તે દરેક વખત તે પ્રગટ કરાય છે–૧. કરીંથી ૧૧:૨૬.

નવા કરારમા આ મતના જે ઉપયોગો કરવામા આવ્યા છે, તેમાંના કેટલાએક આ છે. પ્રમાણીકરણોને ટેકો આપવા સારૂ, દલીલો સચોટ મજબુત કરવા સારૂ, અને શીખામણો જોરથી ઠસાવવા સારૂ તેનો ઉપયોગ કરવામા આવેલો છે. ત્યારે બીજા કોઇ મતમા એથી વધારે વ્યવહારોપયોગીપણું શું છે? હમારી ઇચ્છા હતી કે જેજે વાક્યો સબંધકર્તા બતાવવામા આવ્યા છે, તે પુરેપુરા ટાકવા માટે અત્રે પુરતી જગ્યા હમને મળી હોત. પણ, વહાલા વાચક, જો તમે તે વચનો શોધી કાઢશો અને તેનું રહસ્ય ખોળી કાઢશો, તો તેથી તમને ઘણો મોટો આશિર્વાદ મળશે.

પવિત્રોના આકાશગમનના વખતના સમય સાથે જે વચનોનો સંબધ છે, તથા જે વચનોનો પ્રકટીકરણ સાથે સબધ છે, તે

બન્નેની વચ્ચે હમે કોઇ જાતનો ભેદ બતાવ્યો નથી; કેમકે બંન્ને વર્ગો, જે વ્યવહારોપયોગી હેતુઓ બતાવ્યા છે તેના આશય તરિકે સરખી રીતે વપરાયલા છે.

લંડનમાં પ્રસિદ્ધ થયલા એક નાનાં ચોપાનીઆંમાંથી મુખ્યત્વે કરીને, ધર્મપૂસ્તકના નીચેના ગોઠવણુ અને સ્થૂળવર્ણન લેવામાં આવ્યાં છે. સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલાં ખ્રીસ્તના આવવાનો તે સંક્ષિપ્ત દેખાવ આપે છે, અને તેજ બાબતની સાદી ધર્મપુસ્તકમાંનીજ સાબીતીઓ બતાવેછે, કે જે અભ્યાસ અને અનુસંધાન માટે સુગમતા ભરેલી રીતે ગોઠવેલી છે. પ્રમાણ વચનો જે ટાંકેલા છે તે અવસ્યકરીને ટુંકમા આપેલાં છે, તેથી કરીને ધર્મપૂસ્તકમાંથી તે દરેકનો પુરો સદ્દર્ભ વાચવાથી ઘણો ફાયદો થશે એમ જણાશે.

પ્રકરણ ૮ અને પ્રકરણ ૨૧ માની આકૃતિઓના સબધમાં, હમારૂ માનવું છે, કે ખ્રીસ્તના વરરાજા અને રાજા બન્ને તરિકે આવવાની સાથે જે જે બીનાઓ સંબંધ કર્તા છે, તેનો ક્રમ સમજવા માટે દરેક વિશ્વાસુ અને આસ્તિક વાચનારને તે મદદગાર થઇ પડશે.

પ્રકરણ અઢારમું.

પ્રભુનું આગમન

તથા મંડળીના ભવિષ્ય સાથે સંબંધ ધરાવનારી કેટલીક ઉત્તરગામી બીનાઓ.

" તોપણું જે સત્યનો આત્મા, તે જયારે આવશે ત્યારે, ... તે જે જે થનાર છે તે તમને કહી દેખાડશે. " (યોહાન ૧૬.૧૩).

પ્રભુનું વચન—" હુ તો તમારે કાજે જગ્યા તૈયાર કરવાને જાઉ છું. અને જો હું જઇને તમારે કાજે જગ્યા તૈયાર કરીશ, તો પાછો આવીશ, ને તમને મારી પાસે લઇશ." (યોહાન. ૧૪ ૨-૩). " હું જાઉંછુ અને તમારી પાસે પાછો આવુ છુ. " (યોહાન ૧૪·૨૮) "થોડીવાર પછી તમે મને નહિ જોશો, ને ફરી થોડીવાર પછી તમે મને જોશો, કેમકે હું બાપ પાસે જાઉં છુ " (યોહાન ૧૬:૧૬). " હું તમને ફરીથી મળીશ, ત્યારે તમારા મન આનંદ કરશે. " (યોહાન ૧૬ ૨૨).

તેનો વિશ્વાસ—" પ્રભુ પોતાના વચન સંબંધી વિલંબ કરતો નથી " (૨. પીતર. ૩:૯). " આપણે (૧) કાંઇપણ ઢચુપચુપણા શિવાય આશાની કબુલાત દ્રઢ પકડી રાખીએ, કેમકે જેણે

---

(૧) ગ્રીક ભાષ્ય મુજબ.

વચન આપ્યું તે વિશ્વાસુ છે.... ..અને જેમ જેમ તે દહાડો પાસે આવતો દેખો તેમ તેમ વધતુ કરો. " (હેબ્રીઓ ૧૦:૨૩-૨૫). " કેમકે જે આવનારો છે, તે છેક થોડીવારમા આવશેજ, ને વિલંબ નહિ કરશે. " (હેબ્રી ૧૦ ૩૭). " કેમકે પ્રભુનુ આવવું પાસે છે. " (યાકુબ ૫ ૮). " બેશક હુ વહેલો આવુ છું : આમેન. " (પ્રકટીકરણ ૨૨:૨૦)

મંડળીની આશા (૨).—" ને જે તેની વાટ જુએછે તેઓની આગળ તારણને અર્થે પાપ વગરનો તે બીજી વાર પ્રગટ થશે. " (હેબ્રી ૯ ૨૮) "આપણું પ્રજાપણુ (૩) આકાશમાછે; ત્યાથી પણ આપણે તારનાર એટલે પ્રભુ ઇસુ ખ્રીસ્તની રાહ જોઇએ છીએ." (ફિલિપી ૩:૨૦). "દત્તકપુત્રપણાની, એટલે, આપણા શરીરના ઉદ્ધારની વાટ જોતા." (રૂમી ૮ ૨૩). "આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના પ્રગટ થવાની વાટ જુઓ છો." (૧. કરીંથી ૧ ૭). "તે ધન્ય આશા પ્રાપ્તિની વાટ જોતી " (તીતસ ૨ ૧૩). "ખ્રીસ્તની ધીરજમા વાટ જોતી." (૨. થેસ્સા ૩ ૫). "અને આકાશમાથી આવનારો તેનો પુત્ર, જેને અને ઇસુને પણ તેણે મુએલામાથો ઉઠાડ્યો તેની વાટ જોતી." (૧. થેસ્સા ૧:૧૦).

---

(૨) હાલની વ્યવસ્થાના સઘળા માનનારાઓ (૧. કરીંથી ૧૨ ૧૨, ૧૩, ૨૭).

(૩) અથવા " એક નગરના હોવા તે" (જુવો યોહાન ૧૭ ૧૬; એફેસીઓ ૨:૧૯. હેબ્રી ૧૧ ૧૦, ૧૩, ૧૬, ૧૨:૨૨).

પવિત્રોનું આકાશગમન.

મંડળી માટે, પ્રભુનું વર રાજા તરિકે આકાશમાં આ-વવું (૪) "કેમકે સાદથી (૫) પ્રમુખ્ય દૂતની વાણીથી, તથા દેવનાં રણશિંગડાંથી (૬) પ્રભુ પોતે (૭) આકાશથી ઉતરશે." (૧. થેસ્સા. ૪ ૧૬)."છેલ્લા રણશિંગડાના વાગતામા, કેમકે રણશિંગડું વાગશે." (૧. કરીંથી ૧૫:૫૨) "તેમજ ઇસુમા જે ઉંઘી ગયા તેઓને પણ દેવ તેની

---

(૪) "તેટલા માટે જાગૃત રહી સાવધાન રહો, કેમકે કઇ વખતે તમારો યહોવાહ આવશે તે તમે જાણતા નથી. (માર્ક - ૧૩.૩૨, ૩૭; ૧. થેસ્સા ૫.૬).

(૫) જેમને તે કહેવામાં આવ્યું તેમનાજ ફક્ત સમજવામાં આવ્યું. (જુઓ યોહાન ૧૨:૨૮, ૨૯; પ્રેરિતોના કૃત્ય ૯ ૪–૭).

(૬) યહોવાહ સિનાઇ પર્વતપર જ્યારે ઉતર્યા ત્યારે એ વખત રણશિંગડું વાગ્યુ હતું. (જુઓ નિર્ગમન ૧૯:૧૧–૧૭). અને તેથી કરીને જ્યારે તે ખ્રીસ્તીમંડળીને પોતાની સાથે લેવા સારૂ ઉતર્યો, ત્યારે રણશિંગડાના પહેલી વારના વાગવાના સમયે ખ્રીસ્તમાં જે મુએલા તે ઉઠાડવામા આવશે, અને રણશિંગડાના છેલ્લી વારના વાગવાના સમયે જીવતા પવિત્રો બદલાઇ જશે.

(૭) એટલે "જાતેજ" એટલે વિશ્વાસુઓ શિવાય બીજા કોઇએ જોયુ નહીં. (જુઓ યોહાન ૧૪·૧૯, પ્રેરિતોના કૃત્ય ૧·૩, ૪, ૯; ૯ ૭; ૧૦:૪૦; ૧ કરીંથી ૧૫:૫–૮).

સાથે (૮) લાવશે" (૧. થેસ્સા ૪:૧૪).

ખ્રીસ્તમાં જેઓ મુએલાં તે ઉઠશે. "ખ્રીસ્તમાં જેઓ મુએલા તેઓ પહેલા ઉઠશે". (૧. થેસ્સા ૪ ૧૬). "ત્યારે ખ્રીસ્તના આવવા વખતે જેઓ ખ્રીસ્તના છે, તે સર્વ ખ્રીસ્તમા સજીવ કરાશે." (૧. કરીથી ૧૫:૨૨,૨૩). "મુએલા અવિનાશી ઉઠશે" (૧. કરીંથી ૧૫ ૫૨). "અવિનાશમાં તે ઉઠડાય છે ... ... મહિમામા ઉઠડાય છે. ... આત્મિક શરીર ઉઠડાય છે" (૧. કરીંથી ૧૫:૪૨-૪૪).

જીવતા વિશ્વાસુઓ બદલાઇ જશે.—"કેમકે પ્રભુની આવવાની વેળાએ, આપણે જે જીવતા રહેનારા, તે ઉઘેલાઓની આગળ જનારા નથી (૯)." (૧. થેસ્સા ૪:૧૫). "આપણે સઉ ઉઘીશું નહિં. પણ એક ક્ષણમા, એક પલકભરમા .... આપણે બધા બદલાઇ જઇશુ...... ને આપણે બદલાઇશુ" (૧૦). (૧. કરીંથી ૧૫:૫૧,૫૨). "પ્રભુ ઇસુખ્રીસ્ત...... આપણા દીનાવસ્થામાના શરીરને (૧૧) બદલશે, કે તે પોતાના મહિમાના શરીર

(૮) જુના કરારના પવિત્રોને પણ બેશક એ સમયે પોતાના મહિમાવાળાં શરીર મળશે (જુઓ હેબ્રી ૧૧'૩૫, ૪૦).

(૯) એટલે "આગળ જવું" "પહેલા લેવું."

૧૦) "ત્યારે મરણ જયમા ગળાઇ જશે." (૧ કરીંથી ૧૫ ૫૪); "અને મરણ જીવનથી ગળાઇ જાય" (૨. કરીથી ૫'૪).

(૧૧) "આપણી દીનાવસ્થા અથવા હલકી સ્થીતીનાં શરીર." (લુક ૧'૪૮, પ્રેરિતોના કૃત્ય ૮ ૩૩; ફિલિપી ૨:૮).

સરખું થાય." (ફિલિપી ૩ ૨૦,૨૧). " અને જેમ આપણે ધૂળનાની પ્રતિમા ધરી છે, તેમ આકાશીની પ્રતિમા પણ ધરીશુ." (૧. કરીથી ૧૫:૪૯) " કેમકે આ વિનાશીને અવિનાશીપણું પહેરવું તથા આ મરનારને અમરપણુ પહેરવુ પડે છે." (૧. કરીંથી ૧૫:૫૩).

બન્નેનુ વાદળમાં તણાઇ જવું. (૧૨). "પછી આપણુ જીવતા રહેનારા ગગનમા પ્રભુને મળવા સારૂ તેઓની સાથે વાદળોમા તણાઇ જઇશું, ને તેમજ સદા પ્રભુની સાથે થઇશુ." (૧. થેસ્સા ૪ ૧૭). ...... "આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના આવવા તથા . તેની પાસે આપણે એકઠા થવા વિષે." (૨. થેસ્સા ૨:૧)

સદા પ્રભુની સાથે થઇશું.—"તેમજ સદા પ્રભુની સાથે આપણે હોઇશુ" (૧. થેસ્સા ૪ ૧૭). "જ્યા હું રહું છુ ત્યા તમે પણ રહો"(યોહાન ૧૪ ૩). "જ્યા હુ છુ ત્યા મારો સેવક પણ હોશે.' (યોહાન ૧૨ ૨૬). "જ્યાં હુ છુ ત્યા તેઓ પણ મારી પાસે હોય; કે મારો મહિમા તેઓ જુએ." (યોહાન ૧૭ ૨૪). "તેઓ કદિ નાશ નહિં પામશે." (યોહાન ૧૦'૨૮). "હુ જીવું છું માટે તમે પણ જીવશો" (યોહાન ૧૪:૧૯). "એ સારૂ કે આપણે તેની સઘાતે જીવીએ." (૧. થેસ્સા ૫ ૧૦). "સદાકાળીક ભારે મહિમા". (૨. કરીથી ૪:૧૭). " અનંત વતન" (હેબ્રી ૯.૧૫, ૧. પીતર ૧:૪). "ને તે ફરી ત્યાંથી (૧૩) બહાર જશે નહિ." (પ્રકટીકરણ ૩:૧૨).

---

(૧૨) "ખરીદાયલા વારસાનો ઉદ્ધાર." (રૂમી ૮ ૨૩, એફેસીઓ ૧:૧૪).
(૧૩) "ને જીતનાર". (પ્રકટીકરણ ૩ ૧૨; ૧. યોહાન ૫:૪, ૫.).

ખ્રીસ્તનું ન્યાયાસન (૧૪). "આપણુ સર્વેને (૧૫) ખ્રીસ્તના ન્યાયાસન આગળ પ્રગટ થવું પડશે, કે પ્રત્યેકે શરીરથી જે કીધું છે, સારૂં હોય કે ભુંડુ હોય, તે પ્રમાણે તે ફળ આપે." (૨. કરીંથી ૫: ૧૦). "આપણુ સર્વને દેવના ન્યાયાસન આગળ ઉભા રહેવું પડશે, ...એ માટે કે આપણુ પ્રત્યેકને પોત પોતાનો હિસાબ દેવ આગળ આપવો પડશે." (રૂમી ૧૪: ૧૦–૧૨). "જુઓ હું વહેલો આવુંછું, ને જેમ હરેકનું કામ છે તેમ તેને ભરી આપવાનો મારી પાસે બદલો છે." (પ્રકટીકરણ ૨૨: ૧૨).

કામો પ્રગટ કરાશે. "પ્રત્યેકનું કામ પ્રગટ કરાશે . ..કેમકે પ્રત્યેકનું કામ કેવુ છે તે અગ્નિ પારખશે" (૧ કરીંથી ૩: ૧૩) "માટે તમે સમયની અગાઉ, એટલે પ્રભુ આવે ત્યાં સુધી, કંઇ ન્યાય ન ઠરાવો; તે અંધકારની ગુપ્ત વસ્તુઓને દર્શાવશે, ને હૃદયોની ધારણા પ્રગટ કરશે." (૧. કરીથી ૪: ૫).

કાંતો સારૂં, "જે કામ કોઇએ તે પર બાંધ્યુ હોય (૧૬), તે જો ટકે તો તે વેતન પામશે" (૧. કરીંથી ૩. ૧૪). "જે કંઇ સારૂ કામ કોઇ કરે (૧૭), તે પ્રભુથી તેજ પાછુ પામશે" (એફેસીઓ ૬. ૮).

---

(૧૪) ફક્ત ભક્તના સંબંધમા ખ્રીસ્તીઓ માટેજ. (રૂમી ૧૪: ૪, ૧૦, ૧૨). (૧૫) "મંડળી, પવિત્રો" (૨, કરીથી ૧: ૧).

(૧૬) પાપો. "જે ઇસુ ખ્રીસ્ત છે" (યશાયાહ ૨૮ ૧૬, ૧ કરીથી ૩: ૧૧) (૧૭) "પ્રભુની ચાકરી." (એફેસીઓ ૬: ૭).

કે નઠારૂં. "પણ જે ભુંડું કરે છે, તેણે જે ભુંડું કર્યું તેનું ફળ તે પામશે." (કલોસીઓ ૩: ૨૫). "જો કોઇનુ કામ બાળી નંખાશે તો તેને નુકશાન થશે, પણ જાણે કે અગ્નિમા થઇને તે જાતે બચશે; (૧૮)... ..કેમકે દેવનું મંદિર જે તમે છો તે પવિત્ર છે" (૧, કરીંથી ૩ ૧૫–૧૭).

વેતન. "ને પ્રત્યેક પોતાની મહેનત પ્રમાણે પોતાનું વેતન પામશે." (૧. કરીંથી ૩ ૮). "ઉપરના તેડાનાં ઇનામ" (ફિલીપી ૩ ૧૪). "વારસાનો બદલો" (કલોસીઓ ૩ ૨૪) "રાજ્ય," (યાકુબ ૨–૫). "જીવનનો જે મુગટ." (યાકુબ ૧. ૧૨; પ્રકટીકરણ ૨: ૧૦). "ન્યાયી પણાનો મુગટ." (૨. તીમોથી ૪:૮) "મહિમાનો મુગટ" (૧. પીતર·૫ ૪). "અવિનાશી મુગટ" (૧. કરીંથી ૯:૨૫). "પ્રભુએ જે ચાંજો સિદ્ધ કરી છે." (૧. કરીંથી ૨ ૯) "અને તે વખતે હરેકનું વખાણ દેવથી થશે." (૧. કરીંથી ૪ ૫).

હલવાનનું લગ્ન અને મંડળી—"હલવાનના લગ્નનો દિવસ આવ્યો છે, અને તેની કન્યાએ (૧૯) પોતાને તૈયાર કીધીછે. અને તે તેજસ્વી તથા શુદ્ધ કુમાસી વસ્ત્ર પહેરે એમ તેણીને અપાયું; કેમકે તે કુમાસી વસ્ત્ર પવિત્રોનુ ન્યાયીપણું છે" (પ્રકટી

(૧૮) "અપરાધી નહીં ઠરશે." (યોહાન ૫: ૨૪; રૂમી ૮, ૧).

(૧૯) "ખ્રીસ્ત અને ખ્રીસ્તી મંડળી". (એફેસીઓં ૫:૩૨.).

-કરણ ૧૯:૭-૮). " ખ્રીસ્તેપણુ મંડળીપર પ્રીતી કીધી, ને તેને વાસ્તે પોતાને સોંપ્યો તેમ, ...એ સારૂ કે તે પોતાની પાસે મહિમાવતી રાખે, એટલે એની મંડળી કે જેને ડાઘ, કે કરચલી કે એવું કંઇ નહોય; પણ તે પવિત્ર તથા નિર્દોષ હોય. "(એફેસીઓ ૫:૨૫-૨૭).

[સંકટ સમય, એટલે પવિત્રોનાં આકાશગમનનો સમય તથા પ્રકટીકરણુ એ બેની વચ્ચેનો સમય છે, અને તેની મુદત સાત વરસની થશે. (૨૦) તેની શરૂઆતમા જે યહુદીઓ પોતાના દેશમા નાસ્તિકમત સહિત પાછા આવ્યા છે (૨૧), અને પોતાનું મંદીર ફરીથી બાંધ્યું છે અથવા બાંધે છે (૨૨), તે ખ્રીસ્તવિરોધી સાથે સાત વરસનો કરાર કરે છે. (૨૩) સાડાત્રણ વર્ષ પુરા થતાંજ તે પાપના માણસ તરીકે પોતાના ખરા રૂપમા પ્રગટ થશે. (૨૪). જે બે સાક્ષીઓ તે અરસામા ભવિષ્યવાણીઓ સંભળાવતા હતા તેને મારી નાખે છે (૨૫), રોજનો હવન જે પાછો શરૂ કરવામાં આવ્યો હતો તે બંધ કરે છે (૨૬); અને પવિત્ર સ્થાનમાં

(૨૦) દાનીએલ ૯, ૨૭, પ્રકટીકરણુ ૧૧:૩, ૭ તથા ૧૩ ૫ સાથે વાંચો (૨૧) યશાયાહ ૬ ૧૩;૧૭:૧૦,૧૧,૧૮.૪,૫,૬૬ ૩,૪.

(૨૨) યશાયાહ ૬૬ ૧,૨;પ્રકટીકરણુ ૧૧ ૧,૨.

(૨૩) દાનીએલ ૯·૨૭, યોહાન ૫ ૪૩.

(૨૪) દાનીએલ ૯:૨૭·૨ થેસ્સા, ૨.૩; પ્રકટીકરણુ ૧૧,૭;૧૩:૧.

(૨૫) પ્રકટીકરણુ. ૧૧:૩-૭.

(૨૬) દાનીએલ ૯ ૨૭, ૧૧: ૩૧; ૧૨: ૧૧.

પોતાની મૂર્તિ ગોઠવાવે છે. (૨૭). શેતાન અને તેના દૂતોને પૃથ્વી માથી, ઘણાજ ગુસ્સા સાથે બહાર કાઢવામા આવ્યા છે, કેમકે તેમનો વખત ટુંકો છે. (૨૮). ત્યાર પછીના સાડાત્રણ વર્ષમાં નીચે પ્રમાણે બને છે. (૨૯) પવિત્ર નગરને પગ તળે કચરી નાખી વેરણખેરણ કરશે. (૩૦). અને "જગતના મંડાણથી આજ સુધી કદી નથયો હોય, તેમ કદી થશે પણ નહીં, એવો તે મહાન સંકટનો સમય થશે" (૩૧), જે ખ્રીસ્ત-વિરોધીની હકુમત તળે (૩૨), અને તેના ભવિષ્ય વાદીની હકુમત તળે (૩૩), આખી દુનિયાપર આવશે, (૩૪). શ્વાપદની મૂર્તિને ભજવાને જેટલા ના પાડશે, તેમને મોતની શિક્ષા ભોગવવી પડશે

---

(૨૭) માત્થી ૨૪: ૧૫, ૨ થેસ્સા ૨. ૪, પ્રકટીકરણ ૧૩: ૧૪, ૧૫.

(૨૮) પ્રકટીકરણ ૧૨ ૭-૧૨. (૨૯) દાનીએલ ૭: ૨૫; ૯. ૨૭, પ્રકટીકરણ ૧૩: ૫

(૩૦) દાનીએલ ૯: ૨૬; લુક ૨૧: ૨૪, પ્રકટીકરણ ૧૧: ૨.

(૩૧) યિર્મેયાહ ૩૦: ૭, દાનીએલ ૧૨: ૧. માત્થી ૨૪:૨૧; પ્રકટીકરણ ૧૩: ૧૪, ૧૭.

(૩૨) દાનીએલ ૭ ૨૧, ૨૫, ૨. થેસ્સા ૨: ૨; પ્રકટીકરણ ૧૩: ૧, ૮.

(૩૩) પ્રકટીકરણ ૧૩: ૧૧, ૧૭; ૧૯: ૨૦. (૩૪). પ્રકટીકરણ ૩: ૧૦.

(૩૫), અને જેણે તેનું ચીન્હ કીધું નથી તેમના ઉપર અસહ્ય સતાવણી થશે (૩૬) તે દેશના યહુદીઓના ત્રીજા ભાગને તે સંકટ માંથી આરપાર કાઢવામા આવશે (૩૭), અને યરૂશાલેમમાં પ્રભુ તેમને એકઠા કરશે. (૩૮) તેમની મલીનતા કાઢી નાખવા માટે (૩૯), તમામ દેશજાતિઓને ; યરૂશાલેમ વિરૂદ્ધ યુદ્ધ કરવાને એકઠી કરાય છે, ને તે નગર સર કરાય છે. અને નગરની રૈયત ઉપર ઘણુંજ દુઃખ પાડવામા આવશે, અને તેમાનાં અડધાને ગુલામગીરીમા પકડી લઇ જવામા આવશે. (૪૦). બાકી રહેલો શેષ, મારનારાઓ પર કદી ભરોસો નહિ રાખશે, પણ યહોવાહ જે ઇસ્રાયલનો પવિત્ર તેના પર તેઓ સત્યતાથી ભરોસો રાખશે (૪૧). પૃથ્વીના રાજાઓ યહોવાહ અને તેના અભિષિક્તની વિરૂદ્ધ લડાઇ કરવાને સજ્જ થાય છે (૪૨). ત્યારે યહોવાહ પોતાની

(૩૫) પ્રકટીકરણ ૧૩: ૧૫, ૨૦ ૪. (૩૬) પ્રકટીકરણ ૧૩: ૧૬, ૧૭.

(૩૭) ઝખાર્યાહ ૧૩ ૮, ૯. (૩૮) હઝકીએલ ૨૨. ૧૯.

(૩૯) યશાયાહ ૧: ૨૧ – ૨૫; ૪ ૪. હઝકીએલ ૨૨ ૧૭ – ૨૨, સફાન્યાહ ૧ ૧૨, ૧૩, ઝખાર્યાહ ૧૩, ૯.

(૪૦) ઝખાર્યાહ ૧૪:૨.

(૪૧ યશાયાહ ૪ ૩; ૧૦ ૨૦, ૨૧, ૧૭:૬–૮, યિર્મેયાહ ૨·૨૭, હોશીઆ ૫ ૧૫, ઝખાર્યાહ ૧૩ ૯.

(૪૨) ગીતશાસ્ત્ર ૨ ૧–૩; પ્રકટીકરણ ૧૬: ૧૪, ૧૬, ૧૭ ૧૪; ૧૯ ૧૯.

જગ્યામાંથી નીકળી આવશે (૪૩), દુશ્મનોનો સહાર કરવા માટે તથા પોતાના લોકના છુટકારા માટે પોતાના પવિત્રો (૪૪) સહિત].

પ્રકટીકરણ.

પૃથ્વી ઉપર રાજા તરિકે પ્રભુનુ આવવું. "એજ ઇસુ જે તમારી પાસેથી આકાશમાં લઇ લેવામા આવ્યો છે તે, જેમ તમે તેને આકાશમા જતા જોયો તેમજ પછો આવશે". (પ્રેરિતોનાં કૃત્ય ૧:૧૧). "અને તે દિવસે તેના પગ જેતુન પર્વત પર ઉભા રહેશે" (ઝખાર્યાહ ૧૪ ૪). "અને તે દહાડાઓની વિપત્તિ પછી ..માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમામા આકાશના મેઘપર આવતો તેઓ દેખશે." (માત્થી ૨૪.૨૯, ૩૦, માર્ક ૧૩ ૨૬, લુક ૨૧-૨૭). "માણુસના દીકરાને પરાક્રમની જમણી તરફ બેઠેલો તથા આકાશનાં વાદળા સહિત આવતો તમે દેખશો." (માર્ક ૧૪· ૬૨. માત્થી ૨૬ ૬૪). "જુઓ, તે વાદળાં સુદ્ધાં આવ છે, અને દરેક આખ તેને જોશે" (પ્રકટીકરણ ૧ ૭). "અને જેને તેઓએ વિંધ્યો છે એવો હું, તેની તરફ તેઓ જોશે" (ઝખાર્યાહ ૧૨ ૧૦). "પ્રભુ ઇસુ આકાશથી તેના પરાક્રમના દૂતો સાથે પ્રગટ થશે" (૨. થેસ્સા ૧ ૭; માત્થી ૨૫.૩૧). "અને આકાશ ઉઘડેલું મેં દીઠુ, ને જુઓ,

(૪૩) યશાયાહ ૧૩ ૩ ૬, ૨૬.૨૧, ઝખાર્યાહ ૧૪:૩.

(૪૪) યશાયાહ ૫૦ ૨, ૬૬·૫, ૬, હોશીઆ ૫.૧૫, ઝખાર્યાહ ૧૨:૮, ૧૦, માલાખી ૪.૧-૩; લુક ૨૧:૨૮.

શ્વેત ઘોડો ને તેપર જે બેઠો તે, વિશ્વાસુ તથા ખરો કહેવાયલો છે" (પ્રકટીકરણ ૧૯.૧૧). "કેમકે જુઓ, પૃથ્વીના રહેવાશીઓના અપરાધ વિષે તેમને જોઈ લેવા સારૂ, યહોવાહ પોતાની જગ્યામાથી નિકળી આવે છે." (યશાયાહ ૨૬:૨૧; મીખાહ ૧ ૩). "સિયોનને સારૂ, તથા યાકુબ મધ્યે ફિતુરમાથી પાછા ફરેલાને સારૂ ઉદ્ધારનાર આવશે." (યશાયાહ ૫૯ ૨૦). "હે સિયોન પુત્રી, ગાન તથા આનદ કર, કેમકે યહોવાહ કહે છે, જો હું આવુ છુ, ને તારી મધ્યે વસીશ" (ઝખાર્યાહ ૨ ૧૦).

મંડળીની સાથે — "અને આકાશમાં જે સૈન્ય, તેઓ શ્વેત ઘોડા પર (૪૫) ઉજળા તથા શુદ્ધ કુમાસી વસ્ત્રો પહેરીને તેની પાછળ ગયા." (પ્રકટીકરણ ૧૯ ૧૪). "અને તેની સાથે જેઓ છે, તેઓ (૪૬), તેડેલા તથા પસંદ કરેલા તથા વિશ્વાસુ છે." (પ્રકટીકરણ. ૧૭: ૧૪) "ને મારો દેવ યહોવાહ પોતાની સાથે સર્વ પવિત્રોને લઇને આવશે." (ઝખાર્યાહ ૧૪.૫) "જુઓ, યહોવાહ પોતાના દશ હજાર પવિત્રો સહિત આવેછે." (યહુદા ૧૪). "આપણા પ્રભુ ઇસુખ્રીસ્તનુ તેના તમામ પવિત્રો સહિત આવવુ." (૧. થેસ્સા ૩. ૧૩) "જ્યારે ખ્રીસ્ત, આપણું જીવનપ્રગટ થશે, ત્યારે

(૪૫) "તે કુમાસી વસ્ત્ર પવિત્રોનુ ન્યાયી પણુ છે" (પ્રકટીકરણ ૧૯ ૮). (૪૬) "જેઓને તે અગાઉથી જાણતો હતો, તેઓને તેણે તેડાવ્યા." (રૂમી ૮: ૨૯ – ૩૦; માત્થી ૭: ૨૩, પ્રકટીકરણ ૧: ૬, "પસંદ કરેલા." એફેસીઓ ૧ ૪; "વિશ્વાસુ." એફેસીઓ ૧ ૧.).

તમે પણ તેની (૪૭) સાથે મહિમામાં પ્રગટ થશો" (કલોસીઓ ૩ ૪). "જ્યારે તે પ્રગટ થશે, ત્યારે તેના જેવા આપણે થઇશું." (૧ યોહાન ૩: ૨). "દેવનાં છોકરાના પ્રગટ થવાની." (રૂમી ૮: ૧૯).

[ખ્રીસ્ત - વિરોધીના પરાક્રમનો પ્રભુની વાણીથી નાશ અને સંહાર થશે (૪૮); તેને તથા પેલા જુઠા ભવિષ્યવાદીને પકડીને ગંધકથી બળતી આગમા જીવતા ફેંકી દેવામા આવેછે (૪૯). અને જે દશ રાજાઓ તથા તેના સૈન્યો તેની મદદે આવ્યાં હતાં, તે, રાજાઓના રાજાના મુખમાથી નીકળતી તરવાર વડે કપાઇ જશે (૫૦). અને શેતાનને બાંધીને એક હજાર વર્ષ સુધી ઉંડાણમા ફેંકી દીધો. (૫૧). અને તે અરસામા જેઓ ઇસુની શાહેદીને લીધે તથા દેવની વાતને લીધે ખ્રીસ્ત - વિરોધીથી મારી નખાયલા હતા, અને જેઓ પ્રથમ પુનરૂત્થાનના પુરા થવાની નિશાણી તરિકે ઉઠાડાશે, તેઓ પ્રભુ ઇસુ અને પોતાના સાથી - પવિત્રો સાથે પૃથ્વી ઉપર રાજ્ય કરશે (૫૨).]

(૪૭) "પવિત્રો." (કલોસીઓ ૧: ૨).

(૪૮) યશાયાહ ૧૧: ૪, દાનીએલ ૭ ૧૧, ૨. થેસ્સા ૨.૮.

(૪૯) યશાયાહ ૩૦. ૩૧, ૩૩, પ્રકટીકરણ ૧૭: ૨, ૧૯:૨૦.

(૫૦) ગીતશાસ્ત્ર ૨: ૪, ૫, ૧૧૦ : ૫; ઝખાર્યાહ ૧૨: ૯; પ્રકટીકરણ ૧૭: ૧૪, ૧૯: ૨૧. (૫૧) પ્રકટીકરણ ૨૦: ૨ - ૩.

(૫૨) પ્રકટીકરણ ૨૦. ૪ - ૬.

જીવનનું પુનરૂત્થાન (૫૩)—"અને જેઓ યસુની શાહેદીને લીધે તથા દેવની વાતને લીધે મારી નખાયલા હતા (૫૪), તથા જેઓએ શ્વાપદનુ તથા તેની મૂર્તિનું ભજન નથી કીધુ, ને પોતાના કપાળપર અથવા પોતાના હાથ ઉપર તેની નિશાણી નથી લીધી તેઓના આત્માઓને મે દીઠા; ને તેઓ જીવતા થયા અને ખ્રીસ્તની સથે હજાર વર્ષ રાજ્ય કીધુ." (પ્રકટીકરણ ૨૦: ૪). "ને જેઓએ સારાં કામ કીધા છે તેઓ જીવનનુ ઉત્થાન પામવા સારૂ નીકળી આવશે." (યોહાન ૫: ૨૯). "અનંત જીવનમાં......જાગી ઉઠશે." (દાનીયેલ ૧૨: ૨). "એજ પહેલુ પુનરૂત્થાન છે." (૫૫) (પ્રકટીકરણ ૨૦ ૫).

પ્રભુ પૃથ્વી ઉપર રાજ્ય કરેછે--"અને આ રાજાઓના દિવસોમાં (૫૬), આકાશનો દેવ એક રાજ્ય સ્થાપિત કરશે, કે જેનો વિનાશ કદી નહિજ થશે," (દાનીયેલ ૨:૪૪). "હુ દાઉદના

(૫૩) 'મુએલાઓમાના બાકી રહેલાઓને માટે" (પ્રકટીકરણ ૨૦: ૫). (૫૪) 'ખ્રીસ્ત-વિરોધીથી." (પ્રકટીકરણ ૬ ૯, ૧૩' ૧૫) (૫૫) "ખ્રીસ્ત પ્રથમ ફળ તે સહિત, ત્યાર પછી જેઓ ખ્રીસ્તના આવવાના વખતે ખ્રીસ્તના છે તે" કાપણીની મોસમ. (૧. કરીંથી ૧૫ ૨૩), અને આ જગ્યાએ ખ્રીસ્ત-વિરોધીથી મારી નંખાયલાઓ (વીણી વીણીને જે એકઠા કરવામા આવેછે તે). (પ્રકટીકરણ ૨૦.૪) (૫૬) ખ્રીસ્ત - વિરોધી અને તેના સહાયક રાજાઓ (દાનીએલ ૭:૨૪; પ્રકટીકરણ ૧૭:૧૨ - ૧૩).

વંશમાં ન્યાયી અંકુર ઉગાવીશ, અને તે રાજા થઇને રાજ્ય કરશે, ને બુદ્ધિથી વર્તશે, અને પૃથ્વીમા ન્યાય તથા નીતિ ચલાવશે.' (યિર્મેયાહ ૨૩ ૫) "અને દેવ પ્રભુ તેને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે". (લુક. ૧ ૩૨; યશાયાહ ૯: ૭). "મારા પવિત્ર પર્વત સિયોન પર મારા રાજાને મે પ્રતિષ્ઠિત કીધો છે" (ગીતશાસ્ત્ર ૨ ૬) "સૈન્યોનો યહોવાહ સિયોન પર્વત પર તથા યરૂશાલેમમાં રાજ્ય કરશે, ને તેના વડીલોની સન્મુખ ગૌરવ દેખાડશે." (યશાયાહ ૨૪:૨૩, મીખાહ ૪ ૭). "ઇસ્રાયલનો રાજા, એટલે યહોવાહ, તારી મધ્યે છે." (સફાન્યાહ ૩.૧૫). "કેમકે તે પોતાના પગ તળે સર્વ શત્રુઓને પાડી નાખે (૫૭), ત્યાસુધી તેણે રાજ્ય કરવું જોઇએ" (૧ કરીથી ૧૫.૨૫). "હા, સર્વ રાજાઓ તેની આગળ પ્રણામ કરશે, સર્વ વિદેશીઓ તેની સેવા કરશે." (ગીતશાસ્ત્ર ૭૨: ૧૧). "આ જગતનુ રાજ્ય આપણા પ્રભુનું તથા તેના ખ્રીસ્તનુ થયુ છે." (પ્રકટીકરણ ૧૧:૧૫) 'વળી તે સમુદ્રથી સમુદ્ર સુધી, ને નદીથી તે પૃથ્વીની સીમા સુધી રાજ્ય કરશે" (ગીતશાસ્ત્ર ૭૨.૮, ઝખાર્યાહ ૯.૧૦) "અને યહોવાહ આખી પૃથ્વી ઉપર રાજા થશે, ને તે દિવસે યહોવાહ એકજ મનાશે, ને તેનુ નામ એકજ હશે." (ઝખાર્યાહ ૧૪.૯).

તેની વહુ એટલે મંડળીની સાથે. "રાજાઓનો રાજા,

(૫૭) "દરેક ઘુંટણ મને નમશે." (યશાયાહ ૪૫:૨૩; ફિલિપી ૨:૯, ૧૧).

તથા પ્રભુઓનો પ્રભુ " (પ્રકટીકરણ ૧૯ ૧૬). "હમે પણ તેની સાથે રાજ્ય કરીશું." (૨. તીમોથી ૨: ૧૨). "દેવના વારસ, ને ખ્રીસ્તની સંઘાતે સાથી-વારસ ......તેની સાથે મહિમા પણ પામીએ." (રૂમી ૮ ૧૭). "જે જીતે છે, તેને મારા રાજ્યાસનપર મારી પાસે બેસવા દઇશ". (પ્રકટીકરણ ૩ ૨૧). "તેં હમારા દેવને સારૂ હમને રાજા તથા યાજકો બનાવ્યા છે; અને હમે પૃથ્વીપર (૫૮) રાજ્ય કરીશું." (પ્રકટીકરણ ૫:૯,૧૦) "અને દેવ એટલે પોતાના બાપને સારૂ આપણને રાજા તથા યાજકો કીધા" (પ્રકટીકરણ ૧:૬) "અને બાપ ...... જેણે પોતાના પ્રિય પુત્રના રાજ્યમા આપણને પાર પાડયા છે." (કલોસીઓ ૧:૧૨-૧૩). "અને મેં રાજ્યાસનો દીઠાં, અને તેઓ (૫૯) તેના પર બેઠેલા હતા, અને તેઓને ન્યાય કરવાનુ અપાયુ" (પ્રકટીકરણ ૨૦·૪). "પવિત્રો જગતનો ન્યાય કરશે" (૧. કરીંથી ૬:૨.)

[રાજ્ય સ્થપાઇ રહ્યું એટલે સઘળા ગુન્હા કરનારાઓને દેશમાથી એકડા કગશે (૬૦). પ્રભુ ઇસુ પ્રથમ પોતાના લોકનો

(૫૮) અથવા "ઉપર." (૫૯) પવિત્રો, "જે સૈન્યો આકાશમા હતા તે.' (પ્રકટીકરણ ૧૯.૮,૧૪).

(૬૦) યશાયાહ ૧૩ ૯, ૩૩ ૧૪, માલ્થી ૧૩ ૩૦,૪૧.

એટલે યહુદીઓનો, તેમનો પ્રભુપર વિશ્વાસ માટે ન્યાય કરેછે (૬૧); અને ત્યાર પછી પોતાના લોકો સાથે તેમનાં સંકટમા, બીજી દેશ જાતિઓ કેમ વર્તીહતી તે બાબત તે દેશજાતિઓનો ન્યાય કરે છે. (૬૨). શુદ્ધ થયા પછી ઇસ્રાયલની દેશજાતો (૬૩) ને તેમના દેશમાં લાવવામાં આવશે (૬૪); અને તેઓ યહુદાહની એ જાતો સાથે એક દેશજાતિ થશે. (૬૫). પ્રભુ, પોતાના લોકો, ઇસ્રાયલ અને યહુદાહોની સાથે નવો કરાર કરે છે. (૬૬). તેમના અન્યાયો માફ કરીને, તથા તેમનાં પાપો ફરીથી કદી યાદ ન કરીને (૬૭), અને ત્યારે તેના દુશ્મનોને તે શીક્ષા કરે છે. (૬૮). એટલે ગોગ અને તેના સૈન્ય સહિત (૬૯), જેઓને પરાજય કરી નાશ કરવા-

(૬૧) માત્થી ૨૫ ૧૪-૩૦; લુક ૧૯:૧૨-૨૭. (૬૨) યોએલ ૩:૨,૧૨; માત્થી ૨૫:૩૧-૪૬; પ્રેરિતોના કૃત્ય ૧૭ ૩૧. (૬૩) હઝકીએલ ૨૦ ૩૩-૩૮, આમોસ ૯ ૯,૧૦. (૬૪) યશાયાહ ૪૯:૧૨-૨૩; હઝકીએલ ૨૦ ૪૦-૪૨; ૩૬ ૨૪; આમોસ ૯:૧૪,૧૫. (૬૫) યશાયાહ ૧૧:૧૩; હઝકીએલ ૩૭:૧૬-૨૪; હોશીઆ ૧:૧૧. (૬૬) યિર્મેયાહ ૨૧:૩૧, ૩૩; ૩૨:૪૦; ૫૦.૪,૫. હઝકીએલ ૩૭:૨૬; રૂમી ૧૧ ૨૬,૨૭; હેબ્રી ૮:૮-૧૧. (૬૭) યશાયાહ ૬૦:૨૧; યિર્મેયાહ ૩૧:૩૪; ૩૩ ૮; ૫૦:૨૦; હઝકીએલ ૩૬:૨૫-૩૩; મીખાહ ૭:૧૮ ૧૯; હેબ્રી ૮ ૧૨. (૬૮) યશાયાહ ૨ ૧૭-૨૧, ૨૬:૯; ૩૪:૨, હઝકીએલ૨૮:૨૬; મીખાહ ૫:૧૫; નહે. ૧:૮

(૬૯) હઝકીએલ ૩૮:૧-૧૭.

મા આવ્યા છે. (૭૦) યહુદીલોકોના પુરા કબજામાં તેમનો દેશ આવે છે (૭૧), વચન પ્રમાણે (૭૨) મોટું અરણ્ય, જે " ગુલાબની પેઠે ખીલશે " તે સુદ્ધા (૭૩), દેવળ (૭૪) અને નગર (૭૫) ઇશ્વરી નકશા પ્રમાણે ફરી બંધાયા છે; અને લેવીના બળીદાન અને પુજાની વિધિમા સહેજ સાજ ફેરફાર અને સુધારો કરીને ફરિથી સ્થાપિત કરવામા આવ્યા છે (૭૬). આખા પવિત્ર પર્વતમા કોઇ કાઇ ઉપદ્રવકે ઇજા કરશે નહિ (૭૭) પૃથ્વીના ચારે ખુણામાથી, તેના લોકો એટલે ઇસ્રાયલ અને યહુદાહ બન્નેના બાકી રહેલા લોકોને દુઃખમાથી મુક્ત કરવા માટે પ્રભુ બીજી વખત પોતાનો હાથ લાંબો કરશે (૭૮). યરૂશાલેમને આખી પૃથ્વીનો આનદ અને ખુબસુરત બનાવવામા આવે છે. (૭૯).

(૭૦) હઝકીએલ ૩૮:૧૮ થી ૩૯ ૨૧. (૭૧) હઝકીએલ ૪૭:૧૩, થી ૪૮;૨૯. (૭૨) ઉત્પત્તિ ૧૫:૧૮, પુનર્નિયમ ૧૧:૨૪, યહોશુઆ ૧:૪ (૭૩) યશાયાહ ૩૨:૧૫,૩૫:૧,'૨, ૫૧:૩, હઝકીએલ ૩૬,૩૩-૩૬. (૭૪) હઝકીએલ ૪૦:૧થી ૪૩;૧૭. (૭૫) યશાયાહ ૬૦:૧૦, યિર્મેયાહ ૩૧ ૩૮,૪૦; હઝકીએલ૪૮; ૧૫-૧૭, ૩૦- ૩૫, ઝખાર્યાહ ૧૪:૧૦,૧૧. (૭૬) હઝકીએલ ૪૩:૧૮ થી ૪૬ ૨૪; માલાખી, ૩:૩,૪. (૭૭) યશાયાહ ૧૧ ૬-૯, ૩૩ ૨૪, ૩૫;૯, ૫૫·૧૩, ૬૫ ૨૫ હઝકીએલ ૩૪:૨૫; હોશીઆ. ૨-૧૮; પ્રકટીકરણ ૨૨ ૩. (૭૮) યશાયાહ ૧૧:૧૧,૧૨. યિર્મેયાહ ૫૦· ૪-૫, હઝકીએલ ૩૯: ૨૫, ૨૮. (૭૯) ગીતશાસ્ત્ર ૪૮ ૨; યશાયાહ ૧:૨૬, ૬૦:૧૪, ૬૨ ૭, ૬૫.૧૮, યિર્મેયાહ ૩૧.૨૩; ઝખાર્યાહ ૮:૩

પ્રભુ તે નગરની વચમા (૮૦), તે નગરનો મહિમા અને અનંત પ્રકાશ છે; ત્યા બીલકુલ રાત પડશે નહિ (૮૧). તમામ દેશ જાતિઓ રાજાનુ પુજન કરવા જાય છે, અને માડવાપર્વ પાળે છે (૮૨). પૃથ્વી પ્રભુના મહિમાથી ભરપુર છે. (૮૩)].

આકાશમાંનું નગર, કન્યાનું ઘર — "અને તે સાત દૂતોમાનો એક મારી પાસે આવ્યો .. અને મને કહ્યું કે, અહિ આવ. ને જે કન્યા, હલવાનની વહુ છે તે હુ તને દેખાડીશ અને તે મોટુ નગર, પવિત્ર યરૂશાલેમ દેવની પાસેથી આકાશમાથી ઉતરતું ... ..મને દેખાડયું." (પ્રકટીકરણ ૨૧:૯ – ૧૦). "નવુ યરૂશાલેમ, જે મારા પ્રભુનુ નગર છે, તે મારા પ્રભુ પાસેથી આકાશમાથી નીચે ઉતરેછે." (પ્રકટીકરણ ૩·૧૨)

તેની મહત્વતા અને સૌંદર્યતા — ' ને તેને મોટો તથા ઉચો કોટ હતો, ને બાર દરવાજા હતા, ને દરવાજા પાસે બાર દૂત, ને દરવાજા ઉપર નામો લખેલાં હતા, જે નામો ઇસ્રાયલ પુત્રના બાર કુળના છે " (પ્રકટીકરણ ૨૧.૧૨) " ને નગરના કોટને બાર પાયા હતા, ને તેના પર હલવાનના બાર પ્રેરિતોના બાર નામ

(૮૦) હઝકીએલ ૪૮:૩૫; યોએલ ૩:૧૭, ૨૧, સફાન્યાહ ૩:૧૫ – ૧૬, ઝખાર્યાહ ૨.૧૦. (૮૧) યશાયાહ ૬૦:૧૯, ૨૦, ઝખાર્યાહ ૨ ૫, પ્રકટીકરણ ૨૨ ૫. (૮૨) યશાયાહ ૨·૧ – ૩; યિર્મેયાહ ૩:૧૭, મીખાહ ૪:૨, ઝખાર્યાહ ૮:૨૦ – ૨૨, ૧૪ ૧૬ – ૧૯ (૮૩) ગણના ૧૪:૨૧, ગીતશાસ્ત્ર ૭૨:૧૯, યશાયાહ ૧૧:૯, હબાકુક ૨:૧૪.

હતાં." (પ્રકટીકરણ ૨૧:૧૪). "અને તેના કોટની બાંધણી યાસપીસની હતી, ને નગર નિર્મળ કાચના જેવું ચોખ્ખા સોનાનુ હતુ." (પ્રકટીકરણ ૨૧:૧૮). "નગરના કોટના પાયા હરેક પ્રકારના મુલ્યવાન પાષાણથી શોભિત હતા," (પ્રકટીકરણ ૨૧:૧૯) "અને તે બાર દરવાજા બાર મોતી હતા, તેઓમાનો હરેક દરવાજો એક એક મોતીનો, અને નગરનો રસ્તો ચોખ્ખા સોનાનો નિર્મળ કાચના જેવો હતો." (પ્રકટીકરણ ૨૧:૨૧).

તેનાં મહિમા અને પવિત્રાઈ—"અને મેં તેમાં મંદિર દીઠું નહિ, કેમકે સર્વ સમર્થ પ્રભુ દેવ તથા હલવાન તેનું મદિર છે. અને નગરમા સૂર્ય કે ચદ્ર પ્રકાશ કરે એવી જરૂર નથી. કેમકે દેવના મહિમાએ તેને પ્રકાશિત કીધું છે, ને હલવાન તેનો દીવો છે" (પ્રકટીકરણ ૨૧:૨૨, ૨૩). "તેમાં દેવનો મહિમા હતો, ને તેનું તેજ અતિ મૂલ્યવાન પાષાણ જેવું એટલે યાસપિસ પાષાણ જે સ્ફટિક પ્રમાણે નિર્મળ હોય છે, એના જેવુ હતું.". (પ્રકટીકરણ ૨૧ ૧૧) "અને કુળો તેના અજવાળામા ચાલશે, ને પૃથ્વીના રાજાઓ પોતાનો મહિમા તેમા લાવેછે અને દિવસે તેના દરવાજા કદી બધ નહિ થશે કેમકે ત્યા રાત પડશે નહિ. અને તેઓ કુળોનો મહિમા તથા કીર્તિ તેમાં લાવશે." (પ્રકટીકરણ ૨૧: ૨૪-૨૬). "ને જે કઇ અશુદ્ધ, ને જે અમગળપણુ તથા અસત્ય કરનાર છે, તે તેમાં પેસનારજ નથી, જેઓનાં નામ હલવાનના જીવનપુસ્તકમાં લખેલા છે તેઓજ પેસશે." (પ્રકટીકરણ ૨૧: ૭).

[સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પુરાં થયે, શેતાન થોડીવાર સુધી તેના બંદીખાનામાથી છુટો કરાયછે (૮૪), તે પૃથ્વીપરના ચારે ખુણામાંના લોકને, ગોગ તથા માગોગને ભુલાવવાને તથા લડાઇને સારૂ તેઓને એકઠા કરવાને નીકળી આવશે (૮૫). તેઓ વહાલા નગર યરૂશાલેમ તથા પવિત્રોની છાવણીને ઘેરો ઘાલશે (૮૬). પણ આકાશમાના પ્રભુ તરફથી અગ્નિએ તેઓને બાળી નાખ્યા (૮૭), અને શેતાન જેણે તેઓને ભુલાવ્યા, તે અગ્નિ તથા ગધકની ખાઇમા, જ્યા શ્વાપદ તથા જુઠો ભવિષ્યવાદી છે, ત્યાં ફેંકાયો, ને રાત દહાડો સદા સર્વકાળ સુધી તેઓ પીડા પામશે (૮૮).]

આખી પૃથ્વીનો ન્યાયાધીશ—' અને મોટાં ઉજળાં રાજ્યાસનને તથા તે પર જે બેઠેલો તેને મે દીઠા " (પ્રકટીકરણ ૨૦:૧૧). " પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જે જીવના તથા મુએલાનો ન્યાય કરશે " (૨. તીમોથી ૪:૧). " દેવે એનેજ જીવનાંઓનો તથા મુએલાંઓનો ન્યાયાધીશ ઠરાવેલો છે " (પ્રેરિતોના કૃત્ય ૧૦:૪૨; ૧ પીતર ૪.૫). " બાપે ન્યાય ચુકવવાનું સઘળું કામ દીકરાને સોપ્યુ છે. " (યેહાન ૫:૨૨) " અને મુએલાને (૮૯), મોટાં

(૮૪) પ્રકટીકરણ ૨૦:૩ – ૭ (૮૫) પ્રકટીકરણ ૨૦:૮.
(૮૬) યરૂશાલેમ જુઓ યશાયાહ ૪:૩. (૮૭) પ્રકટીકરણ ૨૦:૯.
(૮૮) પ્રકટીકરણ ૨૦:૧૦. (૮૯) પ્રથમ પુનરૂત્થાનમાં જેમનો ભાગ નહોતો તે. (જુઓ પ્રકટીકરણ ૨૦ ૫–૬).

તથા નાનાને, દેવની (૯૦) આગળ ઉભાં રહેલાં મે દીઠાં."
(પ્રકટીકરણ ૨૦ ૧૨).

દંડનું ઉત્થાન.—" અને સમુદ્રે પોતામાં જે મરી ગએલાં હતાં, તેઓને પાછા આપ્યા, ને મરણે તથા હાડેસે (૯૧) પોતામાં જે મરી ગયલાં હતા, તેઓને પાછા આપ્યા " (પ્રકટીકરણ ૨૦:૧૩). " ને જેઓએ ભુડા કામ કીધા છે, તેઓ દડનુ ઉત્થાન પામવા સારૂ, નીકળી આવશે" (યોહાન ૫:૨૯) " લજ્જા તથા અનત ધિક્કારમા .. ...ઉઠશે." (દાનીયેલ ૧૨ ૨)

છેલ્લુ ન્યાય કરણ—' ને પુસ્તકો ઉઘડાયા, ને બીજુ' પુસ્તક જે જીવનનુ છે, તે પણ ઉઘડાયુ', ને તે પુસ્તકોમા જે જે લખ્યુ હતું તે પરથી તેમની કરણીઓ પ્રમાણે, મરી ગએલાનો ન્યાય ઠરાવાયો " (પ્રકટીકરણ ૨૦૧૨) " અને જો કોઇ જીવન પુસ્તકમા લખેલો માલમ પડયો નહિ, તો તે અગ્નિ ખાઇમા ફેકાયો ' (પ્રકટીકરણ ૨૦:૧૫). " અગ્નિ તથા ગધકથી બળનારી ખાઇ; એજ બીજુ મરણ છે " (પ્રકટીકરણ ૨૧ ૮).

છેલ્લો શત્રુ—' જે છેલ્લો શત્રુ નાશ પામશે તે મરણ છે." (૧. કરીથી ૧૫ ૨૬). " અને મરણ તથા હાડેસ અગ્નિ ખાઇમા ફે'કાયા. અગ્નિ ખાઇ એજ બીજુ' મરણ છે " (પ્રકટીકરણ ૨૦ ૧૪)

(૯૦) ' દીકરો, " (જુઓ યોહાન ૫:૨૭, રૂમી ૨:૧૬).
(૯૧) ગ્રીક ભાષ્ય પ્રમાણે.

આકાશ તથા પૃથ્વી જતાંરહેશે.—' આકાશ તથા પૃથ્વી જતાં રહેશે. " (માર્ક ૧૩·૩૧.) "આકાશો મોટા અવાજ સહિત ટળી જશે, ને તત્વો ઝાળથી વિખરાઇ જશે, ને પૃથ્વી તથા તે પરના કામો બાળી નખાશે (૯૨) આકાશો સળગીને વિ-ખરાઇ જશે તથા તત્વો બળીને પિગળી જશે" (૨. પીતર ૩·૧૦–૧૨). " આકાશ ધુમાડાની માફક જતું રહેશે, ને પૃથ્વી વસ્ત્રની પેડે જુની થઇ જશે" (યશાયાહ ૫૧:૬) " તેઓ નાશ પામશે . . તેઓ સઘળા વસ્ત્રની પેડે જુના થઇજશે, નેતુ જામાની પેડે તેઓને લપેટીશ, ને વસ્ત્રની પેડે તેઓ બદલાશે. " (હેબ્રી, ૧·૧૧–૧૨). " તેના સન્મુખથી પૃથ્વી તથા આકાશ નાઠા (૯૩); ને તેઓને સારૂ ઠેકાણુ નહોતું ". (પ્રકટીકરણ ૨૦:૧૧)

નવાં આકાશ તથા નવી પૃથ્વી—" અને રાજ્યાસનપર જે બેસે છે, તેણે કહ્યુ કે, જુઓ, હુ સઘળું નવું કરૂં છું "પ્રકટી-કરણ ૨૧:૫). "જુઓ, હું નવા આકાશ તથા નવી પૃથ્વી ઉત્પન્ન કરનાર છુ." (યાશાયાહ.૬૫.૧૭). "અને નવું આકાશ તથા નવી પૃથ્વી મેં દીઠાં, કેમકે પહેલુ આકાશ તથા પહેલી પૃથ્વી જતા રહેલાં છે; ને સમુદ્ર સદાને માટે લોપ થયલો છે." (પ્રકટીકરણ ૨૧૧) "નવા આકાશ તથા નવી પૃથ્વી જેમા ન્યાયીપણું વસે છે," (૨, પીતર ૩ ૧૩).

*(૯૨) ઉત્પત્તિ. ૬:૧૧,૧૩ ૯,૧૧,૧૬ ને યશાયાહ ૨૪:૫,૨, પીતર ૩:૭ સાથે સરખાવો (૯૩) વળી ગીતશાસ્ત્ર ૬૮:૮; નાહૂમ ૧:૫ અને અયૂબ ૧૫:૧૫;૨૫,૫ જુઓ.

દેવ સર્વ વ્યાપક છે—" જ્યારે તે દેવ બાપને રાજ્ય સોંપી દેશે, જ્યારે તે સઘળું ધણીપણું તથા સઘળો અધિકાર તથા પરાક્રમ તોડશે, ત્યારે અંત આવશે." (૧ કરીંથી ૧૫ ૨૪). " પણ જ્યારે સર્વ તેને આધીન કરાશે, ત્યારે જેણે સર્વ તેને આધીન કીધા છે, અને દીકરો પોતે પણ આધીન થશે, એ સારૂ કે દેવ સર્વમા સર્વ થાય " (૧. કરીંથી ૧૫ ૨૮).

હલવાનની કન્યા— " ને મે પવિત્ર નગર, નવું યરૂશાલેમ, દેવની પાસેથી આકાશમાથી નીચે ઉતરતુ દીઠું; ને જેમ કન્યા, પોતાના વરને સારૂ શણગારેલી હોય. " (૯૪) પ્રકટીકરણ. ૨૧:૨)

દેવ માણસોની સાથે રહેછે— " જુઓ, દેવનો મંડપ માણસોની પાસેછે, ને તે તેઓની સાથે વસશે, ને તેઓ તેના લોકો થશે, ને દેવ પોતે તેઓની સાથે રહીને તેઓનો દેવ થશે. અને તે તેઓની આંખોમાંનું હરેક આસુ લોહી નાખશે; ને મરણ ફરી થનાર નથી; ને શોક કે રડવું કે કષ્ટ ફરી થનાર નથી, કેમકે પ્રથમની વાતો જતી રહેલી છે." (પ્રકટીકરણ ૨૧:૩ – ૪).

અનુસંધાનો.

આપણા પ્રભુના પાછા આવવાની સાથે જે જે મુખ્ય વાકયો

---

(૯૪) " એ સારૂ કે ખ્રીસ્ત ઇસુમા આપણાપર તેની દયાથી તે આવતા યુગોમાં પોતાની કૃપાની અતિ ઘણી સંપત દેખાડે. (એફેસીઓ ૨:૭; ૩ ૨૧; ૧. કરીંથી ૨ ૯ – ૧૦;૨. કરીંથી ૫ ૫; ૨. પીતર- ૩·૧૪).

સંબંધ કર્ત્તા છે તેમાંના કેટલાએકને, સુગમતા ખાતર, નીચે અનુસંધાન તરિકે હમે ટાંકીએ છીએ; અને ધર્મપુસ્તકમાં જે અનુક્રમમા તે આપેલાં છે તે અનુક્રમમાજ, તથા તે ઓળખી કાઢવા માટે તેમાંના મુખ્ય શબ્દ સહિત તે વાકયો આપવામા આવ્યાં છે.

પુનર્નિયમ ૩૩:૨ — પર્વતસિનાઇ, પર્વતસેર, રૂપાંતર અને બીજું આગમન.

ગીતશાસ્ત્ર ૨. — દીકરાનો કબજો (વારસો) વીગેરે. ૬૭:૪ – દેશજાતિઓનો અદલ ઇનસાફ કરશે અને તેઓના પર રાજ્ય કરશે ૯૬:૧૦ – ૧૩ – યહોવાહ ન્યાય કરવા આવે છે. ૯૮:૯ – યહોવાહ ન્યાય કરવા આવેછે. ૧૦૨:૧૬ – સિયોનને બાંધ્યું છે ને તે ગૌરવમાં પ્રગટ થયો છે "

દાનીયેલ ૭:૧૩ — માણુસનો દીકરો રાજ્યનો કબજો લેવા આવે છે.

હોશીઆ ૬.૩ — તે પાછલા અને આગલા વરસાદની પેઠે આવશે.

ઝખાર્યાહ ૧૨:૧૦ — ઇસ્રાયલ ખ્રીસ્તને જુએ છે ને સ્વિકારે છે. ૧૪:૪ – જૈતુન પર્વત પર તે ઉભો રહેછે. ૧૪:૫ – પોતાના પવિત્રો સાથે આવેછે.

માત્થી ૧૬:૨૬ – ૨૭ – પોતાના બાપના મહિમામાં તે આવશે. ૧૯:૨૮ – તેના મહિમાના રાજ્યાસન પર બેસશે ૨૪ – ત્રણ સવાલોનો જવાબ અપાય છે. ૨૫:૧ – ૧૨ – ૧૨. ૨૫;૧૩: – ૩૦

ચાકરોનું ન્યાયી કરણુ. ૨૫ ૩૧;૪૬ – દેશજાતિઓનુ ન્યાયી કરણુ. ૨૬:૬૪ – આકાશના મેઘો પર આવતો.

માર્ક ૮:૩૮ — તેને લીધે, માણુસનો દીકરો પણુ જ્યારે તે આવશે, ત્યારે તે શરમાશે. ૧૩ – ત્રણુ સવાલોનો જવાબ અપાય છે. ૧૪:૬૨ – આકાશના વાદળા સહિત આવતો.

લુક ૯ ૨૬ – તેને લીધે, માણુમનો દીકરો પણુ જ્યારે તે આ- વશે, ત્યારે તે શરમાશે. ૧૨ ૩૫ – ૪૮ – કમરો બાધેલી – દીવા સળગેલા, ૧૭ ૨૦ ૩૭ – તુહ. લોત વીગેરે. ૧૮ ૮ – પૃથ્વીપર થોડો વિશ્વાસ. ૧૯ ૧૧ – ૨૮ – રાજ્ય લેવા ગયા અને પાછા આવ્યા; દશ મહોર. ૨૧. – ત્રણુ સવાલોનો જવાબ આપ્યો

યોહાન ૧:૫૧—આકાશ ઉઘડેલું, દેવના દૂતોને ઉતરતા જોશો. ૧૪:૩-વચન આવીશને તમને મારી પાસે લઇશ ૧૪.૧૮-હું તમારી પાસે આવીશ. ૧૪ ૨૮-હું જાઉ છું, ને તમારી પાસે પાછો આવુ છું. ૨૧:૨૨- હું આવુ ત્યા લગી જો તે રહે.

પ્રેરિતોનાં કૃત્ય—૧:૧૦-૧૧- તેજ ઇસુ પાછો આવશે. ૩:૧૯ – ૨૧ – તાજગીના સમયો.

૧. કરીંથી ૧:૪ - ૮—પ્રગટ થવાની વાટ જોવી. ૪:૫- પ્રભુ આવે ત્યા સુધી, કંઇ ન્યાય નઠરાવો. ૧૧ ૨૬–રોટલી, વાટકો, તે આવે ત્યા સુધી. ૧૫:૨૩-સજીવ કરાવાનો ક્રમ, તે આવશે ત્યારે જેઓ ખ્રીસ્તના. ૧૬.૨૨ –શાપિત થાય – પ્રભુ આવેછે.

૨. કરીંથી ૧:૧૪—પ્રભુના દિવસમાં ખુશી થવાને.

ફિલિપી ૧:૬-૧૦ — ખ્રીસ્તના દિવસ સુધી; ૨:૧૬ - ખ્રીસ્તના દિવસમાં આનંદ કરવો; ૩:૧૧-મુએલાંઓના ઉત્થાન; ૩:૨૦-૨૧-પ્રજાપણું-તારનારની રાહ જોવી; ૪:૫-પ્રભુ પાસેછે.

કલોસીઓ ૩:૩-૪—તેની સાથે પ્રગટ થવું.

૧. થેસ્સા ૧:૯—આકાશમાંથી તેના દિકરાની આવવાની વાટ જોવી, ૨:૧૯-તેના આવવાની વખતે, આશા, ઉલ્લાસ, મુગટ; ૩:૧૩-નિર્દોષ, પ્રગટ થતી વખતે; ૪:૧૩-૧૮ - આપણુ જીવતા રહેનારાનું ગગનમાં પ્રભુને મળવા સારૂ તેઓની સાથે આકાશમા તણાઈ જવું તે, ૫:૧-૧૦-વખતો તથા સમયો, રાત્રિ અને દિવસ, ૫:૨૩- ખ્રીસ્તના આવવા સુધી નિર્દોષ.

૨. થેસ્સા ૧:૭—૧૦—બળતી આગમા પ્રગટ થશે, ૨:૧-૮-તે અધર્મીનો, તેના આવવાના પ્રકાશથી નાશ થશે.

૧. તીમોથી ૬ ૧૩-૧૫—પ્રગટ થતા સુધી આજ્ઞા પાળ.

૨. તીમોથી ૪ ૧—ન્યાય કરવાનો છે, પ્રગટ થવાના તથા રાજ્યના વિચારથી, ૪:૮—જે સઘળા તેનુ પ્રગટ થવુ ઇચ્છેછે, તેમને માટે મુગટ.

તીતસ ૨.૧૧-૧૫—ધન્ય આશા પ્રાપ્તિ અને મહિમાના પ્રગટ થવાની.

હેબ્રી ૯:૨૪-૨૮—ત્રણ વખતનું પ્રગટ થવું, ૧૦.૨૫-

૨૪ – વિશ્વાસ, આશા, પ્રીતિ; ૧૦.૨૫ – તે દહાડો પાસે આવતો; ૧૦:૩૫ – ૩૭ – સહનતા, છેક થોડી વારમાં.

યાકુબ ૫.૭ – ૮ — પ્રભુના આવવા સુધી તમે ધીરજ રાખો– પહેલો તથા છેલ્લો વરસાદ.

૧. પીતર ૧:૭ —- વિશ્વાસની પરીક્ષા; ૧:૧૩ – પુરી આશા રાખો; ૪:૧૩ – તેનો મહિમા પ્રગટ થાય; ૫.૧–૪ – જ્યારે મુખ્ય ઘેટાપાળક પ્રગટ થશે.

૨. પીતર. ૩ — ઠઠ્ઠાખોરો, પ્રભુનો દિવસ.

૧. યોહાન ૨ ૨૮ — જ્યારે તે પ્રગટ થશે, ત્યારે આપણને હિમ્મત આવે; ૩.૨ – ૩ – હવે છોકરાંઓ – તેના જેવા આપણે થઇશું – હરેક એ આશા રાખેછે – તે પોતાને શુધ્ધ કરેછે.

૨. યોહાન. ૭ — ખ્રીસ્તનું દેહમાં આવવુ.

યહુદા ૧૪:૧૫ —ન્યાય કરવા પ્રભુ પોતાના પવિત્રો સાથે આવે છે.

પ્રકટીકરણ ૧:૭ —- જુઓ, તે વાદળાં સુધ્ધા આવેછે; ૨: ૨૫ – હું આવું ત્યાં સુધી ઝાલી રાખો, ૩:૩ – જો તું જાગૃત નહિ રહેશે તો ચોરની પેઠે તારા પર આવીશ; ૩:૧૦ – ૧૧ – પરિક્ષણના સમયમાથી તને રાખીશ, જુઓ હું વહેલો આવુંછું; ૧૪:૧૪ – ૧૬ – પૃથ્વીના ફળ કપાયાં, ૧૬ ૧૫ – જુઓ, ચોરની પેઠે હું આવુંછું – જે જાગૃત રહેછે તેને ધન્ય છે, ૨૨:૨૦ – ઓ પ્રભુ ઇસુ ! આવ, આમેન.

પ્રકરણ ઓગણીશમું.

શ્રાપ અથવા સૂબોધ.

આ વિષયના સંબંધમાં ઘણાં ગંભિર આશય સુચવનારાં કેટલાએક વાક્યો છે, અને તેમાં ખાસ કરીને એ, હમે નીચે મુજબ ટાકી બતાવીએ છીએ. પ્રથમ તો તે ૧. કરીંથી ૧૬.૨૨ માં, પાઉલના ક્ષેમકુશળતા વિષેના લખાણમા આવેછે. આશિર્વાદ ઉચ્ચારતાં પહેલાં જેઓ ખ્રીસ્તને ચાહતા નથી, તેને નીચેના શબ્દોથી તે બાતલ કરેછે. "જો કોઇ પ્રભુ ઇસુ ખ્રીસ્ત પર પ્રીતિ કરતો ન હોય, તો તે શ્રાપિત થાય."

Anathema એટલે "શ્રાપિત, ગુનેગાર ઠરેલો, નાશને સ્વાધિન કરાયલો."

Maran-atha - એટલે "પ્રભુ આવેછે."

એટલે તેનો આખો અર્થ એ થાયછે કે, "તેને શ્રાપિત થવાદો - પ્રભુ આવેછે."

જ્યારે દેવની સહનતા, માણસો પ્રભુ ઇસુને ધીક્કારે, તરછોડે, અને અસ્વિકાર કરે તેની રાહ જુએછે (૧), ત્યારે હવે તે સુગમ ભરેલું થાયછે. પણ ઈસુ આવે છે, અને, "જ્યારે ઘરધણી ઉઠીને

---

(૧) ૧ પીતર ૩.૧૯-૨૦; ૨. પીતર ૩.૯.

બારણું બંધ કરશે" (૨), ત્યારે જેઓ ખ્રીસ્તનો સ્વિકાર કરતા નથી તેમને ધિક્કાર છે. પાઉલ આ વાત સમજ્યો, અને તેથી તે કહેછે કે, "હરેક રીતે કેટલાએકને આવનાર કોપથી (૧. થેસ્સા ૧.૧૦) તારવા સારૂ સર્વની સાથે સર્વ જેવો થયો. (૧. કરીંથી ૯ ૨૨). અરે! યહોવાહ મળે એટલામાં તેને માણુસો શોધી કાઢે," (૩) અને "આવનાર કોપથી નાશી જાય." (૪).

બીજું વાક્ય ૨. યોહાન ૭ માનુ છે; "કાંજે જગતમાં ઘણા ભુલાવનારા થયા છે, કે જેઓ ઇસુ ખ્રીસ્તનું દેહમાં આવવું કબુલ કરતા નથી; તેજ ભુલાવનાર તથા ખ્રીસ્ત-વિરોધી છે." ગ્રીક ભાષામાં Erkomenon શબ્દ છે, તેનો ખરો અર્થ "આવવું" થાય છે. ઇસુને ખાસ કરીને "આવનારો" (૫) કહીને બોલાવવામાં આવે છે. પણ આ ભુલાવનારાઓએ, ભૂતકાળમાં તેમજ ભવિષ્ય કાળમા ખ્રીસ્તનું દેહમાં આવવું એટલે ખ્રીસ્તના અવતારની વાત કબુલ રાખી નહિ. એ વિષય ઉપર આલફર્ડ, જેમીએસન, ફોસેટ અને બ્રાઉનના લખાણો જુઓ.

"ઈસુ ખ્રીસ્તનું દેહમાં આવવું,"

એ, ત્યારે, ખાસ અગત્યનુ છે. જે એ વાતનો સ્વિકાર કરતો નથી, તે ભુલાવનાર અને ખ્રીસ્ત-વિરોધી છે. એટલે તેને તેજ

---

(૨) લુક ૧૩ ૨૫; માર્ક ૧૩ ૩૫ – ૩૭. (૩) યશાયાહ ૫૫ ૬, વળી ૨. કરીંથી ૬.૨. જુઓ. (૪) માત્થી ૩.૭.

(૫) માત્થી ૧૧ ૩; હેબ્રી. ૧૦ ૩૭, પ્રકટીકરણ ૧:૭–૮; પ્રકટીકરણ ૪ ૮, યોહાન ૬ ૧૪.

ભુત વળગેલું છે, કે જે છેવટે મહાન વ્યક્તી ખ્રીસ્ત-વિરોધીમાંજ પોતાનું સજીવારોપણ પામશે.

આ વાક્યનો આપણા ભાષાંતરમાં આવો અયોગ્ય રીતે તરજુમો થયો છે તે ખેદજનક વાત છે. ઇસુ દેહમાં આવનાર છે એ વાત તેમાં એવી મજબુત રીતે પ્રતિપાદન કરવામાં આવી છે કે, તેથી, ધર્મપુસ્તકનો અયોગ્ય આત્મિક અર્થ કરવાનો આટલો બધો પ્રસાર થઇ ગયો છે, તેમાંનું ઘણું ખરૂં બેશક અટકાવી શકાતે.

પવિત્રોનાં આકાશગમન વખતે (૬), ઇસુ પોતે આપણને પોતાની પાસે લેવાને માટે (૭) આવનાર છે; અને તે આ પૃથ્વીપર પાછો પ્રકટીકરણ (૮) વખતે આવનાર છે; તેજ ઇસુ અને જેવી રીતે તે આપણી પાસેથી ચાલ્યો ગયો તેવીજ રીતે પાછો આવનાર છે. (૯)*

જુઓ, માનીતા પાપીઓ જેઓ મારી નંખાયા છે તેમને માટે એક વખત, તે નીચે ઉતરતાં વાદળાઓ સાથે આવેછે. હજારો અને હજારો પવિત્રો હાજર થઇને, તેનાં સૈન્યોની ફતેહોમાં વધારોને વધારો કરેછે.

વાહ પ્રભુ !

પ્રભુ પૃથ્વી ઉપર રાજ્ય કરવા માટે પ્રગટ થાય છે. પણ જ્યારે એક તરફ, જેઓ પ્રભુ ઇસુને ચાહતા નથી, તેમને માથે વ્યાજબી શિક્ષા અને ઝઝુમી રહેલાં ન્યાયીકરણનું આવું ભયભરેલું

* એટલે દેહમાં,શરીરથી. (૬) ૧. થેસ્સા. ૪:૧૬-૧૮. (૭)યોહાન ૧૪.૩. (૮) ૨. થેસ્સા.૨:૭-૧૦. (૯) પ્રેરિતોનાં કૃત્ય ૧:૧૧.

પૂર્વકથન આપેલું છે; ત્યારે બીજી તરફ, જેઓ આપણા પ્રભુનું પ્રગટ થવું ચાહેછે તેમને માટે

શ્રેષ્ટમાં શ્રેષ્ટ સૂબોધ છે.

મંડળીની ખરી મહત્વતા જ્યારે આપણે સમજીશું ત્યારે એનો અર્થ ખુલ્લી રીતે આપણને સમજાશે આપણે જોયું છે કે આવવાના રાજ્યના અર્થની સાથે મંડળીના અર્થને ભુલથી ભેળસેળ કરી ગોટાળો કરવો નહીં; તેમજ જુના કરારના પવિત્રોનો તેમા સમાવેશ થતો નથી, કેમકે ખ્રીસ્તના આવવા પછી (૧૦) તે સ્થાપીત થયેલ છે. પચાસમા (પ્રેરિતોના કૃત્ય. ૨) ના દિવસે તેની શરૂઆત થઇ હતી.

અને આપણ જીવતા રહેનારાઓના ગમનમા પ્રભુને મળવા સારૂ તેઓની સાથે આકાશમાં તણાઇ જવાની વખતે, તેની સમાપ્તિ થશે. (૧. થેસ્સા, ૪:૧૭). પોતાના લોક એટલે ઇસ્રાયલ સાથેના પ્રભુના વહીવટમા તે એક ઉપન્યાસ ચિન્હ છે. અણુવિશ્વાસને લીધે જ્યારે તેઓ (ઇસ્રાયલો) મા ફાટફુટ થઇ ગઇ, ત્યારે મંડળીને તેમા કલમ રૂપે (૧૧) મેળવાઇ.

અને તેના પ્રભુ સાથે દુ:ખ સહન કરવામાં તે ભાગીદાર હોવાથી (૧૨) તેનોજ દાખલો અનુસરીને (૧૩), તેની દીનાવસ્થામાં (૧૪), નમ્રપણાથી વર્તિને (ફીલિપી ૨ ૨-૮; ૧. યોહાન ૨:૬),

(૧૦) માત્થી – ૧૬,૧૮. (૧૧) રૂમી ૧૧:૧૭. (૧૨) પ્રેરિતોના કૃત્ય ૫:૪૧, ફિલિપી ૧:૨૯, વળી જુઓ હેબ્રી ૧૦ ૩૪. (૧૩)યોહાન ૧૩:૧૫; ૧. પીતર. ૨:૨૧. (૧૪) પ્રેરિતોનાં કૃત્ય૮ ૩૩.

તે (મંડળી) પ્રભુની સાથે પોતાની (૧૫) માન વૃધ્ધિમાં મોટામાં મોટા આશીર્વાદને માટે યોગ્ય ગણાશે (૧૬).

ખ્રીસ્તની વહુ.

ઇસુ વરરાજા છે, અને મંડળી તેની વહુ છે.

મુસાની ઇશ્વરનિયુક્ત વિધિના છેલ્લા પ્રતિનીધિ તરિકે યોહાન બાપ્તીસ્ત ઉભેલો છે. તેણે કહ્યું, "હું તે ખ્રીસ્ત નથી... .. ... જેને કન્યા છે તેજ વરરાજા છે, પણ વરરાજાનો મિત્ર જે ઉભો રહીને તેનું સાંભળે છે, તે વરરાજાની વાણીથી બહુ આનંદ પામે છે; એ માટે મારો એ આનંદ સંપૂર્ણ થયો છે." (યોહાન ૩ ૨૮-૨૯). અહીંઆ જુના કરારના પવિત્રો અને ખ્રીસ્તની વહુ વચ્ચે સ્પષ્ટ ભેદ આપણને બતાવેલો છે.

. તેઓ પરિપૂર્ણ થશે, પણ દેવે "આપણે માટે કંઇ વધતું સારૂં સિધ્ધ કીધું છે; એ સારૂ કે આપણા વગર તેઓ પરિપૂર્ણ ન થાય." (હેબ્રી ૧૧ ૪૦). તેણે (પ્રભુએ) મંડળીને ખ્રીસ્તની આકાશની કન્યા તરિકે પસંદ કરી છે, તે કાંઇ મંડળી તેને માટે વધારે લાયક છે તેથી કરીને નહિં, પણ પ્રભુની અતિશય કૃપાને લીધે (૧૭), તેણે મંડળીને ખ્રીસ્તની આકાશની કન્યા તરિકે પસંદ

(૧૫) ફિલિપી ૨.૫-૧૧.

(૧૬) ૨. થેસ્સા ૧ ૫; રૂમી ૮.૧૭

(૧૭) એફેસીઓ ૨ ૭.

કરી છે. *

મંડળી એ ખ્રીસ્તનું શરીર છે (૧૮), અને તેનો તેની સાથેનો અમૂલ્ય મેળાપ, એફેસીઓ ઉપરના પત્રમાં ઘણીજ સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યો છે. તેમાં તેને આત્મિક રીતે જીવતી કરેલી ગણવામા આવેલી છે (૧૯), અને તેના ઉઠાડાયલા પ્રભુ (૨૦) સાથે આકાશી જગ્યાઓમા તેને બેસાડવામા આવી છે (૨૧). કેમકે "જગતના મંડાણની અગાઉ તેણે તેને પોતાનામાં પસંદ કરી છે, એ સારૂ કે તે તેની આગળ પ્રીતમા પવિત્ર અને નિર્દોષ થાય" (૨૨). "તેની કૃપાના મહિમાની સ્તુતિરૂપ તે થવાની છે, અને તે કૃપા તેણે વહાલામા તેને મફત આપીછેઃ" કેમકે "તે વચનના પવિત્ર આત્માથી મુદ્રિત થઇ છે, અને તે આત્મા, ખરીદાએલાના ઉધ્ધાર સંબંધી પ્રભુના મહિમાને અર્થે તેના વારસાનું બાનું છે." (૨૩).

---

* ઇસ્રાયલ આ દુનીઆપરની (ખ્રીસ્તની) વહુ હતી, અને એહિક આશીર્વાદોથી તેમુ આશ્વાસન થયું હતું, અને તેને એમાં પાછી લાવવામાં આવશે. જો કે હમણા નાસ્તિકપણાને લીધે તે ઉજડ ને વેરાન બેરાન થઇ ગઇ છે, તોપણ તેના છોકરાં સમુદ્રની રેતી માફક થશે. (યશાયાહ. ૫૪, યિર્મેયાહ ૩૧–૧૮; ૩૧ ૩૨; હઝકીએલ ૧૬; હોશીઆ ૧૧૦, ૧૧, ૨૩; જુઓ પ્રકરણ ૧૫).

(૧૮) ૧ કરીથી ૧૨ ૨૭. (૧૯) એફેસીઓ ૨:૧. (૨૦) એફેસીઓ ૧:૨૦. (૨૧) એફેસીઓ ૧૩;એફેસીઓ ૨૬. (૨૨) એફેસીઓ ૧૪–૬. (૨૩) એફેસીઓ ૧:૧૩–૧૪.

અને "આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો દેવ, પોતા વિષેના જ્ઞાનને સારૂ બુધ્ધિનો તથા પ્રકટીકરણનો આત્મા આપણને આપે, કે જેથી તેના નોતરાંની આશા શી છે, ને પવિત્રોમાં તેના વારસાના મહિમાની સંપત્તિ શી છે, તે આપણે જાણી શકીએ." (એફેસીઓ ૧.૧૭-૧૮). જેમ "બીજા વિદેશીઓ વર્ત્યા" તેમ આપણે વર્તવું જોઇએ નહિં, "પણ પ્રેમથી સત્ય બોલીને," ખ્રીસ્ત જે શીર, તેમાં આપણે સર્વ પ્રકારે વધીએ, કે જેથી આખું શરીર "પ્રેમમાં" પોતાના સંસ્થાપનને સારૂ "શરીરની વૃધ્ધિ કરે" એમ કામ કરીએ, (૪ ૧૫-૧૭); અને "ત્યાંસુધી કે આપણે સહુ દેવના દીકરા પરના વિશ્વાસ તથા જ્ઞાનની એકય-તામાં સંપૂર્ણ પુરૂષપણાને, એટલે ખ્રીસ્તની સંપૂર્ણતાના કદના પરિમાણને પહોંચીએ એ સારૂ." (૪.૧૩). એટલે ખ્રીસ્ત તે માથું અને મંડળી તે શરીર એમ થઇને એક સંપૂર્ણ માણસ બને. "તે બન્ને એક દેહ થશે (૨૪), એટલે નવુ માણસ થશે જે ન્યા-યીપણામા તથા સત્યની શુદ્ધતામા સૃજાએલું છે." (૪.૨૪) સ્ત્રીનું ખરૂ સંતાન તે થશે કે જે સર્પનું માથુ છુંદશે (૨૫).

તેથી કરીને, દેવનો પવિત્ર આત્મા, "જેણે તેને ઉદ્ધારના દીવસને સારૂ મુદ્રિત કીધી, તેને માટે ખેદ ન કરવા મંડળીને સુબોધ આપવામા આવે છે," (એફેસીઓ ૪.૩૦); "પણ એક બીજાપર ઉપકારી, કરૂણારૂપ થવા માટે" (૪ ૩૨), "અજવાળાઓના દીકરા-

(૨૪) માથી ૧૯.૪--૬; એફેસીઓ ૫:૩૧.
(૨૫) ઉત્પત્તિ ૩:૧૫; રૂમી ૧૬:૨૦.

ઓની પેઠે " (૫ ૮), "ચોકસાઇથી અને બુધ્ધિવંતની પેઠે સમય ખડી લેવા માટે " (૫ ૧૫-૧૬), તેને સૂબોધ આપવામાં આવે છે; કે "તેથી આત્માથી ભરપૂર થઇને (૫ ૧૮), તે પવિત્ર તથા શુધ્ધ અને ત્યાંસુધી તેનુ પાળણુ અને પોષણુ કર્યા પછી: (૫:૨૯), પ્રભુ તેને મહિમાવંતી મંડળી તરીકે, એટલે એવી કે તેના ઉપર કાંઇ ડાઘ, કરચલી કે એવું કંઇ ન હોય, પણુ તે પવિત્ર અને નિર્દોષ હોય એટલે એવા ગુણોવાળી બનાવી ખ્રીસ્તની વહુ તરીકે, પ્રભુને પોતાને તે સોંપાય.'' "કેમકે આપણે તેના શરીરના અવયવો છીએ " (૨૬). ખ્રીસ્ત પોતાની વહુને પોતાની પાસે લઇ લેવા માટે આવે એ વિચારના કરતાં બીજો કયો વિચાર વધારે કીમતી હોઇ શકે ? તે નમ્રતા અને પ્રીતિથી સંપૂર્ણ રીતે ભરપૂર છે. જ્યારે તે તેને પોતાની પાસે લેશે, ત્યારે તેને માટે તે શું નહીં કરશે ? તે મેળાપ વખતના હર્ષાનંદનું વર્ણન કરવુ એ કોઇ પણ જીભ અથવા કલમની શક્તિ ઉપરાતનું કામ છે. " આંખે જે જોયું નથી, ને કાને જે સાંભળ્યુ નથી, ને માણસના મનમાં જે પેઠું નથી, દેવે પોતાના પ્રેમ કરનારાઓને સારૂ જે સિદ્ધ કર્યું છે." (એવો તે હર્ષાનંદ છે). (૧ કરી થી ૨:૯) ખરેખર "તેના આત્માથી" આપણને "બ્યાનું"- એટલે "પ્રથમ ફળ" મળેલુ છે, અને તે આવનારી ખુશીઓનો આગળથી સ્વાદ આપેછે, પણુ ત્યારે તે મંડળી બાકીની પ્રીતિનો અનુભવ કરશે, એટલે પોતાના પ્રભુની સાથેના આલીંગનના હર્ષાનંદથી તથા તેના સંસર્ગના સંપૂર્ણપણાથી, તેના પ્રેમના મીઠાશથી તે સંતોષ થશે.

(૨૬) એફેસીઓ ૫ ૨૫ - ૩૨.

"મંડળી" અને "રાજ્ય" વચ્ચેનો યોગ્ય ભેદ સમજવામાં જો આપણે નિષ્ફળ થઇએ તો આ સત્યવાતનુ રહસ્ય તદન જતું રહેછે. મંડળી ઉપર રાજ્ય થવાનુ નથી, પણ મંડળી ખ્રીસ્તની સાથે રાજ્ય કરવાની છે (૨૭).

જ્યારે ઇસુ આવેછે, ત્યારે વધુ અફસોસોને દિલગીરી રહેશે નહિ, જ્યારે ઇસુ આવેછે, ત્યારે સર્વત્ર શાંતતા, ખુશાલીને આનદ થશે.

જ્યારે ઇસુ આવેછે ત્યારે તે જાણુશે કે રસ્તો સુનો હતો; જ્યારે ઇસુ આવેછે ત્યારે તે જાણુશે કે પગ થાકી ગયા છે.

જ્યારે ઇસુ આવે છે, ત્યારે કેવી કેવી દીલગીરી મને દુઃખ દેતી હતી તે તે જાણુશે.

જ્યારે ઇસુ આવે છે, ત્યારે, અહો, તેના હાથ મને કેવી રીતે આરામ આપશે!

આપણા પ્રભુના પાછા આવવા સંબંધીનો વિષય એટલો બધો મહત્વતા વાળો છે, અને તે આખા ધર્મપૂસ્તકના શાસ્ત્ર સાથે એટલો બધો બારીકાઇથી ગુંથાઇ રહેલોછે કે, તે સંશોધનને માટે અણુહદ સીમાવાળું ક્ષેત્ર તથા સત્યતાની અખૂટ ખાણુ પૂરી પાડેછે. એ સંબધમા ધણુજ કહેવાની હજી હમારી હોંસ અને ખુશીછે, પણ આ નાનું પુસ્તક હમે તેનાં ધારેલાં કદ કરતાં કયારનુએ વધી

(૨૭) ૨. તીમોથી ૨:૧૧ - ૧૨.

ગયુ છે,* અને તેથી હવે "સમય" ના સંબંધમાંજ થોડા શબ્દ ફક્ત હમે લખીને તેમાં વધારો કરીશું.

* આ વિષય ઉપર જેમને વધુ હકીકત જાણવાની જીજ્ઞાસા હોય તેમને બીજાં મદદનાં સાધનોમાં, મુડી સાહેબનું ભાષણ હમે વાંચવા ભલામણ કરીએ છીએ. ડૉકટર બ્રુકસ સાહેબનું "Maranatha=(આપ.)" નામનું પુસ્તક; ડૉકટર ટીન્ગ સાહેબનું "તે આવશે" નામનું પુસ્તક; ડબલ્યુ ટેટર સાહેબનું "ભવિષ્ય વાણીઓના વિષયો ઉપર સાદા નિબંધો" નામનું પુસ્તક; એ વાંચો. વળી ઇંગ્લાંડમાં ઉપદેશકોની મંડળીઓએ કાઢેલાં ભાષણો છપાયલા છે તે, જેવાંકે, "ધન્ય આશા વિષેનાં સોળ ભાષણો," અને "આપણો પ્રભુ આવશે," અને ખાસ કરીને સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પહેલાં ખ્રીસ્તનું આવવુ થશે, તે મત સંબધીના નિબંધો જે ન્યુયૉર્કમા ભવિષ્યવાદીઓની સભામાં વંચાયા છે, તે તથા જીઓ એચ. પેમ્બર સાહેબનું "મહાન ભવિષ્ય વાણીઓ" નામનું પૂસ્તક એ વાંચવાં.

પ્રકરણ વીશમું.

તે સમય.

આપણ જીવતા રહેનારાઓનું ગગનમાં પ્રભુને મળવા સારૂ તેઓની સાથે વાદળોમા તણાઇ જવાના વખત તથા પ્રકટીકરણના * વખત વચ્ચેનો સ્પષ્ટ ભેદ આપણને પ્રથમ સમજવા દો. (જુઓ આકૃતિ.)

પહેલાના સંબંધમાં મુખ્ય વિચાર એ છે, કે તે હમણાં પણ બને. તેના આવવાના સંબધમાં નિશાણી બતાવનારૂં અથવા તેની તારીખ મુકરર કરનારૂં કાંઇ પણ ચોકસપણે આપણને ધર્મપૂસ્તકમાં કહેવામાં આવ્યું નથી તેને માટે હમેશ જાગતા રહીને રાહ જોવાને તથા કોઇ પણ પળે તે આવશે એવી આશા રાખવાને આપણને બોધ કરવામાં આવેલો છે.

મંડળીને સંકટના (૧) સમયમાથી બચી જવા માટે આ જગતમાથી લઇ લેવામાં આવે, તે પહેલાં તે મંડળી "અંજીરના ઝાડની નીશાણીઓ" શરૂ થતી જુએ (૨), એ સત્ય વાત છે.

---

* એ ભેદ પુરો નહિ સમજવાથી, આપણા પ્રભુના પાછા આવવા સંબધીની તારીખ નક્કી કરવામાં તેથી ઘણાઓએ ખેદકારક ભુલો કરીછે.

(૧) લુક. ૨૧ ૩૪-૩૬. (૨) લુક. ૨૧:૨૫-૩૧.

પણ આ નિશાણીઓ એવા પ્રકારની છે કે, (એટલે ખાસ કરીને "લડાઇઓ અને ધરતીકંપો," "વિદેશીઓની આફત, સમુદ્ર અને મોજાંઓની ગર્જના થવી." વીગેરે) છેલ્લી અઢારે સદીમાંની દરેક સદીમા તે નિશાણીઓ શરૂ થઇ ચુકીછે એમ દૃઢતાથી મંડળી માની શકી હોત.

તેથી કરીને, પવિત્રોનો આકાશગમનનો વખત મુકરર થયલો નથી; ફક્ત તે સમય, પ્રકટીકરણ પહેલાં આવશે તેટલુ આપણે જાણીએ છીએ. એટલે ખ્રીસ્ત પોતાની મંડળીની સંઘાતે આવે (૩), તે પહેલાં તે પોતાની મંડળીને સારૂ આવશે (૪,, અને તે બે બીનાની વચ્ચે સંકટનો સમય આવેલો છે.

લેવીય ૨૬, દાનીએલ, અને પ્રકટીકરણમા ઘણા ભવિષ્યવાચક સમયોથી, પ્રકટીકરણનો સમય દર્શાવાયલો છે પણ તેમના સાંકેતિક લક્ષણો અને અપૂર્ણ કાલગણનવિદ્યાને લીધે તેમનો અર્થ સમજવો મુશ્કેલ અને અનિશ્ચિત થઇ પડેછે. તેમના ઉપર વિચાર કરવા માટે હમે અત્રે સ્થળ સંકોચતા નથી, પણ હમે છાતી ઠોકીને કહીએ છીએ કે, તેમના સંબંધમાં ખતથી અને વિનંતીપૂર્વક કરેલા હમારા અભ્યાસથી હમારી સંપૂર્ણ ખાત્રી થઇ છે કે, તે સમયોનો હવે જલદીથી અંત આવશે.

પ્રકટીકરણ થતાં પહેલા બે બીનાઓ બનવી જોઇએ, કે જેથી હવે પ્રકટીકરણ નજીકમાજ છે એમ જણાશે; અને તેએ કે; ઇસ્રા

(૩) યહુદા. ૧૪. (૪) ૧. થેસ્સા. ૪ ૧૬, ૧૭.
(૫) હઝકીએલ ૨૨ ૧૯ – ૨૨.

યહૂદીઓનો (જોકે થોડે દરજ્જે) ઉદ્ધાર (૫), અને ખ્રીસ્ત – વિરોધીનો ઉદય (૬).

પણ ૨. થેસ્સા ૨:૭ ના વચન ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે, આપણ જીવતા રહેનારાઓનું ગગનમાં પ્રભુને મળવા સારૂ તેઓની સાથે વાદળમાં તણાઇ જવાના સમય પહેલા, ખ્રીસ્ત – વિરોધી પ્રગટ થશે નહીં. તેમજ, તે સમય પછી સુધીમાં ઇસ્રાયલીઓનો ઉદ્ધાર (થોડે અંશે અણવિશ્વાસ સિવાય, સફાન્યાહ. ૨:૧ – ૨.) થશે તે પણ શકય નથી કેમકે વિદેશીઓના સમયો પુરા થશે,......ત્યા લગી યરૂશાલેમ વિદેશીઓથી ખુંદી નંખાશે" (લુક ૨૧ ૨૪), અને દેવ વિદેશીઓમાથી પોતાના નામને સારૂ એક પ્રજાને પસદ કરી લેશે, ત્યાં સુધી દાઉદનો માંડવો ફરીથી બધાશે નહિ. (પ્રેરિતોનાં કૃત્ય ૧૫:૧૪ – ૧૬).

આ બીનાઓના આવાગમન વિષેની નિશાણીઓ તથા સાબિતિઓ આપવા પ્રભુએ કૃપા કીધી છે, કે જેથી આપણે જાણી શકીએ કે તે સમય હવે નજીક આવે છે (૭). પણ હમે ઉપર કહ્યું છે તેમ, તે નિશાણીઓ એવી રીતની છે, કે દરેક પેઢીમાં તેવી નિશાણીઓ થતી તે મડળીજોઇ શકશે. અને હમારૂ માનવુ છે કે, મડળીને તેનો પ્રભુને મળવા માટે આકાશમા તણાઇ જવાનો ચોકકસ સમય આવ્યો છે એમ તે જાણી શકે, તેવી તેની ચોકકસ નિશાણી અને ચોકકસ તારીખ તેને નહી આપવાનો

(૬) ઝખાર્યાહ ૧૩ ૮ – ૯; ૨. થેસ્સા ૨:૭ – ૮.

(૭) હેબ્રી ૧૦:૨૫.

ખાસ હેતુ છે, તે એ કે, જો તે આપવામાં આવ્યાં હોત, તો કોઇ પણ વખતે તે સાવધ રહેતી અટકી પડે. મુખ્યત્વે કરીને એવી ગોઠવણ કરવામાં આવી છે કે બીનાઓના પ્રગટ થવાથી, તે મંડળી નિરંતર જાગૃત રહેવા પ્રેરાશે.

તે મહાન ધર્મોપદેશક, પવિત્રોમાં પવિત્ર સ્થાનમાં એકલો ગયો, અને તેણે અર્પણ આપ્યા પછી તેમને આશિર્વાદ દેવાને તે બહાર આવ્યો, ત્યાંસુધી તે આખી ધર્મસમાજ આશામાં ને આશામાં બહાર રાહ જોતી ઉભી રહી હતી. (લેવીય ૧૬; ગણના ૬:૨૩–૨૬; લુક ૧:૧૦). તેજ પ્રમાણે આપણો મહાન ધર્મોપદેશક, સાચા પવિત્ર સ્થાનમાં છેલ્લો, અને પહેલો, એક વખત દાખલ થયો, અને તે બીજી વખત પાપ વગરનો થઇને તારણ માટે પ્રગટ થાય ત્યા સુધી, મંડળી ઉત્સુક આશામા તેને માટે રાહ જોશે (૮). જેમ "ચાકરો પોતાના શેઠને માટે કમ્મર બાંધીને અને બત્તીઓ સળગતી રાખીને રાહ જુએ છે," તેમ તે મંડળીએ રાહ જોવી જોઇએ.

તોપણ, આપણે વિશ્વાસ કરવા માંડયો તે કરતા હાલ આપણું તારણ, જે દરેક દીવસ જાયછે તેથી પાસે આવતું જાય છે, એવી હમને ધન્ય (૯) ખાત્રી છે. અને જ્યારે એ સત્ય વાત છે કે, મંડળી પામે તેની આ મી તવારીખમાં, તે દીવસ નજીક આવતો જાયછે તે વિષેના પુરતી સાબીતીઓ છે, ત્યારે હમે પુછીએ છીએ કે આપણા વખતમાં તે સાબીતીઓ શું છે? બેશક, તે ખાસ મહત્વની હોવી જોઇએ.

(૮) હેબ્રી ૯:૨૪–૨૮. (૯) રૂમી. ૧૩:૧૧.

હમારૂં માનવું છે કે, જો આપણે કાળના ચિન્હો બરાબર સમજી શકીએ, તો આપણી ખાત્રી થશે કે અપવિત્ર, તથા નીતિભ્રષ્ટ, સામાન્ય માલકીનો મત, સર્વ અજાણ્યું છે એવો મત, અને અનિશ્વરતાના મતનું ત્રિકુટ, જે આજના વખતની દેશજાતિઓમા આટલી બધી બયબરેલી રીતે પ્રસરી ગયલું છે, તે ખ્રીસ્ત–વિરોધીને માટે માર્ગ તૈયાર કરનારા અપવિત્ર ભૂતો છે.

યહુદીઓનું પાછા આવવું.

અને વળી, હમણા પણ, યહુદીઓ યરૂશાલેમમાં પાછા આવેછે.

એમ કહેવામાં આવે છે, કે " ઓગણીસમી સદીની શરૂઆતમા તુરકી સરકારે આ ધિક્કારાયલા લોકોને ૩૦૦ થી વધારે નહિં એવી સંખ્યામા, તે નગરમા વસવાને રજા આપી હતી. ચાળીસ વર્ષ પછી ને પ્રતિબંધ કાઢી નાખવામા આવ્યો હતો, પણ એક બીજો પ્રતિબંધ ચાલુ રહ્યો, કે જેથી તેમને નગરનો અમુક લત્તો, જે તેમની સંખ્યાના પ્રમાણમા ઘણોજ નાનો હતો, તેમાજ ફકત રહેવાની તેમને રજા મળી હતી. ઇ. સ. ૧૮૬૭ માં આ છેલ્લો પ્રતિબંધ દુર કરવામાં આવ્યો હતો, અને ત્યારથી યહુદીઓએ પોતાનું જુનું રાજ્યનગર વસાવવામાં જે સુધારો વધારો કર્યો તે વિલક્ષણ છે. જુના મકાનો જેમ જેમ ખાલી પડતા ગયાં તેમ તેમ તેમાંનું લગભગ દરેક તેમણે ખરીદી લીધુ છે, અને નગરના તમામ ભાગમા અસંખ્ય નવા મકાનો તેમણે બાંધ્યા છે. શાળાઓ, દવાખાનાઓ, અને ધર્મસબંધી સમાજો મોટા પાયાપર ચાલુ કીધાં છે, તેમજ અંગકસરત અને ખેતીવાડી માટેની શાળા પણ ખોલીછે."

હાલના વખતમા, એટલે ઇ. સ ૧૯૦૮ માં, યરૂશાલેમનુ નગર, કોટ બહાર જમીનના મોટા વિસ્તાર ઉપર પ્રસરેલું છે; મોટાં મુસાફરખાનાં, ભોજનગૃહો, દેવળો, ભંડારો વીગેરે બાંધવામાં આવ્યાં છે, પણ તેમા સૌથી પ્રખ્યાતમાં, યહુદીઓ માટે મકાનોનો સમૂહ છે.

અંદરના અને બહારના નગરમા હાલ રહેતા યહુદીઓની સંખ્યા ૪૦૦૦૦ થી ૫૦૦૦૦ ની અડસટવામાં આવે છે એટલે નગરની આખી વસ્તીનો અડધ કરતા વધારે ભાગ તેમનો છે. એ ઉપરાત તીબેરીઆસ, સફેદ, જોપ્પા અને હેબરોનના મોટાં સ્વસ્થાનો અને બીજાં કેટલાક નાનાં સ્વસ્થાનો દેશના જુદા જુદા ભાગોમા આવેલા છે. આખા પાલાસ્તાઇનની તમામ યહુદી લોકની વસ્તી ૮૦૦૦૦ માણસથી વધારેની છે એમ કહેવાય છે; એટલે બાબીલોનમાથી ઝેરૂબ્બાબેલ સાથે જે ૪૬,૬૯૭ ની સખ્યા ગઇ હતી તેના કરતાં વધારે સખ્યા તેમાં પાછી આવી ચુકી છે. (એઝરા ૨·૬૪ – ૬૫).

જરમની, ઑસ્ટ્રીઆ અને ફ્રાન્સમા યહુદી લોક વિરૂધ્ધ ખળભળાટો, અને રૂશીઆ અને રૂમાનીઆમાં તેમની ભયકર સતાવણીથી, જેમ ગરૂડ પક્ષી પોતાનો માળો હલાવે છે, તેમ આખી દુનીઆના યહુદીઓ હાલી ઉઠયા હતા. (પુનર્નિયમ ૩૨:૧૧).

સ્વદેશી આશાઓ અને અભિલાષાઓથી કરીને આખા યુરોપ અને અમેરિકામાં ઠામેઠામ, યહુદી ઇશ્વરભકત મંડળીઓ (Chovevi Zion સિયોનપર પ્રીતિ રાખનારા), અને (Shova Zion—દૂર દેશમાં જઇ થાણુા રોપનારી) મંડળીઓ સ્થપાઇ છે. જમીન ખરીદાય

છે, અને પોતાની કોમના માણસોને ટુકડે ટુકડે પાછા મોકલવા માટે, હફતાબંધ વસુલ કરવાની રૂઢીથી ઉઘરાણું કરી પૈસાની રકમ ભેગી કરાય છે.

જોપ્પાથી આગગાડીનો રસ્તો પુરો થઇ ચુકયો છે, અને નાહૂમની "ઝગઝગતી મશાલો" (નાહૂમ ૨ ૩) ની પેઠે (કે જે મશાલો, નાહૂમ ભવિષ્યવાદીના કહેવા પ્રમાણે, "પ્રભુની તૈયારીના દિવસોમા થશે.") તેની માફક આગગાડીની સડક ઉપર થઇને યરૂશાલેમ સુધી એનજીન દોડતુ જાયછે; જે સડકને આરબ લોકો ("Trek el kods ટ્રેક એલ કોડઝ) કહેછે, અને તે અર્થસૂચક રીતે હીબ્રુ ભાષાના (Derech Hakodesh – ડેરેક હેકોડેશ (એટલે પવિત્રતાનો માર્ગ) સાથે બરાબર મળતો આવેછે; અને તે પવિત્રતાના માર્ગ વિષે યશાયાહ ૩૫:૮ માં કહેવામા આવ્યુ છે.

આ ધોરી રસ્તો, જેને હીબ્રુમાં "Maslol – માસ્લોલ" કહેછે, તેની માફક તે નંખાયો છે, અને તે સિયોનમાં લોકોનાં પાછા ફરવાની ખાસ તૈયારી સુચવેછે. (યશાયાહ ૩૫ ૧૦).

બીજી રેલની સડકોની યોજનાઓ પર વિચાર ચાલેછે અથવા બાંધકામ ચાલુ થઇ ગયું છે, જેવી કે હેબ્રોન, જેરીકો, એકર, તાઇબેરીઆસ અને ડામાસ્કસ સુધીની રેલની સડકો.

તુરકી સરકારનો અંકુશ એ દેશ ઉપર ધીમેધીમે નબળો પડતો જાયછે, અને તે યહુદીઓનું રાજય થશે એમ ઘણેભાગે બોલાયછે. ત્યારે શુ આપણે એવા સિદ્ધાંત પર ન આવીએ કે, પ્રભુ હ-

મણાં (૧૦) પણ પોતાના લોકના ઉદ્ધાર માટે "બીજી વખત પોતાનો હાથ ફરીથી" લાંબો કરેછે?

"જેણે ઇસ્રાયલને વેરી નાખ્યો, તે તેને સમેટશે, ને જેમ ઘેટાંપાળક પોતાના ટોળાને, તેમ તે તેને સંભાળશે." (યિર્મેયાહ ૩૧:૧૦).

આ ઉપરાંત, હમારી પાસે બીજી ઘણી સાબીતીઓ છે. ઘણાંઓ મુસાફરીના મોટા રસ્તાઓ ઉપર આમતેમ દોડશે, અને ભવિષ્યવાણીના વચનમા ને વચનમાંજ ખંતથી શોધ કર્યા કરશે; અને બેશક તેજ, દાનીએલ ૧૨:૪ ના વાકયનો ખરો અર્થ છે; અને તેજ બીના "છેવટના વખત" ની નિશાણી છે.

તે મહાન નામની મંડળીમાં આત્મિક જીવનનો હડહડતો અભાવ, એ બીજી સાબિતિ છે

દેશ જાતિઓની વ્યાકુળ અને ગુંચવણ ભરેલી સ્થિતિ પણ તેજ સૂચવેછે, અને જેને માટે હમે કરી શકીએ એવી બીજી પણ કેટલીએક સાબિતીઓ છે, અને તે દીવસ "નજીક આવેછે." એ સત્ય વાતને તે બધી સાબીતીઓ ટેકો આપેછે. (હેબ્રી ૧૦:૨૫).

અને છેવટમા, જ્યારે આપણા પ્રભુના બીજી વખતના આવવાની વાત ભવિષ્યમા લંબાણ પર થવાની છે એમ કહેવું તદ્દન અયોગ્ય અને શાસ્ત્ર વિરૂદ્ધ છે, તેમજ તે બીનાની અમુક તારીખ મુકરર કરવી એ પણ અયોગ્ય અને શાસ્ત્ર વિરૂદ્ધ છે, અથવા તે

(૧૦) યશાયાહ ૧૧:૧૧.

પોતાની કન્યાને લેવા આવશે તે વખત ચોક્કસ કરીને મુકરર કરવો એ પણ અયોગ્ય અને શાસ્ત્રવિરૂધ્ધ છે; તોપણ જ્યારે તે (પ્રભુ) આકાશમાથી (૧૧) ઉતરશે, ત્યારે આ પૃથ્વી ઉપર પવિત્રોની ખાસ મંડળી (૧૨) હસ્તીમા હશે, અને તેઓ કહેશે કે તે બધાને ઓચિંતા ગભરાવી નાંખ્યા છે! તેના જતા રહેવા પછીની દરેક પેઢી થઇ ગઇ, તે ગમે તેવી અજ્ઞાન અને અનાત્મિક હતી, તોપણ તેમાં વિશ્વાસુ જાગૃત રહી ચોકી કરનારાઓની મંડળી હસ્તીમાં હતી.

ખ્રીસ્તના પ્રથમ આવાગમન પૂર્વે થોડી વાર ઉપર, પવિત્ર આત્માએ, જો કે તેણે દાનીયેલની મારફતે સિત્તેર અઠવાડીઆ સબંધી ચોક્કસ ભવિષ્યવાણી આપણને આપી હતી, છતા તેણે ભક્તરાજ સિમિયોનને ખાસ પ્રકટીકરણ બક્ષ્યુ હતું; તે સિમિયોન, ઇસ્રાયલના દિલાસા માટે—એટલે "પ્રભુના ખ્રીસ્તને જોયા પહેલા તું મોત નહિ દેખે" (લુક ૨ ૨૬), એ દિલાસા માટે વાટ જોતો હતો. અને આ ઉપરથી આપણને નીચેનો સવાલ પુછવાનુ કારણ મળેછે; તેજ ધન્ય આત્મા, જેણે પુરાતન વખતના સિમિયોનને (અને ઘણું કરીને વૃદ્ધ આન્નાને (૧૩) પણ) આ મહાન બીના આવી રીતે પ્રગટ કરી, તે શું કોઇ પ્રભુના વહાલાને, અથવા વિશ્વાસથી રાહ જોનારામાના કેટલાએક પસંદ કરેલાઓને એવું નહી બક્ષે કે તેમની આતુર આંખો તેનુ પ્રગટ થવું જુએ અને તેઓ

(૧૧) ૧. થેસ્સા ૪.૧૬. (૧૨) ૧. કરીંથી ૧૫:૫૧–૫૨.
(૧૩) લુક ૨:૩૬–૩૮

મરણનો સ્વાદ કદી ચાખશે નહીં ? (૧૪). તેજ પ્રમાણે હમણાં પણ, પ્રભુના દરેકેદરેક કોમના, આ દેશ અને પરદેશ બન્નેમાંના લોકોમાના ઘણાંજ ધર્મિષ્ટ અને વિશ્વાસુમાના ઘણાંઓની દ્રઢતાથી ખાત્રી થઈછે કે, પ્રભુનું આવવુ નજીક છે.

"આપણે એક બીજાને સૂબોધ કરવો જોઇએ, અને જેમ જેમ તે હ્હાડો આપણે પાસે આવતો દેખીએ, તેમ તેમ વધારે સૂબોધ કરવો જોઇએ," એવી તે પ્રેરિતની આજ્ઞાનો અમલ કરવા માટે, આ બીનાઓ, બેશક, પુરતી સાબિતીઓ છે (હેબ્રી ૧૦ ૨૫).

કેમકે, જો તે દીવસ, અથવા પ્રકટીકરણ નજીક છે, તો "પવિત્રોના આકાશગમનનો વખત" તેથી પણ વધારે નજીક છે. અને વળી ધર્મપુસ્તકના અભ્યાસીઓ અને ચુસ્ત ખ્રીસ્તીઓનો સામાન્ય ખરા અત કરણનો નિશ્ચય એછે કે, પ્રકટીકરણ દર્શાવનારા મહાન ભવિષ્યવાણીમાના સમયો લગભગ પુરા થયા છે; અને રાજનીતિજ્ઞો અને શાસ્ત્રિયકારોમાના ઘણાઓએ જે દ્રઢમત જાહેર કીધો છે, કે કોઇ મહાન બીના નજીકછે, તે ઉપરથી,

હે ચોકીદાર, રાત કેટલી ગઈ?

એ સવાલ પુછવા માટે આપણને સકારણ પ્રેરે છે.

આદમ અને હવાંના પાપ પછીથી, આ જગત હમેશ એક

(૧૪) યોહાન ૧૧:૨૬.

"અંધારૂં ઠેકાણું" (૧૫) અને યુક્તિસિદ્ધ "રાત" (૧૬) તરિકે ચાલુ રહ્યું છે. વિશ્વાસથી અને ભવિષ્યવાણીથી, વિશ્વાસુ તે દીવસની વાટ જુએછે (૧૫), તે દિવસ એટલે તે પ્રતાપી દીવસ, જે આવે છે; અને ત્યારે તારણ, જે હાલ વિશ્વાસ અને આશાથી છે (૧૭), તે તારણ તે મહાન દીવસમા તેના પૂર મહિમા અને વિજય સહિત (૧૮) પ્રગટ કરાશે (૧૯). એજ દીવસને માટે પ્રભુના લોકોના અંતકરણ દૃઢ જીજ્ઞાસાથી વાટ જુએછે.

"હે ચોકીદાર, ગત કેટલી ગઇ"?

"હે ચોકીદાર, રાત કેટલી ગઇ?"

ચોકીદારે કહ્યું; "સવાર થાય છે, ને રાત પણ આવે છે." (યશાયાહ. ૨૧:૧૧-૧૨).

વિશ્વાસુઓને માટે સવાર થશે.

અપવિત્રોને માટે રાત થશે.

ઇસુ પ્રભાતનો તારોછે. (૨૦) અને તે ન્યાયીપણાનો સૂર્ય પણ (૨૧) છે. જેઓ ફક્ત વહેલા ઉઠીને વાટ જુએ છે, તેઓજ ફક્ત પ્રભાતનો તારો જુએછે તેજ પ્રમાણે "પવિત્રોના આકાશ-

(૧૫) ૨ પીતર ૧:૧૯.

(૧૬) યોહાન ૧૫,૧૦; યોહાન ૩ ૧૯-૨૦.

(૧૭) રૂમી ૮ ૨૪-૨૫ (૧૮) ૧. કરીંથી ૨:૯.

(૧૯) ૧. પીતર ૧:૫-૭. (૨૦) પ્રકટીકરણ ૨૨:૧૬; વળી જુઓ ૨. પીતર ૧:૧૯. (૨૧) માલાખી ૪:૨.

મન વખતે " પ્રકાશિત પ્રભાતના તારાની માફક, ફકત ખરી અને વિશ્વાસુ મંડળીજ ખ્રીસ્તને જોઇ શકશે.

પ્રકટીકરણ વખતે ઇસ્રાએલ તથા આખી દુનીયાને, તે ન્યાયી-પણાના દીકરા તરિકે દેખાશે.

પાઊલપ્રેરિતે જ્યારે લખ્યું હતું, કે "રાત ઘણી ગઇ છે, અને દિવસ પાસે છે," ત્યારે રાતની ચાળીસ કરતા પણ વધારે ઘડીઓ વીતી ગઇ હતી. (રૂમી ૧૩ ૧૨). અને બેશક, જ્યારે ચાર પછીથી અઢાર સદીઓ વીતી ગઇ છે, ત્યારે હવે લગભગ સવાર નો વખત થયલો હોવો જોઇએ.

અરે! ત્યારે વહાલા વાચનાર, "ત્યારે આપણે જે દહાડાના છીએ, તે સાવધાન થઇએ, અને વિશ્વાસ તથા પ્રેમનુ બખતર ને તારણની આશાનો ટોપ પહેરીએ. કેમકે દેવે આપણને કોપને સારૂ નહિ, પણ આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તથી તારણની પ્રાપ્તિને સારૂ આપણને ઠરાવ્યાછે" (૧. થેસ્સા ૫:૮, ૯) તેથી કરીને "બીજાઓની પેઠે આપણે ઉંઘવુ નહિ. પણ આપણને જાગતા અને સાવધાન રહેવા ગ." (૧. થેસ્સા ૫:૬).

એક પ્રિયબંધુ હમને નીચે મુજબ લખેછે

"બીજાં આવાગમનની સત્યતા સ્વિકારવાને રાજી છે એવા ઘણા લોકો મને મળેછે, પણ સામાન્ય રીતે તેઓ સંકટમાંથી પસાર થતા હોયછે અથવા પ્રભુની ઘણીજ નજદીકમાં રહેતા હોય તેઓ છે. જેઓ આ જગતના સારી રીતે લાલસાથી તૃપ્ત થયલા પ્રદેશોમાં મઝા કરેછે, તેઓ તો તે જાગીરના માલીકને જોવા સ-

પંખી બીલકુલ દરકાર સરખી પણ કરતા જણાતા નથી. પણ તે આવશેજ હાલેલુયા ! તે આવશેજ. હા! તે આવનાર છે. કન્યા જે વર રાજાને ઓળખેછે અને વિશ્વાસુ છે, તે કહેછે કે "તે આવેછે." ઓ પ્રભુ ઇસુ, તું આવ, આવ! આવ!! આવ!!! આવ!!!! આ બિચારી શ્રાપિત સૃષ્ટિની આતુર અપેક્ષા "તુ આવ" એમ કહેછે. પ્રભુનો ઉપકારસ્તુતિ થાઓ. તે બોલે છે, કે,

હા, હું ખચિત વહેલો આવુંછું" (પ્રકટીકરણ ૨૨ ૨૦).

"પ્રભુ, હુ તારે માટે વાટ જોઉંછું, ઓ પ્રભુ! તારી સૌંદર્યતા જોવા માટે, તથા તારા પાછા આવવા માટે, તારી વાટ હુ જોઉ છુ.

ઓ પ્રભુ! જગ્યા તૈયાર કરવા માટે તું ત્યાં ગયોછે; હું તારા પાછા આવવાની વખતે તારા સ્થાનમાં ભાગ લઇશ.

ઓ પ્રભુ, હું વારવાર અહિ સંકટ અને ભયમા થાકી ગયલો છુ; તારા પાછા આવવાનો સમય હવે નજીક હોવો જોઇએ.

ઓ પ્રભુ જ્યારે તુ દુર હોયછે, ત્યારે ઓ પ્રભુ, હું ઠોકર ખાઉંછું ને ભુલો પડુંછું; અરે! તારા પાછા આવવાના દીવસને જલદીથી વહેલો લાવ."

"જે દાસોને ધણી આવીને જાગતા જોશે, તેઓને ધન્ય છે; હું તમને ખચિત કહુંછું કે, તે પોતાની કમર બાંધીને તેઓને જમવા બેસાડશે, ને આવીને તેઓની સેવા કરશે." (લુક ૧૨:૩૭).

"મારા આવતા સુધી રોકી રાખો."

પ્રભાતને માટે વાટ જોવી. (પ્રકટીકરણ ૧૯:૭).

" આખી જગતમાં, કોઇ મહેલ કે ઝુંપડાનુ એક પણ છાપરૂં ેવું નથી; કે જેની નીચે પોતાના ભાવિને માટે તદન નાહિમ્મત ઇ ગયલુ કોઇ દુ ખીઆરૂ અંત:કરણ સંતાઇ રહેલું નહોય, પૃથ્વી ખ અને આંસુઓમા ગરકાવ થઇ ગઇ છે, અને તેની આસ- ાસ વધારે ને વધારે અંધકાર વિટળાતો જાય છે; અને પ્રભુ ઇસુ ાવે ત્યાંસુધી તેના સાજા કરવાના ઇલાજ તરીકે કોઇ પણ શાન્તિ ક ઔષધ કે લેપ નથી "

" અરે પ્રભાત, જ્યારે ઉષ્ણકાળના એક પક્ષીની માફક, મારો ાત્મા છુટો થઇ જતો રહેશે–જ્યારે તુ જેવો છે તેવો હું તને ોઇશ, અને, ઓ મારા પ્રભુ! તારા જેવો હુ થઇશ! તારા જેવો! ારા જેવો! તદન ડાઘ વગરનો શ્વેત–આ અત કરણ અને આ મનો- ક્ષા, તારા જેવી, અરે પ્રભુના પ્રેમ! અરે ખ્રીસ્તનાં રક્ત, અરે ઇ- ્વરી કૃપા અને શક્તિ!"

"મારો તારનાર, જે આકાંક્ષાવાળા આત્માને લાગતી તરસની ૃતિ જાણેછે,–અરે વરરાજા, હવે આટલે બધે દુર તારા રથના ડાઓને શામાટે ઉભા રાખી અટકાવેછે? આખો દુ ખથી આ- લી બધી ઝાખી કોઇ વખત થઇ હતી કે? અને ફીકરથી કોઇની ાતીઓ આટલી બધી સકટ પામી હતી કે? હવામાથી તારૂ ધીમે- ીમે બોલવાનું સાભળવા માટે અંત કરણો કદી આટલા બધાં આ- ુર હતા કે"?

" ઓ નિરાધાર અનાથ, તારૂ માથુ ઉચું કર, અને મીજ- ાની ને માટે તૈયારથા; જેણે લાંબો વખત સુધી વિલંબ કર્યો છે,

તે નજીક છે-પૂર્વ બાજુમાં તેનો ઉજાશ દેખાય છે ! ઓ પ્રભાતના તારા, તારા પસંદ કરેલાને દોરી લઇ જવાને આટલો બધો વહેલો (ઉગ). ઓ ન્યાયીપણાના સૂર્ય, તે નિરંતર દીવસને લાવ" !

"ઉદ્ધાર પાસે આવ્યો છે."

(લુક. ૨૧:૨૮).

" મારો જીવ મહોત્સવના ગીતને માટે પોકારી રહ્યો છે ! મારા અંતઃકરણમા આનંદ છે, મારી જીભ વડે તારા વખાણ મને કરવા દે; કેમકે હું જાણું છું, કે જોકે મિસર દેશનું અંધારૂં હજી નીચે પ્રસરતુ જાય છે, તોપણ છુટકારા પહેલાનો વખત યુગો જેવો લાંબો નથી, પણ કલાકો જેવો લાંબો છે. "

" કિનારો હજી દૃષ્ટિ ગોચર થયો નહોય, તોપણ ખલાસીઓ "જમીનના થોડા ઘણા દેખાવથી" કીનારો પાસે છે એમ જાણે છે; તેજ પ્રમાણે જેઓ સાંભળવાને માટે પોતાનો કાન ધ્યાનપૂર્વક ધરશે, ને જે ધીમો અવાજ, તે પાસે છે, એમ આપણને કહે છે, તે ધીમો અવાજ તે સાંભળી શકશે. "

"તે નજીક છે—અને જે નિશાણીઓ કરી બતાવવાને તારાઓને તેણે આજ્ઞા આપી છે, તે નિશાણીઓ તારાઓ પોતાના માર્ગમાં તૈયાર કરે છે. ! જગત પોતાના ગુનામાં શુષ્કવદન અને ભયંકર થતું જાય છે, અને તેનો અન્યાયનો પ્યાલો ટોચ સુધી ભરાઇ ગયોછે" !

" બોસ્પરસના કીનારા ઉપર આટલી લાંબી મુદત થયા તે શ્રાપ રહેલો છે.— અને તેણી, કે જે ટાઇબરના ગંદા મોજા ઉપર રાણી

થઇને બેઠી છે—અને દુષ્કાળ અને મરકી પણ સાક્ષીઓનાં ટોળાંમાં છુપાઇ છુપાઇને ચાલે છે અને સાહેદી પુરેછે કે પ્રભુ નજીકમાં છે."

"અરણ્યના દુષ્કાળનો યુગ આખરે પુરો થયો છે, અને પાછોતર વરસાદના ભણકારા પૃથ્વીના હજી ધિક્કારાયલા પ્રદેશને ફરીથી ખુશી કરે છે; પણ હમણાં પણ જે પગો જૈતુન પર્વતના શિખર ઉપર ઉભા રહેશે, તેને માટે તૈયારી કરે છે"

"અને ત્યા દેશજાતિઓ પૂર્વ અને પશ્ચિમથી, તેમજ સૂર્યના પ્રદેશોમાંથી, એકઠી થવા માડી છે, કેમકે દેશજાતિઓના સમયોએ તેમની જરૂરીઆતોનો જવાબ આપ્યો છે, અને ઇસ્રાયલના વંશ તરફ સીસોટીનો અવાજ જઇ પહોચ્યો છે."

"પ્રાચિનકાળમાની માફક જગત કાંઈ પણ ભવિષ્ય ભાખી શકતી નથી—અને ફરીથી કહેવાય છે કે વિશ્વાસુઓ નવા દાક્ષારસથી ભરપુર થયલા છે—કેમકે તેઓ ચેતવણીઓને સાંભળ્યા વગર અગર તેમના પર લક્ષ આપ્યા શિવાય તેમને પસાર થવા દે છે, અને હેરોદની માફક, તેના વચનની સામે થવામા તે વચનનો પુરે પુરો અમલ કરે છે."

"ત્યારે ઓ દેવની નિશાણીઓ, તમને આવકાર છે, ત્રણ વખત આવકાર છે! તેના આવાગમન શિવાય બીજી કઇ વાત હમને આશ્વાસન આપી શકે? ખુદ તેની હાજરી શિવાય બીજી કોની હાજરી આ બદીવાન પૃથ્વીને છુટી મુકી શકે? અરે! પ્રભાતના તારા, હમારી આશા તારામા છે."

("પ્રભાત માટે રાહજોવી" અને બીજાં કાવ્યોમાંથી)

પ્રકરણ એકવીશમું.

યુગોની રચના.

ઇશ્વરનિયુક્ત વિધિની કાળક્રમાનુસાર ગોઠવણ, અને ધર્મ-પુસ્તકની તવારીખમાંની કેટલીક મૂખ્ય બીનાઓને ઉદાહરણ સહીત સમજાવવાના હેતુથી નીચેની આકૃતિ આપવામાં આવેલી છે.

કાળના, વરસ, માસ અને દિવસોમાના વિભાગ, પૃથ્વી અને ચદ્રની ગતીથી મુકરર કરવામા આવે છે. ધર્મપુસ્તક અને શાસ્ત્રમા "સૈકો, કે, સદી" એ સજ્ઞા વાપરવામા આવી નથી. પણ વરસથી (એટલે સબ્બાટીક વરસ અને જુબીલી વરસ) મોટા માપના કાળના મોટા વિભાગને ગ્રીક ભાષામા Aion (એટલે યુગ)ની સંજ્ઞા આપી છે; એ ગ્રીક ભાષામાની સજ્ઞાને મળતી ઇંગ્રેજી ભાષામાં " Eon " (યુગ) સજ્ઞા છે, અને તેના ઉપરથી ઇંગેજી ભાષામાંનો હાલનો શબ્દ "Age" (કાળ) ઉત્પન્ન થયેલો છે. નવા કરારમાં એ શબ્દ ૧૨૪ વખત વપરાયલો છે અને તેનો તરજુમો આઠ જુદા જુદા ઇંગ્રેજી શબ્દોથી થયલો છે. જેમકે " યુગ " એટલે "જગત" એ અર્થ ૩૫ વખત નીચે મુજબ કરવામાં આવેલોછે:-

માત્થી ૧૨.૩૨; ૧૩:૨૨; ૧૩ ૩૯; ૧૩:૪૦; ૧૩:૪૯; ૨૪:૩; ૨૮ ૨૦.

માર્ક—૪:૧૯; ૧૦:૩૦.

લુક—૧·૭૦; ૧૬:૮, ૧૮:૩૦; ૨૦.૩૪, ૨૦:૩૫.
યોહાન—૯ ૩૨.
પ્રેરિતોનાં કૃત્ય—૩:૨૧; ૧૫:૧૮.
રૂમી—૧૨ ૨
૧ કરીંથી—૧·૨૦; ૨:૬, ૨:૭; ૨:૮; ૩:૧૮; ૮.૧૩; ૧૦:૧૧.
૨ કરીંથી—૪:૪.
ગલાતી—૧ ૪.
એફેસીઓ—૧:૨૧; ૩:૯, ૩·૨૧.
૧. તીમોથી—૬.૧૭.
૨. તીમોથી—૪:૧૦.
તીતસ—૨:૧૨.
હેબ્રી—૬:૫.

"જગતો," બે વખત, (હેબ્રી ૧:૨ અને ૧૧.૧૩).

"જગતના ધોરણુ," એક વખત, (એફેસીઓ ૨:૨).

"આકાશી જગ્યાઓ, અનંત," બે વખત, (એફેસી ૩ ૧૧, અને ૧. તીમોથી ૧ ૧૭).

"સર્વકાળ સુધી," એક વખત. (એફેસીઓ ૩:૨૧).

"યુગો" બે વખત, (એફેસીઓ ૨·૭ અને કલોસીઓ ૧:૨૬).

"સર્વકાળ સુધી, કદી, સદા," ૩૦ વખત -

માત્થી—૬ ૧૩, ૨૧:૧૯.
માર્ક—૧૧:૧૪.

લુક—૧ ૩૩; ૧ ૫૫.
યોહાન—૬:૫૧; ૬:૫૮; ૮:૩૫; ૮:૩૫; ૧૨ ૩૪; ૧૪:૧૬.
રૂમી—૧ ૨૫, ૯ ૫, ૧૧.૩૬; ૧૬:૨૭.
૨ કરીંથી—૯ ૯.
હેબ્રી—૫.૬, ૬ ૨૦, ૭ ૧૭, ૭:૨૧; ૭ ૨૪; ૧૩:૮.
૧. પીતર—૧ ૨૩, ૧ ૨૫.
૨. પીતર—૨:૧૭; ૩:૧૮.
૧. યોહાન—૨ ૧૭.
૨. યોહાન—૨.
યહુદા-૧૨,૨૫.

"કદી નહી."—સાત વખતઃ-

માર્ક—૩ ૨૯.
યોહાન—૪ ૧૪; ૮:૫૧; ૮ ૫૨; ૧૦ ૨૮; ૧૧ ૨૬; ૧૩:૮.

"સદાકાળ સુધી," ત્રણ વખત—૨ કરીંથી. ૧૧:૩૧; હેબ્રી ૭:૨૮, પ્રકટીકરણ ૧:૧૮.

'સદા સર્વકાળ સુધી," ૨૧ વખતઃ-

ગલાતી—૧:૫.
ફિલિપી ૪:૨૦.
૧. તીમોથી ૧ ૧૭.
૨. તીમોથી—૪:૧૮.
હેબ્રી ૧:૮, ૧૩ ૨૧.
૧ પીતર—૪ ૧૧, ૫ ૧૧.

પ્રકટીકરણ—**૧:૬**, ૪:૯; ૪:૧૦, ૫:૧૩, ૫ ૧૪; ૭:૧૨, ૧૦:૬; **૧૧:૧૫; ૧૪:૧૧, ૧૫:૩; ૧૯:૫, ૨૦:૧૦; ૨૨:૭.**

અથવા ૪૨ વખત, કેમકે ઉપરના ૨૧ વાકયોમાના દરેકમાં તે **બબ્બે વખત** વપરાયલો છે; અને હેબ્રી ૧:૮ શિવાય, દરેક વાકયમાં તે બહુવચનમા વપરાયલો છે.

નિચેના વાકયમા પણ તે **બહુવચન રૂપે** વપરાયલો છે:-

લુક ૧:૩૩.

રૂમી ૧:૨૫, ૯.૫, **૧૧:૩૬**, ૧૬ ૨૭.

૧. કરીથી ૨:૭, ૧૦:૧૧. **૨. કરીંથી** ૧૧:૩૧.

એફેસીઓ ૨ ૭, ૩ ૯, **૩ ૧૧**, ૩:૨૧. કલોસીઓ ૧ ૨૬.

૧. તીમોથી ૧·૧૭.

હેબ્રી ૧:૨, ૯ ૨૬, ૧૧ ૩, ૧૩.૮.

યહુદા ૨૫.

વાચનાર જો આ વાકયો સભાળપૂર્વક તપાસશે, અને તેમાંના શબ્દને બદલે અસલ શબ્દ "યુગ અથવા યુગો (Aion અથવા Aions)" મુકશે, તો તેને એકદમ જણાશે કે "સ્થૂલ જગત, અથવા જડ જગત" દર્શાવવા માટે તે શબ્દ વપરાયલો નથી, પણ "કાળના માપ" તરિકે વપરાયલો છે

"તેને માફ નહિં કરાશે; આ યુગમા પણ નહિ, ને આવનાર યુગમા પણ નહિ."—(માત્થી ૧૨:૩૨).

"કાપણી જગતનો અત છે—તેમ આ જગતને અંતે થશે."-(માત્થી ૧૩.૩૯-૪૦).

"હવેથી તારા પર કદી ફળ ન લાગો" (માત્થી ૨૧:૧૯).

"તારા આવવાની તથા જગતના અંતની શી નિશાણી થશે." (માત્થી ૨૪ ૩).

"તેને માફી કદી મળશે નહિ; પણ તેને માથે અનંત કાળના* પાપનો દોષ રહે છે." (માર્ક ૩:૨૯).

"પણ આવતા કાળમાં અનત જીવન તે પામશે." (માર્ક ૧૦ ૩૦).

---

* "અનંતકાળના" એ વિશેષણ ૭૦ વખત નિચે પ્રમાણે વપરાયલુ છે.

માત્થી ૧૮:૮; ૧૯.૧૬, ૧૯:૨૯; ૨૫:૪૧, ૨૫:૪૬. **માર્ક** ૩:૨૯; ૧૦:૧૭; ૧૦:૩૦. **લુક** ૧૦ ૨૫, ૧૬:૯; ૧૮:૧૮; ૧૮.૩૦. **યોહાન** ૩ ૧૫; ૩,૧૬; ૩ ૩૬, ૪.૧૪; ૪:૩૬, ૫:૨૪, ૫:૩૯; ૬:૨૭; ૬:૪૦; ૬.૪૭; ૬:૫૪; ૬ ૬૮; ૧૦.૨૮; ૧૨ ૨૫; ૧૨:૫૦, ૧૭ ૨; ૧૭ ૩. **પ્રેરિતોનાંકૃત્ય** ૧૩:૪૬; ૧૩:૪૮. **રૂમી** ૨ ૭, ૫:૨૧; ૬ ૨૨; ૬ ૨૩; ૧૬:૨૫; ૧૬:૨૬. **૨. કરીંથી** ૪.૧૭, ૪.૧૮, ૫ ૧. **ગલાતી** ૬,૮. **૨. થેસ્સા** ૧ ૯; ૨.૧૬ **૧. તીમોથી** ૧ ૧૬; ૬:૧૨; ૬:૧૬; ૬:૧૯. **૨. તીમોથી** ૧:૯; ૨.૧૦. **તીતસ** ૧:૨; ૩:૭. **ફિલિમોન** ૧૫. **હેબ્રી** ૫:૯; ૬ ૨, ૯:૧૨, ૯:૧૪; ૯.૧૫; ૧૩:૨૦. **૧. પીતર** ૫:૧૦. **૨. પીતર** ૧:૧૧. **૧ યોહાન** ૧:૨; ૨:૨૫, ૩:૧૫, ૫:૧૧; ૫.૧૩; ૫:૨૦. **યહુદા** ૭; ૨૧. **પ્રકટીકરણ** ૧૪:૬.

" સર્વકાળ " એટલે યુગો સુધી (લુક ૧:૩૩; રૂમી ૧:૨૫; ૯:૫, ૧૧:૩૬; ૨. કરીથી ૧૧:૩૧; હેબ્રી ૧૩:૮).

" સદા " એટલે યુગ સુધી. (લુક. ૧:૫૫; યોહાન ૬ ૫૧-૫૮; ૮:૩૫, ૧૨:૩૪; ૧૪:૧૬; ૨. કરીથી ૯:૯; હેબ્રી ૫ ૬; ૬ ૨૦; ૭:૧૭, ૨૧, ૨૪, ૨૮, ૧. પીતર ૧:૨૫; ૧ યોહાન ૨;૧૭; ૨. યોહાન ૨; યહુદા ૧૩).

" કેમકે આ જગતના દીકરા .....અજવાળાના દીકરા કરતાં હોશિયાર હોય છે. "—(લુક ૧૬ ૮).

" આ જગતના છોકરા પરણે છે .....પણ જેઓ તે જગતને તથા મુએલાંમાંથી પુનરૂત્થાન પામવાને યોગ્ય ગણાય છે, તેઓ પરણતા નથી તથા પરણવાતા નથી. " (લુક ૨૦ ૩૪–૩૫).

" તેને કદી તરસ નહિ લાગશે. " (યોહાન ૪:૧૪).

" કદી નહિ. " (યોહાન ૮.૫૧–૫૨; ૧૦:૨૮; ૧૧:૨૬; ૧૩:૮, ૧ કરીથી ૮:૧૩).

" પ્રભુ જે દુનિયાના આરંભથી એ વાતો પ્રગટ કરે છે. " (પ્રેરિતોનાં કૃત્ય ૧૫:૧૮).

ત્રણ વાકયોમાં એટલે રૂમી ૧૬ ૨૫ (સનાતનકાળ), ૨. તીમોથી ૧,૯ (અનાદિકાળથી) અને તીતસ ૧:૨ (અનાદિકાળથી) એ અર્થમાં એ શબ્દ વપરાયવો છે; તે શિવાય બધા વાકયોમા તેનો તરજુમો "સદા, સર્વકાળ, અનંતકાળનું, હમેશનું" એવો કરવામાં આવેલો છે.

"તે એકલા જ્ઞાની દેવને, ઇસુ ખ્રીસ્તને આસરે, સર્વકાળ સુધી મહિમા થાઓ." — (રૂમી ૧૬.૨૭).

. "આ કાળનું જ્ઞાન નહિ, તથા આ કાળના અધિકારીઓનું પણ નહિ......પણ......ગુપ્ત રખાયલું જ્ઞાન, યુગોથી અગાઉ, દેવે આપણા મહિમાને સારૂ ઠરાવ્યું હતું .... તેની વાત હમે બોલીએ છીએ." — (૧. કરીથી ૨૬–૭)

"આપણા બોધને સારૂ તે લખ્યું છે, જેઓના ઉપર કાળોનો અંત આવ્યો છે." — ૮૧ કરીંથી ૧૦:૧૧)

"જેઓમા આ જગતના દેવે." (૨. કરીંથી ૪:૪).

"જેણે આપણાં પાપને સારૂ પોતાને આપ્યો, એ માટે કે દેવ......આ ભુંડા જગતથી આપણને છોડાવે." —(ગલાતી ૧:૪ .

"કેવળ આ કાળમાં નહિ, પણ ભવિષ્યકાળમા." (એફેસીઓ ૧ ૨૧).

• "આવતા યુગોમાં." (એફેસીઓ ૨:૭).

"તેનામાં યુગોથી ગુપ્ત રહેલો મર્મ." (એફેસીઓ ૩ ૯).

"સનાતન કાળનો ઇરાદો." (એફેસીઓ ૩:૧૧).

"તેને ખ્રીસ્ત ઇસુમાં તથા મંડળીમાં સર્વકાળ સુધી પેઢી-દર પેઢી મહિમા થાઓ." (એફેસીઓ ૩:૨૧).

"હવે સનાતન યુગોના રાજા" (૧. તીમોથી ૧:૧૭).

"દેમાસ હાલના જગત પર પ્રેમ કરીને મને મુકીને ગયો (૨. તીમોથી ૪:૧૦).

"જેનાથી જગતોને પણ ઉત્પન્ન કીધાં છે." (હેબ્રી ૧:૨).

"ઓ દેવ, તારૂં રાજ્યાસન સદા સર્વકાળ છે." (હેબ્રી ૧:૮).

"અને......આવનાર યુગમાના પરાક્રમનો અનુભવ લીધો." (હેબ્રી ૬:૫).

"પણ છેલ્લા કાળમાં તે એકવાર." (હેબ્રી ૯:૨૬).

"વિશ્વાસથી આપણે જાણીએ છીએ કે દેવના શબ્દથી (૧) જગતો ઉત્પન્ન થયા" (ગોઠવાયાં).

"હમણાં તથા સર્વકાળ સુધી" (૨. પીતર ૩:૧૮).

"હમણા તથા સર્વકાળ સુધી" (યહુદા ૨૫)

"તેઓની પીડાનો ધુમાડો સદા સર્વકાળ સુધી ઉંચો ચઢેછે." (પ્રકટીકરણ ૧૪:૧૧).

"તેનો ધુમાડો સદા સર્વકાળ ઉચે ચઢેછે." (પ્રકટીકરણ ૧૯:૩).

"રાત દહાડો સદા સર્વકાળ સુધી તેઓ પીડા પામશે." (પ્રકટીકરણ ૨૦:૧૦).

"તેઓ સદા સર્વકાળ સુધી રાજ્ય કરશે." (પ્રકટીકરણ ૨૨:૫).

ધ્યાન રાખો કે ઉપરના વાકયોમા "યુગ" એકવચનમાં "યુગો" બહુવચનમાં, "યુગોનો યુગ" (એટલે ઘણા યુગો મળીને થયલો એક મોટો યુગ) અને "યુગોના યુગો" નુ વિ. શેષ રૂપ, એ રીતે એ શબ્દ વપરાયલો છે.

(૧) હેબ્રી ૧૧ ૩.

યુગનો છેડો હોયછે (જુઓ માત્થી ૧૩ ૩૯, ૪૦, ૪૯; ૨૪:૩; ૨૮:૨૦), અને એકની પછી બાજો યુગ આવેછે (જુઓ માત્થી ૧૨:૩૨; માર્ક ૧૦.૩૦; લુક ૧૮:૩૦ અને ૨૦ ૩૫, એફે-સીઓ ૧:૨૧), તો તેજ પ્રમાણે યુગનું મંડાણ એટલે શરૂઆત પણું હોવું જોઇએ. એક યુગનો છેડો અને બીજા યુગની શરૂઆત બન્ને એક્ક્રી વખતે અને સાથેજ આવેછે, અને તેથી કરીનેજ પાઉલે (૧. કરીંથી ૧૦ ૧૧ માં) કહ્યું છે કે "આપણા ઉપર કાળોનો અંત આવ્યો છે." ભુતકાળમા (૨) ઘણા યુગો થઇ ગયાછે અને ભવિષ્યકાળમાં (૩) ઘણા યુગો થશે.

ઇસુ, સનાતન યુગોનો (૪) રાજા છે, અને ઇશ્વરી રચના પ્રમાણે તે તમામ (જગતો) દેવથી (૫) બનેલાં છે. [જુઓ ગ્રીક ભાષ્યમાં "સર્વ કાળનો ઇરાદો અથવા રચનાઓ" (૬)].

• તે આકૃતિનો ઉદ્દેશ, આ અનંત રચના જેમાં સાત યુગો બતાવેલા છે, તેના સૂક્ષ્મ ભાગનું વિવરણ કરવાનો છે.

મધ્યબીંદુમાંથી નીકળતી આડી લીટીઓ વસ્તીનો થતો વધારો દર્શાવે છે, અને તે વસ્તીની સંખ્યા જળપ્રલય વખતે એકાએક ઘટી જઇને આઠ માણસની થઇ જાય છે; અને તે વસ્તી

---

(૨) કલોસીઓ ૧.૨૬. (૩) એફેસીઓ ૨:૭.

(૪) ૧. તીમોથી ૧:૧૭. (૫) હેબ્રી ૧:૨; વળી જુઓ, હેબ્રી ૧૧:૩. (૬) એફેસીઓ ૩:૧૦ – ૧૧.

હાલની ઇશ્વરનિયુકત વિધિને (૭) અંતે ફરીથી ઘણીજ ઘટી જવાની છે.

૧. એદન, જે નિર્દોષતાનો યુગ છે, તેને અંતે કાઢી મુકવાની સ્થિતિ આવે છે.

૨ જળપ્રલય પહેલાંનો એટલે સ્વતન્ત્રતાનો યુગ (અંતઃકરણ એજ ફક્ત મર્યાદા છે), તેને છેડે જળપ્રલય આવેછે, અને તેથી જગતની વસ્તી ઘટીને આઠ માણસની થાયછે, અને તે આઠમાં નુહ અને તેનુ કુટુંબ છે. આ યુગમા મંડળીના આકાશગમનની પેઠે, હનોખને આકાશમા ખેંચી લેવામા આવેછે.

૩ – જળપ્રલય પછીનો, એટલે રાજ્યનો યુગ, એમા માણસ રાજય સબધી સત્તાના કાબુ નીચે મુકાય છે (૮); અને તેને અંતે સદોમનો નાશ થાય છે.

૪ – કુળપતિ એટલે મુસાફરનો યુગ (૯), જેને છેડે ફારૂન રાજા અને તેના સૈન્યનો સુફ સમુદ્રમાં નાશ થાયછે.

૫ – મુસાનો એટલે ઇસ્રાયલોનો યુગ, જેને છેડે વધસ્તંભ ઉપર મારી નાખવાનુ તથા યરૂશાલેમનો નાશ થાય છે. એ યુગમા, એલીયાહ આકાશગમનનો બીજો નમુનો છે.

(૬) ખ્રીસ્તી, એટલે મર્મનો યુગ, જેને છેડે મહાન વિપત્તિ

(૭) પ્રકટીકરણ ૯ ૧૮, વળી જુઓ, ઝખાર્યાહ ૧૩:૮; ૧૪: ૧૨ – ૧૩, પ્રકટીકરણ ૧૪ ૧૮ – ૨૦; ૧૯:૧૯ – ૨૧.

(૮) ઉત્પત્તિ ૯ ૫ – ૬. (૯) હેબ્રી ૧૧:૧૩.

આવશે (૧૦); તથા પ્રભુનું આવવું થશે; અને દેશજાતિઓનું ન્યાયીકરણ (૧૧), અને દુનિયાની વસ્તીમાં ફરીથી મોટો ઘટાડો થશે. આ યુગમાં યહુદીઓને તમામ દેશજાતિઓમાં . વિખેરી નાંખવામા આવશે (૧૨).

૭. સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનો યુગ, એટલે પ્રગટ થવાનો યુગ (રૂમી ૮:૧૯); અને તેને છેડે શેતાનની છેલ્લી છેતરપિંડી અને મહાન શ્વેત રાજ્યાસન (૧૩) આગળનું ન્યાયકરણ.

આ પછી નવાં આકાશો અને નવી પૃથ્વી આવે છે, કે જેમાં ન્યાયીપણું વસે છે (૧૪), અને તે ઘણુંકરીને કાળોની બીજી શ્રેણીનો આરંભ છે. કેમકે ઉપરના સાત યુગો મળીને યુગોનું એક અઠવાડીઉ થાય છે, અને એફેસીઓ ૩.૨૧ માંના "યુગોનો યુગ"ની સાથે તે અઠવાડીઉ મળતુ આવે છે; અને તે "યુગોનો યુગ," આવા સાત યુગો એકઠા મળીને એક મહાન યુગ થયલો છે; અને (લેવીય ૨૫:૮-૧૧) ઇસ્રાયલને માટે નિર્માણ થયલાં વર્ષોના અઠવાડીઆની માફકજ, આ "યુગોના યુગ" શબ્દને મળતા બીજા મહાન યુગો તેની પાછળ થવાના છે. (જુઓ ગલાતી ૧:૫ અને બીજા ઉપર ટાંકેલાં વાક્યો). કદાચ પચાસમો યુગ તે લેવીય. ૨૫.માં

(૧૦) માથ્થી ૨૪:૨૧. (૧૧) માથ્થી ૨૫:૩૧-૩૨.

(૧૨) આમોસ. ૯:૯, લુક ૨૧:૨૪. (૧૩) પ્રકટીકરણ ૨૦:૧૧; ૧૨-૧૫. (૧૪) યશાયાહ ૬૫.૧૭, ૨. પીતર ૩.૧૩; વળી યશા-૬૬'૨૨; પ્રક. ૨૧:૧.

કહેલી જુબાલી પણ હોય, અને ત્યાર પછી "યુગોના યુગો" થશે. આકૃતિનો નીચેનો ભાગ જુઓ.

પણ, કોઇ એકના કહેવા મુજબ, જો યુગો એવા સમયો હોય, કે જેનુ માપ થઇ શકે, તો પછી બધા યુગોનું માપ થઇ શકશે; અને તેમ થાય ત્યારે તો અપવિત્રોની (૧૫) દીલગીરીનો અંત આ-વશે, તેમજ બલવાન અને તેના પવિત્રોના (૧૬) મહિમા અને રાજ્યનો પણ અંત હોઇ શકશે પણ, વહાલાઓ, તેમ નથી! કેમકે અનાદિતા અથવા અનંતતા વિષે જે શ્રેષ્ટમા શ્રેષ્ટ ખ્યાલ આપણ મૃત્યુ લોકને હોઇ શકે તે ફક્ત તે કાળના નિરંતર માપનો ખ્યાલ હોયછે; અને "યુગોના યુગો" એ અનિશ્ચિત શબ્દથી ઉપરનોજ વિચાર મનમાં ઉત્પન્ન થાયછે.

આકૃતિ ઉપરથી જણાશેકે આ યુગો સરખી મુદતના નથી, પણ દરેકયુગ મનુષ્યજાત સાથે દેવના વહેવારની રીતમાનો ફેરફાર દર્શાવેછે. ઘણું કરીને ભૂતકાળના યુગો એટલે જુના કરારમાંના યહુદીઓના "ઓલામો" પૃથ્વીના ભૂરચનાના કાળચક્રો, અને જગતની ખીલવણી થવામાં જે જુદા જુદા જમાનાના સમયો થઇ ગયાછે તે દર્શાવેછે. અને ભુતકાળમા જેમ સૃષ્ટીનો નિયમસર ઉકેલ અને પેદા કરનારનું પ્રકટીકરણ થવા પામ્યા છે, તેમજ ભવિષ્ય પણ તેવુંજ થશે એટલે અનંતકાળના નામથી ઓળખાતો અનંત યુગ જેવો નહિ પણ યુગોનો અનંત ઉત્તરોત્તર ક્રમ

(૧૫) પ્રકટીકરણ ૧૪:૧૧; પ્રકટીકરણ ૨૦:૧૦.

(૧૬) પ્રકટીકરણ ૧ ૬, પ્રકટીકરણ ૧૧ ૧૫, પ્રકટીકરણ ૨૨:૫.


જેવો થશે કે જેનુ માપ બેસુમાર કાળ મર્યાદાના સમય મા થશે કાળ એ અનાદિતાનું માપ છે અને અનાદિતા એ કાળનું કાયમનું રહેલું પરિમાણ છે. દાખલા તરિકે એકવારની કાઠીલો, અને તેનું માપ ફક્ત ત્રણ ફુટ થાય છે. પણ તે કાઠી વારવાર ફરીફરીને ઉપાડીને, આગળ આખી પૃથ્વીને ફરતી તેથી ભરશો, તે ઠેઠ ચદ્ર, સૂર્ય, તારાઓ અને છેક દૂરના વાદળ સરખા દેખાતા તારાઓના સમૂહ, તથા કલ્પનાની તમામ હદ સુધી તે કાઠીથી ભર્યા કરશો, તો તે નાની કાઠી ઠેઠ અદૃષ્ય શૂન્ય સ્થાન સુધી ચાલી જશે. તેજ પ્રમાણે ધર્મશાસ્ત્રના યુગોની શ્રેણીનું માપ પણ અનતકાળથી થાય છે.

હાલના યુગના આરંભની બીનાઓ, જેવીકે–આપણા પ્રભુનું વધસ્તભ ઉપર મારી નંખાવુ, તથા તેનું આકાશમાં જવું, અને પવિત્ર આત્માનુ નીચે ઉતરવું – એ બીનાઓ સારી રીતે સમજવામા આવી છે. હવે એ યુગને અંતે થવાની બીનાઓની રચનાથી

• "અંતનો કાળ"

થાય છે; અને તે ટુંકામાં નીચે મુજબ છે —સદ સહિત પ્રભુનું નીચે ઉતરવુ, જેઓ ઇસુમા ઉંઘેછે તેમનું પુનરૂત્થાન, જે વિશ્વાસુઓ જીવતા છે તેમનું એક ક્ષણમા બદલાઇ જવુ (૧. કરીંથી. ૧૫), તેઓનુ આકાશગમન અથવા ગગનમાં પ્રભુને મળવા સારૂ તેમનું આકાશમા તણાઇ જવું, (૧ થેસ્સા ૪ ૧૩ – ૧૮), દેવના હલવાન એટલે રાજાના દીકરાના લગનજમણનો લાભ લેવો. (માત્થી ૨૨:૨, વીગેરે; ૨૫:૧૦; ૨. કરીંથી ૧૧:૨; એફેશીઓ ૫:૨૫ – ૩૨; પ્રકટીકરણ ૧૯:૭ અને સુલેમાનનું ગીત).

युगोनी रचना (ऐफेसी. ३:११).



જ્યારે આ પ્રમાણે ઉંચે આકાશમાં થાય છે, ત્યારે ઇસ્રાયલ નાસ્તિક મનથી (૧૭), પાલેસ્ટાઇનમા એકઠા થાય છે, અને પોતાનું મંદીર ફરીથી બાંધે છે; પોતાનાં પુરાણા હોમસ્થાનો સ્થાપિત કરે છે, અને ખ્રીસ્ત-વિરોધીના પ્રગટ થતા સુધી વધારે ને વધારે ભુંડાં કર્મોમાં ઉંડા ઉતરતા જાય છે; અને તેઓ તે ખ્રીસ્ત-વિરોધી સાથે કરાર કરે છે (૧૮), જેને ભવિષ્યવાદીઓ મરણ અને શેઓલ (૧૯) સાથેનો કરાર કહે છે. ભયકર સતાવણીઓ ત્યાર પછીથી થશે, અને તે "યાકુબના વિપત્તિનો (૨૦) સમય" એ નામથી ઓળખાશે.

જ્યારે તમામ જતું રહ્યું છે (૨૧) એમ જણાશે, ત્યારે પ્રભુ પોતાના પવિત્રો સહિત પૃથ્વી ઉપર ઉતરશે, અને આ અન્યાયી ખ્રીસ્ત-વિરોધીનો નાશ કરશે, ને ઇસ્રાયલોનો છુટકારો કરશે; અને તે ઇસ્રાયલો "જેને તેમણે વિંધ્યો (૨૨) હતો તે એજ છે એમ તેને ઓળખશે, અને એક દેશજાતિ એક દિવસમાં અથવા એકદમ (૨૩) જન્મ પામશે. તે જીવતી દેશજાતિઓનો ન્યાય કરશે અને સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષનું પોતાનું રાજ્ય સ્થાપિત કરશે. (ગીતશાસ્ત્ર. ૨; દાનીયેલ ૨:૪૪; પ્રકટીકરણ ૧૧:૧૫).

પણ ગગનમાં મળવાના સ્થાનમાં આપણા પ્રભુના આવવાની

(૧૭) સફાન્યાહ ૨:૧-૨. (૧૮) દાનીયેલ ૯:૨૭; યોહાન ૫:૪૩. (૧૯) યશાયાહ ૨૮:૧૫. (૨૦) યિર્મેયાહ-૩૦:૫-૭. (૨૧) ઝખાર્યાહ ૧૪ ૧-૫; વળી જુઓ યહુદા ૧૪, ૨. થેસ્સા ૨૮. (૨૨) ઝખાર્યાહ ૧૨:૯-૧૪. (૨૩) યશાયાહ. ૬૬:૮.

બીના, તથા પવિત્રોનું તેને મળવા માટે આકાશમાં ઘસડાઇ જવાની બીનાના સમયની તારીખ મુકરર નથી એ આપણે ખાસ કરીને યાદ રાખવાનું છે (૨૪). આપણી કમર બાંધીને અને દીવા સળગેલા રાખીને જેમ માણસો પોતાના ધણીની વાટ જુએ છે, તેમ દીવા સળગેલા રાખીને આપણે જીવન કાઢવાનુ છે (લુક. ૧૨:૩૫-૪૦); અને તોપણ, બીનાઓના ઉકેલવામા આપણે તે દીવસ નજીક આવતો જોઇશું (૨૫); એટલે જે શરૂઆતની બીનાઓ જોવા માટે આપણાં માથા આપણે આકાશ તરફ ઉંચા કરીશું તે બીનાઓ થતી જોઇશું (૨૬).

(૨૪) માર્ક ૧૩.૩૨-૩૭.

(૨૫) હેબ્રી ૧૦ ૨૫.

(૨૬) લુક ૨૧ ૨૮.

પ્રકરણ બાવીસમું.

ખ્રીસ્તનાં સત્વર આવવાનાં ચિન્હો.

હમારૂં માનવું છે, કે આપણા પ્રભુનું આવવું દેહથી થશે, તથા સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પુર્વે થશે, અને વળી તે એકાએક ઓચિંતુ થશે. વળી તેના પવિત્રોને લેવા માટે તેનુ આકાશમાં આવવું, કે જે કોઇ પણ પળે થનાર છે (૧. થેસ્સા. ૪) તે, અને પ્રકટીકરણ એટલે તેના પવિત્રો સાથે પૃથ્વી ઉપર તેનું આવવું, તે બે વચ્ચેનો ભેદ આપણે સારી પેઠે સમજવો જોઇએ, એવો જે બોધ તે આપણે યાદ રાખવો જોઇએ; અને સાક્ષી થવા સારૂ (૧) સુવાર્તાના પ્રગટ થતાં સુધી, તથા ઇસ્રાયલોને અણવિશ્વાસમાં એકઠા કરતા સુધી, તેમજ ખ્રીસ્ત–વિરોધીના પ્રગટ થતાં સુધી, અને બીજી ભવિષ્યવાણીથી કહેવાયલી બીજી બીનાઓ બનતાં સુધી, તે પ્રકટીકરણની બીના હસ્તીમાં આવશે નહીં. હવે તેનો પવિત્રોને આકાશમાં લઈ લેવા માટેના આવવાનો વખત નજીક છે, એ સત્ય વાત માનવા માટે આપણી પાસે શું શું સાબીતીઓ છે તે બાબત આપણે વિચાર કરવાનો છે.

---

(૧) માત્થી ૨૪.૧૪.

૧—મુસાફરી અને જ્ઞાનનો પ્રચાર.

"છેક અંતના સમય સુધી એ વાતો બંધ કરીને પુસ્તકને મુદ્રિત કર; ઘણાઓ અહિં તહિં દોડશે, ને જ્ઞાનની વૃદ્ધિ થશે." (દાનીયેલ ૧૨:૪)

છેલ્લા ગત વર્ષો સાથે ચાલુ સાલની સરખામણી કરતા, મુસાફરી અને જ્ઞાનમાં ઘણોજ વિલક્ષણ વધારો થયલો માલમ પડે છે.

ઇગ્લાંડમાં એક બાઇને માટે એમ કહેવાય છે, કે તેણે લાંબો વખત સુધી વિચાર કરી કરીને એક મુસાફરી કરવાનું પોતાના મનથી નક્કી કર્યું. તેના મિત્રો તેના પ્રયાણમા મદદ કરવા માટે એકઠા થયા અને તેનો પ્રવાસ નિર્વિઘ્ન ઉતરે તે ઇચ્છવા તેની ગાડી સાથે એક માઇલ અથવા તેથી વધારે તેઓ ચાલતા ગયા, પણ જુઓ, તેની આખી મુસાફરી ફક્ત પચાસ માઇલનીજ હતી.

પણ હવેની શોધ ખોળથી તો વરાળ અને વિજળીના મહાન પ્રબળ વેગોથી, જમીન તથા સમુદ્ર ઉપર, મહેલ જેવી ગાડીઓ દોડતી જઇ શકેછે, અને તેથી કરીને કોઇ પણ માંણસ સાઠ દીવસમાં સુખચેનથી આખી દુનીઆની ફરતી મુસાફરી કરી શકે છે.

મોટા કરોળીઆના જાળાંની પેઠે આગગાડીઓએ પૃથ્વી ઢાંકી દીધી છે અને આગબોટો સમુદ્ર ખેડેછે.

આપણું ધર્મપુસ્તક પણ કહેછે કે, ઘણા આમતેમ દોડશે. ઇ. સ. ૧૮૯૬ મા યુનાઇટેડ સ્ટેટસમાં આગગાડીને રસ્તે ૫૩૫, ૧૨૦, ૭૫૬ મુસાફરોએ મુસાફરી કરી હતી; એટલે દર માઇલે

૧૩૦,૫૪, ૮૪૦, ૨૪૩ માણસોએ મુસાફરી કરી હતી; અને આખી દુનીઆમાં રેલગાડીમા મુસાફરી કરનારાઓની સંખ્યા ૨,૩૮૪, ૦૦૦,૦૦૦ થઇ હતી એટલે દરમાઇને ૨૮,૬૭૭,૦૦૦,૦૦૦ માણુસની હતી. એ સંખ્યામાં, આગબોટ અને બીજાં ખાનગી વાહનોથી મુસાફરી કરનારાની સંખ્યા, તથા પૃથ્વીના દરેક કલ્પનીય ખુણામાં એટલે મધ્ય રેખાથી ધ્રુવો સુધીની તપાસમાં રોકાયલી સંખ્યાને ઉમેરો, તો આ અતની નીશાણી શબ્દે શબ્દ બેશક ખરી પડીછે, એવો અણુહદ ભારે આંકડો તે મનુષ્યની સંખ્યાનો થશે. અને જ્ઞાનમા પણ વધારો થશે.

વિદ્યા સંબધી અગાઉ કદી ન થયલી એવી હાલની સગવડો, એ પણ આપણા જમાનાનું એક વખાણવાયોગ્ય ખાસ ગુણ દર્શાવનારૂ ચિન્હ છે. આપણા જુવાનીઆઓનેમાટે સાર્વજનિક શાળાઓ છે, ઉંચી કેળવણી માટે પાઠશાળાઓ અને વિદ્યાલયો છે, અને ધાર્મિક શિક્ષણ માટે પચોની શાળાઓ છે.

જાહેર છાપાઓ, સમાચાર અને ખબરોના અનંત ઝરાઓ સહીત, પોતાના નિરંતર વધતા જતા ફેલાવાથી, જાણે જ્ઞાનના એક મહાન વૃક્ષ ઉપરથી ખરી પડતાં પાદડાંની પેઠે, પૃથ્વીને ઢાંકી દેછે, અને ઘણાં પૂસ્તકો પ્રસિદ્ધ કરવાની બાબતમા તો ખરેખર તેનો કાંઇ અંતજ નથી.

ટપાલ, તાર અને અંતર્શ્રવણયંત્રથી ખબરો પહોંચાડવાના સાધનોમાં પણ ભૂમિતિશ્રેઢી પ્રમાણે વધારો થઇ ગયો છે.

ટપાલ ખાતાનાં સાર્વલૌકિક એકસંપથી છાપેલા કાગળો લાવ

લઇ જવાનો દર એટલો બધો ઓછો કરી નાંખ્યો છે, કે ચીકાગો શહેરમાંજ એક મહોલ્લામાંથી બીજા મહોલ્લામાં એક કાગળ લઇ જઇ વહેંચવામાં જેટલો ખરચ પડે છે, તેટલોજ ખરચ તે કાગળ આઇસલેન્ડથી ચીન મોકલવામા પણ થાય છે.

પણ કદાચ, આપણા ધર્મપૂસ્તકની ભવિષ્યવાણી વધારે ખસુસ કરીને ધર્મપૂસ્તકના અભ્યાસના થતા જતા વધારાને લાગુ પડે છે; અને તે બાબતમા પણ તે ભવિષ્યવાણી ઘણીજ વિલક્ષણ રીતે ખરી ઠરી છે. ફકત બાઇબલ મંડળીઓએજ ઇ. સ. ૧૮૦૪ થી આજ સુધીમાં પવિત્રશાસ્ત્રો, કરારો અને ધર્મપૂસ્તકોના ભાગો-ની ૨૩૦,૦૦૦,૦૦૦થી વધારે નકલો વહેંચી છે, અને વળી તેની બીજી લાખો નકલો ખાનગી પ્રસિદ્ધ કરનારાઓની મારફત વહેંચાઇ છે. આખા પવિત્રશાસ્ત્રનો ૨૮૭ થી વધારે ભાષાઓમાં તરજુમો થયલો છે, અને તેના ભાગોનો ૩૪૦ ભાષામા તરજુમો થયલો છે. એટલે પૃથ્વી ઉપરની વસ્તીના નવદશાંશ કરતાં વધારે ભાગના લોકો ને તેમની પોતાની ભાષામાં આ પવિત્રશાસ્ત્રનું પુસ્તક વાચવાને મળી આવે છે.

લાખોબંધ ધાર્મિક વિષય ઉપરના નિબંધો, છાપાઓ, અને માસિકો બહાર પડે છે. સાર્વજનિક શાબ્બાથશાળાના પાઠોની મહાન પદ્ધતિથી, તથા ધર્મશાસ્ત્રની શાળાઓથી, ચાંટાકુવાની ઉના-ળાની મોસમમાં ચાલતી શાળાઓથી, અને ધર્મશાસ્ત્રની સમાજોથી પ્રભુના વચનનો આખા જગતમા અભ્યાસ અતિશય વધી ગયો છે

તેનીજ સાથે, ભવિષ્યવાદીઓનાં વચનોનો પણ ઘણોજ બહોળો

અભ્યાસ થવા માંડયો છે, અને તેમા ખાસ કરીને ઇસ્રાયલો વિષે તથા આપણા પ્રભુના પાછા આવવા સંબંધી વચનોનો અભ્યાસ ઘણોજ વધી ગયો છે.

જ્યારે નાસ્તિક અને ખંડનકરનાર ટીકાકાર તે વચનનો અભ્યાસ કરે છે, અને તેને હલકો પાડીને ખંડન કરવાની કોશિશ કરે છે, ત્યારે હજારો પુન્ય વિદ્યાર્થીઓ, જેમ અંધકારવાળી જગ્યામા દિવો પ્રકાશે છે, તેમ તે ભવિષ્યવાણીના ખચિત વચનને તપાસે છે.

૨. સંકટના વખતો.

" એ જાણકે છેલ્લા દહાડાઓમાં સંકટના વખતો આવશે." (૨ તીમોથી. ૩ ૧). સંકટના વખતો,

(અ) કુદરત પ્રમાણે—મરકી, દુષ્કાળ, ધરતીકંપો, વંટોળીઆ વીગેરે.

કદાચ, પૃથ્વીમાંથી થોડા વખત થયાં નીકળતાં તેલો અને વાયુઓ, કોઇ મહાન પ્રલયાગ્નિ માટેની તૈયારી છે એમ સુચવેછે; અને તે પ્રલયાગ્નિને સૂર્યમાંની નવી પ્રદર્શિત થયલી ગરમી અને વિધુત બળોથી મદદ મળશે (૨).

(બ) રાજકિય રીતે અને સંસારિક રીતે.

આ મથાળાં નીચે આપણે ફક્ત નાસ્તિકના, સામાન્ય સ્વામિત્વ, સામાન્ય કબજા ભોગવટાનો મત અને અનીશ્વરતા ઉપર ધ્યાન ખેંચવાની ફક્ત જરૂર છે. " પ્રથમનું જુઠાણું તે દેવ છે. અને

(૨) ૨. થેસ્સા ૧:૮; ૨. પીતર ૩:૭.

બીજુ જુદાજ કાયદો છે." એવા આ પંથોના કાનુન કરતા બીજું કાંઇ પણ વધારે ખરાબ હશે કે ? તેઓ ખુલ્લી રીતે એકરાર કરેછે કે તેમનો પ્રેષણહેતુ હાલની સંસારિક બાંધણીઓનો નાશ કરવાનો છે. અને (કદાચ કૈફાસની પેઠે ચોક્કસ રીતે) તેઓ ભવિષ્ય ભાખેછે કે કંઇક વધારે સારૂં હવે થશે.

(ક) દેશજાતિઓનુ દુઃખ.

પ્રજા પ્રજાની અદેખાઇઓને લીધે એટલા બધા મોટા પાયા પર લડાઇ જગવવાની તથા રક્ષણોપયોગી તૈયારીઓ કરવાની જરૂર પડીછે, કે તેથી કરીને જુલમી કરોથી રૈયતની જીંદગી ખરેખર કચડાઇ જાયછે.

આખુ યુરોપ, ખરૂં કહીએ તો, લશ્કરી સીપાઇની છાવણી જેવું છે; કેમકે તેમાં ૨૩, ૦૦૦, ૦૦૦ કવાયત શિખેલા માણસો એક બીજા સામે સામાન્ય યુદ્ધમાં લડવા તલપી રહેલા છે; અને તેમની પાસેનાં હથીઆરો એવા વિલક્ષણ અને પ્રાણઘાતક છે, કે તેવા હથીઆરોની સરખામણીમા જુનાકાળનાં હથીઆરો તો કશી ગણત્રીમાજ નથી.

સરકારો, પોતપોતાના લશ્કરની ટુકડીઓ વધારવામા તથા લડાઇનાં વહાણોના કાફલા વધારવામાં એક બીજાની સાથે હરીફાઇ કરી રહ્યા છે, અને તેમ કરવામાં તદન દેવાળીઆ જેવી સ્થિતિમાં હોવા છતા દેશપરના દેવામા વધારો કર્યાજ જાયછે.

આવી રીતનાં યુદ્ધો જો એક વખત શરૂ થયાં તો તેથી થતાં ખુનરેજી અને અફસોસીઓ પર વિચાર કરવો ઘણોજ ત્રાસદાયક

થઇ પડશે. રાજનીતિજ્ઞ પુરૂષો આખા યુરોપની સુલેહશાતી જાળવી રાખવાને ખાતર તેમના બનતા પ્રયાસથી એવા દીવસને જેમ બને તેમ આગળ પર મુલતવી રાખવાને ખંતથી મહેનત કરેછે તેમા કાંઇ અજાયબી નથી.

આ દેખાવની વચ્ચોવચ, ન્યાયવિરૂદ્ધ વર્ગનો પોતાના રાક્ષસ જેવા માથા ઉચાં કરે છે દોલતવાન લોકો મજુરોના કીના આગળ ટુંટીઆ વાળીને ખુશામત કરેછે (યા ૫) પૃથ્વી ઉપર જે જે બીનાઓ બનનાર છે, તેની બીકથી માણસોના અંતઃકરણો નાસિપાસ થઇ ગયા છે. અને તેમ કરવાનું તેમને કારણ છે, કેમકે શેતાન પૃથ્વીમાથી દેવનુ નામ જડમુળથી કાઢી નાખવાના પોતાના મહાન ઉન્નત પ્રયત્નમાં આ તમામ બળોને એકઠા કરી તેનો ઉપયોગ કરશે શેતાન પોતાની કારિગીરીના નાસ્તિક ખ્રીસ્ત-વિરોધીના મ્હોમા તે બધા બળો બંધ કરશે, અને તે ખ્રીસ્ત-વિરોધી, બાપ અને દીકરો, બન્નેનો નકાર કરશે.

૩ આત્મિકજ્ઞાન.

"પણુ આત્મા સાફ કહેછે કે, પાછલા કાળોમા કેટલાએક માણસો, ભુલાવનાર આત્માઓપર તથા ભૂતોના ઉપદેશપર લક્ષ રાખીને વિશ્વાસનો ત્યાગ કરશે." (૧. તીમોથી ૪૧).

હાલનું આત્મિકજ્ઞાન કોઇ રીતે ફક્ત ઢોંગ છે એમ કહી શકાય નહિ. પ્રપંચો અને ઠગાઇ એટલી બધી પૂષ્કળ વધી છે કે, તેનો અમલ કરવા માટે અંધારા ઓરડાઓ અને સંશયશીલ

એકાંત ઓરડાઓની જરૂર પડેછે; પણ સદેહ વગરના મર્મો, ભુતોના પ્રકાશો અને ભૂતો પણ હસ્તીમાં છે, કે જેઓ માણસોના શરીરોમાં પ્રવેશ કરવા તલપી રહ્યા છે; એ ક્રુર ભુતો અજવાળાં કરતા અંધકારને વધારે ચાહેછે.

આવનાર સમયોની એ ચોક્કસ નિશાણી છે; તેજ પ્રમાણે ખ્રીસ્તી શાસ્ત્ર પણ ભૂતોના મતો છે, કેમકે બ્રહ્મજ્ઞાનનીપેઠે, ખ્રીસ્તના પાપ નિવારણની વાત તેઓ સ્વિકારતા નથી, અને નિશ્ચયપૂર્વક પ્રતિપાદન કરેછે કે દરેક માણસ પોતાનો તારનાર છે.

ઓસ્ટ્રેલીઆમાના વતનીઓના કરતા પણ બોસ્ટન શહેરમાં અને તેની આજુબાજુમાં ગુપ્ત બુદ્ધધર્મની મંડળીઓ ઘણીજ વધારે સંખ્યામાં છે એમ કહેવાય છે ખ્રીસ્તીધર્મશાસ્ત્ર હવની માફક આખા દેશમાં પ્રસરી ગયો છે, અને જ્ઞાનમાર્ગના પક્ષમાં લાખો માણસો છે. આ ત્રણ ભુલાંવનારા બળોનો આવો વિલક્ષણ ફેલાવો એ અંધકારના વાદળાં જેવો છે; અને તેથી અંત નજીક છે તેની તે નિશાણી છે.

૪. સ્વધર્મત્યાગ.

"ધર્મત્યાગ પ્રથમ થશે નહિં" ત્યાંસુધી પ્રભુનો (પ્રકટીકરણનો) દીવસ આવશે નહિ (૨. થેસ્મા ૨:૩).

ધર્મમા ઉદ્દાળાપણું એટલે મંડળીની છેલ્લી સ્થિતિ એટલી બધી કંટાળો આપે એવી છે, કે પ્રભુ તેને માટે એમ કહેછે કે "હું તેને પોતાના મ્હોમાંથી ઓકી કાઢીશ" (૩); ખાસ કરીને પ્ર-

(૩) પ્રકટીકરણ ૩:૧૬.

ભુના આવવા સંબંધીના વચનમાં વિશ્વાસનો ઘણોજ અભાવ છે. "પરંતુ માણસનો દીકરો આવશે, ત્યારે તેને પૃથ્વીપર વિશ્વાસ જડશે શું?" (લુક. ૧૮ ૮).

એક ઘરડા પાદરીએ એક વખત એમ કહ્યું હતુ કે હજી ૬૦૦૦૦ વર્ષ સુધીમા પ્રભુનું આવવુ થશે એમ તે માનતો નથી. હું ધારૂછઉં કે તે તે બીનામાટે જાગૃત રહીને રાહ જોતો ન હોવો જોઇએ.

સત્ય, નીતિ અને ધાર્મિકપણાના એક હજાર વર્ષ પછી ખ્રીસ્તનું આવવું થશે એવુ માનનારાઓ, પ્રભુના આવવા સબંધમાં કાંઇજ બોલતા નથી. ફ્લોરીડામા રહેતા એક ઘરડા મેથોડીસ્ટ પાદરીએ કહ્યું હતું કે, પ્રભુના આવવા સબંધીના વિષય ઉપર પાચ ધર્મવ્યાખ્યાન પણ તેણે તે શહેરમાં સાભળ્યા નથી. અને તેથી તે સબંધીના તમામ વ્યાખ્યાનો તેણે પોતે આપ્યાં હતાં. મોટી મોટી સભાઓ જ્યાં ભાષણો અપાય છે અને ટીકાઓ કરવામાં આવે છે, તેમાં પણ આ ધન્ય આશા, કે જેને માટે પવિત્ર શાસ્ત્રમા હામેહામ ઘણુંજ કહેવામા આવ્યું છે, તેના ઉપર એકપણ ધર્મવ્યાખ્યાન તે સભામાંના મોટા ભાગે કદી સાભળ્યું નથી એ જોઇ અજાયબી થયા વગર રહેતી નથી.

હાલના વખતમાં તે વચનોનો સુબોધ કરવામા વકતૃત્વશકિતનો ખુલ્લો અભાવ જોવામા આવે છે. જનસમુદાયને શીરીતે અસર કરવી તેના ઉપર માણુસો લંબાણથી વાક્પાડિત્ય કરે છે, પણ જનસમુદાયને તો કોઇ જાતની તેથી અસર થતીજ નથી.

અત્યાર પહેલાના દરેક દુઃખના અને ધધા રોજગારમા મદીના સમયો પછી, વિલક્ષણ તેજના સમયો આવેલા છે. પણ આ છેલ્લા સમય પછી તેવો તેજનો સમય આવવાનો નથી. આ દુ ખના સમયોના છેલ્લા જમાનામા સ્વધર્મત્યાગ કેમ આટલો બધો ઓછો થઇ ગયો છે ? એનો દેખીતીરીતે એકજ જવાબ આપી શકાય એમ છે. ધર્મશાસ્ત્રના ઇશ્વર-પ્રેરિત જ્ઞાન ઉપરના સખત ટીકાકારોના હુમલાઓની તરફેણમા, એટલા બધા પાદરીઓ અને ઇશ્વરશાસ્ત્રવેત્તાઓ સ બ્યાબંધ થઇ ગયા છે કે, તેઓ પોતાની શકાઓ છચોક જાહેર કરે છે, અને તેથી જન સમુદાયના વિશ્વાસનો ગુપ્ત રીતે નાશ થયો છે, તથા જે ધર્મપુસ્તકમાની મહાન સત્ય વાતો અત્યાર પહેલાના શિષ્યોને વિશ્વાસુ સેવા કરવા માટે ઉત્તેજન આપતી હતી અને પાપીઓને પશ્ચાતાપ કરવાને બોધ આપતી હતી, તે વાતોનો હવે તેમના અત કરણ ઉપર જોઇએ તેવો મજબુત કાબુ રહ્યો નથી મહાન રોમન કેથોલિક મ ડળી રાજ્ય વ્યવહારની ખટપટમા ઉતરી પડી છે, કેથોલીક મડળી ખ્રીસ્તને ઠેકાણે મરીયમને ભજે છે અને જેઓ મૂર્તિપૂજાના ભાવસહિત એગ્રીપીના અને નીરોની * મૂર્તિના પગના અગુઠાને ચુબન કરે છે તેમને આશીર્વાદ

* રૂમમા મહાત્મા ઓગસ્ટીનોના દેવળમા એક સ્ત્રી અને છોકરાંનું આરસપહાણનું બાવલું છે, અને તે એગ્રીપીના અને નીરોનું બાવલુ છે એમ સાધારણ રીતે મનાય છે. રૂમની મંડળી આ વાતની ના પાડે છે, પણ નીરોના બાવલામા તે પોતાની છાતી સાથે એક પક્ષીને છુદીને મારી નાંખતો હોય

આપે છે; તથા પ્રોટેસ્ટન્ટ મડળીઓ જે બ્રાહ્મચારથી આટલા બધા અક્કડ બની ગયા છે અને ધર્મપર અવિશ્વાસના મધપુડામાં ગુથાઇ ગયા છે, તે બધાં ઉપરથી આપણે જોઇએ છીએ કે નાસ્તિકતા એટલી બધી ઝડપથી વધતી જતી માલમ પડે છે કે, હવે અંત પાસેજ છે એવા નિર્ણય ઉપર આપણે ફરીથી આવીએ છીએ.

૫. તમામ દુનીઆમાં થતો ખ્રીસ્તી ધર્મનો ઉપદેશ.

"અને સર્વ પ્રજાઓને સાક્ષી થવા સારૂ રાજ્યની આ સૂવાર્ત્તા આખા જગતમા પ્રગટ કરાશે; ને ત્યારે અંત આવશે." (માત્થી ૨૪:૧૪).

આ ઠેકાણે એટલો ખુલાસો કરવાની જરૂર છે, કે હાલના સમયમા મડળી આખી દુનીઆમા ધર્મના ઉપદેશનો પ્રસાર કરવાનુ

એમ બતાવેલુ છે, અને તેથી તેનો સ્વભાવ કેટલો ઘાતકી હતો તે બતાવી આપે છે તેથી તે વાત સાબીત થાય છે. કેથોલીક દેવળના ઉચા અધિકારીઓએ તે મૂર્ત્તિની પ્રતિષ્ટા કરી છે અને તે કુમારિકા મરીયમ અને તેના છોકરા ઇસુની મુર્તિ છે એમ માન્ય કરાવ્યું છે. તે મૂર્તિ નીચેના સ્થભ ઉપર લાટીન ભાષામા નીચે મુજબનો લેખ છે, "આપણા પ્રભુ, પોપ પાયસ સાતમો, આ પવિત્ર મૂર્તિના પગને જેઓ ખરી ભક્તીથી ચુંબન કરે છે અને પવિત્ર મંડળીની જરૂરીયાતો માટે "આવે મેરીઆ"નો એક પાઠ બોલી જાય છે તેમને દરેકને એક દીવસમા એક વખત ઉપયોગ કરવા આયુને માટે પાપમાંથી મુક્ત થવાના સો દીવસની બક્ષીસ આપે છે. તા૦ ૭ જુન ૧૮૨૨."

સાધન છે, ત્યારે કોઇપણ પળે તે મ ડળીને (આકાશમાં) ધસડી લેવામાં આવે એ બનવા જોગ છે. અને તેમ થાય તો, ત્યાર પછી મ ડળીના આકાશમાં તણાઇ જવાની બીનાથીજ જેઓ માનનારા થશે તે સંકટ સમયના પવિત્રો, ધર્મના ઉપદેશના પ્રસાર કરવાનાં સાધન થઇ પડશે – કેમકે પૃથ્વીપર હમેશાં પ્રભુ એક સાક્ષી રાખશે. ત્યાર બાદ તે કામ ખ્રીસ્તી ધર્મ સ્વિકારનારા ઇસ્રાયલોને સોંપાશે. અને છેવટે આકાશમાનો દૂત તે કામ કરશે (૪).

તેથી કરીને આપણે દીવસ પહોચે ત્યાં સુધી ફક્ત કામ કર્યાં કરવાનું છે, અને જાગૃત રહીને વાટ જોવાની છે, કેમકે પ્રભુના આવવાની અને આપણી વચ્ચે, કોઇપણ નિશાણી કે બીના આપણે જોઇ શકતા નથી

પણ અત્યાર સુધીમાં શુ શું થઇ ચુક્યુ છે તે આપણને તપાસવા દો. સાક્ષી તે શું છે ?

પ્રભુના વચનમાં એવો એકજ દાખલો કે દૃષ્ટાંત આપણને મળી આવેછે, અને તે નીનેવેના મહોલ્લાઓમાં ત્રણ દીવસ સુધી લાગલાગટ યોનાએ સુબોધ કર્યો તે છે.

ટીબેટ, નેપાલ અને ભુતાન શિવાય તથા અફ્ગાનીસ્તાન અને સાઉડાનના મુસલમાની દેશો શિવાય, દુનિઆની દરેક પ્રજા પાસે એ વાતનો જોઇએ તેવો મજબૂત પુરાવો છે; અને વળી ટીબેટ, નેપાલ અને ભુતાનમા તો પવિત્ર ધર્મપૂસ્તકોની મોટી સ ખ્યા જઇ ચુકી

(૪) પ્રકટીકરણ ૧૪:૬.

છે; અને તેમના દરવાજા આગળ મિશનરીઓ ઉભા રહેલા હોયછે, કે રજા મળતાંની સાથે તેઓ ઘરમાં દાખલ થઇ સૂબોધ કરે.

આ સૈકામા બહાર મોકલાયલા મિશનરીઓ કોઇપણ મનુષ્યની દેખરેખ વગર, દરેક દેશ, ટાપુ, તથા પૃથ્વીની દરેક કોમ અને જાતિને દેખીતીરીતે પહોંચી વળ્યાછે,

તે શું અસરકારક રીતે મહત્વસૂચક નથી ?

ઓ, ખ્રીસ્તની મડળી, જે નિશાણીનું આપણને વચન અપાયલું છે, તે થતી જો.

સૂવાર્ત્તાનો આખી દુનીયામાં સૂબોધ થઇ ચુકયો છે,

અને જુઓ ! રાજા નજીક આવતો જાયછે.

૬ દોલતમંદો,

" હવે, ઓ દોલતમંદો, તમારાપર થનાર સંકટો વિષે તમે હાય હાય કરતા રડો.......... તમે છેલ્લા દહાડાઓને સારૂ દોલત સંઘરી છે. " (યાકુબ ૫:૧,૮).

થોડા માણસના હાથમાં દોલત સંઘરાયલી છે એ વાત પણ હાલના જમાનાનું ખાસ લક્ષણ છે.

કોષાધ્યક્ષ રાજાઓ, જેઓ ટ્રસ્ટથી અને તરેહ તરેહની હાથ ચાલાકીથી પોતાની બેસુમાર મીલકતોમાં વધારો કર્યાજ જાયછે, તેમની બાબતમાં કાંઇ કહેવું કામનું નથી.

જો આદમ આજસુધી જીવ્યો હોત, અને પોતાની જીંદગીમાં તેણે દરેક સાલ ૧૦૦૦૦ ડાલર વધુ ભેગા કર્યા હોત, તો તેની

પાસે નાણાની રકમ એટલી બધી થાત, કે તેના પ્રમાણમા ગતવર્ષો મા કેટલાક છુટા છવાયા માણસો પાસે જે દોલત હતી તે કંઇ હિસાબમાજ નહોત.

"ઘરસાથે ઘર" જોડીને તથા "ખેતર સાથે ખેતર" જોડીને આ મહાન મીલકતો વધી વધીને કેટલા વિસ્તારની થાત તે કોઇ કહી શકે એમ નથી. પણ હમે જાણીએ છીએ, કે તેના સંબંધમા માત્ર " અફસોસ " (૫) નોજ ઉચ્ચાર કરવામા આવેછે, અને છેલ્લા દીવસોની તે ખુલ્લે ખુલ્લી નિશાણી છે,

૭ ઇસ્રાયલો.

પ્રભુનું સૂર્યછાયાયંત્ર.

કાળમાનના સબંધમાં આપણે કયે સ્થળે છઇએ તે, તથા બીનાઓના વહી જવામા આપણે કયે સ્થળે છઇએ તે જો આપણે જાણવા માગતા હોઇએ, તો આપણે ઇસ્રાયલ તરફ જોવુ.

ઇસ્રાયલને વિષે દેવ કહેછે કે " જે સર્વ દેશજાતિઓમા મેં. તને વેરી નાખ્યો છે, તેઓનું સત્યાનાશ વાળી નાખીશ, પણ તારૂં સત્યાનાશ હું નહિં વાળુ " (યિર્મેયાહ ૩૦ ૧૧).

ટેનીસનના ઝરાની માફક, તેઓ ગાઇ શકેછે, દેશજાતિઓ આવે છે અને જાયછે, પણ હું નિરતર આગળ ચાલ્યોજ જાઉ છુ. તેઓ એવો વંશછે કે જે જતો રહેશે નહિ.

"ઇસ્રાયલોને પાલેસ્તાઇનમા પાછા લાવવામા આવશે, અને જે દેશ તેઓને અપાયલો છે તેમાથી તેઓ ફરીથી કદી ઉપાડી નખા-

(૫) યશાયાહ ૫૮ – ૯.

શે નહિ. " (૬).

ઇશ્વરનિયુક્તવિધિની સત્યતા હજારો ભવિષ્યવાણીથી સાબિત થાય છે ઇગ્રેજના વાવટામાંના લાલ દોરાની માફક, તે સત્યતા આખા પવિત્રશાસ્ત્રમા પ્રસરી ગયલી છે. હઝકીએલ ૩૭ મા લોકોને માટે ભવિષ્યવાણીઓ આપેલી છે, અને હઝકીએલ ૩૯ મા દેશોને માટે ભવિષ્યવાણીઓ આપેલી છે.

પાલેસ્ટાઇનનું ખતપત્ર, યરૂશાલેમનાં મુસલમાની મહેલોમાં અથવા કોન્સ્ટાન્ટીનોપલના સુલતાનના રાજમહેલમાજ ફક્ત નોધાયલો છે એમ નથી, પણ પૃથ્વી ઉપરની હાલમા બોલાતી ૩૦૦ કરતા વધારે ભાષાઓમાં લખાયલા પવિત્રશાસ્ત્રની લાખોબંધ સખ્યાની નકલોમા તે નોધાયલો છે

યરૂશાલેમમાં પ્રેરિતોની પહેલી સભા વખતે પુનરૂત્થાનનો નિર્ણય થઇ ગયો હતો, અને તેમ કરવામા ભવિષ્યવાદીઓના વચનો (૭) ઉપર ને સિધ્ધાત માટે તેમણે આધાર રાખ્યો હતો.

અને અંજીરીનુ ઝાડ જેના ઉપર પાદડા શિવાય બીજું કાઇ નહતુ, તે જ્યારે ઇસુએ જોયુ, ને તેની બાબતમાં જેમ થયું તેમ, ઇસ્રાયલોને પણ આખા યુગ સુધી (૮) વેગળા રાખવામા આવેલા છે.

વિદેશીઓના સમય પુરા થશે, ત્યા લગી યરૂશાલેમ ખુંદી નંખાશે (૯).

---

(૬) આમોસ ૯:૧૫(૭). પ્રેરિતોનાં કૃત્ય ૧૫:૧૩ – ૧૮.
(૮) માર્ક ૧૧:૧૩ – ૧૪. (૯) લુક ૨૧:૨૪.

પણ ધ્યાનપૂર્વક લક્ષ રાખીને જુઓ, કે ત્યાર પછી થોડાજ વખતમાં ઇસુએ કહ્યુ કે "હવે અંજીરી (અને સર્વ ઝાડોનુ) દૃષ્ટાંત શીખો; જ્યારે તેની ડાળી તરતની કુમળી હોયછે, અને તેના પર નવાં પાંદડાં ફુટવા માડેછે, ત્યારે તમે તે જોઇને પોતાની મેળે જાણી શકોછો કે ઉનાળો પાસેછે. તેજ પ્રમાણે તમે પણ આ સઘળાં થતાં જોશો, ત્યારે તમે જાણશો કે દેવનુ રાજ્ય નજીક આંગણાં આગળ છે." (માર્ક ૧૩ ૨૮, લુક ૨૧:૨૯).

હઝકીએલ ૩૧ માં દેશજાતિઓની સત્તા માટે "ઝાડો" એ શબ્દ વપરાયલો છે.

ડીન આલફર્ડ કહેછે કે "અંજીરીનું ઝાડ એટલે યહુદી લોકો સમજવાના છે; અને તેનાં પાતરા એટલે નકામા ધંધામાં કે જેથી કાઇ ફળ મળી શકે નહીં એવા કામમા રોકાયલા લોકો સમજવાના છે."

હવે જો ઇઆયલો સ્વદેશાભિમાની જીવનનાં ચિન્હો બતાવવા લાગ્યા છે, અને પાલેસ્તાઇનમા ખરેખર પાછા આવી વસવા લાગ્યા છે, ત્યારે તો આ ઇશ્વરનિયુક્તવિધિનો "અંત પાસેજ એટલે આ-ગણા આગળ છે,' એ વાત ખચિત છે.

ઇશ્વર-ભક્ત યહુદીઓની મંડળી.

આ ઉપરથી, ઇશ્વર-ભકત યહુદીઓની મંડળી બાબત વિષે આપણું બોલવાનું થાય છે. (Zionism.) એટલે યહુદીઓની

તેમના બાપદાદાના દેશમાં પાછા આવવાની હાલની હીલચાલ.

(Zionism)એ હાલનો અર્વાચિન શબ્દ છે અને તે યહુદીઓની સ્વદેશી આશાઓ અને વિચારો સુચવે છે.

યહુદી લોકો જે જે તડાંઓમાં વહેચાઇ ગયલા છે તેમનામાંના ઉચામાં ઉંચા વિભાગના લોકોના જે ભિન્ન ભિન્ન અભિપ્રાયો એ બાબતમાં થયલા છે, તેના ઉપર એ વિચારોનો આધાર રાખેલો છે.

એ જાણીતું છે કે છેલ્લા પચાસ વર્ષમાં યહુદીઓના ત્રણ પક્ષો પડી ગયાં છે. અને તે નીચે પ્રમાણેઃ—આસ્તિક, પ્રથમ હતા તેવા મતના, અને સુધારકો.

આસ્તિક લોકો "ટાલમડ"માં સમજાવ્યા પ્રમાણે જુના કરારના ધર્મપુસ્તકને વળગી રહેલા છે; કેમકે તેઓ માને છે કે પ્રભુનું તે સત્ય વચન છે, અને તેના આધાર ઉપર તેમના બાપદાદાઓએ જે આશાઓ અને વારસો બાંધેલો છે તેને તેઓ ચુસ્તપણે વળગી રહે છે. ભવિષ્યવાદીઓએ વારંવાર કથન કરેલી નીચેની વાતો તેઓ માને છે, કે કોઇક કાળે તેઓ પાલેસ્ટાઇનમાં પાછા આવશે, અને પવિત્ર અને સુખી દેશજાતિ તરીકે તેઓના આવનાર યહોવાહના ઉપરીપણા નીચે જાથુને માટે તેઓ ત્યાં વસશે.

તેમના ચુસ્ત ધાર્મિક જીવનનું આ આશાઓ ખરેખરૂં મૂળ છે, અને તેમની પ્રાર્થનાપોથીમાની ઘણીજ પવિત્ર ભકિતમાં તે આશાઓ દટાયલી છે..

આખી દુનિયામાં જ્યાં જ્યાં યહુદીઓ વિખરાયલા છે ત્યાં ત્યાં

દરેક દેશજાતિ પૃથ્વીના તમામ ભાગમાંથી દર સવારે, આસ્તિક યહુદી પોતાની પ્રાર્થના ઉંચે સાદે પોકારે છે કેઃ—

" ઓ હમારા તારણના દેવ, હમને બચાવો અને હમને એકઠાં કરીને દેશજાતિઓથી છોડવો "

"હે અનંત દેવ; હમારી પ્રાર્થના તું સ્વિકારજે; ઓ હમારા અને હમારા બાપદાદાઓના દેવ, યરૂશાલેમમા હમારા લોકના દેવળમાનો અતિ પવિત્ર ભાગ હમારા વખતમાં જલદીથી ફરી બંધાય, અને હમારો હિસ્સો તારા કાયદા પ્રમાણે હમને સોપાય એવી હમારી નમ્ર પ્રાર્થના છે. અને ત્યા અસલના વખતમા જેમ થતુ હતું તેમ ઘણુજ પૂજ્ય-ભાવથી હમે તારી સેવા કરીશુ "

પાસ્ખાપર્વની પવિત્ર સેવામા તેઓ મોટેથી બોલેછે કે, " હાલતો એ બીજખાની હમે આહિઆ ઉજવીએ છીએ, પણ આવતે સાલ ઇસ્રાયલના દેશમાં તે ઉજવવાની આશા રાખીએ છીએ ' અને ફરીથી,

" ઓ યહોવાહ તને ધન્ય છે, અરે ! હમારા વખતમાં તુ પવિત્રનગર યરૂશાલેમને જલદીથી બાધ "

આસ્તિક યહુદીલોકો જોકે દુશ્મનાવટ, લોકમતથી દેશનિકાલ અને સ્વદેશત્યાગના જુલમથી પૃથ્વીપર આમ તેમ હાકી કઢાયલા છે તોપણ આવી વિશ્વાસુ અને ખરા અંતકરણોની પ્રાર્થનાઓની મદદથી તેમણે ભકતી અને પુનરૂત્થાનની મહિમાવંત આશાઓના અગ્નિને સજીવન રાખ્યો છે. પણ આ સત્તરથી વધારે સદીઓ વીતી જતાં સુધી જોકે તેઓએ પુર આસ્થાથી પ્રાથના કરવાનું

ચાલુ રાખ્યું છે, તોપણ તેઓએ પાલેસ્ટાઇનિમા પાછા આવવાનો યત્ન પણ કર્યો નથી, કેમકે તેઓ એમ માનેછે કે પ્રભુ પોતે ઐશ્વ-રી સાધનોથી તેમનું પુનરૂત્થાન સંપૂર્ણ રીતે કરે ત્યાં સુધી તેમણે વાટ જોવી જોઇએ

આશરે બસેં વરસથી તેમના ઉપરની સતાવણીઓ ઓછી થઇ ગઇછે, અને અઢારમી સદીમા, આ જુદી જુદી નાલાયકીઓમા-થી ધીમે ધીમે તેમને મુક્ત કરવામા આવ્યા હતા. છુટકારાના આવી રીતે આવવાની સાથે, એક ગડગડાટ સંભળાયો, ને ધરતીકંપ થયો, અને સુકાં હાડકા, જેમ હઝકીએલ ૩૭ મા કહ્યું છે તેમ, એક બીજા સાથે જોડાઇ ગયા (૧૦).

પારીસમા ઈ. સ. ૧૮૬૦ મા "ધી યુનીવરસેલ ઇઝરાયલાઇટ એલાયન્સ" નામની મંડળી સ્થાપવામા આવી, અને ત્યારપછી ઇંગ્લાંડમાં "ઍગ્લો - જ્યુઇશ એશોસીએશન" નામની મંડળી સ્થા-પવામાં આવી. આ મહાન સંયોજનાઓની મારફતે, યહુદીઓ આખી દુનિયામાં પોતાનો મત જાહેર કરી શકેછે, અને હમણા, થોડા વ-રસ થયા, ખાસ કરીને રૂશીઆ, રૂમાનીઆ, જરમની અને વળી ઇંગ્લાંડ તથા યુનાઇટેડ સ્ટેટસમાના આસ્તિક યહુદીઓમા Chovevi Zion (ઝાયોનના ચાહનારા) અને Shova Zion (ઇશ્વર-ભક્ત યહુદીઓ)ની મંડળીઓ સ્થાપન કરવામાં આવી છે. પાલેસ્તાઇનમાં પોતાનું વતન પાછુ મેળવવા માટે આ ખરેખર પહેલામા પહેલી વ્યવહારોપયોગી કોશીશ તેમણે કીધી છે.

(૧૦) હઝકીએલ ૩૭:૧ - ૭, ૮-૧૪.

પ્રથમ હતા તેવા મતવાળાની બાબતમાં ટુંકમાં આપણે ક-હીશું કે, તેઓ યહુદી ધર્મના બુધ્ધિ પ્રભાવને હાલના અર્વાચિન કાળની જરૂરીઆતો સાથે બંધબેસ્તો કરેછે; તેઓની સંખ્યા પશ્ચિમ યુરોપમાં પૂષ્કળ છે.

સુધારક યહુદીઓ અથવા ઇશ્વર સંબંધી મનકલ્પિત શાસ્ત્ર-વિરૂદ્ધ મત ધરાવનારાઓએ, પવિત્રશાસ્ત્રોના ઇશ્વરપ્રેરિત જ્ઞાન-માંનો તેમનો વિશ્વાસ ઘણીજ ઝડપથી દુર કાઢી નાંખ્યો છે સ્વ-દેશી અને ભવિષ્યવેત્તાઓની આશાઓને તેમણે પતનમાં ફેંકી દીધી છે. તેમના પંડીતો યહુદી ધર્મના પ્રેરિતત્વ વિષે ઘણીજ ઉલ-ટથી સૂબોધ કરેછે, અને તેમ કરવામા તેઓ તે ધર્મના મૂળ પા-યાનું એટલે પ્રભુનાં વચનના ઇશ્વર પ્રેરિત જ્ઞાનનું નિકંદન કાઢવામા ઘણાજ ઉથલપાથલ કરનારા ઉંચા ટીકાકારો સાથે એકત્ર થઇ જાયછે; કેટલાએક પંડીતો તો આકાશી બીનાઓ વિષે કંઇ જાણી શ-કાતુંજ નથી એવા મતના કેવળ થઇ ગયા છે.

અને વળી અજાયબ જેવુ એ છે કે, આ આકાશી બીનાઓ વિષે કંઇ જાણી શકાતું નથી એવા મત વાળાઓમાથી હવે ઇશ્વર-ભક્ત યહુદીઓની બીજી એક ટુકડી ઉત્પન્ન થઇછે. અને તેઓ આ પક્ષમાં ભળી ગયા છે એટલુજ નહિ, પણ તેમાંથી પારીસના ડૉકટર માક્ષ નૉરડો તથા વીએનાના ડાકટર થીઓડોર હરઝલ જેવા આગેવાન નીકળી આવ્યા છે.

આસ્તિક યહુદીઓ, જેઓ ઇશ્વર-ભક્ત યહુદીના પક્ષના વા-વટા નીચે દાખલ થયાછે, તેઓ ઘણાજ પવિત્ર અને ધાર્મિક હેતુ-

ઓથી વધારે ઉત્સાહી બનેલા છે. પણ આકાશી બીનાઓ વિષે કંઇ જોણી શકાતું નથી એવા મતવાળાઓ નિશ્ચય પૂર્વક કહેછે કે આ કાંઇ ધાર્મિક ચળવળ નથી. એ ચળવળ કેવળ અર્થશાસ્ત્ર સંબંધી અને સ્વદેશાભિમાનને લગતી છે. ડાકટર હરઝલ, જે એ પંથનો સ્થાપનાર અને મુખ્ય આગેવાન છે, તેણે યહુદી પંથના વિરોધીઓ તરફથી થતી સતાવણીઓમાંથી બચી જવાના ઉદ્દેશ ઉપાય તરિકે આ મતનો સ્વિકાર કર્યો છે; કેમકે ઓસ્ટ્રીઆના લોકના જનસમુદાયમાં ઘણા ચુસ્ત રીતે યહુદી પંથના વિરોધીઓ છે. તેણે એવો વિચાર મનમાં ધડયો કે જો યહુદીઓ પાલેસ્ટાઇન પાછું મેળવી શકે, અને ત્યાં સ્વતંત્ર નહિતો સુલતાનની સત્તા નીચે રાજ્ય સ્થાપી શકે, તો તેથી તેમને રાષ્ટ્રીય પ્રતિષ્ઠા મળે, અને તેથી કરીને દુનિયાની બીજી પ્રજાઓમાં જે યહુદિ-વિરુદ્ધ ભાવના છે તે જડમુળથી કાઢી નંખાય, અને તમામ યહુદીઓ જ્યાં તેમની ખુશી હોય ત્યાં અને તે પ્રજાની વચ્ચે સુખરૂપ રહી શકે.

તમામ યહુદીઓ કાંઇ આ ચળવળમાં ભળ્યા નથી. ખરેખર "Chovevi Zion" ઈશ્વર-ભક્ત યહુદીઓની (ઝાયોનના ચાહનારા) મંડળીઓના આગેવાનો તેથી દુર રહ્યા છે.

ઈ० સ० ૧૮૯૭માં સ્વીતઝરલંડના બાસ્લે નગરમાં મળેલી ઇશ્વર-ભકત યહુદીઓની સમાજ માટે ડાકટર હરઝલે જે આમંત્રણ પત્રિકાઓ બહાર પાડી હતી, તેની સામે જરમનીના યહુદી પંડિતો તથા યહુદી છાપાનો મોટો ભાગ તથા તવંગર સુધારાવાળા યહુદીઓનો મોટો ભાગ પણ સખ્ત રીતે સામો થયો હતો. એમ છતાં

પણ ૨૦૦ કરતા વધારે પ્રતિનિધિઓ આખા યુરોપમાંથી તથા પૂર્વ તરફના દેશોમાથી તથા યુનાઇટેડ સ્ટેટસમાંથી કેટલાક એકઠા મળ્યા હતા, અને સમાજનું કામકાજ ઘણી હોંસભેર પાર પાડયું હતું.

સમાજના હેતુની પસદગી બતાવનારાં વિનંતીપત્રો તમામ પક્ષોમાંથી આવ્યાંહતાં અને તેના ઉપર હજારો યહુદીઓની સહી હતી.

સમાજે એક મધ્યસ્થ પચ ચુંટી કાઢી અને તેને ૫૦,૦૦૦,૦૦૦ ડૉલરની થાપણ ઉઘરાણું કરીને એકઠી કરવાની સત્તા આપી.

તેથી યહુદીઓની વૃત્તિમા અજબ ફેરફાર થયલો, બેશક માલમ પડે છે, અને હઝકીએલના કહેવા પ્રમાણે સુકાં હાડકાંને વધારે બારીકીથી એકઠા કરવા જેવુ થયુ છે.

અને હવે તેના દશ વરસના વિલક્ષણ વિસ્તાર અને અભિવૃધ્ધિ પછી એ જોવાનું છે કે, સુલતાનના રાજ્યમાં કેવા દૈવિક રસ્તાઓ પડે છે કે જે તેઓના હેતુને પરિપૂર્ણ કરવાની તક આપે.

યહુદીઓમાં ઝાયોનના મત ઉપર ઘણીજ આકરી તકરારો હાલમાં ચાલે છે. આસ્તિકોમાના ઘણાઓ તેને માટે એવી ટીકા કરે છે કે આપણા દેવના હકો ઉપર તરાપ મારવાની તે કોષિશ છે.

વળી બીજાઓ એમ કહે છે કે જે કાંઇ આપણે પોતે કરી શકીએ એવું છે, તે પરિપૂર્ણ કરવા માટે દેવ કાઇ ચમત્કારો કરનાર નથી.

સુધારાવાળા યહુદીઓમાંના ઘણા, હવે જ્યારે તેઓ આ ચળવળને વધુ વખત હસી કાઢે એમ નથી, ત્યારે તેઓ તેને એક ભારેમાં ભારે ભુલ છે એમ કહી તે ઉપર આક્ષેપ મુકે છે; અને

કહે છે કે એ ચળવળ યહુદી-વિરૂધ્ધ ભાવના ઓછી કરવાને બદલે ઉલટી વધારશે.

તેમને પાલેસ્તાઇનમાં પાછા આવવાની જરાપણ ઇચ્છા નથી. કંસાસમાંનો એક માણસ જેણે પુનર્જીવનની સભામાં કહ્યું હતુ કે "મારે સ્વર્ગમાં જવું નથી તેમ મારે નર્કમાં પણ જવું નથી પણ મારે તો કંસાસમાંજ જ્યાં હું છું ત્યાંજ રહેવાની મરજી છે" તેનાજ જેવા તેઓ છે.

અને એજ પ્રમાણે આ સુધારા પક્ષના યહુદીઓ પોતાના પિતૃઓની ભૂમીમાંના તેઓના પ્રભુના રાજ્યના ભવિષ્ય વાણીથી કહેવાયલા તમામ મહિમા ઉપરથી હાથ ઉઠાવવા ખુશી છે; અને પશ્ચિમ યુરોપ તથા યુનાઇટેડ સ્ટેટસમા જે મહેલ જેવા પોતાનાં ઘરો બનાવેલા છે તેમાંજ રહેવાનું તથા તેમણે એકઠી કરેલી દોલતનો ઉપયોગ કરવાનું તેઓ પસંદ કરે છે. રૂશીઆ, રૂમાનીઆ, ઇરાન અને ઉત્તર આફ્રીકામાંના સંકટ સહન કરતા પોતાના જાત ભાઇઓને, યહુદી-વિરૂધ્ધનો ભાવ તદ્દન નાબુદ થતા સુધી, તેઓ પર પડતી ભારે વિપત્તિઓ ધીરજથી સહન કરવા માટે ઠંડે પેટે તેઓ સલાહ આપે છે.

પણ આ જાતભાઇઓ તેમને જવાબ આપેછે કે તે ડાહ્યા સલાહકારો જો મરોક્કો અથવા રૂશીઆમા વસેલા હોત તો તેઓ આવી સલાહ આપત નહીં, પણ તેમના વિચાર તદ્દન જુદાજ હોત; અને વળી પશ્ચિમ યુરોપમાં પણ યહુદી - વિરૂધ્ધ ભાવના નાબુદ થવાને બદલે ઉલટી વધતી જાયછે.

આજ આવા વિવાદ દરમ્યાન, ઇશ્વર-ભક્ત યહુદીઓએ સં-ગામ હાથમાં ધરીછે, અને ઇબ્રાહીમના દેવની મદદનો ત્યાગ કરીને આકાશી બીનાઓ વિષે કંઇ જાણી શકાતુંજ નથી એવો મત સ્વીકાર કરી તે મતના આગેવાનો તેઓ થઇ ગયા છે; અને અધર્મિ સ્વરાજ્ય સ્થાપવાની આ વ્યવસ્થામાં આંખ મીંચીને ઝંપલાવ્યા છે.

પણ પવિત્ર શાસ્ત્રના અભ્યાસીઓ, બેશક, કહેશે કે, આ અધર્મી પ્રજાઓનાં એકઠા થવાથી, ભવિષ્યવાદીઓએ જેવું ચમત્કારીત વર્ણન આપ્યુ છે, તેવું ચમત્કારીત ઇસ્રાએલનું પવિત્ર પુનરૂત્થાન પરિપૂર્ણ થયુ નથી.

બેશક નહિંજ! જ્યારે પ્રભુએ, પોતાના ચમત્કારિક શક્તિના આવા દેદીપ્યમાન હાક સહિત, ઇસ્રાયલોને એકઠા કરવાનું વારંવાર વચન આપ્યુ છે, ત્યારે આપણે સંભાળથી નોંધ લેવી જોઇએ કે, હવે પછીથી વધુ વખત એમ નહિ કહેવાશે કે, "યહોવાહ જીવતો છે, કે જે ઇસ્રાયલના પુત્રોને મિસર દેશમાંથી બહાર લાવ્યો; પણ યહોવાહ જીવતો છે કે જે ઇસ્રાયલ પુત્રોને ઉત્તર દેશમાંથી, તથા જે બધા દેશોમાં તેણે તેઓને ખદેડી મુકયા હતા ત્યાંથી બહાર લાવ્યો (એમ કહેવાશે)." (યિર્મેયાહ ૧૬.૧૪). તોપણ તેણે એમ કહ્યુ છે કે, "હે બેશરમ દેશજાતિ, હુકમનો અમલ થઇ જાય, ભુસાની પેઠે દિવસ જતો રહે, યહોવાહનો સખ્ત ક્રોધ તમારા પર આવે, યહોવાહના કોપનો દિવસ તમારા પર આવી પડે, તે પહેલાં તમે એકઠા થાઓ, હા, એકત્ર થાઓ." (સફાન્યાહ ૨:૧, ૨).

આ હાલની ઇશ્વરભક્ત યહુદીઓની ચળવળ કરતાં બીજું

કાંઇપણ, આ ભવિષ્યવાણીને શબ્દેશબ્દ ખરી પાડી શકે એમ છે!

પ્રથમની રાષ્ટ્રિય સભામાંના એક વક્તાએ સુલતાનને વિષે કહ્યું હતું કે, "જો તે માયાળુ સરકાર આપણને હવે સંઘરે, તો આપણે તેને આપણા અભિષિક્ત રાજા અને તારનાર તરિકે સ્વિકારીશું."

યહોવાહે કહ્યું કે, "તમે મફત વેચાયા છો, ને નાણાં વિના તમે ખંડી લેવાશો." (યશાયાહ. ૫૨:૩).

પણ ડાક્ટર હરઝલનું એ બાબતમાં એવું બોલવું જાહેર થયું છે કે, "આપણે પાલેસ્તાઇનમાં પાછા જવા માટે આપણો રસ્તો ખરીદવો જોઇએ; કેમકે તારણ પૈસાથી થવાનું છે."

ઇશ્વર–નિયુક્ત–વિધીનો અંત નજીકજ છે તેની આ કેવી સુંદર નિશાણી છે.

જો એ નિશાણી એકલીજ હોત, તો તો આપણે વળી તેના પર કંઇક લક્ષ આપત. પણ જ્યારે પ્રભુના વચનમા વર્ણવેલી આ બધી બીજી નિશાણીઓથી તેને ટેકો મળતો આપણે જોઇએ છીએ, ત્યારે તેને સત્ય માનવામાં આપણે કેવી રીતે ના પાડી શકીએ!

ઇસુજ અભિષિક્ત અને ઠરાવેલો તારનાર છે તે સંબંધીની આવી વર્ત્તમાન સાબીતી, યહુદી લોકોએ ન સ્વિકારી તે માટે આપણે ખ્રીસ્તી લોકો શું તેમને અપરાધી ઠરાવીશું? અને તેમને જ્યારે આપણે અપરાધી ઠરાવીશું, તો પ્રભુનુ બીજી વખતનું આવવું નજીક છે એ બાબતની આ બીજી વર્ત્તમાન સાબિતિનો આપણે પોતે સ્વિકાર કરતા નથી તો તે બાબતમાં આપણને પોતાને કેવા ઠરાવવા?

ઇ. સ. ૬૩૭ માં મુસલમાનોએ યરૂશાલેમ કબજે લીધું ત્યાર પછી ૧૨૬૦ વરસ પછી આ પ્રથમની ઝાયોનીસ્ટ રાષ્ટ્રિય સભા મળી એ અર્થસૂચક છે. (દાનીયેલ ૧૨:૭).

"વિદેશીના સમયો" નો અંત હવે નજીક આવ્યો છે તે, અને ઇસ્રાયલોના અધર્મી એકઠા થવા સાથે સંબંધ કરનારી બીનાઓના મહાન વંટોળીઆમાં દેશજાતિઓ પણ તરતજ ઝપલાવશે, એટલે "યાકુબના સંકટો" એ બધું સંભવિત છે (યિર્મેયાહ ૩૦:૬-૭); એટલે તે સંકટનો સમય એવો ભયકર આવશે કે તેના જેવો ભૂતકાળમાં આવ્યો નથી તેમ ભવિષ્યકાળમા આવનાર પણ નથી. (માત્થી ૨૪:૨૧).

"પણ, ભાઇઓ આપણે રાતનાં નથી. હમેંશાં આપણે જાગતા રહીને વિનંતી કરવાની છે, કે આ બધું જે થવાનું છે, તેમાંથી બચી જવાને તથા માણસના દીકરાની આગળ ઉભા રહેવાને આપણે પ્રબળ થઇએ" (લુક ૨૧:૩૬).

ઓ! પ્રતાપી આશા. આત્મા અને કન્યા, "આવો" એમ કહેછે, તેમાં કાંઇ અજાયબ થવાનું નથી. વરરાજા કહે છે કે, "બેશક હું જલદીથી આવુંછું," તેમાં પણ કાંઇ અજાયબ થવાનુ નથી, તો પછી અત્યંત ખુશ થયલા પ્રેરિતની સાથે આપણે ભળી જઇને બોલો કે,

"ઓ પ્રભુ ઈસુ, આવ."

" જ્યાં સુધી દહાડો છે, ત્યાં સુધી જેણે મને મોકલ્યો છે.

તેનાં કામ આપણે કરવાં જોઇએ; રાત આવે છે, જેમા કોઇથી કામ કરાતું નથી. " — (યોહાન ૯-૪).

તમામ દુનિઆમાં વિસ્તાર પામેલા મિશનો માટે આપણી જાતનો, આપણા વખતનો અને આપણા દ્રવ્યનો વધુ ભોગ આપવાની જરૂર છે.

ઓ. સાથીસેવકો, અનંતકાળ માટે આપણો કરવામાં, હાલના સમયની વિલક્ષણ તકોનો લાભ લઇ તેમાં આપણુને સુધારો કરવા દો.

ઈસુ ફરીથી આવનાર છે.

જાગતા રહો;

કેમકે તમારો પ્રભુ કયે દિવસે આવશે એ તમે જાણુતા નથી."

(માત્થી. ૨૪:૪૨).

" માટે તમે જાગતા રહો,

કેમકે તે દહાડો અથવા ઘડી તમે જાણુતા નથી."

(માત્થી ૨૫:૧૩).

" સાવધાન રહો,

જાગતા રહીને

પ્રાર્થના કરો; કેમકે સમય કયારે આવશે તે તમે જાણુતા નથી."

" તેટલા માટે જાગતા રહો;

કેમકે તમે જાણુતા નથી કે ઘરનો ધણી કયારે આવશે; સાંજે

કે મધરાત્રે, કે મરઘો બોલતી વખતે, કે સવારે; રખે તે અચાનક આવીને, તમને ઉંઘતા જુએ, અને જે હું તમને કહું છું તે સર્વને કહું છું કે,

જાગતા રહો."

(માર્ક ૧૩:૩૩-૩૭).

"જે જાગૃત રહે છે, ને પોતાનાં વસ્ત્ર એવાં રાખે છે કે પોતે નાગો ન ચાલે, ને તેની લાજ ન દેખાય, તેને ધન્ય છે."

(પ્રકટીકરણ૧૬:૧૫).

"કાંજે જો તું જાગૃત નહિ રહેશે, તો હું ચોરની પેઠે આવીશ," જુઓ,

હું જલદીથી આવું છું"

(પ્રકટીકરણ ૩:૩, ૧૧).

"તમે સાક્ષી થશો."

વાંચકવર્ગ, પ્રભુ ઇસુના પાછા આવવા માટે જાગૃત રહીને આપણે વાટ જોઈશું તે દરમ્યાન, પ્રભુ ઇસુના શિષ્યો તરિકે આપણે શું શું કરીશું? પશ્ચાતાપ, વિશ્વાસ, માફી, દત્તકપુત્રપણું અને પવિત્ર કરવાનો જાતિ અનુભવ આપણને થાય એ બસ નથી; પ્રભુ અને ભવિષ્યવાણીની ઉંડી ચીજો ખોળી કાઢવા માટે તેના વચનનો અભ્યાસ કરવો તે પણ બસ નથી. પણ આપણે તન અને મનથી એકઠા થઇને દુનિયાને ખ્રીસ્તી ધર્મનો ઉપદેશ કરવાના મહાન વ્યવહારોપયોગી કાર્યમાં મચેલા રહેવું જોઇએ.

કેમકે તેમ કરવાનુ આપણા પ્રભુનું ફરમાન છે. "એ માટે તમે આખા જગતમાં જઇને સર્વ દેશનાઓને સૂવાર્તાનો બોધ કરો." (માત્થી ૨૮ ૧૯), અને તેણે કહ્યુ છે કે, "સર્વ પ્રજાઓને સાક્ષી થવા સારૂ રાજ્યની આ સૂવાર્તા આખા જગતમા પ્રગટ કરાશે, ને ત્યારે અંત આવશે," (માત્થી ૨૪:૧૪). જ્યાં સુધી મડળી જગતમાં છે, (જુઓ પ્રકરણ ૧૦) ત્યાં સુધી આ કાર્ય તેને હાથે બેશક થવાનુ છે, કેમકે ઇસુએ કહ્યું છે કે "પૃથ્વીના છેડા સુધી........તમે મારા સાક્ષી થશો." (પ્રેરીતોના કૃત્ય ૧:૮; લુક ૨૪:૪૭-૪૮).

તેથી આ આખા જગતમાના બહોળા મિશનના કાર્યમાં આપણા સઘળા તનમનથી આપણે રોકાઇએ. જેઓ ગલીમાં, ઝુપડામા અને દૂરના દેશોમાં સૂબોધ કરવા જાય છે તેમને, આપણા થોડા પૈસા, પ્રાર્થના અને ઉત્તેજનના શબ્દો આપણે આપવા જોઇએ. (રૂમી ૧૦ ૧૫); અને જો બની શકે તો, આપણે જાતે જવુ જોઇએ, અને તેમ કરીને, જેણે કહ્યું છે કે "અને જુઓ, હું હમેશા તમારી સાથે છું," તેનું સાથીપણુ આપણા પોતાને માટે ખચિત નક્કી કરવું જોઇએ.

એવી રીતે કરવાથી આપણે આપણા ધણીને ઘણીજ સારી રીતે ખુશી કરીશુ.

આવીજ રીતે આપણે પ્રભુના દિવસને જલદીથી પાસે લાવીએ છીએ. (૨ પીતર ૩:૧૨ હાંસીઆમાની ટીકા તથા માત્થી ૨૪ ૧૪).

અત્યાર સુધીમાં જે સવૃધ્ધિ આપણે કીધી છે, તે આપણને

હજી વધારે પ્રયત્ન કરવા પ્રેરે છે. ખ્રીસ્તી ધર્મના ઉપદેશના થાણાઓ આખી પૃથ્વી પર પટાની માફક આવી રહેલાં છે. ગ્રીનલાંડથી પાટાગોનીઆ સુધી, નોરવેથી કેપ ઓફ ગુડ હોપ સુધી, સાઇબીરી આથી તાસમાનીઆ સુધી અને સમુદ્રના તમામ ટાપુઓમા, સૂવાર્તાના સખ્યાબંધ દૂતો જીવનના વચનો મોટેથી પોકારીને પ્રસિદ્ધ કરે છે. શેતાનના ફક્ત થોડાએક કીલ્લાઓ હજી કોઇપણ સાક્ષી વિનાના છે, અને તેઓ પૈકી નેપાલ અને તીબેટ તો રાહજોતા મિશનરીઓને માટે પોતાના બારણા ખુલ્લા મુકે છે; અને મધ્ય આફ્રિકા દરેક દેશના આગળ વધતા વીર પુરૂષો માટે પોતાના હજાર વર્ષ સુધી બધ રાખેલા કિલ્લાઓના બારણા ખુલ્લા મુકે છે. ધર્મોપદેશક ચોપાનીઆઓ, તેમા ખાસ કરીને સામાન્ય ખબર આપનારા ચોપાનીઆઓ વાચો, અને તે વાચવાથી હવે પણ તે સાક્ષી લગભગ સંપૂર્ણ થઇ છે એવી આશામા તમારો આત્મા મગ્ન થશે. ત્યારે મિત્રો, ઉઠો અને જ્યારે એલચીઓને પોતાને દેશ પાછા બોલાવવામા આવે છે, ત્યારે "સાબાશ" ના આવકારો આપણે સાંભળીએ, ત્યાં સુધી કુચ કરવાના જે હુકમો આપણને થાય છે તેને આપણે તાબે થવું જોઇએ

સમાપ્ત.

શુદ્ધિપત્ર.

પાન	૭	લીટી	૭	"ગજનાથી"	ને બદલે	"ગર્જનાથી"	વાંચો.
,,	૧૧	,,	૧	"ચુબત"	,,	"ચુબન'	,,
,,	૧૮	,,	૨	"પાન ૧૮૦"	,,	"પ્રકરણુ ૧૭ [પાન ૨૪૨	,,
,,	૨૨	,,	૨૧	"નિશ્ચ"	,,	"નિશ્ચય"	,,
,,	૨૩	,,	૭	"ચેતા વતા"	,,	"ચેતાવતાં	,,
,,	૨૫	,,	૧	"અથ"	,,	"અર્થ"	,,
,,	૨૮	,,	૬	"મનનારાઓએ"	,,	'માનનારાઓએ"	,,
,,	૩૩	,,	૫	"થિર્મેયાહ"	,,	'યિર્મેયાહ"	,,
,,	૩૫	,,	૧	"પ્રકણુ ત્રીજું"	,,	"પ્રકરણુ ત્રીજું"	,,
,,	૪૨	,,	૫	"નાખી."	,,	"નાખી,"	,,
,,	,,	,,	૨૨	"પ્રેરિતોમા કૃત્ય"	,,	"પ્રેરિતોનાં કૃત્ય"	,,
,,	૪૯	,,	૨	"ળ મા"	,,	"મા"	,,
,,	૬૧	,,	૧૭	"ધામિકપણુાના"	,,	"ધાર્મિકપણુાના	,,
,,	૬૪	,	૧૮	"પોતાનો"	,,	"પોતાના"	,,

”	૭૫	”	૧૩	“ગવિષ્ટ”	”	“ગરિષ્ટ”	”
”	૭૮	”	૩	“દખલ”	”	“દાખલ”	”
”	૮૦	”	૧૧	“વ્યાખાનનના”	”	“વ્યાખાનના”	”
”	૮૧	”	૨૦	“અથ”	”	“અર્થ”	”
”	૯૮	”	૧૪	(hiliasm)	”	“(chiliasm)”	”
”	૧૧૪	”	૪	“નથી”	”	“નથી.”	”
”	૧૧૫	”	૬	“આવશે”	”	“આવશે” ,	”
”	૧૨૪	”	૧	“આવછે”	”	“આવેછે.”	”
”	૧૩૮	”	૬	“આવ છે.”	”	“આવેછે.”	”
”	૧૫૮	,	૨૦	“ક્રામ”	”	“કામ”	”
”	૨૨૯	”	૧૦	“સવ”	”	“સર્વ”	”
”	૨૫૭	”	૧૪	“આવ છે”	”	“આવેછે”	”